રાખનાં રમકડાં

(પથદર્શક હળવા લેખો)

ચંદ્રકાન્ત રાવ

સી/૧૩, કસ્તુરીનગર, માંજલપુર નાકા,
લાલબાગ રોડ, વડોદરા-૩૯૦૦૦૪
સંપર્ક : (રહે.) ૦૬૫-૨૬૫૭૩૫૯

: પ્રકાશક :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

Rakh na Ramakkadan
The Articles Enlighting the way of life
by **Chandrakant Rao**

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨
નકલ : ૧૦૦૦
મૂલ્ય રૂા. : ૧૯૫


રાખનાં રમકડાં
ચંદ્રકાન્ત રાવ

ટાઈપ સેટીંગ :— Mayur's
સજાવટ :— ગુર્જરી સાહિત્યાલય, ડાકોર
મુદ્રક :— ચરોતર સાહિત્યાલય, નડિયાદ
વિક્રેતા :— **એમ. એમ. સાહિત્યપ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ
મુદ્રક :— **અર્પણ પ્રિન્ટરી, આણંદ**

VISIT…

LANZAROTE
Caliente.com

મારાં સહધર્મચારિણી



સૌ. કલાબેનને સપ્રેમ.

જીવન-બાગનાં ફૂલ અને કાંટા વીણતાં વીણતાં ૧૯૫૦ થી શરૂ થયેલું આપણું પ્રેમલ સાહચર્ય અખંડ રહો.

શ્રી ચંદ્રકાન્ત રાવનાં અન્ય પુસ્તકો

નવલકથા :-

૧. પ્રેમદીવાની (ત્રણ આવૃતિ)
૨. આરાધના (ગ્રન્થસ્થ અને ધારાવાહિક)
૩. જેલમ જંપી ગઈ (બે આવૃત્તિ)
૪. સામે કાંઠે શ્યામ (બે આવૃત્તિ)
૫. રમત રમાડે રામ
૫-એ. સ્નેહવર્ષા ('પ્રેમદીવાની'ની બીજી આવૃત્તિ)
૬. કુમકુમ પગલે

વાર્તાસંગ્રહ :-

૧. સ્નેહદીપ ૨. ઘરભણી
૩. આંબાની ડાળ ૪. પીળાં પાંદડાંની લીલાશ
૫. તપોવન

હવે પછી :- ૬. કોડિયાનો ઉજાસ

કાવ્યસંગ્રહ :-


૧. ગોરી મારા ગામની ૨. ઝરમર ઝરમર
૩. અલ્લક દલ્લક ૪. શ્રધ્ધા
૫. સળગી રહી છે સરહદો

બાળકાવ્ય સંગ્રહ :-

૧. છબછબિયાં ૨. ચાંદામામા પોળી
૩. મોહન મોરલીવાળો ૪. છુક છુક ગાડી
૫. હસતો રમતો ગાય કનૈયો ૬. નંદ ઘેર આનંદ ભયો

હવે પછી :- ૭. મામાનું ઘર કેટલે? ૮. આવ રે વરસાદ

ચિંતન લેખો :- ૧. વિસામો ૨. દીવાદાંડી ૩. ગોરસ
૪. આસપાસ ૫. રાખનાં રમકડાં



લેખકશ્રી ચંદ્રકાન્ત રાવનો ભવ્ય સત્કાર સમારંભ

મંત્રી, પ્રમુખ અને ટ્રસ્ટી જેવા વિવિધ હોદ્દાઓ પર રહી શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળની સતત ૫૦ વર્ષ (૧૯૬૦ થી ૨૦૧૦) નિષ્ઠાભરી સેવા કરનાર શ્રી ચંદ્રકાન્ત રાવનો ભવ્ય સત્કાર સમારંભ યોજી સંસ્થાએ એમને માનપત્ર તથા એક લાખ રૂપિયાની થેલી અર્પણ કર્યાં હતાં. ફૂલોના ઢગલાની સુવાસ સાથે સેવાની સુવાસ શ્રી ચંદ્રકાન્તાભાઈના મુખ પર કેવી વિલસી રહી છે! (થેલીમાં રૂપિયા પાંચ હજાર ઉમેરી રૂા. એક લાખ પાંચ હજાર શ્રી ચંદ્રકાન્તાભાઈએ સંસ્થાને પરત કર્યાં હતા.)

કરવું તેવું જ ભરવું

ભૂખ્યા આખલાને ચોપાસ ચરવું,
અહીં તો કરવું તેવું જ ભરવું.
ભેલાણ કરશે જે જન પરનું,
તો નુકશાન કરશે નિજ ઘરનું!

અટકચાળાથી આઘા જ રહેવું,
અહીં તો કરવું તેવું જ ભરવું.

કુમાર્ગે ધનના ઢગલા કરે,
તો દયા દાન ક્યાંથી સૂઝે?
એકડે એકથી પડશે ગણવું,
અહીં તો કરવું તેવું જ ભરવું!

રોતાની આંખ કદી લોહી હશે,
તો આશિષ દિલથી દેશે,
સૂરજ-તપ્યા સાગરના જલનું,
વરસાદ થઈ ઉપરથી વરસવું,
અહીં તો કરવું તેવું જ ભરવું!

- ચંદ્રકાન્ત રાવ

-: લેખકો ભાવકોના પ્રતિભાવો :-

પરમ સ્નેહીશ્રી ચંદ્રકાન્તભાઈ,

કુશળ હશો. તમારી 'કુમકુમ પગલે' નવલકથા મળી. આમાં ઈતિહાસ અને કલ્પના દ્વારા કથાની સુંદર ભાત ઉપસાવી છે, એ પ્રસન્ન કરે તેવી છે. વડોદરામાં તમારી સુંદર સાહિત્યિક પ્રવૃત્તિઓથી પણ વાકેફ રહું છું અને તેનો આનંદ અનુભવું છું.

(પદ્મશ્રી ડૉ. કુમારપાલ દેસાઈ) સ્નેહાધીન
જાણીતા લેખક અને પૂર્વ પ્રમુખ: કુમારપાલનાં સ્મરણ
ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ)

શ્રી ચંદ્રકાન્તભાઈની શૈલી શ્રી રમણલાલ દેસાઈની શૈલી જેવી છે.
("કુમકુમ પગલે" ના લોકાર્પણ પ્રસંગે)

- પદ્મશ્રી સિતાંશુ મહેતા

તમે વિવિધ સ્વરૂપે વાર્તા તત્ત્વ પ્રગટ કરો છો એ તમારી સર્જક તરીકેની ગતિ સૂચવે છે. સરળ છતાં હૃદયંગમ ભાવ નિરૂપણ એ તમારી વિશેષતા છે... તમે શબ્દને તપ રૂપે આરાધ્યો છે. ('આંબાની ડાળે'ના અવલોકનમાંથી) ડૉ. પ્રવીણ દરજી

શ્રી ચંદ્રકાન્તભાઈ અભિજાત પુરુષ છે, આગળ વધીને કહું તો તેઓ અજાતશત્રુ છે... તેઓ કવિતા, વાર્તા, નવલ તો લેખે છે જ, પણ પ્રબોધક-સંસ્કારી સાહિત્ય ય લખે છે. ('વિસામો' પુસ્તક અંગે પ્રતિભાવ)
(લુણાવાડા) પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજી

તમારી વાર્તાઓ શ્રેયસાધક છે. શૈલીની સરળતા ને સ્પષ્ટતા પણ નોંધપાત્ર છે. અભિનંદન. ('આંબાની ડાળે'નો પ્રતિભાવ)
સુરત (૨૨-૪-૦૩) ડૉ. જયંત પાઠક
(જાણીતા કવિ,લેખક)

પ્રિય ભાઈ,

'જેલમ જંપી ગઈ' (નવલકથા) સંબંધે વિમોચન વેળા હું થોડુંક બોલ્યો હતો. મને એ નવલકથા ખૂબ ગમી છે. એની ત્રીજી આવૃતિ થાય તો નવાઈ નહિ. કોઈ ફિલ્મ કંપનીએ એનું પિક્ચર ઉતારવું જોઈએ. સફળ ચલચિત્રની બધી જ સામગ્રી એમાં ભરપેટે છે.

શુભેચ્છાઓ સાથે -

'અનામી'ના જયશિવ(ડો. રણજીત પટેલ)

સમાજના વિવિધ વર્ગમાંથી આવેલ આ વાર્તાઓ સમાજની રૂઢિઓ, તેના તાણાવાણા, માનવીની સંવેદનાઓ, સંબંધો અને તેની નાજુકાઈને સ્પર્શી જાય એ રીતે મૂકી છે, તે જ આ સંગ્રહ ('પીળાં પાંદડાંની લીલાશ')ની ખૂબી છે. આ સંગ્રહની વાર્તાઓ માનવીના મનના ઊંડાણમાં લઈ જાય છે.

('પીળા પાંદડાંની લીલાશ' ની પ્રસ્તાવનામાંથી)

(વડોદરા)

ડૉ. પ્રદીપ પંડ્યા (જાણીતા નવલકથાકાર, વાર્તાકાર)

'પ્રેમાનંદ સાહિત્ય સભા' ના પ્રમુખશ્રી ચંદ્રકાન્ત રાવ મોટી ઉંમરે બાલકાવ્ય સર્જન તરફ વળ્યા તે ખૂબીની વાત છે.. એમનાં કાવ્યોમાં વૈવિધ્ય, ગેયતા અને કલ્પનાશીલતા છે...

ડૉ. લવકુમાર દેસાઈ (નાટ્યકાર, ચિંતક, વિવેચક)

નવલકથાકાર અને વાર્તાકાર શ્રી ચંદ્રકાન્ત રાવ 'છબછબિયાં' દ્વારા બાલકાવ્યો લઈને આવે છે એ ઘણી મોટી વાત છે. એમાં એમના અનુભવનો નિચોડ હોય.

ડૉ. ચિનુ મોદી
(જાણીતા શાયર, નાટ્યકાર, વિવેચક, ચિંતક)

બાળમાનસને કેન્દ્રમાં રાખીને, કાવ્યોના વિષય, ભાષા વગેરેનું ચયન અને પ્રયોગ એટલાં સરળ, સહજ અને સ્વાભાવિક છે કે ક્યાંય દુર્બોધતાનો અહેસાસ થતો નથી.

- ડૉ. રશીદ મીર(જાણીતા શાયર, તંત્રીશ્રી : 'ધબક')

હરીન્દ્ર દવે પછી આવી નવલકથા ('સામે કાંઠે શ્યામ') વાંચવા મળી. રાધા આજીવન કૃષ્ણથી વિરહિત રહી, તેમ તમે પણ 'અલ્પા'ને વિરહીણી મૂકી છે તે વાર્તાકારની સફળતા છે. વચ્ચે વચ્ચે ગીતો પણ રંગ પૂરે છે. નવલિકા લેખક તરીકે તો તમને ઘણા વખતથી ઓળખતો આવ્યો છું. ધન્યવાદ

- રામજીભાઈ કડિયા
(જાણીતા લેખક) (કડી)

તમારી નવલકથા 'સામે કાંઠે શ્યામ' વાંચી. અલ્પા અને મૌલિકના અમદાવાદની પશ્ચાદભૂમિમાં રચાએલ કથા રસપ્રદ છે. મજા આવી.
સ્નેહાધીન

પ્રિયકાન્ત પરીખ (લોકપ્રિય નવલકથાકાર)
અમદાવાદ

United States Library of Congress,
New Delhi, India.

Dear Sir,

we have received a work of which you are the author. In order to process it, we need some data.. The information sent by you will be used to distinguish your name from other persons listed in the catalogs of American Libraries.

Sincerely Yours,
(Mrs.) Eunice Stutoman Gupta

'પ્રેમાનંદ સાહિત્ય સભા' જેવી ગુજરાતની ખ્યાતનામ સાહિત્યિક સંસ્થાના પ્રમુખ તરીકે કાર્યરત એવા શ્રી ચંદ્રકાન્ત રાવની ખૂબ જ લોકભોગ્ય પાંચ નવલકથાઓ ('પ્રેમદીવાની' થી 'સામે કાંઠે શ્યામ')અને 'સ્નેહદીપ' જેવા નવલિકા સંગ્રહો ગુજરાતી સાહિત્યને એમનું ઉત્તમ નજરાણું છે.

- યશવંત કડીકર
(જાણીતા વાર્તાકાર, કવિ, ચિંતક, વિવેચક)

આપની કૃતિઓથી હું પ્રભાવિત થયો છું. સારી અને સાચી લાગણી આપણો સમાજ સમજે એ જ અભ્યર્થના... સ્નેહાધીન,

- બી. એલ. રાવ (અમેરીકા)

તમે ભલે 'ચન્દ્ર' કહેવાયા, પણ કાવ્યમોતી ચરનારા યે છો.

('ગોરી મારા ગામની' કાવ્યસંગ્રહનો પ્રતિભાવ) (૧૧-૧૧-૦૭)

રાધેશ્યામ શર્મા (જાણીતા લેખક, વિવેચક, ચિંતક)

શ્રી રાવ નવલકથાકાર અને વાર્તાકાર તરીકે ખ્યાતનામ હોવાથી અને અનેક સામયિકોમાં એમની કૃતિઓ પ્રગટ થતી હોવાથી લેખન-નિપૂણતા એમની પાસે હોય તે સ્વીકારી શકાય.

- રવિન્દ્ર ઠાકોર

('કિતાબઘર', લોકસત્તા-જનસત્તા)

સ્નેહીશ્રી ચંદ્રકાન્તભાઈ,

તમે સંસ્કારનગરી વડોદરાની સાહિત્યિક-સાંસ્કૃતિક-શૈક્ષણિક-પ્રવૃત્તિઓમાં સક્રિયતા દાખવવાની સાથે નવલકથા અને નવલિકા સાહિત્યના સર્જનમાં રસ દાખવ્યો છે એ અભિનંદનીય છે.

(અમદાવાદ)

પ્રા. પ્રસાદ બ્રહ્મભટ્ટ (જાણીતા વિવેચક, ચિંતક)

પ્રિયશ્રી ચંદ્રકાન્તભાઈ,

આપની સુંદર નવલિકાઓ વાંચી, માણી... નવલિકામાં ખૂબ જ ટૂંકા વ્યાપમાં ચમત્કૃતિ ઉત્પન્ન કરવી એ અઘરું કામ છે. આ કળા આપે સુપેરે સિધ્ધહસ્ત કરી છે. આપ 'પ્રેમાનંદ સાહિત્ય સભા' જેવી માતબર સંસ્થાના પ્રમુખ છો એ ગૌરવની વાત છે.

નટવરલાલ એમ. બ્રહ્મભટ્ટ

B.A., LL.B., I.R.S.C.

F.I.C.A. (Advocate) (મુંબઈ 26-7-04)

ગામ તડકો, આકાશ, પરોઢ, પૂર્વની સિંદુરી રંગી સંધ્યાના સિંદુરિયા શ્વાસની અનુભૂતિનું કથન શ્રી ચંદ્રકાન્ત રાવની કવિચેતનાની ઉપલબ્ધિ છે... 'મેળામાં મહાલતી ગોરી મારા ગામની'...ગતિશીલ શબ્દચિત્ર રચતી આ શબ્દાવલિની નિર્વ્યાજ પ્રાસાદિક બાની કેવી તો ભાવસૃષ્ટિ રચે છે! કવિ મસ્તરંગી પ્રકૃતિઓના અસબાબથી સ્વસ્થ દર્શનને નિરૂપે છે, એ કવિ શ્રી ચંદ્રકાન્ત રાવની ચેતનાની ઉપલબ્ધિને પોંકીએ...

- ડૉ. સુભાષ દવે (જાણીતા વિવેચક, લેખક)

'ગોરી મારા ગામની'ના લોકાર્પણ પ્રસંગે

ટૂંકી વાર્તા, કાવ્યો, ચિંતનલેખ, રેડિયો નાટક, બાળ સાહિત્ય અને નવલકથા... આ વૈવિધ્યને અંકે કરી સર્જન કેડીએ ચાલનાર ચંદ્રકાન્ત રાવનાં નિખાલસતા, નમ્રતા અને સાદગી સૌને સ્પર્શી જાય છે.

- ત્ર્યંબક જોષી ('દિવ્યભાસ્કર' દૈનિક)

'ગોરી મારા ગામની' કાવ્યસંગ્રહનો ઉજાસભર્યો ઉઘાડ જ સુંદર શબ્દરચનાના આવિષ્કારથી થયો છે : 'તડકો ભરી લો ગજવે મારા ગામનો, કેવું ઊજળું અહીં આકાશ છે!' લાલિત્યસભર લયની શબ્દાળુતા આ કાવ્યસંગ્રહ ('ગોરી મારા ગામની')નો શ્વાસ છે... શ્રી ચંદ્રકાન્તભાઈએ આ કાવ્યસંગ્રહમાં નારીને અનેકરૂપે કાવ્યસ્વરૂપે સ્મરી છે અને કંડારી છે. કવિશ્રીએ આ સંગ્રહમાં વિષય વૈવિધ્ય સાથે હાઈકુ, મુક્તકો, અછાંદસ કાવ્યો, ગઝલો, ગરબા, ગીતો, વગેરે આમે જ કરી તેમના વર્ષોના કાવ્યો, અને કવિઓ સાથેના સંબંધોનું નવનીત પાથર્યું છે..

- શ્રી કીર્તિકાન્ત પુરોહિત
(જાણીતા ગઝલકાર, વાર્તાકાર, ગીતકાર)

યૌવનનું મનોહારી, નિર્મળ, સુભગ, સાત્ત્વિક વર્ણન તથા શબ્દ-ચિત્રાત્મક કાવ્યો વાંચકોના દિલમાં સાધારીકરણનો ભાવ ઉત્પન્ન કરી જાય છે. કવિ અનુભવે છે તેવો જ ભાવ વાંચકો પણ અનુભવે છે.

પ્રો. રમણભાઈ ઠક્કર - 'ગીતાપ્રેમી'
('ગોરી મારા ગામની'નો પ્રતિભાવ)

Dear Shri Rao,

Thank you for your Tribute to Late U. S. President John F. Kennedy... I have pleasure in Forwarding it to Mrs. Kennedy, who i am sure will appreciate it.

Donald To Shea
(Director, United States Information Service)

શ્રી ચંદ્રકાન્તભાઈ રાવ,

'સ્નેહદીપ' વાર્તાસંગ્રહમાં સાચે જ સ્ત્રીનાં કલ્યાણકારી અને મંગલમય સ્વરૂપોના પાવક પ્રસંગ છે. તે સર્વ ગમ્યા, માણ્યા અને તે માટે આપના સુકાર્યને બિરદાવવા 'સંસ્કાર પારિતોષિક' એનાયત કરતાં આનંદ અનુભવું છું... હાર્દિક અભિનંદન...

વિઠ્ઠલભાઈ પટેલનાં સ્નેહ સ્મરણ.
(નિયામક : 'સંસ્કાર પરિવાર')



પ્રસ્તાવના....

'રાખનાં રમકડાં' ના પ્રારંભે....

આ સંસારમાં માણસનું જીવન ક્ષણભંગુર છે. અને રાખનાં રમકડાંની જેમ ગમે ત્યારે અચાનક સમાપ્ત થઈ જાય એવું છે એમ સૌ કહે છે અને સમજે પણ છે, છતાં એ સંસારને જ સાચો માની આપણે સૌ છેવટ સુધી વર્તીએ છીએ. કદાચ આ સંસારનું ચક્ર અવિરત ફરતું રહે એ માટે આવી માયા જરૂરી પણ છે જ. પણ આ સંસારમાંના પ્રવાસ દરમિયાન પોતાના જીવનની ઊર્ધ્વગતિ માટે થોડું ભાથું બાંધતા રહેવાની એક સારી ટેવ પણ સંસારીઓને છે. એથી જ 'રાખનાં રમકડાં' જેવા આવા હળવા ચિંતનલેખોની ઉપયોગિતા પણ છે.

માટે જ આ પ્રકારના લેખોનો મારો આ પાંચમો સંગ્રહ વાંચકોના હાથમાં મૂકતાં આનંદ અનુભવું છું. આમાંના કેટલાક લેખ દૃષ્ટાંતકથા સ્વરૂપે છે, તો કેટલાક ચિંતનાત્મક છે. આ પુસ્તકમાંના કેટલાક લેખો 'આકાશવાણી' ના 'અમૃતધારા' કાર્યક્રમમાં પ્રસારિત થઈ ગયા છે, તો ઘણા લેખ અન્ય સામયિકોમાં પ્રગટ થયેલા પણ છે.

આ પ્રકારનાં પુસ્તકો ખૂબ આવકાર્ય બને છે એવા સ્વાનુભવથી જ આવા લેખોને પુસ્તકસ્થ કરવાનું ઉચિત લાગે છે.

મને ખાત્રી છે કે 'રાખનાં રમકડાં' ના આ લેખો વાંચવાનું સૌને ગમશે. મારા સાહિત્યથી આનંદિત થઈને મને પ્રકાશનમાં પ્રોત્સાહિત કરનાર શ્રીયુત ભાલચંદ્રભાઈ એલ. રાવ (શ્રી બી. એલ. રાવ - કહીપુર) યુ.એસ.એ. નો હું હૃદયપૂર્વક આભાર માનું છું. એમના જીવન કાર્યને જોઈને થાય છે કે શ્રી અને સરસ્વતીનો સંગમ એક સંસ્કારી સજ્જનમાં થયો છે!

મારા સાહિત્યલેખનના પ્રેરણાબળ સમાં મારાં ધર્મપત્ની સૌ. કલાબેનનો હંમેશાં અવિસ્મરણીય સહકાર રહ્યો છે. એ પ્રભુની કૃપા જ ગણાય.


આ પુસ્તકનું સમયસર પ્રકાશન કરવા બદલ એમ. એમ. સાહિત્યપ્રકાશન (આણંદ)વાળા શ્રી યાકુબભાઈને પણ ધન્યવાદ ઘટે છે.

અંતમાં, વાંચકોના પ્રતિભાવની અપેક્ષા સહ -

- ચંદ્રકાન્ત રાવ

સી/૧૩, કસ્તુરીનગર,
માંજલપુર નાકા, લાલબાગ રોડ,
વડોદરા-૩૯૦૦૦૪
ફોન : ૨૬૫૭૩૫૯

લેખકનો પરિચય



નામ :- ચંદ્રકાન્ત હરગોવિંદદાસ રાવ.
(M.A., M.Ed.)

જન્મ :- ૨-૨-૧૯૩૦

વતન :- અછાલિયા (જિ.ભરૂચ)

કર્મભૂમિ :- વડોદરા (૧૯૪૦ થી...)

અભ્યાસ :- એમ.એસ.યુનિવર્સિટી, વડોદરામાંથી બી.એ. (ઓનર્સ), બી.એડ્., એમ.એ. અને એમ.એડ્. જેવી ડિગ્રીઓ મેળવી. બી.એ. માં આર.બી.જી.એચ. કાંટાવાલા પ્રાઈઝ અને એ.કે.ત્રિવેદી પ્રાઈઝ મેળવ્યાં. કોલેજ કાળથી જ લેખન વાચનનો શોખ. એમ.એ.ના અભ્યાસ દરમિયાન F.S.R. કાઉન્સીલમાં ચૂંટાયા.

- ૧૯૫૩ થી ૧૯૫૫ આચાર્ય : શ્રી નવદુર્ગા હાઈસ્કૂલ, ઉમલ્લા.
- ૧૯૫૬ થી ૧૯૮૮ શ્રી નારાયણ હાઈસ્કુલ, વડોદરામાં અધ્યાપન કાર્ય.
- વડોદરા શહેર માધ્યમિક શિક્ષક સંઘમાં ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે ચૂંટાયા.
- મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા જેવી આંતરરાષ્ટ્રીયખ્યાત યુનિવર્સિટીની સેનેટમાં બે વાર રસાકસીભરી ચૂંટણીમાં સેનેટર તરીકે ચૂંટાયા. 'ગુજરાતસમાચાર'માં 'દીવાદાંડી' અને 'સાંસારિકા' નામક સાપ્તાહિક કોલમના પૂર્વ કટારલેખક.
- ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, અમદાવાદમાં ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા.
- વડોદરા શહેર વાલી મંડળના પૂર્વમંત્રી અને ઉપપ્રમુખ.
- ગુજરાતની જાણીતી સાહિત્યિક સંસ્થા 'પ્રેમાનંદ સાહિત્ય સભા' વડોદરાના વર્તમાન પ્રમુખ અને ટ્રસ્ટી.
- ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)ની સામાન્ય સભાના પ્રતિનિધિ (૨૦૦૩ થી...)
- ગુજરાતી સાહિત્ય પરિષદ (અમદાવાદ)ની મધ્યસ્થ સમિતિના સભ્ય (૨૦૦૫ થી૨૦૦૮)
- 'પ્રેમદીવાની' થી 'કુમ કુમ પગલે' જેવી છ સામાજિક નવલકથાઓ અને છ નવલિકા સંગ્રહો ('સ્નેહદીપ' – 'ઘર ભણી' અને 'આંબાની ડાળે')ના લેખક તથા 'છબછબિયાં' અને 'ચાંદામામા પોળી' જેવા બાલકાવ્ય સંગ્રહોના કવિ. 'ગૌરી મારા ગામની' (કાવ્ય સંગ્રહ)ના કવિ.
- બે નવલકથાઓ ધારાવાહિક રૂપે પણ પ્રગટ થઈ છે.
- 'આકાશવાણી' પરથી વાર્તાઓ, કાવ્યો, નાટકો, ચિંતનલેખો વગેરે પ્રસારિત થયાં છે અને થાય છે. ટી.વી. પરથી નાટકો ટેલીકાસ્ટ થયાં છે.
- Reference India, Twentyeth century Distinguished who is who અને Indo Arab who is who જેવાં પાંચેક આંતરાષ્ટ્રીય ગ્રંથોમાં શ્રી ચંદ્રકાન્તભાઈનો પરિચય દુનિયાના લબ્ધપ્રતિષ્ઠિત મહાનુભાવો સાથે પ્રગટ થયો છે.

- 'બ્રહ્મભટ્ટ મિત્ર મંડળ' વડોદરાના પૂર્વ મંત્રી અને 'વડોદરા બ્રહ્મભટ્ટ સમાજ'ના સ્થાપક પ્રમુખ.
- કારેલી બાગ, વડોદરામાં છાત્રાલય અને બે કોમ્યુનીટી હોલ સાથે વિશાળ કેમ્પસ ધરાવતી શૈક્ષણિક સંસ્થા શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંજળના પૂર્વ મંત્રી, ઉપપ્રમુખ, પ્રમુખ અને ટ્રસ્ટી.
- 'ભટ્ટ ભાસ્કર' (માસિક)ના તંત્રી લગભગ ૩૫ વર્ષની તંત્રી તરીકેની સેવા.
- શ્રી બ્રહ્મભટ્ટ વિદ્યોત્તેજક મંડળે સન્માન કરી રૂા. એક લાખની થેલી શ્રી ચંદ્રકાન્તભાઈને અર્પણ કરી હતી, જેમાં રૂા. પાંચ હજાર ઉમેરી તેમણે સંસ્થાને પરત કરી હતી.
- તેમના ધર્મપત્ની સૌ. કલાબેન જાણીતા લેખક પત્રકાર સ્વ. શ્રી પ્રહલાદભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ)નાં પુત્રી છે. અને 'બ્રહ્મભટ્ટ ભગિની મંડળ', વડોદરાનાં પૂર્વપ્રમુખ છે.
- 'દૂરદર્શન'(અમદાવાદ) પરથી શ્રી ચંદ્રકાન્તભાઈની દીર્ઘ સાહિત્યિક સફર એમની મુલાકાતરૂપે ટેલીકાસ્ટ થઈ છે.

-: અનુક્રમણિકા :-

૧. રાખનાં રમકડાં

આ પૃથ્વી પર લાખો જીવો છે. હજારો જીવ જંતુઓ તો એવાં સૂક્ષ્મ છે કે જેને આપણે નરી આંખે જોઈ પણ શકતા નથી. આપણે શ્વસીએ છીએ એ હવામાં, આપણા પીવાના પાણીમાં, દૂધમાં-અરે, અનેક વસ્તુઓમાં સૂક્ષ્મ જીવાણુંઓ છે. એ સૂક્ષ્મ જંતુથી માંડી દેડકાં, પતંગિયાં વગેરે નાનાં જીવો અને જંતુઓથી આગળ વધીએ તો વાઘ, સિંહ-ઊંટ અને હાથી જેવાં મહાકાય અને શક્તિશાળી પ્રાણીઓ પણ આ જગતમાં છે. છતાં આ બધાં પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ અને શક્તિમાન પ્રાણી માનવ ગણાય છે. પોતાની બુધ્ધિશક્તિથી માણસ વાઘ, સિંહ અને હાથી જેવાં ભયાનક હિંસક પ્રાણીઓને પણ વશ કરી, પોતાની આજ્ઞા પ્રમાણે એમની પાસે કામ કરાવે છે. આમ સૌથી બુધ્ધિશાળી પ્રાણી માણસ

છે. માટે જ મનુષ્યાવતારને ઉત્તમ કહ્યો છે. શાસ્ત્રોના મતાનુસાર માત્ર મનુષ્ય જન્મથી જ મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે.

પણ આ શ્રેષ્ઠ માનવ-યોનિમાં જન્મ થયો હોવા છતાં ભિન્ન ભિન્ન સ્વભાવના માણસો હોય છે અને દરેકની વિચારસરણી જુદી હોય છે. દરેકનાં આચરણ જુદાં હોય છે અને ગુણાવગુણમાં ય ઘણો ભેદ હોય છે. બુધ્ધ જેવા મહાત્મા બનવાની ક્ષમતા ધરાવતા માણસો ઘાતકી, હિંસક ત્રાસવાદી પણ બની શકે છે અને બને પણ છે. માટે જ માણસે સારા સંગથી, સારા વાંચનથી સારા વિચારો કરી પોતાના આત્માના ઉધ્ધાર માટે સતત જાગ્રત રહેવું જોઈએ.

માણસનો સૌથી મોટો દુર્ગુણ છે એનું મિથ્યાભિમાન. મિથ્યાભિમાની માણસને પોતાની મર્યાદાઓનું ભાન હોતું નથી. પોતે જ ઉત્તમ છે, પોતે જ સર્વશક્તિમાન છે, પોતે જ સાચો ને સારો છે એવા ખયાલો માણસને પતન તરફ દોરી જાય છે.

‘હું કરૂં હું કરૂં એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે’

- એમ કહી નરસિંહ મહેતાએ મિથ્યાભિમાની માણસના માનસનો સચોટ રીતે ખ્યાલ આપ્યો છે. ગાડા નીચે ચાલનારા કૂતરાનો ગાડું ચાલે છે એમાં કશો જ ફાળો નથી, છતાં એ એવું માને છે કે ‘ગાડું મારે કારણે જ ચાલે છે’; તેમ મિથ્યાભિમાની માણસ પણ સ્થૂલ સંપત્તિની પ્રાપ્તિથી એમ જ માને છે કે એની

બુધ્ધિશક્તિથી જ આ બધું પ્રાપ્ત થયું છે. અરે, જગતનો કારોબાર જાણે પોતાને કારણે જ ચાલતો હોય એવા ભ્રમમાં એ રાચે છે. પણ એને ખ્યાલ નથી કે આ માનવદેહ તો ‘રાખનાં રમકડાં’ જેવો છે. એક કવિ કહે છે તેમ : ‘जितनी चावी दी श्रीरामने, उतना चले खिलौना।’ ભગવાને આપેલી ચાવી ઉતરી જતાં માણસરૂપી રમકડું નિષ્પ્રાણ બની જશે. શેક્સપીયરે પણ કહ્યું છે કે -

This world is a stage - આ દુનિયા તો રંગભૂમિ છે. દરેક નટ પડદા આગળ આવી પોતાનો રોલ ભજવી જતો રહે છે. આપણે પણ વિશ્વની રંગભૂમિ પર આવા નટ જ છીએ. કવિ અવિનાશ વ્યાસે ગાયું છે : ‘રાખનાં રમકડાં ને રામે રમતાં રાખ્યાં રે, મૃત્યુ લોકની માટીમાંથી માનવ કહીને ભાખ્યાં રે...’ ભાષા જુદી પણ બધાંનો કહેવાનો અર્થ તો એ જ કે ‘આ માનવદેહ ક્ષણભંગુર છે, માટે કશો ગર્વ ન કરવો.’ ‘ગર્વ કિયો સોઈ નર હાર્યો’ કહી કવિ અનેક દૃષ્ટાંતો દ્વારા કહે છે કે ‘ભગવાન આગળ કોઈનું મિથ્યાભિમાન ચાલતું નથી.’ અને જે પોતાના દુઃખભર્યા સમયે ભગવાનને સાચા દિલથી યાદ કરે છે એની મદદે એ આવે પણ છે. કબીરજીનો દોહો છે :

‘માટી કહે કુંભારકો, તું ક્યા રોંદે મોહી
એક દિન ઐસા આયેગા મૈં રોદુંગી તોહી.’

માટીને પગથી ગોલતા કુંભારને માટી કહે છે કે ‘હે માનવી, તું આજે ભલે મને પગ નીચે કચડે પણ અંતે તો એક

દિવસ હું જ તને મારામાં સમાવીશ.’ કવિએ ગાયું છે : आकाश पे उडनेवाला मिट्टी में मील जायेगा। આમ મિથ્યાભિમાનીને તો સંતોને જ્ઞાનીઓ અનેક દૃષ્ટાંતો દ્વારા એની મર્યાદાનું ભાન કરાવે છે.

મિથ્યાભિમાની માણસ અંત સુધી એ નથી સમજતો કે આ જીવન ક્ષણભંગુર છે. કોનો ક્યારે ક્યાં કેવી રીતે ક્ષય થશે એ કોઈ જાણતું નથી. દસ મિનીટ પહેલાં જે માણસ પાસે હતો તે એને ઘેર પહોંચતાં પહેલાં જ સ્વધામ સિધાવે એનાથી વધારે જીવનની અનિશ્ચિતતા કેવી હોય?

‘પાની કેરા બુદબુદા, અસ માનસ કી જાત,
દેખત હી છિપ જાયેગા, જ્યોં તારા પરભાત.’

આ દોહામાં કવિ માનવ જીવનને પાણીનો પરપોટો કહે છે. પાણીના પરપોટાનું જીવન કેટલી ક્ષણ? એવું જ માણસના અસ્તીત્વનું પણ છે. વહેલી સવારે તારો પ્રકાશે એનું પ્રકાશવું કેટલી વારનું? સૂર્યોદય સુધી જ ને?માનવજીવન પણ આવું જ ક્ષણભંગુર અને નાશવંત છે. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે - ‘આ યુધ્ધભૂમિમાં સામે ઊભેલાં સર્વને મેં મારી જ નાખ્યાં છે, निमित्तमात्र भव (તું નિમિત્તમાત્ર થા) અને ભગવાન વિશ્વદર્શન દ્વારા અર્જુનને આ દૃશ્ય બતાવે છે. આમ જ જીવનમાં બનતું બધું જ ભગવાને અગાઉથી કરી રાખેલું છે, માણસે તો માત્ર નિમિત્ત જ બનવાનું છે. છતાં મૂર્ખ માનવી કર્તૃત્વનો ભાર લઈ, જવાબદારી સ્વીકારી હેરાન થાય છે.

માટે જ માણસે નમ્ર, નિરાભિમાની અને પ્રમાણિક બની, ઈશ્વરને આરાધી, અમરત્વ પામવા મથવું એમાં જ જીવનની સાર્થકતા છે. એક કવિ માણસની મર્યાદા આંકતાં કહે છે :

‘પ્રભુથી જ સહુ કંઈ થાય છે, અમથી થાય ન કાંઈ,
રાઈનો પર્વત કરે, પર્વત રાઈની માંહી -’

ઈશ્વર જેવા મહાન કલાકારે બનાવેલાં ‘રાખનાં રમકડાં’ જેવા આપણે સૌ નરસિંહ મહેતાનું માનવજીવન વિષેનું નીચેની પંક્તિમાં દર્શાવેલું તત્ત્વજ્ઞાન સમજી શકીએ તો કાયા ને માયાના અટપટા ખેલનો ખ્યાલ આવી શકે. નરસિંહ મહેતા કહે છે :

‘જાગીને જોઉં તો જગત દીસે નહિ,
ઊંઘમાં અટપટા માર્ગ ભાસે.’

કઠપૂતળીના ખેલની લાકડાની ઢીંગલીઓને શી ખબર કે એમને નચાવવાનારો દોરી સંચાર કરતો નટ તો પડદાની પાછળ બેઠો છે! ‘રાખનાં રમકડાં’ એટલે જ માનવજીવનની ક્ષણભંગુરતા.

(‘આકાશવાણી’ પરથી ‘અમૃતધારા’માં પ્રસારિત)



૨. શરણાગત

શરણાગત એટલે શરણે આવેલું, અથવા શરણાર્થી. શરણાગત તરીકે કોઈ માણસ અથવા પશુ-પંખી પણ હોઈ શકે. શરણે આવેલાને આશરો આપી એની રક્ષા કરવી એ સદ્‌ગૃહસ્થની ફરજ છે. જો કે આનો આધાર ક્યારેક સંજોગો પર પણ હોય છે. ક્યારેક ‘શરણ્ય’ એટલે કે શરણદાતા થવું એ કઠિન હોય છે અને શરણદાતાની કસોટી કરે એવું પણ હોય છે. છતાં માણસની સાચી માણસાઈનાં દર્શન પણ એમાં જ થાય છે.

એક શિકારી એક પક્ષીનો શિકાર કરવા એની પાછળ પડ્યો હતો. પક્ષી ખૂબ શ્રમપૂર્વક ઉડતું ઉડતું જઈ એક બાગમાં બેઠેલાં એક રાજાની સોડમાં લપાઈ ગયું. થોડી જ વારમાં શિકારી ત્યાં આવી પહોંચ્યો ને પંખી પોતાનો શિકાર હોવાથી એ પોતાને સોંપી દેવાની રાજા પાસે માગણી કરી. રાજાએ પોતાના શરણાર્થીને સોંપવાની સ્પષ્ટ ના પાડી, ત્યારે શિકારીએ કહ્યું : ‘શિકાર કરવો

એ મારો વ્યવસાય છે.. એ દ્વારા હું મારા કુટુંબનું ભરણપોષણ કરું છું.. જો આપ મારા શિકારની રક્ષા કરવા ઈચ્છતા હો તો આપના શરીરમાંથી મને પક્ષીના વજન જેટલું માંસ આપી દો.' શિકારીની સાચી વાત રાજા સમજ્યા અને એ માટે સંમત થયા, પણ શરણાર્થીની રક્ષા કરવાના પોતાના રાજધર્મ અને માનવધર્મથી ન ડગ્યા!

કોઈ માણસ કે પશુ પંખી કેટલી બધી લાચાર પરિસ્થિતિમાં હોય ત્યારે બીજાને શરણે જાય છે! બાકી, શરણાર્થી થવું કોને ગમે? આવા શરણાર્થીની રક્ષા કરી આપણે માનવધર્મ બજાવીએ એમાં જ સાચી માણસાઈ છે. યુધ્ધમાં હારેલા દેશનું લશ્કર જીતેલા શત્રુને શરણે જાય છે. જીતેલા દેશના સત્તાધીશો દુશ્મનના સિપાહીઓને માફ કરી એના દેશના અધિકારીઓને પાછા સોંપે છે. આમ શરણાર્થીની રક્ષા દુશ્મનો પણ કરે છે. રામાયણમાં સુગ્રીવ શ્રીરામને શરણે જાય છે ને પોતાના બળવાન ભાઈના ત્રાસથી બચાવી પોતાની રક્ષા કરવા કહે છે. ત્યારે શ્રીરામ સુગ્રીવના ભાઈ વાલીનો વધ કરીને શરણાગત સુગ્રીવની રક્ષા કરે છે. એ જ રીતે રાવણના ત્રાસથી ત્રસ્ત એનો ભાઈ વિભીષણ શ્રીરામને શરણે આવે છે. તેની રક્ષા કરી શ્રીરામ રાવણનો વધ કરી વિભીષણને લંકાનો રાજા બનાવે છે. માટે જ બૌધ્ધો કહે છે : 'બુધ્ધં શરણં ગચ્છામિ!' ભક્ત શ્રધ્ધાપૂર્વક પોતાના ઉપાસ્ય દેવને શરણે જાય જ. ભગવાન શ્રી દત્તાત્રયની સ્તુતિ કરતાં શ્રી રંગ

અવધૂત એમને માટે કહે છે : 'બ્રહ્મા હરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર.' આમ શરણાગતની રક્ષા કરવી એ ભગવાનનું અનન્ય લક્ષણ છે.

હિન્દીમાં 'શરણાગત' નામની એક વાર્તા છે. એમાં લુટારુઓનો એક સરદાર પોતાને શરણે આવેલા એક કસાઈની રક્ષા કરે છે અને પોતાના સાથીઓના આગ્રહ છતાં એ કસાઈને લુટારા સાથીઓને હવાલે કરતો નથી. એના સાથીઓને સમજાવતાં સરદાર કહે છે : 'वो मेरी शरणमें आया है ।' આમ પોતાના સાથીઓનો ગુસ્સો વહોરીને પણ એક લુટારુ એક કસાઈની રક્ષા કરે છે, કારણ કે એ એનો શરણાગત હતો! આમ લુટારો પણ આટલી નૈતિકતા જાળવે છે! ભારત પાકિસ્તાનના ભાગલા વેળા પાકિસ્તાનથી ભારત આવેલા હજારો નિરાશ્રિતોને ભારતે શરણાર્થીઓની રક્ષા કરવાનો ધર્મ બજાવી આ દેશમાં સમાવ્યા અને એમને થાળે પાડ્યા. શરણે આવેલાની પોતાના જાનના જોખમે પણ રક્ષા કરવી એ માનવધર્મ છે.

ગીતાના પ્રારંભમાં જ એક નોંધપાત્ર પ્રસંગ છે. યુધ્ધ માટે તત્પર અર્જુને પોતાના સારથી શ્રીકૃષ્ણને પોતાનો રથ બે સેનાની વચ્ચે લઈ જવા કહ્યું. શ્રીકૃષ્ણે એમ કર્યું ત્યારે યુધ્ધમાં ઊભેલા અને લડવા માટે ઉત્સુક એવા ભિષ્મ પિતામહ, દ્રોણગુરુ, કાકા, મામા, ભાઈઓ, પુત્રો, મિત્રો, આચાર્યો તથા અન્ય હિતૈષીઓને જોયા ત્યારે એનાં ગાત્રો ઢીલાં પડી ગયાં અને લડવા

માટે એણે ના પાડી દીધી, ત્યારે શ્રીકૃષ્ણે એને કાયર ન થવા અને હૃદયની દુર્બળતા ત્યજીને ઊભા થવા માટે કહ્યું; ત્યારે ગુંચવાયેલા અર્જુને શરણાગત બની શ્રીકૃષ્ણને કહ્યું : 'शिष्यस्तेहं साधि मां त्वां प्रपन्नम्।' હું આપનો શિષ્ય છું, શરણે આવેલા મને ઉપદેશ આપો.

આમ, શરણે આવેલા અર્જુનને શ્રીકૃષ્ણે સત અને અસત્, જીવ અને શિવ, જીવન અને મરણ, આત્મા અને પરમાત્મા જેવા અનેક ગૂઢ વિષયોનું જ્ઞાન આપી પોતાના શરણાગતને એને સાચો ધર્મ સમજાવ્યો. છેલ્લે શ્રીકૃષ્ણે અર્જુનને એમ પણ કહ્યું કે सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज। 'બધા ધર્મ છોડીને તું મારા જ શરણે આવ.' અંતે મોહનો નાશ થતાં અર્જુન શ્રીકૃષ્ણને કહે છે : करिष्ये वचनं तव। હું આપનું કહેલું કરીશ.

આમ, શરણ્ય અનેશરણાગતનો ધર્મ અર્જુનને સમજાવતાં ભગવાન શ્રીકૃષ્ણે જ્ઞાનનો મહાગ્રન્થ 'ગીતા' જગતના લોકો માટે સુલભ બનાવી જગત પર મહાન ઉપકાર કરી એને ધન્ય કર્યું છે.

જોકે મર્યાદિત શક્તિવાળા આપણે કોઈના તારણહાર ન બની શકીએ. પણ કટોકટીના પ્રસંગે કોઈને સહેજ ટેકો કરી શરણાગતના રક્ષણહાર તો જરૂર બની શકીએ, કારણ કે એ આપણો ગૃહસ્થધર્મ છે.



૩. આનંદ

આનંદ શબ્દ આપણા જીવન સાથે એવો વણાઈ ગયો છે કે એનો અર્થ સમજવાની કે સમજાવવાની ભાગ્યે જ જરૂર જણાય. આનંદ એ આપણા મનની એક લાગણી છે. એનાથી વિરુધ્ધની લાગણી છે દુઃખ. સામાન્ય માણસને કોઈ નાના સરખા લાભદાયી બનાવથી પણ આનંદ થાય, તો બીજા કોઈ નિષ્ફળતાના બનાવથી દુઃખ પણ થાય. એક ગરીબ ભિક્ષુકને પાંચ રૂપિયા આપો તો એને આનંદ આનંદ થઈ જાય અને ક્યારેક બહુ ઓછી ભિક્ષા મળે તો એને દુઃખ પણ થાય. રોજ આપણા જીવનમાં બનતા આવા નાના નાના બનાવોની કશી નવાઈ નથી હોતી. છતાં કોઈ વિશેષ પ્રસંગનો આનંદ જુદો જ હોય છે. દા.ત. કોઈ યુવાન કે યુવતીના લગ્ન પ્રસંગે પરણનારને કે એનાં સ્વજનોને

કેટલો બધો આનંદ થાય છે. धन्यो गृहस्थाश्रमः કે कुर्यात् सदा मंगलम् ના મધુર ધ્વનિથી આશિષધારા વહ્યા કરે છે. સ્વજનોના લગ્નનો કે સંતાનના જન્મ પ્રસંગનો આનંદ અનોખો હોય છે. વિદ્યાર્થી કે એના સ્વજનો માટે કોઈ સારી ડીગ્રી, સારા ટકાથી મેળવવી એ અનોખા આનંદનો પ્રસંગ છે. એમ.બી.બી.એસ. કે આઈ.એ.એસ. જેવી ઊંચી ડીગ્રી મેળવનારને માટે અને એના સ્વજનો માટે એ કેવી મોટી ઉપલબ્ધિ ગણાય! એનો આનંદ પણ સાચા અર્થમાં હર્ષોલ્લાસ ગણાય. આનાથી વિપરીત પ્રસંગો દુ:ખના હોય છે. આમ આનંદ અને દુ:ખ પરસ્પર વિરુધ્ધના ભાવ છે. બંનેમાં વ્યક્તિએ વ્યક્તિએ કે પ્રસંગે પ્રસંગે આનંદ કે દુ:ખની લાગણીની માત્રા વત્તી ઓછી રહેવાની જ. કેટલાક લોકો નાના દુ:ખને ય મોટું ગણી રોદણાં રડ્યા કરે છે, તો શાણાજનો દુ:ખનેય હળવાશથી લઈ બહુ હો હા વગર સહી લે છે. કદાચ એમના કાનમાં કવિની પેલી પંક્તિ ગુંજતી હશે : 'સુખ દુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં, ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં'. સુખપ્રસંગે કેટલાક લોકો આનંદઘેલાં થઈ જાય છે, તો કેટલાકનો આનંદ સંયમિત હોય છે. चक्रवत् परिवर्तन्ते दुःखानिच सुखानि च નું તત્ત્વજ્ઞાન પચાવનાર માણસ ગીતા ભાખ્યા 'સ્થિતપ્રજ્ઞ' ની કક્ષાનો હોય છે. सुख दुःखे समेकृत्वा लाभालाभौ जयाजयौ ની કક્ષાના સ્થિરબુધ્ધિવાળા થવું એ સામાન્ય વાત નથી, પણ એ અસંભવ પણ નથી જ. દરેકની પોતાની

લાગણીની અભિવ્યક્તિની રીત પણ જુદી જુદી હોય છે.

પણ 'આનંદ' ને આપણે જરા જુદી રીતે પણ વિચારી શકીએ. સાંસારિક આનંદ તો પ્રાસંગિક હોય છે, અલ્પજીવી હોય છે. પ્રસંગ પતે એટલે એ લાગણી ધીરે ધીરે ઓછી થઈ નિર્મૂળ થઈ જાય છે. મનના સમતોલપણા માટે કેટલીક વાતો ભૂલી જવી એ જરૂરી પણ હોય છે. પણ સાચા ભક્તને જ્યારે ભગવાનની ઝાંખી થાય ત્યારે એને કેવો આનંદ થતો હશે! ભગવાનના સાચા ભક્ત નરસિંહ મહેતાના ભજનોમાં આપણને સાચા આનંદનો અર્થ સમજાય છે. દા.ત. એ કહે છે :

સંત સુખિયા સદા, દુ:ખ નવ ધરે કદા
ભણે નરસૈયો સંતને સેવતાં
પેરે પેરે પરમ આનંદ થાશે.

અહીં સાચા સંતના અમર આનંદની સ્થિતિ નરસિંહ મહેતા પ્રગટ કરે છે. વળી બીજા એક પદમાં એ આનંદથી ગાઈ ઊઠે છે :

'આજની ઘડી તે રળિયામણી રે... મારો વાલો આવ્યાની વધામણી જી રે.' - ભગવાનના આવ્યાના સમચાર મળતાં ભક્તને થતા પરમ આનંદનાં અહીં દર્શન થાય છે. જરા કલ્પના તો કરો: જીવનભર જેની આતુર નજરે રાહ જોઈ હતી એ પ્રભુ શ્રીરામ શબરીની ઝૂંપડીએ પધાર્યા ત્યારે એના આનંદની કેવી પરમ સીમા હશે! માટે જ તો હર્ષઘેલી એ આદિવાસી બાઈ પોતાના

ઘેલાપણામાં પ્રભુને પોતાનાં ચાખેલાં એઠાં બોર ધરે છે! આ સાચો આનંદ છે. અને આનંદની અવધિનાં દર્શન કરાવતા નરસિંહ મહેતાનું પેલું અમરપદ- 'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો...' તો આજના વિજ્ઞાનયુગમાંય આશ્ચર્યકારક યથાર્થતાઓથી ભરેલું છે : 'જળહળ જ્યોત રવિ કોટમાં, હેમની કોર જ્યાં નીસરે તોલે, સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે, સોનાના પારણામાંહી ઝૂલે.' અહીં પ્રકૃતિના અદ્ભુત દશ્યનો નજારો ખડો કરી નરસિંહ મહેતા એમાં પરમાત્માના દર્શનનો આનંદ પ્રગટ કરે છે અને ભગવાનનાં સત્, ચિત્ અને આનંદનાં લક્ષણોની ઝાંખી કરાવે છે. ભગવાન આનંદસ્વરૂપ છે. એને મળવાનો માર્ગ બતાવતાં કવિ કહે છે : 'પ્રેમના તંતમાં સંત ઝાલે.' પ્રેમ હોય ત્યાં આનંદ અને શાંતિ જ મળે ને? એનાથી વિરુધ્ધ દ્વેષભાવથી આનંદ નષ્ટ થાય છે. પ્રેમ અને આનંદ હોય ત્યાં ભક્તને બ્રહ્માનંદની ઝાંખી થાય છે. પ્રેમી હૃદયમાં શ્રધ્ધા જન્મે છે એનું શ્રેષ્ઠ ઉદાહરણ આપણને જાણીને ઝેર પીતી મીરાંમાં મળે છે. 'અમૃત જાણી મીરાં પી ગયાં જેને સહાય શ્રીવિશ્વનો નાથ' કહેતી મીરામાં પ્રભુના મિલનનો આનંદ અને એના પ્રત્યેની શ્રધ્ધાની પરાકાષ્ઠા છે! માટે જ તો ભક્તહૃદય આનંદથી ગાઈ ઊઠે છે : 'પ્રેમની પ્રેમની પ્રેમની રે, મને વાગી કટારી પ્રેમની.' પ્રભુના પ્રેમની કટારી વાગે એ જ સાચો બ્રહ્માનંદ.



૪. દરિયો

દરિયો એટલે સમુદ્ર, દરિયો એટલે સાગર, દરિયો એટલે પાણીનો અપાર વિસ્તાર અને અમાપ ઊંડાણ. માટે જ ઉદાર દિલવાળા માણસને 'દરિયાદિલ-આદમી' કહીએ છીએ. દરિયાને કિનારે ઊભા રહી એનો સામો કિનારો જોઈ ન શકીએ. આપણી દૃષ્ટિની એ મર્યાદા છે. આથી એમ કહેવાય છે કે મહાન પુરુષોને સમજવાનું નાના લોકોનું ગજું નથી. દરિયા કિનારેથી દૂર દૂર નજર નાખીએ તો પાણી ને આકાશ મળતાં લાગે. એ ક્ષિતિજ એટલે આપણી દૃષ્ટિની મર્યાદા. આકાશ અને સાગર બંનેની એ વિરાટતા આગળ મર્યાદિત દૃષ્ટિ અને શક્તિવાળો માણસ અભિભૂત થઈ જાય છે. લખવા બેસીએ તો દરિયા વિષે પુસ્તકો ભરાય. દરિયાના અનેક સ્થૂળ લાભ પણ નજરે દેખાય એવા છે.

જૂના સમયમાં જ્યારે એરોપ્લેન જેવાં સાધનો નહોતા ત્યારે ય લોકો વહાણ દ્વારા એક દેશથી બીજા દેશ જતા હતા ને વ્યાપાર પણ કરતા હતા. કેટલાક દરિયાની સફર દ્વારા દેશ વિદેશમાં ઘૂમતા. આપણે ત્યાં હ્યુ એન સંગ જેવા વિદેશી મુસાફરો આવ્યા જ હતા. કોલંબસ જેવો સાહસિક સાગરખેડુ ભારત આવવા નીકળ્યો ને ભૂલથી ઘૂમતો ઘૂમતો દરિયામાં ફર્યો તો અમેરિકા જેવો નવો ખંડ એણે શોધી કાઢ્યો! આવાં અદ્ભુત દરિયાઈ સાહસો ત્યારે પણ થતાં. માછીઓ દૂર સુધી દરિયામાં જઈ ટનબંધી માછલાં પકડી લાવે છે. આમ મત્સ્ય ઉદ્યોગ એ દરેક દેશનો ગણનાપાત્ર ઉદ્યોગ છે. હજારો લોકોને એથી ખોરાક મળે છે. હજારો જલચરોનું નિવાસસ્થાન દરિયો છે. એના પેટાળમાં કિંમતી રત્નો છે. જીવના જોખમે મરજિવા એ લઈ આવે છે એવી માન્યતા છે. એથી જ તો 'મરણ આગમે તે ભરે મુઠ્ઠી, દિલની દુગ્ધા વામે જોને, તીરે ઊભા તે જુએ તમાસો, તે કોડી નવ પામે જોને' જેવા રૂપક દ્વારા કવિઓ સાહસિકોને બિરદાવે છે. દરિયામાં સારકામ કરીને તેલ-ગેસ માટે પણ સંશોધનો થાય છે. સ્ટીમરો દ્વારા દરિયાઈ વેપાર આજે ય મોટા પ્રમાણમાં થાય છે. અનિષ્ટ તત્ત્વો દરિયામાં ય લૂંટફાટ કરે છે. એ ચાંચિયાથી વહાણોને રક્ષવા દરેક દેશે સંરક્ષણ વ્યવસ્થા પણ રાખવી પડે છે.

દરિયાની ભવ્યતા અલૌકિક છે. જો કે ભવ્યતા ક્યારેક વિકરાળતા પણ બની જાય છે. ઘેરા નાદથી ઘૂઘવતા દરિયાને

અને એનાં પર્વત જેવાં ઊંચાં મોજાના અનંત પ્રવાહને માણવાનો આનંદ જેવો તેવો નથી. મુંબાઈનું ચોપાટી એ દરિયા કાંઠે ફરવાનું જગખ્યાત સ્થળ છે. બધા જીવ અંતે શિવમાં ભળે છે તેમ બધી નદીઓના પાણી અંતે સાગરમાં સમાય છે. છતાં સાગર કદી પોતાની મર્યાદા છોડતો નથી. માટે જ તો સહનશીલ અને ઉદાર માણસોને સાગર-પેટા કહીએ છીએ. હા, દરિયામાં ય ક્યારેક 'સુનામી' જેવાં પુર કાંઠા વિસ્તારને નુકસાન કરે ખરાં. રસોઈમાં સ્વાદ માટે અનિવાર્ય એવું કિંમતી મીઠું દરિયો આપણને મફત આપે છે. મીઠાનો ઉદ્યોગ પણ દરિયાની મોટી ભેટ છે. જો કે 'ખારા જળનો દરિયો ભરિયો, મીઠા જળનો લોટો' જેવી અન્યોક્તિ દ્વારા કવિઓ મોટા માણસોના દોષ તરફ આંગળી ચીંધે છે. સૂર્યના તાપ દ્વારા પાણીના બાષ્પીભવનની ક્રિયા તો કુદરતી રીતે સતત ચાલ્યા જ કરે છે. અપાર સાગરજલમાંથી કેટલું બધું પાણી વરાળ રૂપે ઊડી ઊંચે જાય છે! પછી વૈજ્ઞાનિક પ્રક્રિયાથી એનાં વાદળ બંધાય છે, અને મીઠા જળનો વરસાદ પડે છે. જાણે પ્રભુની કૃપા વરસી! એથી સૃષ્ટિ સજીવ બની લીલીછમ વનરાજી રૂપે વિકસે છે. એથી ખેતી દ્વારા અનાજ પાકે છે. વૃક્ષો ઉછરે છે ને ફળ મળે છે, ઘાસ ઊગે છે. આમ પશુ પક્ષી માણસ સૌ જીવે છે. આ સિવાય પણ દીઠી અદીઠી દરિયાની ઉપયોગિતા ઘણી છે. દરિયા કાંઠે ધમધમતાં બંદરોના વેપાર પર તો જે તે પ્રદેશની સમૃદ્ધિનો આધાર છે.

શ્રીરામે સાગર પાર - લંકા - જવા સાગર પર સેતુ બાંધ્યો

હતો. સેતુબંધ રામેશ્વર જેવાં અનેક ધાર્મિક સ્થળો દરિયા સાથેના માનવજીવનના સેતુ સમાન છે. બેટ દ્વારિકામાં અનેક કૃષ્ણભક્તો આજે પણ યાત્રા જાય છે.

આમ દરિયો માનવ સાથે યુગોથી લાગણીના તંતુથી જોડાયેલો છે. દરિયાની મહાનતાને વંદતી મારા કાવ્યની બે પંક્તિઓથી સમાપ્ત કરીએ, :

પર્વત ઊંચાં મોજાં ઉછળે, વાહ રે વાહ દરિયાલાલ,
આકાશે અડવાનાં ગજાં, ધન્ય રે કેસરિયાલાલ!



૫. લક્ષ્મણરેખા

લક્ષ્મણ રેખા એટલે સલામતી માટેની વિવેકપૂર્ણ મર્યાદા. રામાયણનો બહુ જાણીતો પ્રસંગ છે. વનવાસ દરમિયાન પર્ણકુટિમાં શ્રીરામ, સીતા અને લક્ષ્મણ રહેતાં હતાં. રાવણ ગમે તે ભોગે સીતાજીને લઈ જવા માગતો હતો. એટલે સીતાજીને એકલાં પાડવા તેણે મારીચને સુવર્ણમૃગનું રૂપ ધારણ કરાવી મોકલ્યો. કુટિર પાસે ચરતા સુવર્ણમૃગને જોઈ સીતાનું મન સ્ત્રીસહજ વૃત્તિથી લલચાયું. શ્રીરામ પાસે આ મૃગની ચામડીની કંચુકી પહેરવાની ઈચ્છા સીતાજીએ વ્યક્ત કરી. સીતાજીને સમજાવતાં શ્રીરામે કહ્યું કે 'સુવર્ણમૃગનો જન્મ જ અશક્ય છે. આ તો કોઈ ફરેબ લાગે છે.' પણ સીતાજી ન જ માન્યાં. અહીં આપણને સ્ત્રી હઠ અને એને પરિણામે નીપજતાં અનિષ્ટનાં દર્શન થાય છે. સીતાજીએ અહીં વૈચારિક લક્ષ્મણરેખા ગુમાવી દીધી હતી! કવિએ લખ્યું છે:

સીતા સમાણી સતી કોણ શાણી, પતિ આજ્ઞા સદા પ્રમાણી;
કુરંગ હણવા મતિ ભ્રષ્ટ કીધી, વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.

છેવટે સીતાજીને લક્ષ્મણને સોંપી શ્રીરામે મૃગને મારવા જવું પડ્યું. કપટી હરણ એમને દોડાવીને દૂર લઈ ગયું. પછી શ્રીરામના તીરથી ઘાયલ હરણે કપટ કરી ખોટી બૂમો પાડી : ‘બચાવો... લક્ષ્મણ બચાવો.’ ત્યારે સીતાજીએ દુરાગ્રહ કરીને અને કટુ વચન કહીને લક્ષ્મણને શ્રીરામની મદદે જવા મજબૂર કર્યા. ત્યારે પર્ણકુટિની ચોતરફ પોતાના બાણથી વર્તુલ દોરી લક્ષ્મણે એક સરહદ બાંધી ને કહ્યું કે આની અંદર આવશે તે બળી મરશે. સીતાજીને પણ એણે એ લક્ષ્મણરેખા ઓળંગી બહાર ન જવાનું કહ્યું. છતાં સાધુ વેશે ગયેલા કપટી રાવણના હઠાગ્રહથી એને ભિક્ષા આપવા સીતાજીને લક્ષ્મણ રેખા ઓળંગી બહાર જવું પડ્યું તરત જ પોતાના રાવણરૂપે પ્રગટ થઈ રાવણે સીતાજીનું અપહરણ કર્યું. પછીનો દુઃખદ ઈતિહાસ તો જાણીતો છે. આમ લક્ષ્મણ રેખા ઓળંગવાથી સીતાજીએ સૌને માટે મોટી આફત નોતરી.

આમ લક્ષ્મણ રેખા એટલે સલામતી માટેની વિવેકપૂર્ણ મર્યાદા. એ મર્યાદા ઓળંગનાર હંમેશાં દુઃખી થાય છે. માટે જ આપણાં વર્તન, વાણી અને વિચાર કે લેખનમાં વિવેક હોવો જોઈએ. કારણ કે अविवेकः परम् आपदां पदम् । (અવિવેક મોટું દુઃખ નોતરે છે.) કોઈની સાથેના વર્તનમાં વિવેક ન ચૂકવો જોઈએ. કેટલાકા લોકો અકારણ સામાન્ય વાતને મોટુંરૂપ આપી પીડા ઊભી કરે છે. બે દેશની સરહદ પર પણ ઘણીવાર લક્ષ્મણરેખાનું ઉલ્લંઘન થાય છે. આવા સીમોલ્લંઘનથી બે પડોશી દેશો વચ્ચે

નાનાં મોટાં ઘર્ષણ થાય છે. મોટા યુધ્ધનો પ્રારંભ આવાં છમકલાંથી જ થાય છે. ક્યારેક કટુ વચન બોલાઈ જાય તો ય આફત આવી પડે. દ્રૌપદીએ દુર્યોધનને ‘આંધળાના છોકરા આંધળાં’ નો કટાક્ષ કર્યો ને પરિણામે બદલાની ભાવનાથી મહાભારતનો ઘોર સંગ્રામ થયો. માટે જ વાણીની લક્ષ્મણરેખા દરેકે સાચવવી જોઈએ, માટે જ વાણીની વળી વિચારની લક્ષ્મણરેખા તો ખાસ સાચવવી જોઈએ. કારણ કે વિચાર જ સર્વ કાર્યનો રાજા છે. હિટલર કે નેપોલિયન જેવા સરમુખત્યારોએ દુનિયાને જીતવાનો વિચાર કર્યો ને દુનિયાને ઘણા નુકસાનને અંતે એમનો પોતાનો જ વિનાશ થયો! આમ માણસના વિચારોમાં ય લક્ષ્મણ રેખા સચવાય તો જ વિશ્વમાં શાંતિ રહે. આપણા લખાણમાં ય આવી મર્યાદા સાચવવી જોઈએ. બેફામ લખીએ તો લોકો ઉશ્કેરાઈને તોફાન કરે, ઝગડા ઊભા થાય અને લોકોમાં કલહ થાય. માટે જ સરકાર સમાચાર પર સેન્સરશીપ લાદે છે. આવાં કેટલાંક પુસ્તકો કે ચલચિત્રો પર પણ પ્રતિબંધ મૂકાય છે.

માટે જ આપણે વાણી, વિચાર, આચાર, લેખન, પ્રકાશન કે અન્ય વ્યવહારમાં લક્ષ્મણરેખા રૂપી મર્યાદા સાચવીએ તો આપણા પર કશી સેન્સરશીપ ન આવે ને સમાજમાં સુખ, શાંતિ ને સમૃધ્ધિનું સંરક્ષણ તથા વૃધ્ધિ થાય. કહેવાય છે કે ‘સાગર પોતાના કિનારાની મર્યાદા - લક્ષ્મણરેખા - ઓળંગતો નથી.’ તો પછી આપણે માણસ જેવા માણસ કાંઈ સમજીશું?



૬. ક્રોધ

પોતાની ઈચ્છા પ્રમાણે કાંઈ થાય ત્યારે માણસને આનંદ થાય છે. ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ સુખ લાવે એ સ્વાભાવિક પણ છે.

પણ એથી વિરુધ્ધ જ્યારે કાંઈ અણગમતું થાય ત્યારે માણસને ગુસ્સો થાય છે. ગુસ્સાની માત્રા વધે તેને આપણે ક્રોધ કહીએ છીએ.

માણસના મનના છ વિકારો છે - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. આ છ વિકારો ખરેખર તો માણસના દુશ્મનો છે, કારણ એથી જ માણસ અસામાન્ય અને અનર્થકારક વર્તન કરે છે.

ક્રોધ માણસનો મોટામાં મોટો દુશ્મન છે. ક્રોધ કરનાર વ્યક્તિ પોતાનું અહિત જ કરે, કારણ કે ક્રોધ થતાં માણસ

સારાસારનો વિવેક ગુમાવી દે છે. અને સામાન્ય સંજોગોમાં ન જ કરે એવું ખોટું કામ એ ક્રોધાવેશમાં કરી બેસે છે, અથવા એનાથી થઈ જાય છે. દા.ત. ક્રોધના અતિ આવેશમાં માણસ બીજાનું ખૂન પણ કરી નાખે છે! સામાન્ય સંજોગોમાં કીડીને પણ ન મારે એવો માણસ ક્રોધમાં ભાન ભૂલી કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓને મોતને ઘાટ ઉતારી દે છે. ક્યારેક આવેશમાં એ પોતાની અતિપ્રિય વ્યક્તિને પણ મારી નાખે છે. પોતાની પત્ની કે વહાલાં બાળકોની હત્યા કરી નાખનાર પુરૂષોના દાખલા ઓછા નથી. વળી, ક્રોધના આવેશમાં હતાશ થઈ માણસ ક્યારેક આપઘાત પણ કરી નાખે છે! સામાન્ય સંજોગોમાં પોતાની જાતને કોઈ મૃત્યુદંડ થોડો જ દે? આ બધાં દૃષ્ટાંતો માણસના જાતને જ નુકસાન કરવાના અસામાન્ય વર્તનનાં છે જે પછી બહુધા માણસ પસ્તાય છે, પણ ઢળી ગયેલા દૂધ પર રડવા બેસવાનો શો અર્થ? ક્રોધ આપણું અહિત જ કરે.

સીતાને માનપૂર્વક શ્રીરામને પાછાં સોંપી દેવાની પોતાના નાનાભાઈ વિભીષણની સાચી સલાહ છતાં રાવણને ઘણો ક્રોધ થયો ને પરિણામનો વિચાર કર્યા વિના એણે પોતાના ભાઈ વિભીષણને લાત મારી કાઢી મૂક્યો! લાચાર રામભક્ત વિભીષણ શ્રીરામને શરણે ગયો. પછીના રામ-રાવણ યુધ્ધમાં રાવણના ઘણા શૂરવીરોનાં મોત વિભીષણે બતાવેલા ભેદને કારણે શક્ય બન્યાં. અરે, ખુદ રાવણનું મૃત્યુ પણ વિભીષણે બતાવેલી યુક્તિથી જ શ્રીરામને હાથે થયું હતું! जाही निकालो गेह ते, कस न भेद कह देही? ઘેરથી કાઢી મૂકેલો માણસ કોને ભેદ નહિ કહી દે? અકારણ કરેલા ક્રોધનાં વિપરીત ફળ રાવણે ભોગવ્યાં.

પાળેલા નોળિયાને ભરોસે ઘોડિયામાં સૂતેલા બાળકને મૂકી એક સ્ત્રી કૂવે પાણી ભરવા ગઈ. થોડીવાર પછી ત્યાં એક સાપ આવ્યો જે બાળકને ડસવા જતો હતો, પણ વફાદાર નોળિયાએ સાપ સાથ સંઘર્ષ કરી એને મારી નાખ્યો ને બાળકને બચાવ્યો. પછી માથે પાણીનું બેડું મૂકીને આવેલી સ્ત્રીએ ઘરમાં પેસતાં જ નોળિયાને લોહીવાળા મુખે ઊભેલો જોયો. એને થયું કે 'આ નમકહરામ નોળિયાએ મારા બાળકને મારી નાખ્યું છે.' આથી ભયાનક ક્રોધાવેશમાં એણે નોળિયા પર પાણી ભરેલું બેડું નાખ્યું ને બિચારો નિર્દોષ નોળિયો મરી ગયો! સ્ત્રીના અવિચારી ક્રોધે નોળિયાને વફાદારીના બદલામાં મોત આપ્યું! પછી સ્ત્રીએ અંદર જઈને જોયું તો પોતાનું બાળક ઘોડિયામાં હસતું હતું ને નીચે મરેલા સાપના ટૂકડાં પડ્યા હતા. નોળિયાની વફાદારી સ્ત્રી સમજી શકી ને ગુસ્સામાં કરેલા પોતાના અવિચારી કૃત્ય બદલ પસ્તાવા લાગી, પણ હવે એ વ્યર્થ હતું, કારણ ક્રોધે પોતાનો અનિષ્ટ ભાગ ભજવી નાખ્યો હતો. બાળકને બચાવનારને જ એણે ક્રોધમાં મારી નાખ્યો.

ક્રોધ તો અગ્નિ છે. ક્રોધી માણસ પોતે બળે છે ને બીજાને પણ બાળે છે. ક્રોધને કારણે માણસનું બ્લડપ્રેશર વધી જાય છે, પછી એમાંથી ડિપ્રેસન પણ આવી જઈ શકે. ક્રોધના આવેગથી માણસને હાર્ટએટેક પણ આવી જાય, એથી લકવો પણ થઈ જાય. ક્રોધ માણસ પાસે વિચાર વગર કામ કરાવે છે, પણ 'વગર વિચાર્યું જે કરે, પાછળથી પસ્તાય.' ક્રોધને કારણે થઈ ગયેલું એકાદ અઘટિત કાર્ય પણ માણસની આન, શાન અને દમામને ધૂળ ભેગાં કરે છે.

માટે જ ક્રોધ પર કાબુ મેળવવો ઘટે.

ગીતાના સાંખ્ય યોગમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : कामात्क्रोधाऽभिजायते । કામનાથી ક્રોધ જન્મે છે અને क्रोधाभ्दवति संमोहः । ક્રોધથી મોહ થાય છે. અને પછી તો વિષચક્ર ચાલે છે : મોહથી સ્મૃતિનાશ થાય છે અને સ્મૃતિના નાશથી બુધ્ધિનો નાશ થાય છે અને છેલ્લે બુધ્ધિના નાશથી મનુષ્યનો પોતાનો પણ નાશ થાય છે! આમ ક્રોધનું પરિણામ માણસના સંપૂર્ણ વિનાશમાં આવે છે! શ્રીકૃષ્ણ કહે છે : बुद्धिनाशात्प्रणश्यति ।

ક્રોધાવેશમાં પોતાના પરશુ વડે એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રી કરનાર જમદગ્નિના પુત્ર પરશુરામે જીવનભર કેવી ભારે અશાંતિ અનુભવી હશે?!

માટે ડાહ્યા માણસે ક્રોધ પર વિજય મેળવી, પોતાની સ્થિર બુધ્ધિ વડે સુખ શાંતિમાં જીવી, જીવનનો સાચો આનંદ માણવો જોઈએ.

રાગ, દ્વેષ અને ક્રોધ રહિત માણસ સદા પ્રસન્ન રહે છે. 'પ્રસન્ન ચિત્તવાળાની બુધ્ધિ જલદી સ્થિર થાય છે' એમ ગીતા કહે છે. એથી ઉલટું, अशान्तस्य कुतः सुखम्? અશાંતને સુખ ક્યાંથી હોય? માટે જ ક્રોધને જીતી, પ્રસન્નચિત્ત બની, સ્થિર અને સ્વસ્થ બુધ્ધિ દ્વારા શાંતિથી જીવી મનુષ્ય જીવનને ભાવના, શ્રધ્ધા અને ભક્તિ દ્વારા સાર્થક કરીએ.



૭. ...અથવા એ મરી જશે!

કોઈપણ દેશની સુરક્ષાની કરોડરજ્જુ એ દેશના સૈનિક છે. કોઈપણ દેશ પોતાના સૈનિકોનું ઓછું મૂલ્ય આંકી શકે નહિ. હકીકતમાં તો દેશ માટે સૌથી વધુ શારીરિક અને માનસિક યાતના સૈનિક વેઠે છે. બરફ આચ્છાદિત પર્વતો પર કે ઘોર જંગલોમાં ય દેશની સુરક્ષા માટે એ ભમતો રહે છે. ત્યારે એને પોતાનું ઘર, પત્ની, બાળકો કે અન્ય કુટુંબીજનો યાદ નહિ આવતાં હોય? આવે જ ને. વહાલાંનો વિયોગ સૈનિકને કેવો સાલે છે તે વાત 'ચિઠ્ઠી આઈ હૈ, ચિઠ્ઠી આઈ હૈ' ગીતના કવિએ ખૂબ ભાવવાહી રીતે તાદૃશ કરી છે. ઘેરથી સ્વજનનો પત્ર આવે ત્યારે સૈનિકના મનમાં વિવિધ ભાવોની કેવી ભરતી આવે છે! વિરહની વ્યથા નાની સુની નથી હોતી. સૈનિક એ વ્યથા પણ વેઠે છે.

આવા જ એક દેશદાઝભર્યા યુવાન સૈનિકની વાત કરતું એક અંગ્રેજી કાવ્ય આજે યાદ આવ્યું. કાવ્યમાં એવી વાત કરવામાં આવી છે કે - એક દેશપ્રેમી યુવાન સૈનિક પોતાની વ્હાલસોયી પત્ની અને એક ઘૂટણીયાં તાણતા નાના પુત્રને મૂકીને યુધ્ધમાં ગયો હતો. કમનસીબે દુશ્મનો સામે બહાદુરીપૂર્વક લડતાં લડતાં એ યુધ્ધમાં શહીદ થઈ ગયો! એનો મૃતદેહ પુરા લશ્કરી માન સાથે એને ઘેર લાવવામાં આવ્યો. એની અંતિમવિધિ પહેલાં દર્શનાર્થે એ મૃતદેહને મૂકવામાં આવ્યો. અનેક લોકોએ એને ભાવભરી અંજલિ આપતાં આપતાં અશ્રુધારા વહાવી.

પણ આશ્ચર્ય એ વાતનું હતું કે એ સૈનિકની યુવાન પત્ની જે હવે વિધવા થઈ હતી તેની આંખમાંથી આંસુનું એક ટીપુંય ન પડ્યું! લોકો આશ્ચર્યચકિત થઈ ગયા!

ત્રાહિત લોકો આટલું બધું રુદન કરે છે અને એની જીવનસંગિની પત્નીની આંખ કોરી કટ-આંસુ વિહોણી હતી! એ સ્તબ્ધ શી પોતાના પતિના મૃતદેહને અનિમેષ નજર જોઈ જ રહે છે! સામાન્ય લોકો તો કાંઈ સમજ્યા નહિ, પણ કેટલાક શાણા માણસો સમજી ગયા કે આ સ્ત્રીને ભયાનક આઘાત લાગ્યો છે. તેમણે કહ્યું : She must weep, or she will die (આ સ્ત્રીએ રડવું જ જોઈએ, નહિ તો એ આઘાતથી મરી જશે.) સામાન્ય રીતે આવા પ્રસંગે મૃત વ્યક્તિનાં સ્વજનોને આશ્વાસન આપી છાનાં રાખવાં પડે છે અને હિંમત આપવી પડે છે. જ્યારે અહીં

તો લોકો મૃત સૈનિકની પત્નીને રડાવવા માટે જુદી જુદી રીતે પ્રયત્નો કરવા લાગ્યા. એટલે એમણે મૃત સૈનિકનાં વખાણ કરવા માંડ્યાં. કોઈએ કહ્યું : 'જુઓ તો ખરા, એના પગના પંજા કેવા સુંદર અને ઘાટીલા છે!' બીજાએ કહ્યું : 'અરે એની આંખો તો જુઓ, હજીય કેવી સુંદર, ભાવવાહી અને પ્રેમભરી લાગે છે!'.. તો કોઈએ કહ્યું : 'અરે, એની મુખાકૃતિ કેવી મનોહર એને જીવંત લાગે છે! જાણે હમણાં બોલી ઊઠશે!' કોઈકે કહ્યું : 'આપણો એક આશાસ્પદ, પ્રેમાળ યુવાન અચાનક આપણને છોડીને અનંતની યાત્રાએ ઉપડી ગયો.' આમ મૃત સૈનિકના અનેક ગુણોને યાદ કરી સૌએ એ આઘાત પામેલી સ્ત્રીને રડાવવાના પ્રયત્નો કર્યા કે જેથી એના આઘાતનું દુઃખ હળવું થાય. પણ આ સ્ત્રીને તો પતિના મૃત્યુનો એવો ભારે આઘાત પહોંચ્યો હતો કે એ તદ્દન શૂન્યમનસ્ક થઈ ગઈ હતી! ભારે આઘાતની પળોમાં રુદન પણ ગાયબ થઈ જાય છે. બાકી, રડવાથી હૃદયનો ભાર હળવો થઈ જાય છે. એટલે ક્યારેક રુદન પણ ઉપકારક છે. ખૂબ સ્ટીમ ભરેલા એન્જીનમાંથી ડ્રાઈવર થોડી સ્ટીમ (વરાળ) વાલ્વ ખોલીને બહાર કાઢી નાખે છે. સાયકલની ટ્યુબમાંથી વધુ હવા હોય તો તે બહાર કાઢી નાખવી પડે છે. નહિ તો ગાડીનું એન્જીન કે સાયકલની ટ્યુબ ફાટી જાય. આમ રુદન પણ એક સેફ્ટીવાલ્વ છે, જે મનનો બોજો, શોકનો ભાર હળવો કરી મનને રાહત આપે છે. માટે જ તો તે મૃત સૈનિકની, આઘાતથી દિગ્મૂઢ થઈ ગયેલી પત્નીને

રડાવવા લોકો પ્રયત્ન કરતા હતા. એ રીતે તેઓ એના હૈયાનો બોજો હળવો કરી એના જીવનું જોખમ ટાળવા માગતા હતા. બાકી સામાન્ય સંજોગોમાં તો મૃતજનના રુદન કરતાં સ્વજનોને લોકો આશ્વાસન આપી શાંત પાડવા પ્રયત્ન કરતા હોય છે. પણ અહીં તો લોકોએ અવાક થઈ ગયેલી પત્નીને જોઈને કહ્યું : she must weep, or she will die.

પણ એ સ્ત્રીને રડાવવાનો લોકોનો એકેય પ્રયત્ન સફળ ન થયો ત્યારે એક બુધ્ધિશાળી માનસશાસ્ત્રીએ પેલા સૈનિકનું નાનું બાળક એ સ્ત્રીના ખોળામાં મૂક્યું. કવિ કહે છે : They put his child upon her knee. કવિ બહુ સાંકેતિક રીતે 'His Child' શબ્દ વાપરે છે. બાકી, બાળક તો સ્ત્રી પુરુષ બંનેનું હતું, એટલે 'Their Child' શબ્દ મૂકવો જોઈએ. પણ 'His Child' દ્વારા કવિ એમ સૂચવવા માગે છે કે –

આ બાળક પોતાના પતિની એકમાત્ર જીવતી અમાનત છે, જે બહુ કિંમતી છે, અને એને સાચવવી હવે પોતાની-માત્ર પોતાની જ ફરજ છે એમ એ સૈનિક પત્નીની ધ્યાનમાં આવે એ જરૂરી હતું. પોતાના મૃત પતિના અંશ માત્રને સાચવવા માટે હવે પોતે જીવવું પડશે એમ સમજાવવા માટે પેલા ભાઈએ સચોટ ઉપાય કર્યો અને એની ધારી અસર થઈ. અનેક શબ્દોની સમજૂતી જે પરિણામ ન લાવી શકી તે પરિણામ આ એકમાત્ર ક્રિયાથી આવ્યું. કવિ કહે છે :

Like summer Tempest came her Tears, 'Sweet my child I live for Thee.' ''હે વ્હાલા, બાળક હું તારે માટે જીવીશ'', એમ કહેતાં તો એ સ્ત્રીની આંખમાંથી ઉનાળાની આંધીની જેમ અચાનક ચોધાર આંસુ વહી રહ્યાં! કામ થઈ ગયું. સ્ત્રીના મનનો બોજો ઓછો થઈ ગયો. એણે પોતાના વ્હાલા પતિની સ્મૃતિ જેવા બાળકને માટે જીવવાનો સંકલ્પ કરી લીધો! પોતાના મૃત પતિને એ જ સાચી અંજલિ છે એમ એ સ્ત્રી સાચી રીતે સમજી ગઈ.

અદ્‌ભુત દાંપત્ય પ્રેમનું આ સુંદર કાવ્ય છે. અહીં આપણને બે વાત સ્પષ્ટ રીતે સમજાય છે - એક તો સ્ત્રીનો પોતાના પતિ પ્રત્યેનો સાચા દિલનો નિઃસ્વાર્થ પ્રેમ. અને બીજી વાત : મૃત પતિ પ્રત્યેની ફરજ પૂરી કરવા માટેની સ્ત્રીની પ્રશંસનીય ભાવના તથા આદર્શ માતા તરીકેની એક સ્ત્રીની સ્ત્રીસહજ લાગણી. આમ સ્ત્રીનાં વિવિધ સ્વરૂપો અહીં તાદૃશ થાય છે. કોઈપણ સંજોગોમાં સ્ત્રી એક માતા તરીકેની પોતાની ફરજ પુરી કરે છે. માટે જ તો કવિશ્રી બોટાદકરે ગાયું છે : 'જનનીની જોડ સખી નહિ જોડે રે લોલ.'

તો એક પત્ની તરીકે પણ સ્ત્રી ક્યાં ઉણી ઉતરે એવી હોય છે? રાવણની દોમ દોમ સાહ્યબીભર્યા લંકાના અશોકવનની લીલીછમ હરિયાલીમાં વૃક્ષની છાયામાં બેઠેલી શોકમગ્ન સીતા દુઃખે ને ભૂખે ઝૂરે છે ને પ્રતિ પળે પોતાના પતિ શ્રીરામને ઝંખે

છે. એ આર્ય નારીના પતિપ્રેમનું કેવું ઉજળું દૃષ્ટાંત છે! શાસ્ત્રોમાં આવી સતી સ્ત્રીઓનાં અનેક દૃષ્ટાંતો છે જ. માટે જ તો કહેવાયું છે : यत्र नार्यस्तु पूजयन्ते रमन्ते तत्र देवताः । (જ્યાં સ્ત્રીઓ પૂજાય છે ત્યાં દેવ લોકોનો વાસ હોય છે.)



૮. ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા

પોતાનું ધ્યેય સિધ્ધ કરવા માટે માણસે સતત સંઘર્ષ કરવો પડે છે. કોઈપણ સિધ્ધિ સહેલાઈથી પ્રાપ્ત થતી નથી. જો કે સંઘર્ષ પછી પ્રાપ્ત થયેલી સિધ્ધિનો આનંદ અનેરો હોય છે.

માણસના બધા પ્રયત્નો સફળ થતા નથી. ઘણીવાર તો અનુભવ એવો થાય છે કે Man proposes, god disposes. કહેવાય છે કે ફક્ત દસ ટકા લોકોનો જ સફળતા મળે છે. અર્થાત્ નેવું ટકા લોકોની મહેનત નિષ્ફળ જતી હોય છે! નિષ્ફળતા હતાશાને જન્મ આપે છે અને હતાશ માણસ મેદાન છોડી ભાગી જાય છે, પણ આપણે યાદ રાખવું જોઈએ કે સફળતાના પાયામાં નિષ્ફળતાઓ જ ધરબાયેલી હોય છે. પંડિત મદનમોહન માલવિયાએ કહ્યું છે કે 'આવી પડતી કોઈપણ નિષ્ફળતાને તાબે

થવાનો ઈન્કાર ભણો.' નિષ્ફળતાથી હતાશ થયા વિના માણસે આશાવાદી બની ફરી પ્રયત્ન કરવો જોઈએ. કવિ કહે છે જ કે 'હજારો નિરાશામાં અમર આશા છૂપાઈ છે' માટે આપણે હકારાત્મક વિચારસરણી રાખી પ્રગતિ માટે પ્રયત્નશીલ રહેવું ઘટે. Be optimist. એક ચિંતકે કહ્યું છે કે Meet the challanges of life. જીવનમાં આવતા પડકારોનો સામનો કરો. 'જ્યારે પણ નીચે પડો ત્યારે સફળ થવા માટે ફરી ઊભા થાવ'. એમ સફળ પુરુષો અનુભવથી કહે છે. ખંતપૂર્વક પ્રયત્ન જારી રાખનાર અંતે સફળ થાય જ છે. આજે સૂર્યાસ્ત જોઈને નિરાશ થયા વિના કાલે ફરી સૂર્યોદય થવાનો જ છે એવી ખાત્રી સાથે કામ કરતા રહો. ઋગ્વેદમાં કહ્યું છે કે – 'જાગો, ઊઠો, વિરમો નહિ, સાધ્યો ન આશય જ્યાં સુધી.' તમારું ધ્યેય સિધ્ધ ન થાય ત્યાં સુધી અટકશો નહિ. Try and try again boys, you will succeed at last એ સંદેશ નવયુવાનો માટે કેવો પ્રેરણાદાયી છે! પોતાના દેશના યુવાનોને પ્રોત્સાહન આપવા ચર્ચીલે માત્ર ત્રણ શબ્દોનું વાક્ય જ કહ્યું હતું : Never Never give up. પ્રયત્ન ક્યારેય છોડશો નહિ. સાચી વાત તો એ છે કે ભગવાન એક દ્વાર બંધ કરે છે ત્યારે એ બીજું દ્વાર ખોલે જ છે, માટે માણસે વિકટ સમયમાં પણ હતોત્સાહ ન થવું જોઈએ. 'મને મળી નિષ્ફળતા અનેક, તેથી થયો સફળ હું જિંદગીમાં,' એમ કહી કવિ પોતાની સફળતાનો યશ પોતાને ભૂતકાળમાં મળેલી નિષ્ફળતાઓને આપે છે! એક

ચિંતકે સૂચવ્યું છે કે – 'માતા બાળક પર રાખે છે એટલી શ્રધ્ધાથી તમારું જીવન ભગવાનને સોંપી દો.' અર્થાત્ ભગવાન સ્વયમ્ તમારું હિત થાય એમ જ કરશે. પણ 'મારી લાજ તમારે હાથ હરિ સંભાળ જો રે' ની શ્રધ્ધાભરી પ્રાર્થના કરી શાંતિ રાખવાની આપણી તૈયારી તો હોવી જ જોઈએ. 'યાદ રાખો કે હું એકલો નથી, ભગવાન સતત મારી સાથે છે' એમ કહેનાર ચિંતક ખાત્રી આપે છે કે શ્રધ્ધાવાન કદી નિરાશ થતો નથી. અને જો ભગવાન આપણી સાથે હોય તો પછી Come what may ના જુસ્સાથી મુશ્કેલીઓ સામે મેદાને જ પડવાનું હોય ને? થોમસ આલ્વા એડીસન કહે છે કે પ્રશ્નો તો આપણે જીવતા હોવાની ખાત્રી આપે છે. અર્થાત્ પ્રશ્નો કે મુંઝવણ જીવંત મનુષ્યને હોય છે, નિર્જીવને કોઈ પ્રશ્ન જ હોતો નથી. ખરેખર તો આપણા જીવનમાં જે પ્રશ્નો ઊભા થાય છે એની પાછળ ભગવાનનાં છૂપા આશીર્વાદ હોય છે! રામનો વનવાસ ઋષિ મુનિઓ અને તપસ્વીઓ માટે આશીર્વાદરૂપ જ હતો. શ્રીરામના અવતારકાર્ય માટે વનવાસ જરૂરી હતો. એક મહાપુરુષે તો સચોટ રીતે કહ્યું છે કે Quitters never win, winners never quit. મેદાન છોડી ભાગી જનારા ક્યારેય જીતતા નથી ને જીતનારા ક્યારેય મેદાન છોડતા નથી. માટે સફળતા નિષ્ફળતાની ચિંતા કર્યા વિના ભગવાનને આપણી જીવન-નૈયાનું સૂકાન સોંપી દઈ કવિ સુંદરમ્‌ના શબ્દોમાં પ્રાર્થીએ કે –

ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા,
મનના માલિક તારી મોજના હલેસે,
ફાવે એને હંકારી તું જા.



૯. જાઓ અને ચાલો

લગભગ સાત દાયકા પહેલાંની એક વાર્તા યાદ આવે છે. ત્યારે હું ગામડામાં પ્રાથમિક સ્કુલમાં ભણતો હતો. આજે જે વાત કહેવાનો છું તે મેં વાંચી હતી કે હું એ વાર્તા ભણતો હતો એ બરાબર યાદ નથી, પણ વાર્તા સરસ છે. મને એનો મુખ્ય સારાંશ યાદ છે. એટલે એ વાત હું મારી રીતે, મારા શબ્દોમાં કહું છું. સાંભળો ત્યારે –

એક નાના ગામડાની વાત. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી. બે પડોશી હતા. ચીમનભાઈ અને જીવણભાઈ. ખેતી કરી, કરાવી બંનેની ગાડી ચાલે. શાંતિથી રહે. પણ બંનેના સ્વભાવમાં બહુ ફેર. ચીમનભાઈ સ્વભાવથી જ ઉદ્યમી. એમને કામ કરવા જોઈએ. આળસનું નામ ના મળે. એટલે રોજ સવારે પાંચ વાગે એ અને એમનાં પત્ની ઊઠી જાય. નાહી પરવારી ત્રણ ચાર કપ ચા વાડાના ચૂલે ચીમનભાઈ બનાવી દે. એમનાં પત્ની રોટલા ઘડી લે. ત્યાં

સુધીમાં ચાકરો પણ આવી જાય. તેઓ પોતાના બળદને ચાર પુંજો કરીને વાડામાં જાય, ત્યારે ચીમનભાઈ ચા તૈયાર કરીને બેઠા હોય. એક એક તાજા રોટલો ને ચાનો કપ ચાકરોને આપી દે. કહે : 'લો ભઈલા, જરા શિરામણ કરી લો, એટલે પછી કામે વળીએ.' એક કપ ચા પોતે ય પીવે ને રોટલો ય ખાય. ચાકરોની સાથેના ચીમનભાઈના વર્તનમાં નોકર-માલિકના ભેદ ન લાગે. ઉલટું, પોતાનું ઘર માનીને જ ચાકરો દિલથી કામ કરે. પોતાના માણસો પાસે કામ લેવાની પણ એ એક ઉપયોગી આવડત છે. ચા નાસ્તો થઈ જાય એટલે ચીમનભાઈ ભાવપૂર્વક ચાકરોને કહે : 'ચાલો, મારા વાલા, હવે ખેતરને ખોળે જઈએ.' અને પછી જે દિવસે જે કરબ, હળ, દાતરડાં, ગાડું – કે જે કાંઈ સામાન લઈને ખેતર જવાનું હોય તે લઈને ચાકરો ચાલવા માંડે, પાછળ ચીમનભાઈ પણ ફાળિયું બાંધીને હારે હોય જ. સવારે કયા ખેતરમાં શું કામ જવાનું છે એ પણ એમણે રાત્રે ચાકરો સાથે વિચારીને નક્કી કરી જ રાખ્યું હોય, એટલે સવારે ન કશી ગુંચવણ કે ન સમયનો બગાડ. ચીમનભાઈનું બધું જ કામ યોજનાપૂર્વકનું ને વ્યવસ્થિત.

વ્યવસ્થિતતા અને યોજનાનો કામની સફળતામાં મોટો ફાળો હોય છે. રઘવાટમાં ને દોડધામમાં કરેલાં કામ કરતાં શાંતિથી વિચારીને યોજનાપૂર્વક કરેલાં કામ ગુણવત્તામાં અનેક ગણાં સારાં હોય છે, અને પ્રમાણમાં કામ પણ ઘણું જ થાય છે. માટે જ તો

સરકારને ય આયોજન પંચ રાખવું પડે છે.

બપોરે પાછા ચાકરોને ચીમનભાઈ પોતે જ કહે : 'લો હવે રોટલા ખાઈને ઘડી આરામ કરો મારા ભઈલા, કામ તો થયા જ કરશે.' અને ચાકરો સાથે ચીમનભાઈ પણ ઘેરથી લાવેલું ભોજન છોડી, સમડીને છાંયે બેસીને ખાય ને પાણી પી જરા આડા પડખે થાય. ચાકરોય ખાઈને બીડી વાળી પીએ ને ધૂમાડાના ગોટા કાઢતા સુખ દુ:ખની વાતો કરી ઘડી આરામ કરે ને પછી જાતે જ ઊભા થઈ કામે વળે. આમ ચીમનભાઈના ખેતરમાં ઓછા ખર્ચે વધુ કામ થાય એટલું જ નહિ, વધુ સારું કામ થાય. ખેતીમાં કે દરેક વ્યવસાયમાં માલિકની જાતી દેખરેખનું ઘણું મહત્ત્વ છે.

જ્યારે ચીમનભાઈના પડોશી જીવણભાઈની વાત જરા જુદી હતી. જીવણભાઈ સજ્જન માણસ, પણ જરા આરામી ને આળસુ હતા. સૂરજ ઊગે ત્યારે ઊઠે. એટલે એ સૂર્યવંશીને ઘેર ચાકર પણ દહાડો ઊગ્યા પછી જ આવે ને? પછી ચાકર જ વાડાના ચૂલે વાતો કરતા કરતા ચા બનાવે, નિરાંતે પીવે, બીડી સળગાવે અને પછી શાંતિથી 'કયા ખેતર જવાનું છે' એમ પૂછી જવાની તૈયારી કરે. જીવણભાઈ કહે કે 'આજે તો ફલાણા ખેતર જાવ અને કરબીને પછી ટેમ વધે તો અમુક ખેતર જજો.' આમ જીવણભાઈના ખેતરમાં દોરડા'વા દહાડો ચઢે ત્યારે કામ શરૂ થાય. એ વખતે તો ચીમનભાઈનું ત્રણ એકરનું ખેતર કરબાઈ જવા આવ્યું હોય! ઘેર રહેલા જીવણભાઈ પછી ચોરે બેસીને નવરા

લોકો સાથે બીડીઓ ફૂંકતા ફૂંકતા ગામ આખાનાં ગપ્પાં મારે! આમ માલિક ઘેર આરામ કર ને ચાકરો ખેતરમાં ગોકળની ગાયની ગતિએ શાંતિથી કામ કરે. પછી ઉત્પાદન અને ખર્ચમાં ફેર પડે જ ને? ઉત્પાદન ઓછું ને ખર્ચ વધુ આવે.

ચીમનભાઈના ખેતરમાં ધાનના ઢગલા થાય ને કળશી બંધી અનાજ અને ટનબંધી કપાસ પાકે, જ્યારે જીવણભાઈની ખેતીમાં એથી અડધો જ પાક થાય. અને હિસાબ જુઓ તો ખેતી ખર્ચ જીવણભાઈનો સૌથી વધારે! પરિણામે બે ચાર વર્ષમાં જ એવો સમય આવ્યો કે જ્યારે જીવણભાઈએ પોતાની જમીન વેચવા કાઢી, ત્યારે ચીમનભાઈને જમીન વેચાતી રાખવી હતી! મહેનત અને દેખરેખનો તફાવત સ્પષ્ટ દેખાતો હતો.

અંતે એક દિવસ રાત્રે પોતાની મુંઝવણ ચીમનભાઈ આગળ વ્યક્ત કરતાં જીવણભાઈએ કહ્યું : 'ચીમનભાઈ આપણા બંનેની સરખી જ જમીન છે તો પણ ઉત્પાદનમાં આટલો બધો ફેર કેમ?' ત્યારે ચીમનભાઈએ કહ્યું : 'જીવણભાઈ, ખોટું ન લગાડશો, પણ એક જ ફેર છે આપણી વચ્ચે, જેથી કરીને હું જમીન રાખવા ઈચ્છું છું, જ્યારે તમારે જમીન વેચવાની ઘડી આવી છે. મનેય એનું બહુ દુ:ખ છે જીવણભાઈ.'

'પણ કારણ તો કહો ભાઈ, મને કશુંય ખોટું શાનું લાગે?' જીવણભાઈએ નમ્રતાથી કહ્યું. ત્યારે ચીમનભાઈએ સહાનુભૂતિપૂર્વક કહ્યું : 'જીવણભાઈ, આપણા બે વચ્ચે, 'ચાલો

અને જાવ' નો જ માત્ર ફેર છે?'

'એટલે?' જીવણભાઈએ આતુરતાથી પૂછ્યું : "ચાલો અને જાવ" નો ફેર એટલે શું?'

'એટલે એમ જીવણભાઈ.' ચીમનભાઈએ દૃઢતાપૂર્વક કહ્યું: 'હું સવારમાં વહેલો ઊઠીને ચાકરોને કહું છું કે "ચાલો", એટલે કે હું એમની સાથે જઈને કામ કરાવું છે, જ્યારે તમે દહાડો ઊગીને સવે થાય ત્યારે ચાકરોને કહો છો કે "જાવ". એટલે કે તમે ઘેર બેસી રહીને ચાકરો જે કામ કરે તે ખરું એમ સમજીને વિલાસ કરો છો.'

"તો આ ફેર માત્ર 'જાવ અને ચાલો' નો જ છે ચીમનભાઈ?" આશ્ચર્યથી જીવણભાઈએ પૂછ્યું.

ત્યારે 'હાજી, સાચું સમજ્યા જીવણભાઈ' કહી ચીમનભાઈએ પડોશીને કામ કરવાની ને કરાવવાની યુક્તિ સમજાવી દીધી. અને જાદુ થયો. જીવણભાઈ પણ પછી 'જાવ' ને બદલે 'ચાલો' કહેતા થઈ ગયા! અને એનો લાભ એમને બાર માસ પછી મળવો શરૂ થયો જે કાયમ રહ્યો! ચીમનભાઈની જેમ વહેલા ઊઠી જીવણભાઈ ચાકરોને 'ચાલો' કહી સાથે ખેતર જવા લાગ્યા ને ચીવટપૂર્વક દરેક કામની દેખરેખ રાખવા લાગ્યા. એથી એમનાં તન અને મન બંને સારાં થયાં. થોડો વ્યાયામ મળ્યો એટલે શરીર પણ સ્ફુર્તિલું થયું ને વહેલા પોતાના ખેતરને ખોળે પહોંચવાથી મન પણ ખુશહાલ રહેવા લાગ્યું. આ જોઈને એક

સત્કાર્ય કર્યાનો ને પડોશી ધર્મ બજાવ્યાનો ચીમનભાઈને ય આનંદ થયો. સત્કાર્યો હંમેશાં સુખ જ આપે છે. અરે, એની યાદ પણ સુખદ હોય છે!

મારે જે કહેવાનું છે તે વાર્તાના સંદર્ભમાં મેં કહ્યું જ છે. સમજવાનું એટલું જ છે કે આપણા કામને વ્યવસ્થિત અને સારું કરવામાં આપણે જ બેદરકાર રહીએ કે જાતે એશ આરામ કરી, માત્ર જીભ હલાવી નોકરોને કામ સોંપી દઈએ તો ભાડૂતી માણસો કેટલું કામ કરે? અને એ કામની ગુણવત્તા ય કેવી હોય? 'રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ' કાંઈ એક રાતે સ્વપ્ન આવવાથી નથી ઊભી થઈ જતી. ટાટા, બાટા, બીરલા કે બજાજ જેવી કંપનીઓના સ્થાપકો કાંઈ બેડરૂમમાં સૂતા સૂતા કુબેરપતિઓ નથી બની ગયા. પાયાના પથ્થરની વેદના સહન કરે તે જ મોટી ઈમારતના માલિક બની શકે. ચીવટ, ખંત, આશાવાદ અને ઊંચું લક્ષ્ય હોય તો જ ધ્યેય સિધ્ધ થાય. પ્રગતિ માટે પરિશ્રમ જરૂરી છે. 'સિધ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નહાય.' 'ચાલો' કહી ચીમનભાઈએ પોતાના નસીબને સાથે રાખ્યું, જ્યારે 'જાવ' કહી જીવણભાઈએ પોતાના કિસ્મતને ધક્કો મારી પાછું વાળ્યું! સુખ, આબાદી, યશ અને પ્રગતિનો પંથ 'ચાલો' માં છે, 'જાવ' માં નહિ. તો ચાલો, આજથી આપણે પણ 'ચાલો' નો મંત્ર કાર્યાન્વિત કરી જીવનના શ્રેયસ્કર માર્ગે આગળ વધીએ.



૧૦. નોબલ પ્રાઈઝ તમારું છે.

થોડા દિવસ પહેલાં એક લેખક સાથે વાત કરતાં કરતાં એક રસિક સત્ય જાણવા મળ્યું : સાંભળો, એક ભાઈના વાડામાં : જામફળીનું વૃક્ષ હતું. એ ખાસ્સું મોટું થયું તોય એને જામફળ ન આવે. ઘણું પાણી પાય અને બીજી જરૂરી માવજત કરે પણ જામફળી (જમરૂખી) ન ફળી તે ન જ ફળી. એમણે બીજા એક મિત્રને આ અંગે વાત કરી. પેલા ભાઈ ખેતીના જાણકાર હતા. એમણે કહ્યું : "તમે આ જામફળીને પાણી પાવાનું બંધ કરી દો. એને પાણીની ખેંચ પડવા દો. એનામાં ય જીવ છે અને એને પોતાને જીવવું છે, એટલે જીવવા માટે એ પોતાની બધી શક્તિ કામે લગાડશે. પછી જુઓ, ફળ આવે છે કે નહિ?" વાત નવાઈ પમાડે તેવી હતી.

પેલા ભાઈએ મિત્રની સલાહ પ્રમાણે કર્યું. જામફળીને પાણી આપવાનું બંધ કર્યું. પાણીની ખેંચ પડી એટલે જામફળીએ જીવવા માટે જોર કર્યું. પોતાનો રસ ખેંચવા માંડ્યો ને જોતજોતામાં નાનાં જામફળ ઝાડ પર દેખાવા લાગ્યાં! ટૂંકમાં જે જામફળી પાણી પીને નહોતી ફળતી તે પાણીની ખેંચ પડતાં ફળી! (જો કે આનો અર્થ એવો નહિ કે કોઈ પણ છોડ કે વૃક્ષ કાયમ પાણી વગર જીવી શકે અથવા ફળી શકે. એની મર્યાદા હોય જ.)

આપણે વાત તો જામફળીની કરી, પણ સમજવાનું આપણા પોતાના માટે છે. માણસને જ્યાં સુધી બધાં સુખ સગવડ વગર મહેનતે મળે ત્યાં સુધી મોટે ભાગે એ કશો કામ ધંધો કરતો નથી. એ પરોપજીવી બની જાય છે, ને પોતાની જરૂરીયાતો માટે બીજા પર આધાર રાખતો પરાવલંબી થઈ જાય છે. માટે એને થોડી તકલીફ પડવી જોઈએ. એને જોઈતી વસ્તુ સહેલાઈથી મળશે ત્યાં સુધી એ આળસુ રહેશે ને પોતાના સુખ કે પ્રગતિ માટે કશો જ પ્રયત્ન નહિ કરે. પણ જ્યારે સુખ સગવડ બંધ થશે ને વસ્તુઓના અભાવે એને તકલીફ પડતી થશે ત્યારે એ માણસ પોતાના સુખ માટે પ્રવૃત્ત થશે અને એ માટે કામ કે પ્રયત્નો શરૂ કરશે. એના પ્રયત્ન એને જરૂર ફળ આપશે ને એ પોતાની મહેનતનું ખાતો થશે. એનો આનંદ પણ એને અનેરો આવશે. માણસ તકલીફમાં કે મુશ્કેલીમાં પોતાની બધી જ શક્તિ કામે લગાડી એમાંથી બહાર આવવા પ્રયત્ન કરે છે. એ પ્રયત્નમાં જ એનું હીર બહાર આવે છે

ને એ પોતાની પુરી તાકાતથી મુશ્કેલીઓ સામે ઝઝૂમી એમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરે છે. આમ એ પુરુષાર્થી બને છે. અને પુરુષાર્થ જ માણસના પ્રારબ્ધને પૂર્ણપણે ઉઘાડે છે. આમ મુશ્કેલીઓ માણસને પ્રગતિને પંથે લઈ જનાર કસોટીઓ છે. Failures are the pillars of Success. 'મને મળી નિષ્ફળતાઓ અનેક, તેથી થયો સફળ હું જિંદગીમાં' એ કવિ કથનનો મર્મ એ જ છે કે નિષ્ફળતા મળવા છતાં પુરુષાર્થ જારી રાખનાર માણસ જ અંતે તેનસીંગ બની માઉન્ટ એવરેસ્ટ સર કરે છે. પોતાના લશ્કરના માર્ગમાં આવેલા આલ્પ્સ પર્વતના અસ્તિત્વને જ નકારનાર નેપોલિયને પોતાના સૈનિકોને કહ્યું હતું : 'આલ્પ્સ છે જ નહિ.' અને બહાદુર નેપોલિયન લશ્કર સાથે આલ્પ્સ પર્વત ઓળંગી ગયો! માટે જ નિષ્ફળતા છતાં પ્રયત્ન કદી છોડશો નહિ. ચર્ચીલે વિદ્યાર્થીઓને એક વાક્યનો બોધ આપતાં કહ્યું હતું : Never never never give up. માટે પ્રયત્ન કદી છોડશો નહિ. અંતે સફળ થશો જ. તમારી પુરી તાકાત કામે લગાડો. જીત તમારી જ છે. રાત્રિના ગાઢ અંધકાર પછી સૂર્ય ઊગે છે જ. ઉદ્યમ એ તો કામધેનું છે. મહેનત કરો ને ઈશ્વરદત્ત શક્તિઓને કામે લગાડો. તમે જાદુઈ કામ કરી શકશો. તમને તમારી તાકાતનો ખ્યાલ નથી. માટે જ નિર્બળ બની તકલીફોને વશ થાવ છો. બાકી તમારી શક્તિનું સ્ટીમ રોલર ફરે તો અણદીઠું ઓરું આવી તમારા પગ ચૂંમશે. ''રુકના તેરા કામ નહિ, ચલના તેરી શાન'' એ

મંત્રને જપતાં આગળ વધતો યુવાન ધ્યેય સિધ્ધિને વરે છે જ. માટે યુવાન મિત્રો, હતાશા ખંખેરી ઊભા થાવ અને ઋગ્વેદના મંત્રમાં કહ્યું છે તેમ 'જાગો, ઊઠો, વિરમો નહિ; સાધ્યો ન આશય જ્યાં સુધી'. તમારા ધ્યેયને પ્રાપ્ત કરતા સુધી પુરી તાકાતથી કામ કરો. સફળતા તમારી છે, યશ તમારો છે, કીર્તિ તમારી છે અને યુવાન મિત્રો, કાનમાં એક મંત્ર કહું છું તે કોઈને કહેતા નહિ, પણ સાંભળો, ''નોબેલ પ્રાઈઝ પણ તમારું છે. જોઈએ છે ને? તો શરૂ કરો પ્રયત્ન. Best of Luck.''



૧૧. સમદૃષ્ટિને સર્વ સમાન

નરસિંહ મહેતાને આપણે ‘શિરોમણિ સંત’ કહી શકીએ એવી ઊંચી કોટીના એ સંસારી જીવ હતા. એમની રહેણી કરણી એ વાતની સાક્ષી પૂરે છે. એમનાં ભજનો ગુજરાતી સાહિત્યનો અમર વારસો છે. આવા નરસિંહ મહેતાએ એક ભજનમાં લખ્યું છે કે તેઓ દરરોજ ગિરિનારની તળેટીમાં આવેલા દામોદર કુંડમાં નહાવા માટે જતા હતા, ત્યારે એક દિવસ હરિભક્તિમાં દૃઢ શ્રધ્ધાવાળા એવા અંત્યજ લોકોએ એમને પોતાને ત્યાં ભજન કરવા આવવા વિનંતી કરી. ત્યારે તો વર્ણવ્યવસ્થા બહુ ચુસ્ત હતી અને સ્પર્શાસ્પર્શની ભાવના લોકહૃદયમાં જડ ઘાલી ગયેલી હતી. એટલે હરિજનાને ત્યાં નાગર બ્રાહ્મણ ભજન કરવા જાય તો તો આભ નીચે આવે! પણ સાચા વૈષ્ણવજન એવા નરસિંહ ભગત

હરિજનવાસમાં ભજન કરવા ગયા. જબરો વિરોધ થયો. પણ મહેતાજીએ તો કહ્યું : ‘પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન.’ આમ બધા જ માણસ સરખા છે એ ભાવના એમણે વ્યક્ત કરી. પણ નાગરી નાતે તો એમને નાતબહાર મૂક્યા! ત્યારે ભગતે તો કહ્યું કે ‘એવા રે અમે એવા, તમે કહો છો વળી તેવા, ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો કરશું દામોદરની સેવા.’ એમણે તો એમ પણ ગાયું કે ‘હરિજનથી જે અંતર ગણશે તેના ફોગટ ફેરા ઠાલા રે.’ આમ નરસિંહ મહેતાએ છૂતાછૂતની ભાવનાને લોકહૃદયમાંથી નાબુદ કરવામાં મોટો ફાળો આપ્યો.

આ જ કામ ગાંધીજીએ પણ મોટા પાયા પર કર્યું. ૧૯૧૫ની સાલમાં એટલે લગભગ ૯૫ વર્ષ પહેલાં ગાંધીજીએ એક અંત્યજ કુટુંબને અમદાવાદના પોતાના ‘સત્યાગ્રહ આશ્રમ’ માં રાખ્યું હતું. આંતરિક અને બાહ્ય બંને રીતે એનો ઘણો વિરોધ થયો અને આશ્રમ માટે મળતી આર્થિક મદદ પણ બંધ થઈ, છતાં ગાંધીજીએ પાછી પાની ન કરી. એ પછી તો એ જ્યાં જતા ત્યાં હરિજનવાસમાં જ ઉતરતા. એટલે એમને મળવા મને કમને પણ ઘણા મોટા મોટા માણસોને ય હરિજનવાસમાં જવું પડતું. આમ છૂતાછૂતની જૂઠી માન્યતા પર ગાંધીજીએ વજાઘાત કર્યો. આજે ય પછાત વર્ગના ઉધ્ધાર માટે સરકાર અનેક લાભપ્રદ યોજનાઓ કરે છે, જેથી પછાત વર્ગના લોકો આર્થિક રીતે પણ સધ્ધર થઈ શકે.

આપણી જૂની વર્ણવ્યવસ્થાનો ગેરલાભ લઈ રૂઢીચૂસ્ત

લોકોએ પોતાના હિત માટે અસ્પૃશ્યતાની ભાવના ઊભી કરીને માણસ માણસ વચ્ચે અનુચિત ભેદ પાડ્યા. માત્ર રાજકુમારોને જ ધનુર્વિદ્યા શીખવતા દ્રોણ ગુરુએ એકલવ્યને વિદ્યા શીખવવાની ના પાડી ત્યારે એ નાનકડા છોકરાએ દ્રોણ ગુરુની મૂર્તિ બનાવી, એને ગુરુપદે સ્થાપી ધનુર્વિદ્યા પ્રાપ્ત કરી. પરિણામે એ શ્રેષ્ઠ બાણાવળી બની શક્યો-કદાચ અર્જુનથી પણ વધારે સારો! આમ ઉચ્ચ કુળનો ન હોવા છતાં માણસ સ્વબળ અને આત્મશ્રધ્ધાથી ગમે તે સિધ્ધિ હાંસલ કરી શકે છે એમ એકલવ્યએ સિધ્ધ કર્યુ. કર્ણે પણ આ જ રીતે પોતે સુતપુત્ર છે એ મહેણું ભાંગ્યું. વળી કર્ણ તો મોટો દાનેશ્વરી હતો. દાન માગવા આવેલા પોતાના વિરોધીને એણે જાણી જોઈને પોતાના મોતના સામાન જેવાં અસ્ત્રો તથા કવચ અને કુંડલ એના માંગવાથી દાનમાં આપી દઈને પોતાના ‘દાનેશ્વરી’ બિરુદને સાર્થક કર્યુ. સુતપુત્રનું મહેણું ટાળવા એ જીવનભર ઝઝૂમ્યો, પણ જ્યારે એને ખબર પડી કે એ પાંડવોનો મોટો ભાઈ છે ત્યારેય દૂર્યોધનને પક્ષે રહી, લડી એણે પોતાની વફાદારી સિધ્ધ કરી. આમ જન્મથી કોઈ નાનું કે મોટું નથી. કર્મથી જ મોટા બની શકાય. શાસ્ત્ર કહે છે કે संस्कारात् द्विज उच्चते। જન્મથી બધા જ શુદ્ર છે, સંસ્કારથી જ એ બ્રાહ્મણ એટલે કે ઊંચા કૂળનો બની શકે છે.

ભગવાન શ્રીરામે શબરી જેવી એક આદિવાસી બાઈનાં એઠાં બોર ખાધાં હતાં, કારણ કે શબરીની ભક્તિ અને ભાવના

ઉચ્ચ કોટીનાં હતાં. શ્રીરંગ અવધૂત મહારાજ દત્તબાવનીમાં કહે છે : ‘યવનરાજની ટાળી પીડ, જાત પાતની તને ન ચીડ.’ આમ શ્રી દત્ત ભગવાને પણ નાતજાતમાં ભેદ તુચ્છ ગણી સાચા ભક્તોને મદદ કરી હતી. આમ ભગવાને પોતાના અવતાર કાર્યો દ્વારા વર્ણભેદ કે જાતિભેદને નિરર્થક સિધ્ધ કર્યા હતા.

ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે : अहमादिर्हीं देवानां महर्षीणां (દેવતાઓ અને મહર્ષિઓનું પણ ઉત્પત્તિસ્થાન હું છું) આમ સર્વજીવોનું બીજમૂળ ઈશ્વર જ છે, પછી માનવ માનવ વચ્ચે ભેદભાવ કેવી રીતે હોય?



૧૨. બે કૂતરાંની વાત

બે કૂતરાંનું એક જૂનું દૃષ્ટાંત છે : એક શેરીનો રખડતો કૂતરો હતો ને બીજો હતો ગળે પટ્ટો બાંધેલો કૂતરો. પણ એ વાત તમને આજે નહિ કહું. આજે એક એના જેવું પણ ઘણો મોટો બોધ ભરેલું ખાસ દૃષ્ટાંત કહીશ. વાંચો :

શેરીમાં રખડતા બે કૂતરા હતા. એક કૂતરો સારો, તંદુરસ્ત, અને દેખાવડો હતો. એનું નામ 'શ્રેયસ્' રાખીશું. બીજો કૂતરો હતો એનું નામ 'નોટી' હતું. આ 'નોટી' નામનો કૂતરો સૂકલકડી અને માંદલા જેવો હતો. પણ બંને ખાસ મિત્રો હતા. સાથે જ ફરે.

એક દિવસ એ રસ્તેથી પોતાની ગાડીમાં પસાર થતાં એક શેઠાણીએ શ્રેયસ્ કૂતરાને જોયો. એમને એ ખૂબ ગમી ગયો.

ગાડી ઊભી રખાવી એમણે કૂતરા શ્રેયસને પોતાની ગાડીમાં લઈ લીધો ને પોતાને બંગલે લઈ ગયાં. ફળિયાનાં લોકોને થયું : 'સારું થયું, એક રખડતું લફરું ઓછું થયું!'

પણ 'નોટી' કૂતરાને પોતાના મિત્ર 'શ્રેયસ' વિના સૂનું સૂનું લાગતું હતું. ગમે જ નહિ એને, પણ શું કરે? ધીરે ધીરે મિત્રને વિસારે પાડી એ મસ્તીથી રહેવા લાગ્યો.

બે એક વર્ષ પછી એક દિવસ આશ્ચર્ય થયું. શ્રેયસ કૂતરો ફરતો ફરતો પોતાની અસલ જૂની શેરીમાં આવી ચઢ્યો. 'નોટી' કૂતરાએ એને જોયો ને ઓળખ્યો. એ તો ખુશ ખુશ થઈ ગયો! પૂંછડી પટપટાવતો એ મિત્રની આસપાસ ફરવા લાગ્યો. પણ 'શ્રેયસ' કૂતરાએ ખાસ કશો પ્રતિભાવ ન આપ્યો કે કશો ઉમળકો ન બતાવ્યો. મિત્રને ઓળખ્યા છતાં એ કહે : 'તું 'નોટી' તો નહિ?'

'હા હા દોસ્ત.' ખુશ થઈ 'નોટી' બોલ્યો : 'હું 'નોટી' જ છું. આપણે તો ખાસ મિત્રો હતા. ભૂલી ગયો મને?' એને શું ખબર કે આ તો પેલા ગરજવાન મિત્ર જેવો - માણસ જેવો - સ્વાર્થી છે!'

'એ તો ઠીક છે,' અભિમાની કૂતરો 'શ્રેયસ' બોલ્યો : 'પણ તું આટલો બધો દુબળો કેમ છે?' જોને હું કેવો તંદુરસ્ત છું.'

'એ તો મારુ શરીર પહેલાંથી આવુ જ છે ને?' 'નોટી' શ્વાને કહ્યું : 'પણ તું આજે અહીં કેવી રીતે આવી ચઢ્યો?'

'આજે મને નવડાવીને નોકરે થોડીવાર તડકે ઊભો રાખ્યો ત્યારે હું લાગ જોઈને ફરવા માટે અહીં ભાગી આવ્યો.'

'તે તને બહાર ફરવાની છૂટ નથી.' નોટીએ પુછ્યું : 'ના રે ના, મારે તો પટ્ટાથી બાંધેલું રહેવું પડે. ભૂલ થાય તો માર પણ ખાવો પડે.' શ્રેયસ ડોગે કહ્યું : 'પણ મારે સુખ બહુ હોં. મારા માટે ઘરમાં ખાસ ખાવાનું બને... નોકરો મને સરસ શેમ્પુથી નવડાવે, મારે તો બિસલેરીનું ચોખ્ખું પાણી પીવાનું! હા, એક વાત ખરી કે મારે ડિસિપ્લીનમાં રહેવું પડે.'

બિચારા 'નોટી' ને ડિસિપ્લીન એટલે શું એની ખબર કેવી રીતે પડે? શેરીના નળેથી પાણી પી આવતા એને બિસલેરીનું પાણી શું એ કેમ સમજાય?

'જો ભાઈ શ્રેયસ, 'નોટી' કૂતરો બોલ્યો : 'હું તો કશાય બંધન વગર લહેરથી જ્યાં ફાવે ત્યાં મસ્ત થઈને ફરું છું. ફળિયાની માસી, કાકી કે બહેન મારા માટે ખાસ જુદું કાઢી રાખેલું ખાવાનું મને જોઈને તરત આપે છે. એટલે મારું પેટ ભરાઈ જાય છે. કોઈની મારપીટ પણ મારે સહન નથી કરવી પડતી'. કૂતરો 'નોટી' પોતાનું સુખ વર્ણવતો હતો. 'પણ સાંભળ, મને માર્યુ ને તે દિવસે મેં રાત્રે બદલો લીધો' : શ્રેયસ કૂતરો બોલ્યો : 'ચોર આવ્યા તે જાણ્યા છતાં હું ભસ્યું જ નહિ ને. એટલે ઘરનાં બધાં ઊંઘતાં રહ્યાં ને શેઠના ઘરમાંથી મોટી રકમની ચોરી થઈ ગઈ! આપણે તો આવો બદલો લઈએ હોં. હું તો વેર રાખીને ઝેર ઓકું જ.' શ્રેયસ પોતાની મોટાઈ વર્ણવતો બોલ્યો. "પણ ભલા ભાઈ તું ફરજ ચૂક્યો ગણાય." 'નોટી' એ ફરજનિષ્ઠાની વાત કરતાં કહ્યું : 'માલિકનું બુરું થાય?'

'અરે, ફરજ કેવી?' શ્રેયસ બોલ્યો : 'મારે તો એટીકેટમાં

રહેવું પડે, એટલે એ લોકો મને મારે તોય બૂમ ના પડાય. પણ હું તક જોઈને ઘા તો જરૂર કરું. આ જમાનામાં સિધ્ધાંતના વેવલાવડા ના ચાલે. જરૂર પડે પગ ચાટો, પણ વખત આવે રીસ કે વેરનો બદલો તો લઈ લેવો જોઈએ. મારા શેઠના ઘરનું કોઈ મને મારે તો હું ભગવાનને એવી જ પ્રાર્થના કરું કે 'હે પ્રભુ, આજે આ શેઠનાં ઘરનાંને માથે કશું નાનું મોટું સંકટ જરૂર આવજો.' શ્રેયસ કૂતરાએ લાંબુ ભાષણ આપતાં કહ્યું : 'એટલે મારે તારી જેમ વધ્યું ઘટ્યું ખાવા અહીં શેરીમાં નથી આવવું, પણ ખાઈ પીને મફતમાં લહેર કરવા શેઠના ઘેર ભલે બંધાઈ રહેવું પડે. પણ ત્યાં જ જવું છે. હું તો મફતમાં મોટરમાં ફરીને લહેર કરું છું.'

'નોટી' કૂતરાએ આ બધું સાંભળી નિરાશા ભર્યા સ્વરે કહ્યું : 'દોસ્ત, મને સમજાય છે કે તું હવે કૂતરામાંથી માણસ બનવા જઈ રહ્યો છે!' હવે તારી સાથે મારા જેવા વફાદાર શ્વાનથી કશો સંબંધ ન રખાય.' અને 'આવજે' કહી 'નોટી' શ્વાન પોતાના માર્ગે પડ્યો. એને કૂતરામાંથી માણસ બનવાનું મંજૂર નથી!!!

આટલું કહ્યા પછી હું પણ પૂછું છું કે : 'આપને આ દૃષ્ટાંત પરથી કશું સમજાય છે?' કેમ ના સમજાય? આપણે બધા તો પેલા 'નોટી' નામના શ્વાન કરતાં ઘણા બધા બુધ્ધિશાળી માણસ છીએ. વિચારો : એક કૂતરાને પોતાનો સાથી કૂતરો માણસ બનવા કરે એ પસંદ નથી! એટલે કે એને માણસ કરતાં કૂતરાં વધારે સારાં, વફાદાર અને નેકદિલ લાગે છે! આ દૃષ્ટાંત લખ્યા પછી આગળ કશી ટિપ્પણી કરવી નથી. માત્ર એટલું જ કહેવાનું કે ગાંધીજીના દેશમાં, રામ અને કૃષ્ણની આ પવિત્ર ભૂમિમાં પણ માણસ એટલો

સ્વાર્થી, લુચ્ચો, દગાખોર, જૂઠો, કૃતઘ્ની, બેવફા અને 'ખાય તેનું ખોદે' એવો નમકહરામી થઈ ગયો છે કે અહીંના કૂતરાં ય માણસની માણસાઈ કરતાં કૂતરાની કૂતરાઈભરી વફાદારી ને ઈમાનદારીને ચઢિયાતી ગણે છે! વિદેશીઓની વાત જવા દઈએ, પણ યુધિષ્ઠિર... અને હરિશ્ચન્દ્રની પાવક ભૂમિમાં ય...!!!



૧૩. સાથી હાથ બઢાના

અંગ્રેજીમાં એક દૃષ્ટાંત વાંચેલું. એની વાત કહું. આમેય દૃષ્ટાંતો તો કર્ણોપકર્ણ વહેતી વાત જેવાં હોય છે. એટલે એમાં માણસે માણસે થોડા ફેરફાર તો થયા કરે. એટલે હું મારી રીતે એ વાત કહું :

વહેલી સવારે દરિયા કિનારે સેંકડો લોકો સહેલગાહે નીકળ્યા હતા. દરિયાની ઠંડી લહેરો અને મોજીલી હવાનો લહાવો લેતા લોકો હળવાશથી ફરતા હતા. ત્યારે એક માણસે દૂરથી જોયું તો એક કિશોરાવસ્થાનો છોકરો દરિયાકિનારેથી રેતીની મુઠ્ઠીઓ ભરી દરિયાના પાણીમાં ફેંકતો હતો. કુતૂહલવશ પેલો માણસ એ છોકરા પાસે ગયો ને સહેજ નિરીક્ષણ કરી બોલ્યો : "હે છોકરા, તું આ વ્યર્થ મહેનત શા માટે કરે છે? રેતીને દરિયામાં ફેંકીને તારો

સમય શા માટે બગાડે છે? એના કરતા આનંદથી આ ઠંડી હવામાં લટાર માર, મજા આવશે.''

છોકરાએ હાથમાંની રેતી બતાવતાં કહ્યું : ‘જુઓ વડીલ, આમાં કેટલી બધી નાની નાની જીવતી માછલીઓ છે? પાણી વિના એ બધી મરી જશે. માટે એમને જીવાડવા હું એમને દરિયામાં પાછી નાખું છું. આમ હું નકામી મહેનત નથી કરતો.’

પેલા ભાઈએ જોયું તો છોકરાની વાત સાચી હતી. આ રીતે થોડી માછલીઓને એ જરૂર બચાવી શકશે એની એને ખાત્રી થઈ. પણ એણે જોયું કે એ લાંબા સાગર કિનારે તો આવી હજારો માછલીઓ અત્યારે તરફડતી પડી હશે. એમાંથી આ નાનો છોકરો કેટલીને બચાવી શકવાનો? એટલે એણે છોકરાને કહ્યું :

‘જો ભાઈ આ દરિયા કિનારો તો કેટલા માઈલ લાંબો છે! તું એ આખા કિનારા પર ફરી વળી શકવાનો? એટલે તારું કામ તો વહેતી નદીના એક બુંદ જેટલું જ ફળદાયી બનશે.’

પણ છોકરો આશાવાદી હતો. એણે કહ્યું, ‘ના જી, હું આ સારું કામ કરવામાં એકલો નથી. જુઓ, આ દરિયાકિનારે સેંકડો માણસો ફરી રહ્યા છે. એમાંથી કોઈને તો મારું કામ ગમશે અને એ પણ આ કામમાં જરૂર લાગી જશે. ભગવાન પણ મારી સાથે છે જ.’

પેલા સજ્જનને છોકરાની વાતમાં દમ લાગ્યો અને એનો આશાવાદ સાર્થક લાગ્યો. એટલે એ પોતે જ કોઈની રાહ જોયા

વિના છોકરો કરતો હતો એવું પરોપકારનું કાર્ય કરવા મૂઠીઓ ભરીને રેતી દરિયાના પાણીમાં ફેંકવા લાગ્યો. એકથી ભલા બે થયા. અને બીજાને જોઈને ત્રીજાને ય ચાનક ચઢી. એય મંડ્યો રેતી ફેંકવા. પછી તો એની પાછળ ચોથો, ચોથા પાછળ પાંચમો, પાંચમા પાછળ છઠ્ઠો.. અરે આખા દરિયાની ઊભી પટી પર આ મૂઠીઓ ભરીને રેતી દરિયામાં ફેંકનારાઓની લાં..બી કતાર લાગી ગઈ. જેમ લોકો જોડાતા ગયા તેમ કામ કરનારનો ઉત્સાહ બેવડાતો ગયો ને પછી તો ‘‘સાથી હાથ બઢાના, એક એકેલા થક જાયેગા, મિલકર બોઝ ઊઠાના, સાથી હાથ બઢાના,'' જેવો પ્રોત્સાહક માહોલ રચાયો! અને ‘ઝાઝા હાથ રળિયામણા’ એ ન્યાયે થોડીવારમાં તો દરિયાના કિનારા પર ભાગ્યે જ કોઈ માછલી ભીની રેતીમાં તરફડી રહી હશે. લગભગ બધી માછલીઓને જીવતદાન મળી ગયું!!!

જોયું ને? એક નાના છોકરાના હિંમતભર્યા આશાવાદે કેવું અશક્ય કામ શક્ય બનાવ્યું! એમણે હજારો જીવોને જીવતદાન પણ બક્ષી કેવું મોટું પરોપકારનું કામ કર્યું!

મોહનદાસ ગાંધીને આફ્રિકામાં જહાનીસબર્ગ ખાતે રેલવેના ફર્સ્ટ ક્લાસની ટિકીટ હોવા છતાં ગાડીના ડબ્બામાંથી અર્ધી રાત્રે નીચે ઉતારી મૂક્યા હતા. અંગ્રેજોના આવા રંગભેદના જુલ્મી કાયદાને એ સુકલડી જુવાને એકલે હાથે પડકાર ફેંક્યો! એમના હિતેચ્છુઓ પણ એમ ન કરવા સલાહ આપતા હતા. પણ

પેલા નાના છોકરાની જેમ આ મોટા મનના ગુજરાતી વકીલે વિદેશમાં હિંમતભેર અંગ્રેજી સલ્તનતના આ અન્યાયી કાયદાને પડકાર્યો. અંતે એમાંથી જન્મ થયો 'સત્યાગ્રહનો'. સત્યાગ્રહ શબ્દ પણ ત્યારે જ નવો રચાયો. ને શસ્ત્રધારી સૈનિકોની મોટી સેનાને અવગણી મોહનદાસ ગાંધીએ ભારત આવી સત્ય અને અહિંસાના સિદ્ધાંત અપનાવી અંગ્રેજી સલ્તનતને ભારતમાંથી વિદાય કરવાની લડત શરૂ કરી! ભલભલાને ત્યારે આ કામ મૂર્ખાઈ ભર્યુ અને અશક્ય લાગતું હતું. પણ સત્યનો એ આરાધક પછી એકલો ન રહ્યો. એની પાછળ એક..બે..દસ...હજાર અને લાખો દેશવાસીઓની લંગાર લાગી જે માથે કફન બાંધી દેશની આઝાદી માટે ગાંધીજીના અનુયાયી બન્યા ને એમની એક હાકલે પ્રાણ ન્યોછાવર કરવા તત્પર થયા. અંતે ૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટે ભારત દેશ આઝાદ થયો. જો આફ્રિકામાં અન્યાય સહન કરી મુંગે મોઢે મોહનદાસ ગાંધીએ પોતાની ગાડી ગબડાવી હોત તો એ ક્યારેય મહાત્મા ગાંધી ન બની શક્યા હોત અને એ ક્યારેય ભારતને આઝાદી ન અપાવી શક્યા હોત. પણ 'તારી જો હાક સૂણી કોઈ ના આવે તો એકલો જાને રે' ની ખુમારી ને જુસ્સાથી જે માણસ અશક્ય લાગતાં મોટાં કામનો આરંભ કરે છે એ અંતે સફળ થાય જ છે. એવો નિશ્ચય રાખો કે 'I will do it.' અને એમ કરશો તો પાવાગઢ ચઢતાં થાકી જનારા તમે હિમાલયના માઉન્ટ એવરેસ્ટ પર તમારે હાથે ત્રિરંગો લહેરાવી શકશો. મારા કામમાં

સો વિઘ્નો નડે પણ સારા કામમાં સેંકડોનોં સાથ પણ મળે જ. માટે આશાવાદી બની સત્કાર્ય શરૂ કરો ને લક્ષ્યાંક સિદ્ધ કરતા સુધી મંડ્યા રહો. સફળતા તમારાં ચરણ ચૂમશે.



૧૪. ઈંટ

કદાચ કોઈને એમ લાગે કે ઈંટ પર શું લખવાનું કે વિચારવાનું. પણ માટીની બનેલી એક નાની ઈંટ આપણને ઘણી ઉપયોગી વાતો શીખવે છે.

આપણે કોઈ ભવ્ય બંગલો, મહેલ, ઈમારત, મંદિર કે મસ્જિદ જોઈને આશ્ચર્ય અનુભવીએ છીએ. પછી કદાચ એની દિવાલો કે છતની શોભા જોઈએ. મંદિરના શિખર પરના કળશ કે એની અંદરના ઘુંઘટ જોઈએ, મંદિર પર ફરફરતી દૂરથી દેખાતી લાંબી ધજા જોઈએ અને અહોભાવથી દંગ રહી જઈએ. આ બધું જોઈને એની પ્રશંસા પણ કરીએ. આમ લગભગ બધા લોકો કરે એ સ્વાભાવિક છે. ભારત દેશ વિશ્વના મહાન રાષ્ટ્રોની હરોળમાં બેસવા જેવો બની રહ્યો છે એમ જગતના લગભગ દરેક દેશ મને

કમને સ્વીકારે છે ! કારણ કે એ બધા ઈમારતના કળશને જ જુએ છે. પણ... પણ પેલી ભવ્ય ઈમારત જેના પર ઊભી છે એના પાયાનો કદી કોઈ વિચાર કરે છે? ઈમારતના પાયામાં પુરાઈ ઊંડે ધરબાઈ ગયેલી ઈંટને કોઈ ક્યારેય ધ્યાનમાં લે છે? એ મજબૂત પાયાને કોઈ ક્યારેય વખાણે છે? જવાબ સો ટકા નકારમાં આવશે, કારણ બધા ઉપરની શોભા જુએ છે.

ખરેખર તો આખી ઈમારત-પછી તે બંગલો, હવેલી, મંદિર, મસ્જિદ કે મહેલ જે હોય તે - ના અસ્તિત્વનો આધાર તો એના પાયામાં પુરાયેલી ઈંટો છે. એ એવી ઈંટો છે જે અગ્નિમાં તપીને પરિપક્વ થયેલી છે, જેથી ઈમારતનો ભાર એ સહી શકે એવી એ મજબૂત છે. જો એ ઈંટો મજબૂત ન હોય તો ઈમારતનો આખો પાયો જ હચમચી ઉઠે ને એ ધરાશયી થઈ જાય! માટે જ પોતાની અવગણના કરનારને એક ઈંટ પાસે કવિ કહેવડાવે છે :

ક્યાં જુઓ છો? અહીં દટાયો છું,
આ ઈમારતનો હું ય પાયો છું.

ખરેખર તો આખી ઈમારતમાં સૌથી અગત્યનો ભાગ એનો પાયો છે. જેમ વૃક્ષની ટોચ તો એની શોભામાત્ર છે. એનો આધારસ્તંભ તો એના મૂળીયાં ને થડ છે. પાયો મજબૂત હશે એટલું ઈમારતનું આયુષ્ય અધિક હશે. ધરતીકંપ વેળા કાચા પાયાનાં મકાન જલદી ધરાશયી થઈ જાય છે. જ્યારે પાકા પાયાની ઈમારતો ટકી જાય છે. માટે અગત્યની તો પાયાની ઈંટ જ છે.

એમ જ સમાજની પ્રગતિ માટે આમ આદમીનો આધાર જરૂરી છે, શ્રેષ્ઠીઓ તો સમાજની શોભા છે, પણ એ શોભાનો આધાર મહેનતકશ કામદારો, ખેડૂતો ને કારીગરો છે. પાયાની ઈંટ, પાયાનો પથ્થર જ ઈમારતને અમરતા બક્ષે છે. ઈમારતના ધ્વસ્ત થયા પછી કાળક્રમે કદાચ પાયાની ઈંટ બહાર આવે તો આવે, નહિ તો સદીઓ સુધી એ દટાયેલી જ રહે છે. એટલે જ શાણા માણસે પાયાની ઈંટની અવગણના ન કરવી જોઈએ.

આપણી સમાજ રચનાનું પણ આવું જ છે. આઝાદીની લડત વેળા દેશ કેવો એક અને અવિભાજ્ય હતો! સૌનું લક્ષ્ય એક જ હતું. અંગ્રેજો ટળો – Quit India. પણ આઝાદી મળતાં સત્તા ને ખુરશીની ખેંચાખેંચમાં આમ આદમી ભૂલાયો. પોતાના સુખ વૈભવ અને સત્તા વધારતા લોકો પાયાની ઈંટ સમા સમાજના નીચલા થરને, શ્રમિકોને, કિસાનોને, મજૂરોને ભૂલતા ગયા ને અસમાનતાની ખાઈ ઊંડી થતી ગઈ!

સમાજની કરોડરજ્જૂને જ જો લૂણો લાગશે તો દેશ કેવી રીતે ટકી શકશે? આવી પરિસ્થિતિને જોઈને જ કવિ શ્રી ઉમાશંકરે લખ્યું :

ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મ કણી ન લાધશે!

દબાયેલાં, કચડાયેલા લોકોની ભૂખ અને યાતનાઓમાંથી જ અંતે ભડકો થઈ ક્રાંતિ થાય છે, પણ ક્રાંતિ ઘણું બધું તહસ

નહસ કરી નાંખે છે. જો કે પાયાના પથ્થરની અવગણના તો બધાં જ દેશોમાં થઈ રહી છે.

આપણે તો ભારત દેશને મહાન બનાવી આખા જગતને વિશ્વશાંતિ તરફ દોરવો છે. એ માટે પ્રતિબધ્ધ રહી અને કટીબદ્ધ થઈ આપણા પાયાની ઈંટોની દરકાર પહેલી લઈએ એ જ ઈષ્ટ છે. ફરી ઉમાશંકરને સ્મરતાં કહીએ કે –

વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી,
માથે ધરું ધૂળ વસુંધરાની!

વિશ્વમાનવી બનવાની ભવ્ય કલ્પના સાથે જીવતા આપણે ભારતના લોકો તો યજ્ઞ, યોગ અને સંયોગના આદર્શને વરેલા છીએ. પછી આપણી પાયાની ઈંટોને આપણે કેમ ભૂલીશું?



૧૫. પ્યાર કી ગંગા બહાતે ચલો

એક બહુ જૂની વાર્તા છે. એનો સાર કાંઈક આવો છે :

બે ભાઈ હતા. પિતા તો ગુજરી ગયેલા. પણ બંને ભાઈઓ ખૂબ સંપથી રહેતા ને મહેનતથી પોતાની થોડી જમીનમાં સુખે રહેવાય એટલું અનાજ તો પકવી લેતા. સંપ હોય ત્યાં સુખ હોય અને સુખ હોય ત્યાં શાંતિ હોય. શાંતિને પ્રગતિ અનુસરે જ. પણ બધે ક્યાં સંપ, સુખ અને શાંતિ હોય છે? એ માટે પ્રેમાળ દિલ અને ઉદાર મન જોઈએ.

પણ આ બે ભાઈઓ તો કળિયુગમાં સતયુગિયા ભાઈઓ હતા. પણ લોકોને બીજાના સંપની ય અદેખાઈ આવે છે. એવા અદેખીયાઓમાં મંથરાવૃત્તિ સહજ જ હોય છે. બીજાને લડાવવામાં જ એમને આનંદ મળે છે.

મોટાભાઈને કોઈ સંતાન ન હતું. જ્યારે નાના ભાઈને બે બાળકો હતાં. બાળકો સ્કૂલમાં ભણતાં હતાં. ઘરખર્ચ તો સ્વાભાવિક રીતે જ માણસ પ્રમાણે વત્તો ઓછો થાય, એટલે ફળિયાની એક મંથરાએ મોટાભાઈની વહુને ખાનગીમાં ચઢાવી:

'બુન, મારે તો હું લેવાદેવા? પણ આ તો જરા તારા ધ્યાન પર લાવું. મને તારી લાગણી છે, એટલે હાં.'

'શી વાત છે કાકી?' મોટી વહુએ પૂછ્યું.

'જોને બુન, તમારે બે જણનો કેટલો ખર્ચ થાય? તોય તમારે નાનાભાઈના બીજા ચાર જણનો ખર્ચ વેઠી ઢસરડો કરવો પડે છે ને? બિચારા કરસનભાઈ રાતદા'ડો એક કરી ખેતી પકવે છે. તેમાં ભાગીદાર તો નાનો ભાઈ ખરો જ ને? એ તો જ્યારે જુઓ ત્યારે બજારમાં છોકરાં માટે કાંઈ ખરીદતો જ હોય.'

'કાકી, એવું કેમ બોલો છો? એ બધાંય અમારા જ છે ને?' મોટી વહુના સંસ્કાર બોલ્યા.

'બુન મારે હું લેવાદેવા? આ તો મને તારું લાગ્યું એટલે હાચી વાત મારાથી કહેવાઈ ગઈ. બાકી તું જાણે ને તારું નસીબ જાણે.' કહી મંથરાએ તે દિવસે તો બી વાવી વાત પુરી કરી. પણ બીજે ત્રીજે દહાડે સતત મોટી વહુની ઈર્ષાની આગને વિંઝણો દેતી મંથરાએ છેવટે વહુના મનમાં અસંતોષ ને દ્વેષવૃત્તિ જન્માવ્યા.

આગળની વાત ટૂંકમાં કહું. મોટાભાઈની પત્નીના અસંતોષે પતિની કાન ભંભેરણી શરૂ કરી અને મોટાભાઈની

ઘણી સમજાવટ છતાં અંતે રડતા હૃદયે બંને ભાઈઓને જુદા થવું જ પડ્યું.

વર્ષના અંતે ફસલ પાકી ને ખરામાં અનાજના બે ઢગલા થયા. એક મોટાભાઈનો ને એક નાનાભાઈનો. મોટાભાઈએ મનમાં વિચાર્યું : 'નાનો ભાઈ વસ્તારી છે. એને ખર્ચ વધારે આવે... અને અમારે બે જણને તો કેટલું જોઈએ? મારે નાના ભાઈને મદદ કરવી જોઈએ.'

પણ નાનોભાઈ મદદ લે નહિ પોતાની અને પત્ની જાણે તો કકળાટનું ઘર! એટલે મોટાભાઈએ રાત્રે ઊઠી નાના ભાઈના અનાજના ઢગલામાં થોડું અનાજ છાનુમાનું નાખી દીધું! આથી એને થોડી શાંતિ થઈ. પણ ત્યારે નાનાભાઈએ વિચાર્યુ : 'બિચારા મોટાભાઈ કેટલી મહેનત કરે છે! તોય એમના ખળામાં અનાજનો ઢગલો મારા અનાજના ઢગલા કરતાં નાનો લાગે છે! મારે મોટાભાઈને મદદરૂપ થવું જોઈએ...'

આવું વિચારી મોટાભાઈના સૂતા પછી એમના સુકૃત્યથી અજાણ-નાનો ભાઈ રાતના અંધારમાં પોતાના અનાજના ઢગલામાંથી મોટાભાઈના અનાજના ઢગલામાં છાનો માનો તગારા વડે અનાજ નાખવા લાગ્યો! પણ એક ને બીજું તગારું નાંખે છે ત્યાં જ અનાજ પડવાના અવાજથી ખળીમાં સૂતેલા મોટાભાઈ જાગી ગયા ને સફાળા બેઠા થયા. પોતાના ઢગલામાં અનાજ નાખતા નાનાભાઈને એમણે ટોક્યો : 'નાના, શું કરે છે ભાઈ?'

નાનાભાઈનું મોટું મન જોઈ મોટાભાઈ રડી પડ્યા. એને છાતી સરસો ચાંપી રડતાં રડતાં બોલ્યા : 'ભાઈ, તું નાનો થઈને મને મદદ કરે છે? મારે કેટલું જોઈએ? વધારે તો તારે જોઈએ. તમે તો ચાર માણસ છો.' અને બંને ભાઈઓ હર્ષાશ્રુ વડે એકબીજાના મસ્તક પર પ્રેમનો અભિષેક કરતા હતા! ત્યારે આ બધા સળવળાટથી જાગી ગયેલી મોટાભાઈનું વહુએ ધીરે પગલે ખળીમાં આવી ફાનસ જાગતું કર્યું, તો અજવાળું થયું ને એણે રામ-ભરતને પરસ્પરને ભેટીને રડતા જોયા. એ પરિસ્થિતિ પામી ગઈ અને એના મનમાંથી મંથરાની ચઢવણીથી ભરાયેલા ઝેરનું એકાએક વમન થયું. ત્યારે એના જાગૃત થયેલા સંસ્કારનું અમૃત એની આંખમાંથી નીતરી રહ્યું! પતિને પગે પડી એ પોતાની ભૂલ બદલ માફી માગી રહી અને દિયરને છાતી સરસો ચાંપી બોલી : 'નાનાભાઈ, મને તો તમે મા જેવી ગણી છે. હું જ ભાન ભૂલી હતી. મને માફ કરજો ભાઈ, કાલથી આપણે એક જ ચૂલે રાંધીશું અને પહેલાની જેમ ભેગાં જ જમીશું ને જીવીશું.'

ત્યારે મધરાતે ક્યાંકથી કોયલ ટહૂકી : 'કૂ...ઉ!' (કોયલ મધરાતે ય બોલે છે હોં) બે ભાઈઓના પ્રેમની આ કુટુંબકથા તો અહીં પુરી થઈ.. પણ પવિત્ર પ્રેમનો પ્રવાહ ક્યારેય વાર્તાની જેમ અટકતો નથી. રામ-ભરતથી માંડી પાંડવો સુધીને ત્રેતા યુગથી માંડી દ્વાપર યુગ સુધી એ સતત વહેતો જ રહે છે. કળીયુગમાં એ પ્રવાહનું વહેણ થોડું છિછરું જરૂર લાગતું હશે. પણ એ પવિત્ર

ઝરણું ક્યારેય, ક્યાંય વિરામ પામતું નથી. એ સતત વહેતું જ રહે છે, વહેતું જ રહે છે. ને માટે જ તો ભારતમાં સંયુક્ત કુટુંબની પ્રથા હજીય સજીવન છે. સંજોગોવશાત અલગ રહેવા છતાં સ્નેહના તાંતણે કુટુંબીજનો આજે ય અતૂટ રીતે બંધાયેલાં છે. માટે જ તો આપણો કવિ ગાય છે : 'જ્યોત સે જ્યોત જલાતે ચલો.. પ્યાર કી ગંગા બહાતે ચલો.. પ્યાર કી ગંગા બહાતે ચલો.'



૧૬. ઘર

'ઘર' જેવા નાના શબ્દમાં કેટલી મોટી વિશાળ ભાવના સમાયેલી છે! સવારે નોકરી ધંધા માટે નીકળેલો માણસ સાંજે પોતાને ઘેર આવે છે. ઘેર આવે ત્યારે માણસને 'હા...શ' થાય છે. આ હા..શ એટલે પરમશાંતિનો અનુભવ. થોડા દિવસ આપણે બહારગામ ગયા હોઈએ અને ત્યાં ઘણો આનંદ કર્યો હોય, પણ પછી આપણને ઘરની યાદ આવે છે. હરીફરી છેવટે માણસ ઘેર આવે છે. વિદેશ ગયા હોય એવા માણસોને પોતાના વતનની ને વતનના ઘરની સાચી કિંમત સમજાય છે. વિદેશમાં અઢળક કમાતા હોય અને સુખવૈભવમાં રહેતા હોય એવા લોકોને પણ પોતાનું વતન, પોતાનું 'ઘર' અવશ્ય યાદ આવતું હોય છે. માટે જ તો એન.આર.આઈ. ઓ થોડા સમયના અંતરે વતનમાં ઘેર આવતા

જ હોય છે. અરે, કાયમ માટે વિદેશમાં વસનારાય પોતાના વતનમાં પોતાનું ઘર રાખે છે. આમ પ્રત્યેક વ્યક્તિના જીવનમાં પોતાના ઘરનું વિશિષ્ટ સ્થાન હોય છે. કોઈના મહેલ કરતાં આપણી ઝૂંપડી આપણને વિશેષ પ્રિય લાગે છે. કહેવત છે કે ‘ઘરતીનો છેડો ઘર.’

માત્ર માણસને જ નહિ, પશુ પક્ષીને પણ કોઈને કોઈ સ્વરૂપે પોતાનું ઘર હોય છે. પંખી ઝાડ પર ‘માળો’ બાંધે છે. ચકલાં તો આપણા ઘરમાં જ એનું ઘર (માળો) બનાવી લે છે. કબૂતર ઘરની બહાર કોઈ અવાવરુ ખૂણામાં એનો માળો બનાવી લે છે. કીડી મંકોડી આપણા ઘરમાં જ દર બનાવી સેંકડોની સંખ્યામાં રહે છે. આમ આપણું ઘર આપણા ઉપરાંત અનેક જીવોનું આશ્રયસ્થાન પણ હોય છે. ગાય, ભેંસ, બળદ જેવાં પાલતું પ્રાણીઓ સવારે ચરવા સીમમાં જાય છે, તે પણ સાંજે પોતાને ઘેર આવે છે. એમને પોતાની કોઢનો પોતાનો જ ખીલો ગમતો હોય છે. કારણ કે એ એમનું ઘર છે. જંગલમાં પશુઓને ઘર રૂપે પોતાની બોડ, બખોલ કે ગુફા હોય છે. આમ પોતાના ઘરની ભાવના પશુઓમાં ય હોય છે.

રોટી, કપડાં અને મકાન એ માણસની પ્રાથમિક અને અનિવાર્ય જરૂરિયાત છે. આ વાત સર્વસ્વીકૃત છે, માટે જ ‘ઘર’ વિનાના લોકોને સરકાર લોન આપીને પણ એમને પોતાનું ઘર બનાવવાની પ્રેરણા આપે છે. વણઝારા કે લુહારિયા જેવી કેટલીક

‘ભટકતી જાતીઓ’હોય છે જેમને પોતાનું કાયમી રહેઠાણ કે નિવાસસ્થાન હોતું નથી. કોઈ ગામની ભાગોળે, ઝાડ નીચે એ પોતાનો પડાવ નાખે છે ને સીઝનલ ધંધો કરી થોડા દિવસ પછી બધી ઘરવખરી ઘોડાં, ગધેડાં કે ઊંટ પર લઈ બીજે સ્થળે જાય છે. આમ એમનાં ઘર માસ બે માસ પુરતાં જ હોય છે. જો કે ધંધા માટે ભટકતાં એ લોકોને ય વતનમાં પોતાનું ઘર તો હોય જ.

પણ સાચા અર્થમાં આ ઘર એટલે શું ઈંટ, સીમેન્ટની ચાર દીવાલો? એને રંગરોગાન કરાવીએ તો શું એક સારું ઘર બની જાય? ખરેખર તો એ ચાર દીવાલો વચ્ચે વસતા માણસો પરસ્પર પ્રેમ, લાગણી, સહાનુભૂતિ અને માનના તંતુથી જોડાયેલાં હોય અને જ્યાં એકનું સુખ દુઃખ એ ઘરના બધાં જ સભ્યોનું સુખ દુઃખ હોય એને જ સાચું ઘર કહેવાય. જ્યાં હૃદયોની એકતા હોય ત્યાં જ સાચા ઘરનાં દર્શન થાય. નાના ઘરમાં પણ મોટા દિલના માણસો વસતા હોય તો એ ઘરની ‘મોટાઈ’ અનેક ગણી વધી જાય છે. બાકી, જ્યાં લાખો કે કરોડોનાં હીરા મોતી હોય છે એવા રાજમહેલમાં ય પોતાનો હક્ક સ્થાપિત કરવા માટે કુટુંબીજનો વર્ષો સુધી ઝગડતાં રહે છે અને એમની વચ્ચે જીવનભરના અબોલા હોય છે! આમ જ્યાં કુટુંબીજનો વચ્ચે પ્રેમને બદલે ધિક્કારની ભાવના હોય એ મહેલ પણ સાચું ઘર નથી. ઘર તો આશ્રય સ્થાન છે. ‘હા...શ’ કહી વિસામો કરવાની જગા છે ઘર. ત્યાં માણસનો થાક ઉતરે ને ચિંતાઓ હળવી બને. માટે જ તો ઘર એ

પ્રેમનું મંદિર હોવું ઘટે.

વળી આપણી ભાવના તો ઘણી વિશાળ છે. આપણે તો वसुधैव कुटुंबकम् ના મંત્રથી સમગ્ર જગતને એક કુટુંબ માની 'જય જગત' ના નામથી વિશ્વની એકતામાં માનનાર ઉદારદિલ નાગરિકો છીએ. આપણા કવિએ તો ગાયું છે કે भवति विश्व अेक नीडम् । આખું જગત એક માળો બને અને એમાં બધા જ લોકો કુટુંબની ભાવનાથી રહે તો આપણું 'ઘર' કેવું આનંદધામ બની જાય!?

વળી આપણી સાધુતા તો મોહમાયામાં પડ્યા વિના હંમેશાં ફરતા રહેવાની છે. 'સાધુ તો ચલતા ભલા'. આપણા એક કવિએ તો એક મુક્તકમાં કહ્યું છે કે - 'ઘરને છોડીને જનારને મળે છે વિશ્વ તણી વિશાળતા.' 'મારું ઘર' કહેવાને બદલે 'આપણું ઘર' કહીએ તો એમાં હૃદયની વિશાળતા વરતાય છે ને એમાં પ્રેમની ગંગાનાં પાવન દર્શન થાય છે. ઉદાર દિલ માનવી તો 'વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી, માથે ધરું ધૂળ વસુંધરાની' ના કવિ ઉમાશંકરે દીધેલા મંત્રની ભાવનાથી ગાતો ગાતો ઘૂમે છે કે - ये मस्त घटा मेरी चादर है, ये धरती मेरा बिस्तर है। આવા મસ્ત ફકીરો માટે આખું વિશ્વ 'ઘર' બની જાય છે.

વળી કહ્યું છે કે - गृहिणीम्गृहमुच्यते । ગૃહિણી એટલે પત્નીથી જ ઘર દીપે છે. સારી, સંસ્કારી, પ્રેમાળ, ઘરરખુ ગૃહિણી જ પોતાના ઘરમાં સંપ, પ્રેમ અને સહિષ્ણુતાની ભાવનાથી સૌને

એક તાંતણે બાંધી રાખી પોતાના ઘરનાં શાન શૌકત વધારે છે. આમ 'ઘર' ના સાચા અર્થમાં નારીનું ગૌરવ અને એનો મહિમા પણ સમાઈ જાય છે. માટે જ તો કહ્યું છે કે 'જ્યાં નારીઓની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે.'

'આકાશવાણી' વડોદરા-અમદાવાદ પરથી પ્રસારિત
તા. ૧૦-૭-૧૦

૧૭. મરી મરીને જીવતો માણસ

એક દૃષ્ટાંત વાંચેલું. મને ઘણું ગમ્યું હતું. ઘણાંએ વાંચ્યુ પણ હશે. વાંચીને સમજવા જેવું, સમજીને પચાવવા જેવું એ દૃષ્ટાંત છે. એ વાતનો વિચાર તમને સારી રીતે કહું :

શહેરમાં રહેતો હતો એક ધનાઢ્ય બાપ. એને મોટો ફ્લેટ હતો, બાગ હતો, મોટર હતી. ઘણી સારી આવક હતી. તેમને પંદરેક વર્ષનો એક દીકરો હતો. બાપને થયું કે આ છોકરો આવી સાહ્યબીમાં ઉછર્યો છે એટલે એને પોતાના સુખની કિંમત નથી. એને ગામડું બતાવું તો ગામડાની ગરીબાઈ, અછત અને દુઃખનો એને ખ્યાલ આવશે. આમ વિચારી એક રજાને દિવસે દીકરાને પોતાની ગાડીમાં લઈ એનાં મા બાપ વતનના ગામડે ગયાં. જમવાનું નાસ્તો વગેરે સાથે લીધેલું , એટલે કશી તકલીફ ન પડે.

પોતાના એક ખેડૂતને ત્યાં જઈ ગાડી ઊભી રાખી. ખેડૂત તો બિચારો પ્રેમથી ઘેલો ઘેલો થઈ ગયો. 'આજે સાહેબ આપણે ત્યાં આવ્યા' કહી શેઠની સેવા કરવા દોડાદોડી કરી રહ્યો. ઘરનાં બધાંય ને એવું થયું કે જાણે શું કરીએ સાહેબ માટે. ચોકમાં કાથીનો ખાટલો પાથર્યો. ઉપર બે ત્રણ ગોદડી પાથરી એક ધોયેલી ચાદર પાથરી. નાનો માટીનો ઘડો ભરીને પાણી ને બે ચોખ્ખાં પવાલાં મૂક્યાં. 'ના' કહેવા છતાં ગાયનું દૂધ ગરમ કરી લાવી ત્રણ કપ રકાબીમાં દૂધ આપ્યું. ગામડાનાં ગરીબ લાગતાં પ્રેમાળ લોકોની સાચી માનવતાનાં આવાં દર્શન કરવા જેવાં હોય છે. શહેરના કૃત્રિમ ભભકાભર્યા પણ લૂખા આવકાર આવાં ભોળાં ગામડિયાઓની સાચી પ્રેમભરી પરોણાગત આગળ સાવ ફીક્કા લાગે. મા-બાપ અને દીકરો આખો દિવસ અને મોડી રાત સુધી ત્યાં રહ્યાં ને રાત્રે મોડા સૌના રહેવાના આગ્રહ છતાં વિવેકપૂર્વક 'ના' પાડી ઘર તરફ ગયાં. બીજે દિવસે સવારે પ્રાતઃ વિધિ પરવારી પિતાએ પુત્રને બોલાવીને પૂછ્યું : 'બેટા, કેવું લાગ્યું ગામડું?' બાપને હતું કે દીકરો ગામડાંનાં દુઃખ અને ગરીબાઈનું વર્ણન કરી પોતાના સુખ ને વૈભવી જીવનની પ્રશંસા કરશે. પણ અનુભવ જરા જુદો થયો.

દીકરાએ જવાબ આપતાં કહ્યું : 'પપ્પા, આપણે ત્યાં તો એક જ કૂતરો છે.. અને ત્યાં તો ચોકમાં ત્રણ ચાર કૂતરાં કેવાં શાંતિથી બેઠાં કે સૂતાં હતાં? એમને તો સાંકળે બાંધ્યાંય નહોતાં.'

પિતાએ હકારમાં માથું હલાવીને પૂછ્યું : 'હાં, પછી?'

છોકરો બોલ્યો : 'પપ્પા, આપણા બંગલાની આજુબાજુ કચરાના ઢગલા છે ને એમાંથી રખડતી ગાયો પ્લાસ્ટીક ચાવીને પેટ ભરે છે, જ્યારે ત્યાં તો ગાયો અને ભેંસો લીલું તાજું ઘાસ ખાતી હતી ને વળી દૂઝણી ગાયોને સ્રીઓ ખોળ પણ ખવડાવતી હતી. પશુ પર કેટલો બધો પ્રેમ એ લોકો રાખે છે? ને પોતાના માલિકને જોઈ ગાય-ભેંસો ધીરેથી 'આં..ય..આંય' કરતાં હતાં. પશુઓ અને માણસો વચ્ચે કેવો દિવ્ય પ્રેમ છે ગામડામાં! નહિ મમ્મી?' દીકરાની વાત પિતા માતા તો આશ્ચર્યથી સાંભળી જ રહ્યાં. દીકરાએ સહેજ અટકી કહ્યું : 'પપ્પા, આપણા ફ્લેટમાં નાનો સ્વીમીંગ પુલ છે, જેમાં હું એકલો એકલો જ કશા આનંદ વિના નાહું છું, જ્યારે ત્યાં તો ગામની ભાગોળે સરસ સરોવર છે ને એની પાર પર લીલાંછમ વૃક્ષો શોભે છે. એવા સરોવરમાં આઠ દસ મિત્રો કેવા આનંદથી નહાતા હતા!'

'હા બેટા, વાત તો તારી સાચી.' માતાએ કહ્યું. પછી દીકરો બોલ્યો : 'પપ્પા, આપણા ડ્રોઈંગ રૂમમાં તમે શોભા માટે કૃત્રિમ તારા લગાડાવ્યા છે, જેથી છત રાત્રે લાઈટમાં સુંદર લાગે, પણ ગામડામાં તો કેવું સરસ વિશાળ ખુલ્લું આકાશ છે! એમાં ગણ્યા ગણાય ના એટલા તારા ટમટમતા હતા. ને ચાંદામામા પણ સુંદર આકાશની શોભા વધારતા હતા! સહેજ અટકી પુત્રએ પૂછ્યું : 'પપ્પા રસ્તે જતાં આપણે પૂર્વમાં સૂર્યોદય થતો જોયો

હતો. એ દશ્ય કેવું મનોહર હતું!? અને સાંજે સરોવરની પાર પર ઉભા રહી ગામડામાં આપણે સૂર્યાસ્ત પણ જોયો હતો ને? આપણા શહેરમાં આપણે કદી પણ સૂર્યોદય કે સૂર્યાસ્ત જોઈએ છીએ ખરા? આવું ભવ્ય આકાશ દર્શન તો ગામડામાં જ થાય, નહિ પપ્પા?' ફિક્કા ચહેરે પપ્પા બોલ્યા : 'બેટા, તારી વાત ખોટી નથી!' 'અને મમ્મી,' મા તરફ જોઈ દીકરો બોલ્યો : 'તું મને ફ્રીજમાંથી ચોકલેટ કાઢીને આપે છે અને કોઈને નહિ આપવાની સૂચના પણ આપે છે, જ્યારે આપણે ગયા હતાં એ માસીએ તો મને થેલીમાંથી કાઢીને કેટલી બધી શેરડી, તાજી કાકડી ને તાજાં જામફળ આપ્યાં છે! કહેતાં હતાં : તારાં પડોશીને પણ આપજે બેટા!'

દીકરાની વાત સાંભળી મા-બાપ ઝંખવાણાં પડ્યાં. પોતાના કરતાં ગ્રામજનો કેવાં ઉદાર હોય છે. એ વાત એ પામી ગયાં. ત્યારે માતાએ પૂછ્યું : 'બેટા, ગામડામાં બીજું શું ગમ્યું?' ત્યારે પુત્ર બોલ્યો :

'મમ્મી, અહીં તો આપણા પડોશીને આપણે નથી ઓળખતા કે એ લોકો આપણને નથી ઓળખતાં કે નથી કોઈ કોઈની સાથએ બોલતું! જ્યારે ગામડામાં તો બધા જ લોકો જતાં આવતાં એકબીજાને 'જય રામજી કી' કહે છે ને સહેજ થોભી ખબર અંતર પણ પૂછે છે. કેવાં હળીમળીને એ લોકો રહે છે.

હા બેટા, ખરી વાત હોં.' માતા પિતા બંને બોલ્યાં. છેલ્લે પિતાએ પૂછ્યું : 'બેટા હવે કાંઈ રહ્યું?' પુત્ર બોલ્યો : 'પપ્પા,

આપણું તો થોડા ચોરસ ફૂટનું નાનું અમથું 'ફાર્મ હાઉસ' છે એનો આપણને કેટલો બધો ગર્વ છે, નહિ? જ્યારે ત્યાં તો દરેકની પાસે લીલાંછમ હરિયાળાં વિશાળ ખેતરો છે, જેને જોઈને આપણી આંખ ઠરે ને હૈયું હરખે. નહિ કે પપ્પા?'

ત્યારે નિઃશ્વાસ નાખતા પિતા બોલ્યા : 'ખરી વાત દીકરા. આજે તેં મને આપણી ગરીબાઈનું ભાન કરાવ્યું! હું આપણી સમૃદ્ધિનું અભિમાન રાખતો હતો તેને તેં મિથ્યા સાબિત કર્યું. ખરા ધનવાન તો ગામડાના ગરીબ લાગતાં નિર્દોષ, પ્રેમાળ, ભોળાં ગ્રામજનો છે જે સાચી રીતે કુદરતમય થઈને જીવે છે ને કુદરતની વિશાળતાનો સાચો આસ્વાદ અને આનંદ લે છે. બેટા, હવે આપણે પણ દર વરસે એકાદ માસ આપણાં વતનના ગામડે જઈને રહીશું, ને જીવનનો સાચો આનંદ માણીશું! પિતાની વાત સાંભળી દીકરો ખુશ થઈ ગયો.

સમજીએ તો આ નાની વાત ઘણા મોટા સત્ય તરફ આંગળી ચીંધે છે. શહેરના ભભકાભર્યા જીવનનાં અંધારાં તો ઉલેચે તે જ જાણે. ને ગામડાના સીધા સાદા, સામાન્ય જીવનનો આનંદ તો માણે તે જ જાણે. આજે તો શહેરીકરણ અને ઔદ્યોગિકરણ તરફની દોટને કારણે ગામડાં તૂટતાં જાય છે ને શહેરોમાં વસતી ઉભરાય છે. એટલી બધી વસતી વધે છે કે હજારો લોકો તો બિચારા તાપ, ટાઢ કે વરસાદમાં ય ફૂટપાથ પર પડ્યાં રહે છે! શહેરમાં થોડાક કોટયાધિપતિઓ કે લક્ષાધિપતિઓના ભભકાની ઓથે ડોકાતી

અછત, ગરીબાઈ, દુઃખ અને નિરાધારતાની કપરી અવસ્થાનો કોઈને ખ્યાલ નથી. પણ યાદ રહે. કવિ ઉમાશંકરે વર્ષો પહેલાં ભાખ્યું છે કે -

"ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે."

ઈજિપ્તનો દાખલો તાજો જ છે. મુબારકના ૩૦ વર્ષના સરમુખત્યારી શાસનનો માત્ર ૧૮ દિવસના લોકજુવાળમાં અંત આવ્યો. કારણ, ત્યાં ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગ્યો હતો.

જરા આડ વાત થઈ. પણ આપણા દૃષ્ટાંતનો બીજો પણ અગત્યનો બોધપાઠ છે. ગામડાનું ગરીબ લાગતું જીવન કેવું સમૃધ્ધ છે અને શહેરનું સમૃધ્ધ લાગતું જીવન કેવું ગરીબ છે એનો આ વાત પરથી ખ્યાલ આવે છે. હવે તો સાચી સમૃધ્ધિના આપણા ખ્યાલો જ બદલાઈ ગયા છે. ગામડાની વિશાળતા કરતાં શહેરની સંકડામણ આપણને વધારે ગમે છે. ગામડાની શુધ્ધ તાજી હવા કરતાં શહેરની પ્રદૂષિત - ગંધાતી, વાસ મારતી હવા આપણને વધારે માફક આવે છે. ગામડાના ખુલ્લા આકાશના સૌન્દર્યને માણવાને બદલે શહેરની સાંકડી અંધારી ગલીઓની લાઈટો આપણને વધારે આકર્ષે છે. અને આવું બધું બધી દરેક વાતમાં થયું છે, દુઃખને સુખ માનીને આપણે શહેરમાં જીવીએ છીએ ને શહેરવાસી હોવાનો મિથ્યા ગર્વ રાખી મરતા મરતા જીવીએ છીએ. માટે જ એક અંગ્રેજ કવિએ કહ્યું છે :

What is this Life if full of care,
We have no time to stand and stare.
No Time to stand beneath the boughs,
and wait as long as sheep and cows.

ગામડામાં ભાગોળે વડ કે પીપળાના ઝાડ નીચે, એની શીતળ છાયામાં નિરાંતે આંખ મિંચીને વાગોળતાં ઢોર આપણા કરતાં વધારે સુખી છે, કારણ કે આપણને તો શાંતિથી એવો આરામ કરવાનો સમય જ નથી. આખો દિવસ દોડધામ કરી માંડ જીવન નિર્વાહ કરતા શહેરીજનો પછી ટેન્સન, બ્લડપ્રેસર, ડાયાબીટીસ જેવી બિમારીમાં સપડાઈને કોઈ મોટા રોગનો ભોગ બને છે ને અંતે દુઃખી થાય છે. આથી એના આયુષ્યની અવધિ ય ટૂંકી થઈ જાય છે. બિચારો શહેરીજન!! મેં ક્યારેક લખ્યું હતું :

પથ્થર વચ્ચે જીવતો માણસ,
પથ્થર દિલ થઈ શ્વસતો માણસ,
પથ્થરની જડ ભીંતો વચ્ચે
મરી મરીને જીવતો માણસ!

જે વાત પેલા નાના બાળકને સમજાઈ તે વાત એના પિતાને નહોતી સમજાઈ, કારણ કે બાળક કુદરતની વધારે નજીક હતું, માટે એ કુદરતપ્રેમી હતું. જ્યારે કૃત્રિમતા વચ્ચે જીવવા ટેવાયેલા મોટા માણસો શહેરના ખૂની ભભકાથી અંજાઈ જઈને અંધારભરી આંખે જીવી જીવનના સાચા સૌન્દર્યની ઝાંખી કરી

શકતા નથી! આ વાત આપણે ક્યારે સમજીશું? કદાચ ક્યારેય નહિ સમજીએ. તો ઠીક છે, દુઃખને સુખ માની જીવી કાઢવામાં જ મઝા છે, નહિ? મોટા ભાગના લોકો ખરેખર તો જીવતા નથી, જીવી કાઢે છે! આ મોહ છે કે મજબુરી?



૨૦. રાત

રાત એટલે કે રાત્રિ એ એક અર્થમાં અંધકારનું પ્રતિક છે. સામાન્યતઃ માણસને પ્રકાશ પ્રિય હોય છે, અંધકાર કોઈને ગમતો નથી. છતાં ગમો અણગમો એ બહુધા આપણા વ્યવસાય કે પ્રકૃતિ પર આધાર રાખે છે. ઘણા લોકોનો વ્યવસાય જ રાત્રે કામ કરવું પડે એવો હોય છે. પત્રકારો મોડી રાત સુધી કામ કરી વહેલી સવારે પોતાનું દૈનિક પ્રગટ કરે છે. ઘણાં કારખાનાં કે મીલો રાત્રે પણ ચાલે છે, એટલે ત્યાં કામ કરતા કામદારો રાતપાલી કરી દિવસે ઘેર જાય છે. છતાં મોટેભાગે લોકો દિવસે પોતાનાં કામ કે વ્યવસાય કરે છે. એટલે દિવસભરના કામના થાકને અંતે માણસને

આરામ કરવા રાતની જરૂર છે જ. રાતના પ્રથમ પ્રહરની નિંદ્રા એ લગભગ સો ટકા આરામ આપતો રાતનો ભાગ છે. આખી રાતના આરામ પછી માણસ સવારે તાજો થઈને ઊઠે છે ને નવા જોશથી પોતાની દિનચર્યા શરૂ કરે છે. દિવસના આરામ કરતાં રાત્રિનો આરામ બધી રીતે લાભદાયી છે. આરોગ્યની રીતે પણ રાતની ઊંઘ જ વધારે ફળદાયી અને આરોગ્યવર્ધક છે. આમ દિવસના પ્રકાશ પછી રાત્રિનો અંધકાર માણસ માટે ઉપયોગી છે. એક જૂની કહેવત છે કે 'શાહુકારની માએ દિવસ માગ્યો ને ચોરની માએ રાત માગી.' ચોરનો વ્યવસાય રાત્રિના અંધકારમાં જ શક્ય બને છે. માટે ચોરને 'નિશાચર' પણ કહેવાય છે.

પણ જેમ દિવસની શોભા સૂર્યોદયથી શરૂ થાય છે તેમ સૂર્યાસ્ત પછી રાત્રિના અંધકારની પણ પોતાની આગવી શોભા છે. દિવસે સૂર્યની ગરમીથી ત્રાસેલા લોકો રાત્રે ખુલ્લા આકાશ નીચે બેસી શીતળતા અનુભવે છે. એટલું જ નહિ, માત્ર રાત્રે જ જોવા મળતી આકાશની ભવ્ય શોભા પણ નિહાળે છે. ટમટમતા તારલાની બિછાતના અવર્ણનીય સૌંદર્યને જોવાનો આનંદ દિવસે સૂર્યના પ્રખર તાપમાં થોડો જ શક્ય બને છે? 'યે રાત ભીગી ભીગી, યે મસ્ત ફિઝાયે, ઊઠા ધીરે ધીરે, વો ચાંદ પ્યારા પ્યારા' જેવાં મધુર હૃદયસ્પર્શી ગીતનો આલ્હાદ રાત્રે જ લઈ શકાય. કવિની કલ્પનાને જેબ આપે એવી નિરવ રાત્રિના સૌંદર્યનો અનુભવ એ માણસના જીવનના સાત્ત્વિક આનંદનો કિંમતી હિસ્સો

છે. કવિને કવિતા સ્ફૂરે, ચિંતકોની દૃષ્ટિ સમક્ષ જ્ઞાન અને વિજ્ઞાનનાં નવાં પાનાં ઉઘડે અને તપસ્વીને ધ્યાનમાં લીન બનાવે એવાં રાત્રિનાં શોભા અને શાંતિ અમૂલ્ય છે. દિવસે તો દોડધામ, અવાજ અને ગરમીના માહોલમાં માણસને કશું નવું વિચારવાની કે સારું જોવાની તક જ ક્યાં મળે છે? શાંત ચિત્તે કશું પણ ઉપયોગી કામ કરવું હોય તો એ રાત્રે જ શક્ય બને. માટે જ કદાચ અનિષ્ટોનો નાશ કરનાર ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ રાત્રે બાર વાગે થયો હશે. વળી બુધ્ધનું મહાભિનિષ્ક્રમણ તો રાત્રિના એકાંતમાં જ શક્ય બને.

વળી ‘આસો માસો શરદ પૂનમની રાત જો, ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં,’ જેવો હૃદયસ્પર્શી ગરબો ગાઈ શેરીમાં ઘૂમતી ગરવી ગુજરાતણના હૃદયભાવ રાતે ચંદ્રની શીતળ ચાંદનીમાં જ ઉકેલી શકાયને? અને ચાંદો આકાશમાં નહિ, ગોરીના ચોકમાં ઊગ્યો છે! અરે કદાચ એના હૈયામાં જ એ ઊગ્યો હશે! આનંદવિભોર કરે એવી આવી મનોરમ કલ્પનાઓ કદાચ રાત્રિની જ આગવી નીપજ છે. ‘તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે, પૂનમની રાત, ઊગી પૂનમની રાત’ જેવા પ્રાસાદિક ગીતની રચના ને ગરબામાં એની રજૂઆત પૂનમની રાત સિવાય શક્ય જ નથી. ચંદ્રની વધઘટ એ પણ રાતની વિશેષતા છે. સૂર્ય તો એકધારો ઊગે ને આથમે, પણ ચંદ્ર? સતત વધવું ને પછી સતત ઘટવું એ ચંદ્રની પ્રક્રિયા જાણે માણસને જીવનના સુખદુઃખની

વારાફેરી સમજાવે છે. જાણે કહે છે : चक्रवत् परिवर्तन्ते दुःखानि च सुखानि च । રાત્રિમાં તારાઓનું સતત ભ્રમણ અને રોજ થતો એનો સ્થાન ફેર જ્યોતિષનાં રહસ્યોને આપણી સમક્ષ ઉઘાડાં કરે છે. માત્ર રાતે જ અનુભવાતી રાતરાણીના ફૂલની માદક સુગંધ આપણા મનને તરબતર કરી દે છે. પ્રેમીઓના મિલનનો સમય એટલે જ રાતનું શાંતિભર્યું આહ્લાદક એકાંત. ચંદ્રને પેલો વિરહી પ્રેમી વિનવે છે : ‘..... જબ તક મૈં ગીત ગાઉં, યે ચાંદ છિપ ના જાના.’ આમ ચંદ્ર રાત્રે પ્રેમીની હૃદયોર્મિઓનું આલંબન બને છે. ભક્ત નરસિંહે તો ગાયું : ‘રાત રહે જ્યાહરે, પાછલી ખટ ઘડી, સાધુપુરુષે સૂઈ ન રહેવું.’ આમ વહેલી સવાર એ પ્રભુ-સ્મરણનો ઉત્તમ સમય છે. ઉષા સમય એ જિંદગીની પ્રવૃત્તિઓ અને પ્રગતિનું પ્રસ્થાન છે, તો સંધ્યા સમય એ આપણી વૃત્તિ અને ગતિનું અલ્પવિરામ છે. દિવસ અને રાત્રિનું ક્ષણભરનું સહઅસ્તિત્ત્વ એટલે જ ઉષા અને સંધ્યા. આકાશમાં સૂર્ય પણ આથમે ને જે આથમે તે ઊગે. જીવનની ચડતી પડતીનો આ ક્રમ દિવસ અને રાતના આવાગમનથી સમજાય છે. માટે જ શ્રીકૃષ્ણ ગીતામાં सुख दुःखे समे कृत्वा નો મંત્ર આપે છે. રાત શબ્દનો લાલિત્યસભર પ્રયોગ કરતાં ગોપી વિનવે છે : “રહી જાઓ શ્યામ તમે આજની રાતલડી.” સુખદુઃખની જેમ દિવસ અને રાતનું પણ અટલ દ્વન્દ્વ છે.

તો ચાલો રાતની મીઠી નિંદ્રામાં ‘રાજકુમાર આવશે’ની

આશા આપતા સાયગલના દર્દીલા કંઠને સાંભળતાં આપણે પણ રાતની નિંદ્રાને માણીએ. ધ્યાન આપો દૂર દૂરથી સંભળાય છે : 'સોજા રાજકુમારી સોજા... સોજા.... સોજા..!'

'આકાશવાણી' વડોદરા-અમદાવાદ પરથી
'અમૃતધારા'માં પ્રસારિત. તા. ૧૧-૭-૧૦



૧૯. સાધુ તો ફરતા ભલા

'સાધુ' શબ્દ કેવો અર્થસભર લાગે છે, નહિ? એ શબ્દ સાંભળતાં જ નજર સમક્ષ કોઈ પવિત્ર, પાવનકારી, પરોપકારી, પ્રેરણાદાયી અને પ્રેમાળ મૂર્તિનાં દર્શન થાય છે. કદાચ એ દાઢીધારી ને જટાધારી પ્રતિભાવંત, અમી વર્ષાવતી આંખોવાળા સંતજન હોય એમ આપણી કલ્પનાદૃષ્ટિને લાગે. ખરેખર 'સાધુ' શબ્દ ખૂબ અર્થસભર અને કર્ણપ્રિય લાગે છે તે એની પાછળ રહેલી પવિત્ર મૂર્તિના આપણા કલ્પના-ચિત્રને કારણે. ખરેખર સાચા સાધુનો સંગ તો કોઈ સદ્‌ભાગીને જ થાય. પણ આપણને મળતા મોટાભાગના સાધુઓ કાંઈ સાચી સાધુતાનાં દર્શન નથી કરાવતા. સાંભળો એક એવા જ ચલતાપૂરતા સાધુની વાત. આ કોઈ કાલ્પનિક કે વાંચેલી યા સાંભળેલી વાત નથી, પણ

સ્વાનુભવની તદ્દન સાચી હકીકત છે. સાંભળો :

અમારા એ નાના ગામમાં ઢળતી બપોરે એક સાધુ આવી ચઢ્યા. મારા પિતાશ્રી ત્યારે ઓટલે બેસીને પેપર વાંચતા હતા. હું ય બાજુમાં બેઠો હતો. ત્યાં જ 'જય રામજી કી' કરતા સાધુ આવી ગયા. પિતાશ્રીએ આવકાર આપી બેસાડ્યા. થોડી આડી અવળી વાતો કરી તરત સાધુ મહારાજ કહે 'ભગત, જરા હાથ દિખાવ.'

મારા પિતાશ્રીની હસ્તરેખાઓ જોતાં એ કહે : 'ભગત છ માસ કે બાદ તેરે પર લક્ષ્મી કી ઈતની મહર હોગી કિ તું લક્ષાધિપતિ બન જાયેગા.' (આજથી પચાસ સાઠ વરસ પહેલાં લક્ષાધિપતિ એટલે ખૂબ મોટો ધનિક માણસ ગણાતો.) કોઈની આવી લોભામણી વાતોમાં આંધળો વિશ્વાસ મૂકે એવા મારા પિતાશ્રી નહોતા. એટલે એમણે સ્પષ્ટ કહ્યું કે 'મહારાજ, આવા પૈસા આવવાની કોઈ શક્યતા જ મારા માટે નથી.' પણ પોતાની વાતને વળગી રહેતાં સાધુ કહે : 'ભગત, છ માસ કે બાદ હમે યાદ કરના કિ એક સચ્ચા સાધુ આયા થા... પણ અચ્છા બચ્ચા, દેખ, હમેં કાશી જાના હૈ. તેરે લિયે વહાં દર્શન કરકે પ્રાર્થના કરેંગે. થોડી મદદ કરો. સિર્ફ દો સો રૂપયે દેદો. બાકી સગવડ તો હો ગઈ હે.'

પિતાશ્રીએ કહ્યું : 'મહારાજ, તમે છ માસ મારે ઘેર રહી જાવ. ખાઈ પીને ભજન કરો. પછી જે લાખો રૂપિયા મને મળશે

એમાંથી તમને પણ ખુશ કરી દઈશ.' સાધુ શું બોલે? છેવટે થોડી માથાકૂટ કરી, અંતે દસ રૂપિયા લઈ રસ્તે પડ્યા.

કહેવાની જરૂર નથી કે એ પછી છ મહિને તો શું, છ વર્ષેય ધનવર્ષાનો કશો જાદુ નહોતો થયો. જો કે એવી કશી ખોટી આશા અમે તો પહેલાંથી રાખી જ નહોતી. આવો જ એક બીજો સાચો કિસ્સો છે. પણ એ વળી ફરી કોઈવાર. કહેવાનું તાત્પર્ય એ છે કે આવા ઢોંગી, ભગવાધારી, સ્વાર્થી બાવાઓ સાચી સાધુતાને લજવે છે, ને સાચા સાધુઓની ગરિમાને ઠેસ પહોંચાડે છે. સાધુ તો કેવા જ્ઞાની, નિર્મોહી, નિર્લોભી ને વંદનીય હોય! સાચા સાધુની સાત્વિકતા પ્રથમ નજરે જ આપણને શ્રધ્ધાવાન કરી દે. બાકી મોટા ભાગના અનુભવ તો એવા છે કે આપણે ભ્રમમાં પડી મૂરખ બનીએ. આપણી લાલચ કે લોભવૃત્તિનો દુરુપયોગ કરી अशक्तिमान भवेत् साधु જેવા માગણહારા બાવાઓ અનેકવાર અનેક સંસારીઓને છેતરીને જતા રહે છે. એકના સો કરી આપનારા કે પિત્તળનું સોનું કરી આપનારા ધુતારા બાવાઓથી છેતરાઈને સંસારીઓ ખૂબ પસ્તાયા છે ને આ એકવીસમી સદીમાંય હજી છેતરાય છે ને પસ્તાય છે. માટે સાચા સાધુને ઓળખો. હા, ક્યારેક સદ્‌નસીબે કોઈ મળી જશે તો ભવસાગર પાર કરી દેશે. એટલે આજે સાચા સાધુના લક્ષણો વિશે થોડો વિચાર કરીએ:

'સાધુ' શબ્દ સાંભળતાં જ સામાન્ય રીતે આપણી નજર સમક્ષ કોઈ દાઢીવાળી કે જટાધારી અથવા ભગવાં કે સફેદ વસ્ત્ર

પહેરેલ, હાથમાં કમંડલ લઈ ઘૂમતી કોઈ વ્યક્તિનું ચિત્ર આવે છે. પણ ખરેખર તો 'સાધુ' એટલે 'સદાચારી વ્યક્તિ, સાધુ એટલે ધાર્મિક પ્રવૃત્તિવાળો માણસ.' આમ સાધુતામાં સારું આચરણ સમાયેલું છે. એટલે સંસારી માણસ પણ નિઃશંક રીતે સાધુ હોઈ શકે અને હોય છે જ. સંસારી નરસિંહ મહેતાથી મોટો સાધુ બીજો કોણ હોઈ શકે?

સાધુની કસોટી વિષે કબીરજીએ કહ્યું છે : जाती न पूछीए साधुकी, पूछी लीजिये ज्ञान, मोल करो तलवारका, पडा रहन दो म्यान।

સાધુનાં જાત કે કુળ મહત્ત્વનાં નથી. એ જ્ઞાની છે કે નહિ એ જ અગત્યનું છે. કિંમત તલવારની છે, મ્યાનની નહિ. સુંદર મ્યાનમાં સજાવીને મૂકેલી કાટવાળી તલવાર શું કામની? એથી ઉલટું, જૂના મ્યાનમાં પણ પાણીદાર તલવાર હોય તો રણમાં રંગ જમાવે. એ જ રીતે ગમે તે કૂળમાં જન્મ્યા છતાં માણસ જ્ઞાની હોય તો એ સાચો સાધુ છે, સાધુતા જ્ઞાનથી શોભે છે. સાધુનું બીજું લક્ષણ બતાવતાં કબીરજીએ કહ્યું છે :

साधु गांठ न बांधई, उदर समाता लेय ।
आगे पीछे हरि खडे, जब भागे तब देय ॥

અર્થાત્ સાધુ કોઈ વસ્તુનો સંગ્રહ કરતો નથી, ગમે તેટલી સમૃધ્ધિ એના ચરણોમાં ધરો, પણ એ તો उदर समाता लेय । તત્કાલ જરૂર હોય એટલું જ એ લે. લોભ કરી સંગ્રહ કરવા માટે એ કશું ન લે. એને તો ભગવાનમાં વિશ્વાસ છે : जब मागे तब

देया જરૂર હશે ત્યારે ભગવાન આપશે જ. આવી શ્રધ્ધાવાળો સાધુ સાચો સમાજવાદી છે. અપરિગ્રહ વૃત્તિનું મહત્ત્વ શાસ્ત્રોએ નોંધ્યું જ છે.

સાધુને કોઈ વસ્તુ પર મોહ નથી હોતો. મમતા જરૂર હોય, પણ સાધુનો નિર્મોહી સ્વભાવ ગમે ત્યારે, ગમે તે વસ્તુને સહેલાઈથી ત્યાગી શકે છે. સાપ કાંચળી ઉતારે એવો સરળ ત્યાગ સાધુનો હોય છે. માટે જ કહ્યું છે : साधु तो चलता भला । માત્ર સ્થૂલ દેહ જ નહિ, સાધુનું સૂક્ષ્મ મન પણ ગમે તે વસ્તુનો સરળતાથી ને સહજતાથી ત્યાગ કરી શકે છે. વ્યક્તિ કે વસ્તુ પર મોહ રાખે એ સાધુને ન પાલવે. માટે જ પત્ની અને પુત્રના અવસાન પછી પણ નરસિંહ મહેતાએ ગાયું : "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ!" કેવું અદ્ભૂત નિર્મોહીપણું! 'સંસારમાં સરવો રહે ને મન મારી પાસ' એવા શબ્દો ભગવાનના મુખમાં મૂકી સાચા સંસારીનો પરિચય સંતોએ આપ્યો છે. એનો અર્થ એ જ કે ઉદાર ચિત્તે સંસારનાં કર્તવ્ય બજાવતાં બજાવતાં જ સાધુતા પાળી શકાય. એ માટે ભગવાં વસ્ત્ર, દાઢી-જટા કે મુંડનની જરૂર નથી. મીરાંબાઈએ ગાયું છે કે साधु संग बैठ बैठ लोकलाज खोइ । અર્થ એ કે સાધુ આડંબર ભર્યા લોકાચાર પાળતા નથી. એમનું નીતિશાસ્ત્ર બાહ્યાડંબર સ્વીકારતું નથી. ખરેખર તો સાધુ થવા માટે સંસાર છોડવાનીય જરૂર નથી. સાધુનો ઉત્તમ પરિચય નીચેના શ્લોકમાં મળે છે :

उपकारिषु यह साधु, साधुत्वे तस्य को गुण

अपकारिषु यह साधु, सह साधु सद्मिरुच्यते ।

ઉપકાર કરનાર તરફ સારું વર્તન રાખવું એ ઠીક છે. સામાન્યજનો પણ એમ તો કરે. પણ અપકાર કરનારનું, આપણું અહિત કરનારનું પણ ભલું કરવું એમાં જ સાચી સાધુતા છે. સાધુની એ જ તો વિશેષતા છે. દોષમાંથી ગુણ શોધતાં શીખે તે સાચો સાધુ.

શેતાન સાધુનો અંચળો ઓઢે ત્યારે મહા અનર્થ થાય છે. માટે જ બાહ્યાવેશથી ને આડંબરથી ન છેતરાતાં સાચા સાધુને પ્રયત્નપૂર્વક ઓળખી લેવાની જરૂર છે. કવિ કહે છે : 'વહેતાં પાણી નિર્મળાં, કદી ન ગંદા હોય; સાધુ તો ફરતા ભલા, ડાઘ ન લાગે કોઈ.'

સાધુ સદાચરણી હોય, સારો માણસ હોય, શુધ્ધ પવિત્ર જીવન જીવનારો, ત્યાગી, વૈરાગી કે ધાર્મિક પુરુષ હોય. સાધુ એટલે સ્વાર્થસાધુ લુચ્ચો માણસ નહિ. સંસાર ચલાવવામાં અશક્ત એવો રખડતો બાવો ન હોય. अशक्तिमान भवेत् साधु। પેટભરવા રખડતો ભટકતો કોઈ બાવો એટલે સાધુ નહિ. જનક રાજા કે નરસિંહ મહેતા જેવા સંસારીઓ પણ સાચા સાધુનાં ઉત્તમ દૃષ્ટાંત છે.



૨૦. પનઘટ

પનઘટ એટલે જળાશય. કૂવો, તળાવ, સરોવર વગેરે જલાશયો છે. પણ સામાન્યતઃ 'કૂવો' અથવા 'પીવાના પાણીનું સરોવર' જેવા અર્થમાં 'પનઘટ' શબ્દ વપરાય છે.

પનઘટ અનેક જણનું પ્રિય સ્થળ હોય છે. એમાંય વહુવારુઓનું તો એ મિલનસ્થળ છે. નવી નવી પરણીને સાસરે આવેલી નવોઢાના મનમાં જાતજાતના વિચારો, નવી મુંઝવણ એનો આનંદ વગેરે વિવિધ ભાવો ઘૂમરાતા હોય છે. એ વિચારો કે મૂંઝવણ યા ઉલ્લાસને વાચા આપવાનું સ્થળ એટલે પનઘટ. સવારમાં કૂવે કે નદીએ પાણી ભરવા આવતી વહુવારુઓ અરસપરસ કેટલી બધી વાતો કરી હૈયું હળવું કરે છે, યા આનંદ ઉલ્લાસ વહેંચે છે! ત્યાં માત્ર પાણી જ નથી ભરાતું, હૈયાંય ઉલેચાય

છે. ક્યારેક પનઘટ પોતાના પ્રિયતમને મળવાનું ઉત્તમ સ્થાન પણ બની જાય છે. હૈયાના હેતને વહાવતી નાયિકા ક્યારેક ઉમંગથી ગાઈ ઉઠે છે : 'મોહે પનઘટપે નંદલાલ છેડ ગયો રી..' અહીં માત્ર રાધા ને કાનાની જ નહિ, દરેક યુવાન હૈયાના હેતની વાંસલડી વાગતી સંભળાય છે! નાયિકા ઉમંગથી કહે છે : 'મોરી નાજુક કલઈયાં મરોડ ગયો રી..!' પનઘટ પર પોતાનું કાંડુ પ્રેમથી મરોડતો નાયક-નાયિકાને કેવો પ્રિય લાગે છે! માટે જ તો પનઘટ સાચા પ્રેમીઓનું ઉત્તમ મિલનસ્થાન છે. પણ બીજી રીતે ય પનઘટની અનિવાર્યતા ઓછી નથી. લોકોને એ પીવાનું પાણી પુરું પાડે છે. જલ એ જીવન છે, અને એ જીવનનો સ્રોત કૂવો યા પનઘટ છે. ક્યાંક તો માઈલો સુધી સ્ત્રીઓને બેડું પાણી લેવા પ્રખર તાપમાં ય જવું પડે છે. ફળિયા વચ્ચે યા ગામના ભાગોળે કૂવા, સરોવર યા નદીનું હોવું એ ઓછા સૌભાગ્યની વાત નથી. એનું પાણી નહેર દ્વારા ખેતરોમાં પણ પહોંચે છે, જે ભારત જેવા ખેતીપ્રધાન દેશ માટે તો આશીર્વાદરૂપ ગણાય. એક શ્લોકમાં કહ્યું છે કે दश कूप समां वापी, दशवापीसमं सरः । અર્થાત્ 'દશ કૂવાના નિર્માણ સમાન એક વાવનું નિર્માણ છે અને દશ વાવના નિર્માણ સમાન એક સરોવરનું નિર્માણ છે.' આ પરથી જ આપણને જલાશયોની ઉપયોગીતાનો ખ્યાલ આવે છે.

વળી વહેંચવું એ પનઘટનો સ્વભાવ છે. વગર બોલેય એ આપણને ઉપદેશે છે કે 'તમારી પાસે જે હોય તે જરૂરીયાતમંદોને

વહેંચો. વહેંચે ઘટે નહિ, વધશે. કૂવો જેમ ઉલેચાય તેમ એમાં નવું ને શુધ્ધ પાણી આવે. અવાવરુ પનઘટનું પાણી તો ગંધાઈ ઊઠે ને ઉલેચાયા વગર (વપરાશ વિના) સૂકાઈ પણ જાય. पिबन्ति नद्यः स्वयमेव नाम्भः । નદી, કૂવો કે સરોવર પોતે પોતાનું પાણી પીતાં નથી. એ તો તરસ્યાંની પ્યાસ છિપવવામાં જ જીવનની ધન્યતા સમજે છે. એ વગર કહે પણ કહે છે : परोपकाराय सतां विभूतयः। સજ્જનોની સંપત્તિ પારકાના ભલા માટે હોય છે. તમારું ધન અને વિદ્યા વહેંચો. એથી એ કૂવાના પાણીની જેમ વધતાં જશે. અને એ કૂવાની સામે વૃક્ષના છાંયે પાણીની પરબ હોય તો ઉનાળાના તાપમાં વટેમાર્ગુ માટે કેવું ઉપકારક વિરામસ્થાન બની રહે! એથી પનઘટનો મહિમા ય વધે છે.

પનઘટના મહિમાને કવિઓએ અનેક રીતે ગાયો છે. એક કવિની નાયિકા કહે છે : 'કૂવાને કાંઠડે ગઈ'તી હું વાલમા, ભરતાં પાણી રાત થઈ'તી જી રે.' વાલમાની આતુરતાથી રાહ જોવામાં જ ફક્ત એક બેડું પાણી ભરતાં તો રાત પડી ગઈ, તો ય કહે છે : 'બેડલાં મારાં ખાલી જી રે.' પણ ઠેઠ રાતે વાલમો આવ્યો ત્યારે એની હૈયા-પ્યાસ છિપી ને એ ઉમંગથી કહે છે : 'તારા વિરહથી ખાલી મુજ બેડલાં, તારા દર્શનથી છલબલ જી રે.' પ્રેમીઓ માટે પનઘટનો મહિમા. સામાન્યતઃ ગામડામાં પનઘટનું વિશેષ મહત્ત્વ છે, કારણ કે પાણી ભરવાનું સ્થાન પનઘટ જ હોય છે. જો કે હવે તો કેટલીક જગાએ નળ વાટે ઘરમાંય પાણી આવતું

થયું છે. પણ એમાંય પાણીનો સ્રોત તો પનઘટ જ હોય છે.

પશુપક્ષીઓ માટે પણ પનઘટ પાણી પીવાનું ઉપયોગી ને અનિવાર્ય સ્થળ છે. કૂવા પાસે મોટો હોજ બનાવીને એ પશુઓ માટે ભરી દેવાય છે. એ હોજ ભરવા કોસથી પાણી કાઢતા કોસીયાનો 'એ..ય આ..યો રામ' નો વિશિષ્ટ અવાજ એ ગામડાની વિશેષતા છે. હવે યંત્રયુગે એ વિશેષતાય ઓછી કરવા માંડી છે. પાણી ભરેલા બેડામાંથી કે છલબલતા સરોવરમાંથી એક ચાંચ બોળી જલ પી લેતા ચોકના પંખીઓનું નિરીક્ષણ કરવું એ ય રસપ્રદ છે. હવે તો ખેતરમાં કૂવો બનાવી ખેતીમાં બે પાક પણ લઈ શકાય છે. આમ પનઘટનું પાણી ખેડૂતની અને દેશની સમૃધ્ધિ વધારે છે. સિંચાઈ યોજના એ એક રીતે પનઘટનો જ વિસ્તાર છે. એથી તો પનઘટની સાર્થકતા સિદ્ધ થાય છે.

વળી જલાશયો કે નદી એ તો સેંકડો જલચરોનું નિવાસસ્થાન છે. કેટલાંક જલચરોનું તો એ જન્મસ્થાન છે. હોડીમાં બેસી નદીની સૈર કરવાનો આનંદ પણ અવિસ્મરણીય હોય છે. અને નદી કિનારે ઊભેલાં ધજા ફરકાવતાં મંદિરો દૂરદૂરથી ભગવાનની લીલાનો મહિમા ગાય છે. આવાં દુર્લભ દૃશ્યો એ પનઘટની આગવી ઓળખ છે.

ખેતરમાં કૂવાને કાંઠે ઊભેલો કૃષિકાર પોતાને માટે બપોરે ભાત લઈને આવતી પોતાની યુવાન પરણેતર ને જોઈ હર્ષઘેલો બની ગાઈ ઊઠે છે : 'તારા રાતા ગવનનો છેડલો ઊડે ને પેલા

આભની આલોય લાખ બાતી.' આમ પનઘટને કાંઠે કવિ હૃદયમાં કેવી મધુર કલ્પના ઊગી ઊઠે છે, નહિ?'

"આકાશવાણી" વડોદરા-અમદાવાદ પરથી 'અમૃતધારા' માં પ્રસારિત તા. ૧૨-૭-૧૦



૨૧. પરોપદેશે

માણસ સામાજિક પ્રાણી છે, એટલે કે એ સમાજમાં રહેવા ટેવાયેલો છે. જળ, સ્થળ કે અન્ન વગેરે જીવન જરૂરીયાતની વસ્તુઓની કદાચ અછત ભોગવીને પણ એ લોકોની વચ્ચે જ રહે છે. જંગલમાં ગમે એટલી વિશાળતા ને સમૃદ્ધિ હોય પણ એ વસ્તી છોડી જંગલમાં રહેવા જતો નથી. ત્રણ સો રૂપિયે સ્ક્વેર ફૂટની કિંમતમાં જમીન ખરીદી એમાં નાનું મકાન બાંધીને રહે. પણ વનમાં મફત મળતી જમીનમાં ઘર બાંધી એ રહેતો નથી. અને આપણે જાણીએ છીએ તેમ સમાજમાં રહેવાથી ઘણીવાર ઘણી બધી તકલીફોનો માણસે સામનો કરવો પડે છે. આમાંની મોટા ભાગની મુશ્કેલીઓ તો આપણા સાથી સહયોગીઓ કે આસપાસના માણસો દ્વારા જ ઊભી કરવામાં આવી હોય છે.

છતાંએ બધુ સહન કરીને પણ આપણે સમાજમાં રહીએ છીએ. કારણ Man is a Rational Animal.

એક વાર્તા સાંભળો :

ગામડાના રહેવાસી બાપ-દીકરો એક ગામથી બીજે ગામ જતા હતા. એમની પાસે એક નાનું ખચ્ચર હતું, જેને દોરીને બંને જણ ચાલતા જતા હતા. એમણે એમ વિચાર્યુ હતું કે 'બિચારું ખચ્ચર હજી નાનું જ છે.. એના પર વજન કોણ લાદે?' આવા પરોપકારી વિચારથી બાપ-દીકરો ખચ્ચરને દોરીને ચાલતા જતા હતા. ત્યારે સામેથી આવતા ચાર પાંચ જણા માર્ગમાં એમને મળ્યા. "ક્યાંથી આવો છો?" વગેરે જેવી ઔપચારિક વાતો પૂછી પછી એક દોઢ ડાહ્યાએ કહ્યું : 'અરે, પણ છતે ખચ્ચરે તમે બંને ચાલતા કેમ જાવ છો? થોડી અક્કલ ચલાવો. કમસે કમ એક જણ તો આના પર બેસી જાવ.' બંને જણે લોકોની સલાહ માનીને બાપે દીકરાને આગ્રહ કરી ખચ્ચર પર બેસાડ્યો. 'બિચારો નાનો છે. થાકી જાય.' એવા પુત્ર-પ્રેમના વિચારથી સ્તો. પછી આગળ જતાં સામેથી આવતા બીજા ત્રણ ચાર માણસો મળ્યા. 'કેમ ભગત? ક્યાં ચાલ્યા?' જેવા પ્રશ્નો અકારણ પૂછી બંનેને ઉભા રાખ્યા. પછી એક જણે વણમાગી સલાહ આપતાં કહ્યું : 'અલા છોકરા, તું જવાન છે. તારા આ બુઢ્ઢા બાપને ચલાવાતાં શરમ નથી આવતી તને? હવે હેઠો ઉતર અને આ બુઢ્ઢાને ખચ્ચર પર બેસાડ.' બિચારો છોકરો નીચે ઊતર્યો અને બાપને આગ્રહપૂર્વક

ખચ્ચર પર બેસાડી બંને જણ રસ્તે પડ્યા. परोपदेशे पांडित्यम् કરનારા દોઢ ડાહ્યા બીજાને દુ:ખી કરે છે. વળી થોડે આગળ જતા એક નાની ટોળી સામે આવતી મળી. રખડતા લોકોની આપણા દેશમાં ક્યાં ખોટ છે? ટોળીમાં કોઈ સસ્તા સલાહકાર તો હોય ને? એ સલાહકારે ટીકા કરી : 'અરેરે, શો જમાનો આવ્યો છે! બિચારો કુમળો છોકરો તાપમાં ચાલે છે ને હટ્ટો કટ્ટો બાપ ઘોડે બેસી લહેરથી જાય છે!' ત્યારે બીજાએ ટાપસી પુરાવતાં કહ્યું "કાકા, આ છોકરાનીય દયા નથી આવતી? બિચારો ચાલી ચાલીને તાપમાં લાલઘુમ થઈ ગયો છે!" આમ કહી એ ચાંપલી ટોળી મજાક કરતી રસ્તે તો પડી, પણ બાપના દિલ પર ઘા કરતી ગઈ! કારણ વગર પણ બીજાના દિલ પર ઘા કરવામાં કેટલાક લોકો ખૂબ માહેર હોય છે! તરત પિતાએ પોતાના પુત્રને પણ પોતાની સાથે ખચ્ચર પર બોલાવી લીધો ને બાપ દીકરાની ખચ્ચર-સવારી આગળ વધી, ત્યારે વળી 'પર ઘેર પહોળા' થનારા ચાર પાંચ વટેમાર્ગુઓ સામે મળ્યા. એમાંના એકે કહ્યું : 'અરે કાકા, જરા વિચાર તો કરો. આ બિચારા નાના ખચ્ચર પર તમે બે બાપ દીકરો ચઢી બેઠા છો તે આ મૂંગુ પ્રાણી કેટલો ભાર ઉપાડે? જરા તો દયાભાવ રાખો આ અબોલ જીવ પર...!' ત્યારે વળી બીજાએ ચાપલુસી કરતાં ઉમેર્યું : 'હડહડતો તો કળીયુગ આવ્યો છે ભાઈ, દયાની માને તો ડાકણ ખાઈ ગઈ છે!' કવિએ કહ્યું છે કે 'પર ઉપદેશ કુશળ બહુ તોરે.' બીજાને ઉપદેશ આપનારા લોકોની

ખોટ નથી. બિચારા બાપ દીકરો ટીકાથી ઘાયલ થઈ નીચે ઉતર્યા. બાપ વિચારવા લાગ્યો : 'બધા જ લોકો, જે કરીએ તેની ટીકા જ કરે છે! બંને જણ દોરીને ચાલતા હતા તો ટીકા... ખચ્ચર પર છોકરો બેઠો તો ટીકા, હું બાપ એકલો બેઠો તો ટીકા... અમે બંને જણ બેઠા તો ય ટીકા... તો પછી કરવું શું અમારે?' - બહુ જ વિચાર કરી બાપે દીકરાને કહ્યું : 'બેટા આ લાકડી પકડ. ખચ્ચરને બે આગલા પગ અને બે પાછલા પગે બાંધી દઈએ અને પછી? એના બે પગ વચ્ચે લાકડી નાખી આપણે બે જણ આ ખચ્ચરને ઊંચકીને ચાલીએ. એ સિવાય બીજો ઉપાય નથી આ લોકોની ટીકા તો. લોકોને તો કશું સારું જ લાગતું નથી. ચાલ આ ખચ્ચરને જ આપણએ ઉંચકી લઈએ :'

બંને જણે તેમ કર્યું ને બાપ આગળ ને દીકરો પાછળ.. ખભે ડાંગ મૂકી પગ બાંધેલા ખચ્ચરને ઉંચકીને આગળ વધ્યા. હાંફતા જાય ને ચાલતા જાય. પણ હવે એમનું ગામ નજીક હતું એટલે પરસેવે રેબઝેબ છતાં હિંમત રાખી આગળ વધતા હતા. ત્યાં રસ્તામાં એક નાનો પુલ આવ્યો. નીચે નાની નદી વહેતી હતી. પુલ પર બંને જણ ચાલતા જતા હતા, ત્યાં ખચ્ચરની નજર નીચે વહેતા નદીના પાણી ઉપર પડી. એમા પોતાના આ વરઘોડાનું પ્રતિબિંબ જોઈને ખચ્ચર ચમક્યું. એણે છૂટવા માટે પોતાના પગની ખેંચતાણ કરી ને ખૂબ ધમપછાડા કર્યા. તેથી બાપ દીકરાના ખભેથી લાકડી સહિત બાંધેલું ખચ્ચર નીચે નદીમાં પડ્યું ને પગ બાંધેલા

હોવાથી તણાઈ ગયું. બિચારા બાપ દીકરો માથે હાથ દઈને, હતાશ થઈને બેઠા ને પોતાના ભાગ્યને કોસતા નિરાશ વદને ને ખાલી હાથે ઘર તરફ ગયા...! બિચારા ભોળા બાપ - દીકરો! સૌનું સાંભળ્યું. સૌની ટીકાથી મુંઝાયા ને જેણે જે કહી તે સલાહ માની તો દુ:ખી થયા.

વ્યવહારની દુનિયામાં આવા કીસ્સા ઘણા બને છે. ટીકાખોરી તો ભાંજગડિયાઓનો ખોરાક છે. એમને માટે કોઈ ક્રિયા, કોઈ બનાવ કે કોઈપણ કાર્ય બરાબર નથી હોતું. દરેકમાં એમને ટીકા કરવા જેવું જ લાગે છે. અને પાછા એ લોકો ટીકા કરીને અટકે નહિ, શું કરવું એની તમને વણમાગી સલાહ પણ આપે જ. પણ જેની તેની દરેકની સલાહ માનનાર માણસ પોતાને નુકશાન કરે છે. હા, લેવા જેવા માણસની સલાહ જરૂર લો અને માનવા જેવી સલાહ જરૂર માનો. પણ બીજાની સલાહ પર વિચાર કરો અને પછી પોતાની વિવેક બુદ્ધિને જે યોગ્ય લાગે એ જ કરો. 'સુનો સબકી, કરો મનકી.' બધાંનું સાંભળો, પણ છેવટે તો આપણો સાચો સલાહકાર આપણું અંતઃકરણ જ છે. તમારા આત્માના અવાજને ક્યારેય અવગણશો નહિ. એ અવાજ જ તમને સાચા માર્ગે દોરશે. કોઈ કહે તે સાંભળો, પછી વિચારો અને શું કરવું એનો નિર્ણય તમારી જાતે જ કરો. કારણ કે સામાન્ય પ્રસંગો તો ઠીક, પણ જીવનમાં ઘણીવાર ગંભીર નિર્ણયો લેવાની ઘડી આવે છે. માણસ ઉલઝનમાં ફસાય છે, ત્યારે ખૂબ

વિચારપૂર્વક, ધીરજપૂર્વક લાંબા ગાળાના પરિણામોના વિચાર કરીને શું કરવું તેનો નિર્ણય કરો. पर उपदेश कुशल बहु तेरे. લોકો તો બીજાને બોધ આપવાં કુશળ હોય છે.

મિથિલેશ એટલે સર્વશ્રેષ્ઠ ચિંતક. જનક રાજા મિથિલેશ હતા. આવા માણસો વિષમ સમયમાં પોતાને અને બીજાને પણ સંભાળી શકે. માટે જ ચિંતનનું જીવનમાં બહુ મહત્ત્વ છે. જનક રાજા ઉત્તમ કર્મયોગી પણ હતા. આવા કર્મયોગી ચિંતકો જ બીજાને સાચા માર્ગે દોરી શકે.



૨૨. આકાશ

આપણે ધરતીના જીવ, છતાં આકાશ આપણને કેટલું બધું પ્રિય છે! આકાશ એટલે તો ખાલી શૂન્ય સ્થાન. પણ આપણા માટે એ શૂન્ય નથી ને ખાલી ય નથી. આપણે તો રોજ સવારે પૂર્વમાં ઉષાકાળ દરમિયાન આકાશમાં પુરાતી રંગોળીને જોઈને અહોભાવથી મુગ્ધ થઈ જઈએ છીએ અને અનાયાસ જ જાણે ભગવાનનાં દર્શન થઈ જાય છે. માતા બાળકને જગાડતાં ગાય છે : 'જાગ મુજ વ્હાલા બાળ, પંખી વન બોલે,'

વ્હાણું વાયુ વીતી રાત, પૂર્વ થયો ઝગમગાટ,
રંગ દીસે ભાતભાત, ઝાડ પાન ડોલે -'

ઉષા સમયના આકાશની શોભા જોઈને આપણે રાચીએ છીએ ને સૂર્યના પ્રકાશમાં દિવસભર નાહીએ છીએ. પછી સાંજે પશ્ચિમમાં

નજર જાય તો સંધ્યા સમયના આકાશની અનેરી સૃષ્ટિનાં દર્શન થાય છે. કવિ તો ગાઈ ઊઠે છે : संध्या सिंदूर लूटाती है । સાગર કિનારે ઊભા રહીને આકાશમાં દૂર દૂર નજર નાખો. સાગરને ભેટવા આખું આકાશ જાણે નીચે ઢળી ગયું છે ને? આ ક્ષિતિજ દર્શન અલભ્ય છે, પણ અણમોલ છે. દિવસે આકાશમાં નજર નાખો તો કદાચ સૂર્યદેવ તમારી નજરને ઝાંખી પાડી પાછી વાળી દે, પણ રાત્રે તો આકાશનું દર્શન કરવું એ જીવનનો લહાવો છે. સૂર્ય તો દરરોજ એક સરખો ઊગે ને આથમે, પણ ચંદ્ર તો શુકલ પક્ષમાં રોજ થોડો થોડો વધતો જાય ને પૂર્ણિમા ને દિવસે એ પૂર્ણ પ્રકાશમય બની બાળકની 'ચંદામામા પોળી' બની જાય! એમાંય શરદપૂર્ણિમાના ચાંદને જોઈને તો ગરવી ગુજરાતણો ગરબે ઘૂમતાં એમના મધુર કંઠે ગાઈ ઊઠે : 'આસો માસો શરદપૂનમની રાત જો, ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં.' કેવું ભવ્ય ચંદ્રદર્શન! અને એ રાતે પુષ્ય નક્ષત્રમાં સાગરમાં મોતી પાકે! યુવાનોને યુવતીઓ નદીની રેતમાં, પૂર્ણિમાના ચંદ્રપ્રકાશમાં દૂધ-પૌંઓની મોજ માણે. લાગે જાણે સ્વર્ગ ધરા પર આવ્યું! એનો યશ આકાશના ચંદ્રમાને. સૂર્ય ધરતી પરના જીવનને ધબકતું રાખે છે. કૂકડો 'કૂક..રે...કૂક' ની છડી પોકારે ને વહેલી પરોઢે લોકોમાં નવજીવનની ચેતના પ્રગટે ને પૂર્વમાં સૂરજદેવ દર્શન દે ત્યારે તો ધરતી પર જીવનનો ધબકાર સૂચવતી અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ થઈ જાય!

સૂરજ પ્રકાશ આપે ને ગરમી પણ આપે. જ્યારે ચંદ્ર તો શીતલ મૃદુપ્રકાશથી ધરતીને સહેલાવે. કવિ તો ઊગતા ચંદ્રને જોઈને ગાઈ ઊઠે છે : 'આજ મહારાજ જલ પર ઉદય જોઈને ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે.' કોઈ પ્રિયતમા તો ચંદ્રથી શરમાઈને એની મર્યાદા સાચવવા ગાય છે : 'દમ ભર જો ઉધર મુંહ ફે..રે, ઓ ચંદા.. મૈં ઉનસે પ્યાર કર લુંગી.. બાતે હજાર કર લુંગી.' તો બીજી પ્રિયતમા વળી ચંદ્રને જુદી જ વિનંતી કરતાં ગાય છે : 'અય ચાંદ છિપ ના જાના.' ચંદ્ર સૂરજ પર તો કેટકેટલાં ને કેવાં કેવાં વિવિધ ભાવભર્યાં ગીતો છે! એના વૈભવનું અલ્પાંશે વર્ણન કવિ જ કરી શકે. બીજા એક નાયકની ઊર્મિસભર દાસ્તાન સાંભળો : 'યહ રાત ભીગી ભીગી, યહ મસ્ત ફીઝાયે.. ઊઠા ધીરે ધીરે વો ચાંદ પ્યારા પ્યારા. વળી આકાશી તારલા તો સળવાની દિવ્ય દરબાર! આકાશની શોભાને તો કવિઓ ને પ્રેમીઓ જ જાણે છે ને માણે છે! સૂરજ અને ચંદ્ર એટલે જાણે આકાશની બે આંખો. આકાશની એક આંખ સમા સૂર્યની ભવ્યતા નરસિંહ મહેતા આમ વર્ણવે છે : 'ઝળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમાં, હેમની કોર જ્યાં નીસરે તોલે'. તો એ જ કવિ આકાશી સૂર્યની દિવ્યતા વર્ણવતાં ગાય છે : 'બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ જો વળી, અચળ ઝળકે સદા અનલ દીવડો.'

ચંદ્રનું શુક્લ પક્ષમાં ધીરે ધીરે વધીને પૂર્ણિમા રૂપે પ્રકાશવું અને કૃષ્ણપક્ષમાં ધીરે ધીરે ઘટતાં ઘટતાં વિલીન થઈ જવું એ સત્તા

કે સંપત્તિના સ્વામી બનનારને બોધ આપતાં જાણે કહે છે કે સર્વોચ્ચતા પછી ધીરે ધીરે ઘટતું જવાશે, કદાચ વિલીન થઈ જવાશે. માટે અભિમાન ન કરો. આકાશમાં પૂનમનો પ્રકાશ હોય છે, તો અમાસનો અંધકાર પણ હોય છે. તો એથી વિરુધ્ધ દુઃખી લોકોને આશ્વાસન આપતાં જાણે આકાશ કહે છે કે 'ધીરજ ધરો, અંધકાર પછી પ્રકાશ આવશે જ. દુઃખની અમાસ પછી સુખની પૂર્ણિમા પણ ઊગશે જ.'

આકાશ શબ્દ પરથી તો 'આકાશવાણી' શબ્દ યોજાયો. કશાય માધ્યમ વિના આકાશ માર્ગે દૂર દૂરથી આવતો અવાજ અનેક લોકોના કાનમાં ગૂંજે છે. વળી એ જ રીતે 'દૂરદર્શન' દૃશ્ય શ્રાવ્ય સાધન બની વિશ્વમાં ક્રાન્તિ સર્જી રહ્યું છે.

આકાશી તારલા તો ભગવાનની ગેબી કચેરી છે. કોઈ બાગનાં ફૂલની જેમ આકાશી ફૂલની એ ચાદર છે. ઉનાળાનું આકાશ, શિયાળાનું આકાશ અને વર્ષાઋતુનું આકાશ - દરેકની ભિન્ન ભિન્ન શોભા ને વિશેષતા છે. એ શોભાને માણવા દૃષ્ટિ જોઈએ.

"આકાશવાણી" વડોદરા-અમદાવાદ પરથી 'અમૃતધારા' માં પ્રસારિત તા. ૧૪-૧૧-૧૦



૨૩. હેવાન બન ગયા ઈન્સાન

માતા પિતાએ પોતાના વ્હાલા માંદા બાળકને બાળકોના દવાખાનામાં દાખલ કર્યુ. બાળકની તબિયત ચિંતા ઉપજાવે તેવી હતી. માતાને પોતાના બાળકની ચિંતા થાય એ સ્વાભાવિક છે. સાંજે માતા ઘેર ગઈ. ઘરની ય સંભાળ સ્ત્રીએ લેવી જ પડે ને? બાળકના પિતા દવાખાનામાં બાળકના રુમની બહાર ચિંતાતુર ચહેરે બેઠા હતા. ત્યારે હાથે પગે એક અપંગ છોકરો લંગડાતો લંગડાતો દવાખાનામાં અગરબત્તી વેચવા આવ્યો. પેલા ભાઈને છોકરાની દયા આવી. એટલામાં ચોકીદારે આવી પેલા છોકરાને ધમકાવીને બહાર કાઢી મૂક્યો. થોડીવાર પછી ચોકીદારની નજર ચૂકાવી છોકરો પાછો આવી પહોંચ્યો ને પોતાની અગરબત્તીના પેકેટ વેચવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પેલા બાળદર્દીના પિતાએ

સમભાવ બતાવી બે પેકેટ ખરીધ્યાં. છોકરો ખુશ થયો. એટલામાં ચોકીદાર પાછો આવ્યો : 'તું વળી પાછો આવ્યો છોકરા?' ધમકીભર્યા અવાજે ચોકીદારે કહ્યું ને છોકરાને બહાર કાઢી મૂક્યો. આવું ઘણીવાર થયું. ત્યારે ચોથી પાંચમીવાર આવેલા પેલા છોકરાને બાળદર્દીના પિતાએ કહ્યું : 'ભાઈ, આ ચોકીદાર તને વારંવાર કેમ કાઢી મૂકે છે, તોય તું કેમ પાછો આવે છે?' છોકરો હસતાં હસતાં બેફિકરાઈથી બોલ્યો : 'કાકા, એનું કામ ચોકી કરવાનું ને મારું કામ અગરબત્તી વેચવાનું છે. એટલે એ એનું કામ કરે છે ને હું મારું કામ કરું છું. આપણે ગમે તે કરીએ કાકા, પણ ભગવાને ધાર્યું હશે એ જ થશે. એની ઈચ્છા હશે એટલી મારી અગરબત્તી વેચાશે જ. પણ હા, એની ઈચ્છા હશે એટલી જ વેચાશે, એથી વધુ કે ઓછી નહિ.'

કાકાના મન પર છોકરાની વાતની છાપ પડી. એમણે આ નાના વેપારીની મોટી બુદ્ધિ જોઈ આશ્ચર્યથી પૂછ્યું : 'ભાઈ, તને આવું સારું કોણે શીખવ્યું?'

'કાકા, થોડા દિવસ પહેલાં હું એક કથામાં શ્રોતાઓ વચ્ચે જઈ અગરબત્તી વેચતો હતો. ત્યારે કથા કરનાર મહારાજ રામાયણની કથા કહેતા હતા : 'હરિ કરે સો હોઈ, રાજા દશરથની ઈચ્છા પ્રમાણે કાલે રામનો રાજ્યાભિષેક થવાનો હતો અને આખી અયોધ્યાનગરી આનંદઘેલી હતી. ત્યારે અચાનક વિઘ્ન આવ્યું ને આખી બાજી બદલાઈ ગઈ.. શ્રીરામને રાજગાદીને બદલે

વનવાસ મળ્યો! નજાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે.' પેલા નાના છોકરાની આ વાત આશ્ચર્યથી સાંભળી રહેલા પેલા કાકા બોલ્યા : 'સાચી વાત છે ભાઈ.' ત્યારે છોકરાએ કહ્યું : 'કાકા, એ મહારાજ બહુ જ્ઞાની હતા. એમણે કહ્યું કે 'જુઓ ભાઈ-બેનો, ભગવાને ધાર્યું હોય એ જ થાય છે, માટે ખોટી ચિંતા છોડી દરેકે પોતપોતાની ફરજ બજાવવી જોઈએ... માટે જ કાકા, હું અગરબત્તી વેચવાની મારી ફરજ બજાવું છું ને ચોકીદાર ચોકી કરવાની એની ફરજ બજાવે છે. એ બરાબર છે ને?''

'હા બેટા, બરાબર છે' કહી કાકાએ પેલા છોકરાને શાબાશી આપી. એટલામાં ચોકીદારને જોઈ 'આવજો કાકા' કહેતાં છોકરો ભાગ્યો.

પણ આ નાના વેપારીએ કાકાની ચિંતા-ટેન્શન દૂર કરી દીધું. દીકરાની તબિયતની ચિંતા કરતાં ઉદાસ મને બેઠેલા એ પિતાના મનમાં બોધ વસી ગયો : 'ઈશ્વરે ધાર્યું હોય એ જ થાય. માટે દરેકે ચિંતા કર્યા વિના પોતપોતાનો ધર્મ બજાવવો.' પિતાના મન પરનો પુત્રની માંદગીનો બોજો હટી ગયો. એક નાનો અપંગ ફેરિયો બુદ્ધિશાળી વયસ્ક પિતાનો ગુરુ બની ગયો! બાળક જેવી શ્રધ્ધા મોટા માણસોના મનમાં હોય તો કેવું સારું! લોકોનાં અરધાં ટેન્શન દૂર થઈ જાત.

ઘેર જઈ પોતાની પત્નીને પેલા કાકાએ કહ્યું : 'તું ગગાની તબિયતની જરાય ચિંતા ના કરતી હોં. ભગવાને જે ધાર્યું હશે એ

જ થશે.' અને પછી એમણે પેલા ફેરિયાની વાત પત્નીને કહી સંભળાવી. પણ પત્નીએ તો અકળાઈને પૂછ્યું : 'એ બધી વાતો પછી, દીકરાને કેમ છે એ તો કહો.'

'હવે સારું છે હોં,' ઉત્સાહથી કાકા બોલ્યા : 'સાંજે આવતા પહેલા હું અંદર જઈને જોઈ આવ્યો હતો. સ્વસ્થ હતો ગગો. દાક્તર સાહેબે પણ મને કહ્યું : 'કાકા, હવે બાબો Out of Danger એટલે કે ભયમુક્ત છે, કશી ચિંતા ન કરતા હવે. કાલે તો વાતો કરતો થઈ જશે.'

'એમ કે? હે ભગવાન, તારી મહાન દયા!' કહેતી માતાએ પૂછ્યું : 'પણ તમે કોને ત્યાં બેસાડીને આવ્યા?'

'મનહરભાઈ અને લીલા આવ્યાં ને? એમને બેસાડીને તને લેવા જ આવ્યો છું. ચાલ, ટિફીન તૈયાર છે?'

'હા તૈયાર છે. તમારા માટે ચા મૂકી દઉં. તે પી લો. પછી જલદી જઈએ.'

પતિપત્ની ઘેરથી દવાખાને જવા નીકળ્યાં ત્યારે જાણે એમના કાનમાં એક મંત્ર ગુંજતો હતો : 'ચિત તું શીદને ચિંતા કરે? શ્રીકૃષ્ણને કરવું હોય તે કરે.'

વાત તો સાચી છે. ભગવાન પર પરિણામ છોડી આપણે આપણો ધર્મ બજાવવો. હા, પણ ધર્મ જરૂર બજાવવો. આપણી ફરજ કર્મ કરવાની છે, માટે નિષ્ક્રિય રહીને ભગવાન કરે તે ખરું' તેમ કહી પગ પર પગ ચઢાવીને બેસી નહિ રહેવું. કારણ The

God helps them who help themselves. નસીબવાદી આળસુને ભગવાન કશું નથી આપતો. આ જ તો પેલો જાણીતો ગીતા - મંત્ર છે : कर्मण्ये वाधिकारेषु मा फलेषुकदाचन । 'તારો અધિકાર માત્ર કર્મમાં છે, ફળમાં નહિ' એમ શ્રીકૃષ્ણે ગીતામાં ગાઈ વગાડીને કહ્યું છે.

છતાં આપણું વર્તન તો બહુધા ઉલટું જ હોય છે ને? આ જમાનામાં તો લોકો ફળની આશા વિના કશું જ કરતા નથી! અરે એ ય ક્ષમ્ય છે. કર્મ કરીને ફળની ઈચ્છા રાખે એ કાંઈ બહુ ખોટું નથી. પણ મફતલાલો તો કર્મ જ કરવું નહિ અને ઘણા બધા ફળની ઈચ્છા રાખવી એવા સિદ્ધાંતવાળા હોય છે. તો વળી કેટલાંક તો પોતાની ફરજ કે ધર્મ કરતાં ઉલટાં જ કર્મ કરી અઢળક ફળની ઈચ્છા રાખે છે અને કુમાર્ગે એ બધું મેળવે છે ય ખરા! પેલા મેડીકલ ક્ષેત્રના અધિષ્ઠાતા દેવ (!) ડૉ. દેસાઈની કર્મ કુંડળી વાંચીને? અબજો રૂપિયા ગેરમાર્ગે કમાઈને કેટલાય મેડીકલ લાઈનના આશાસ્પદ વિદ્યાર્થીનાં ભાવિ અંધકારમય કરી નાખ્યાં! કરોડોથી ઓછી તો એ લાંચ નહોતા લેતા! પાપે છેવટે છાપરે ચઢીને પોકાર કર્યો! પણ હવે તો લોકશાહી છે. ક્યારે કયા પાપીનો કોણ ઉધ્ધાર કરી પોતાનું ઘર ભરે તે કહેવાય નહિ! કદાચ, આ બધું જોઈને જ કવિ પ્રદીપજીએ આર્તનાદ કરી લખ્યું ને ગાયું હશે : 'દેખ તેરે સંસાર કી હાલત ક્યા હો ગઈ ભગવાન? કિતના બદલ ગયા ઈન્સાન?' પણ પ્રદીપજી, હવે તો ગાવું પડે છે કે,

'દેખ તેરે સંસાર કી હાલત ક્યા હો ગઈ ભગવાન, યહાં હેવાન બન ગયા ઈન્સાન!'



૨૪. ધરતી

જેના પર આપણે ચોવીસ કલાક વાસ કરીએ છીએ, જેના પર હરીએ છીએ, ફરીએ છીએ, જાગીએ છીએ ને ઊંઘીએ છીએ એ ધરતીમાતાને કોણ નથી જાણતું? છતાં એના વિષે આપણે ઘણું બધું નથી જાણતા એમ પણ કહેવાય. ધરતી એટલે ધરા, પૃથ્વી, ધરિત્રી. જે ધારણ કરે છે તે ધરિત્રી, અર્થાત્ પૃથ્વી આપણને સૌને ધારણ કરે છે. આમ ધરતી આપણી માતા છે. શ્રીરામ જેવા રામે પણ કહ્યું કે जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी। માતા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ વધારે સુંદર છે. ધરતી તો સહનશીલતાની મૂર્તિ છે. ધરતી પર ચાલો, દોડો, કૂદો; એને ખેડો, ખોદો - જે કરો તે કશીય ફરિયાદ વિના એ બધું જ એક પ્રેમાળ માતાની જેમ સહન કરે છે. શ્રી ગુણવંત શાહ કહે છે કે - 'ધરતી પાસેથી

માતૃત્વમૂલક કરુણાની જીવનદીક્ષા મને સતત પ્રાપ્ત થતી રહે છે.'

આ ધરતી પર ખળખળ વહેતા પ્રેમની દીક્ષા આપતી સરિતાઓ છે તો ધીરજપૂર્વક સ્થિર રહેવાની દીક્ષા આપતા પર્વતો પણ છે; સાગરની તરંગમય ગહનતા ને વિશાળતા ધરતી પર છે, તો બીજાને માટે પરોપકારાર્થે ફળફૂલ દેતાં વૃક્ષો પણ છે. આ ધરતી પર લીલીછમ હરિયાલીથી લહેરાતાં ખેતરો છે, તો હિમાલયની અનંત હારમાળાની બર્ફીલી શોભા ને શીતળતા પણ છે. શું નથી આ ધરતી પર? વિવિધ પ્રકારનાં ઉપયોગી લાકડાં આપતાં વૃક્ષોનાં મોટાં મોટાં જંગલો આ ધરતીની શોભા છે, તો વળી કિંમતી હીરા માણેકને પોતાના પેટમાં સંઘરીને ધરતીમાતા બેઠી છે. અલભ્ય સોનું, કોલસો અને દુર્લભ ક્રુડ ઓઈલ આ ધરતીના પેટાળમાં છે. મહેનત કરે તેને મળે એવું ઘણું બધું આ ધરતી ઉપર અને અને એના ઉદરમાં છે. માણસના જીવનના આધારરૂપ જલ ધરતી માતા કૂવા, નદી, સરોવર કે સાગરરૂપે આપણને આપે છે. પાણીની નહેરો દ્વારા આપણે ધરતી પાસેથી બેવડો પાક લઈએ છીએ. પાકાં મકાનો બાંધીને આપણે ધરતી પર નિરાંતે જીવીએ છીએ, તો બહુમાળી ઈમારતો ધરતી પર બાંધી આપણે ભવ્યતામાં મહાલી સુખ સગવડો ભોગવીએ છીએ. આપણને જીવવા માટે અનિવાર્ય એવાં અન્ન-જલ ધરતી માતા આપે છે. પૌષ્ટિક ફળ અને સુંદર પવિત્ર ફૂલ ધરતીમાતાની દેન

છે. અને જાણો છો ને? આટલો બધો ભાર લઈને ય આ ધરતીમાતા સતત ફરતી રહે છે, માટે જ તો દિવસ-રાતની દુર્લભ ભેટ આપણને સતત મળતી રહે છે.

આમ એક પ્રેમાળ માતાની જેમ ધરતીમાતા કશીય અપેક્ષા વિના આપણને અમૂલ્ય ચીજવસ્તુઓ સદાય આપતી જ રહે છે અને આપણે નગુણા થઈ એ વસ્તુઓનો ઉપભોગ કરીએ છીએ. પણ શ્રી ડોંગરે મહારાજ કહેતા હતા તેમ 'ધરતી તો માતા છે, એનો ઉપયોગ ભલે કરીએ, પણ ઉપભોગ તો ન જ કરીએ.' સુપુત્રનું આટલું લક્ષણ તો આપણામાં હોવું જ જોઈએ.

પણ આ ધરતીમાતા ક્યારેક ગુસ્સે પણ થાય છે. એ માતા સહેજ પડખું ફેરવે તો આખી ધરા ધ્રૂજી ઊઠે છે. આપણે એને ધરતીકંપ કહીએ છીએ. ક્યારેક આ ધરતીકંપ જાનમાલની ભારે હાનિ કરે એવો દુઃખદાયક પણ હોય છે. પણ દરેક ઈષ્ટની સાથે ક્યારેક થોડું અનિષ્ટ પણ હોય છે જ.

આવી ધરતીના એક ટૂકડા માટે મોટાં યુધ્ધો પણ થયાં છે. ધરતી દેશ પ્રદેશમાં વિભાજીત છે જ. એ સરહદ રેખાઓ ઓળંગાતાં ક્યારેક નાનાં છમકલાં તો ક્યારેક સંહારક લડાઈઓ થાય છે. લોભી અને અજ્ઞાની માણસ છળકપટમાંથી ક્યારે ઊંચો આવે છે?

પોતાની ધરતી મા, માતૃભૂમિ પર સૌને પ્રેમ હોય જ. માટે જ તો સુજલામ્, સુફલામ્, મલયજ-શીતલામ્ આપણી

માતૃભૂમિને વંદન કરતાં આપણે હોંશે હોંશે ને હર્ષથી 'વંદે માતરમ્' લલકારીએ છીએ. એક ગુજરાતી કવિ વિદેશ જતાં પહેલાં કહે છે : 'ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો', કારણ કે કવિને ડર છે કે દેશનું આ અલભ્ય નજરાણું ફરી 'મળે ન મળે.'

તો ચાલો, આપણે સૌ દેશપ્રેમી ભારતીઓ આપણી પ્રિય માતૃભૂમિને વંદન કરી એના ગુણગાન ગાતાં હોંશે હોંશે લલકારીએ-

મેરે દેશકી ધરતી સોના ઉગલે... ઉગલે હીરે મોતી,
મેરે દેશકી ધરતી....

"આકાશવાણી" વડોદરા-અમદાવાદ પરથી 'અમૃતધારા'માં
પ્રસારિત. તા. ૧૫-૧૧-૧૦



૨૫. મુઝે બુઢ્ઢા મિલ ગયા!

એક ફિલ્મી ગીત છે : 'મેં ક્યા કરું રામ, મુઝે બુઢ્ઢા મિલ ગયા!' આમાં કોઈ યૌવનાને કમનસીબે કોઈ વૃધ્ધ માણસ પતિ તરીકે માથે પડ્યો હશે એવો ભાવ છે. એટલે કે કજોડાનું લગ્ન થયું હશે. અને કજોડાં પછી ઉંમરનાં હોય કે અક્કલનાં - પણ જરૂર આફતરૂપ લાગે. બાકી, સામાન્ય સંજોગોમાં વૃધ્ધ માણસો અવગણનાને યોગ્ય નથી હોતા. ઉલટું, માન આપવા લાયક હોય છે. "ઘરડાં વગર ગાડાં ન વળે" એ કહેવત કંઈ અમથી નથી પડી. અહીં વૃધ્ધ માણસના વરસોના અનુભવનો નિચોડ કટોકટીમાં કેવું અદ્ભુત કામ કરે છે એ કહેવાયું છે. મુશ્કેલીમાંથી માર્ગ કાઢવા માટે અનુભવનું ઓસડ સાચે જ બહુ ઉપયોગી સાબિત થાય છે.

ખરેખર તો વૃધ્ધ માણસ એટલે કે હરતો ફરતો હાથવગો ઈતિહાસ! જરા કોઈ વૃધ્ધ સાથે થોડીવાર વાતો તો કરી જોજો. તમારાં અંગ્રેજી થોથાંમાં ક્યાંય નહિ લખાયું હોય એવું અદ્ભુત અનુભવજન્ય જ્ઞાન તમને એક વૃધ્ધની વાતોમાંથી લાધશે. પછી ભલે એ વૃધ્ધ એક અભણ ગામડિયો હોય! એક સાચો પ્રસંગ કહું: 'વર્ષો પહેલાંની નાની વાત છે. મારા પિતાશ્રીને અમારા ખેતરમાં કામ કરતા એક વયસ્ક આદિવાસી મજૂરે ક્યારેક પૂછ્યું હતું : 'કાકા બહુ પૈસા શું કરવાના?' બસ, આદિવાસીનો પ્રશ્ન તો આટલો જ નાનો હતો. મારા પિતાશ્રીએ ત્યારે ઘટતી સમજ આપેલી. પણ એ આદિવાસીનો પ્રશ્ન આજેય મારા મનમાં પડઘાય છે : 'બહુ પૈસા શું કરવાના?!' અલબત્ત, આજના કોઈ કૌભાંડી રાજપુરુષ માટે આ પ્રશ્ન નગણ્ય છે. કારણ કે બે નંબરના અબજો રૂપિયા કેમ સગે વગે કરવા એ એના ડાબા હાથનો ખેલ છે! બાકી, કોઈપણ પ્રમાણિક બુદ્ધિશાળી માણસ માટે આ પ્રશ્ન અને એનો ઉત્તર તત્ત્વજ્ઞાનથી ભરેલો છે.' એક વૃધ્ધ આદિવાસી શ્રમજીવીના મનમાં જે પ્રશ્ન ઉઠ્યો એવો પ્રશ્ન આજના રાજકારણીના મનમાં ક્યારેય ઉઠતો નથી, કારણ કે એને તો સાત પેઢીઓનું સાજું પોતાના એક જનમમાં જ કરી લેવું છે., એટલે એ તો "ન્યાયનીતિ સૌ ગરીબને, મોટાને સૌ માફ" ની નીતિને અનુસરી અનૈતિક જીવનમાં રાતદિવસ ડૂબેલો રહે છે. દર મહિને નિયમસર મળતા પગારનું કવર તો એને એના ટેબલ

પર માનપૂર્વક મળે, પણ ટેબલ નીચેની કમાણી તો માત્ર એ એકલો જ જાણે ને? જો કે અહીં તો આપણે વૃધ્ધના રસાયેલા ને કસાયેલા અનુભવના ડહાપણની વાત કરવી છે.

અનેક સુખ દુ:ખની સંકુલ કેડીઓમાંથી પસાર થતો માણસ ઘસાય છે, ઘડાય છે અને વૃધ્ધ થાય છે. કટોકટીમાંથી માર્ગ કાઢવાની યોગ્યતા અને ક્ષમતાને લીધે જ શારીરિક રીતે નબળો લાગતો વૃધ્ધ માનસિક રીતે જબરો સમૃધ્ધ હોય છે. એની સોનેરી સલાહથી મુશ્કેલીમાંથી સરળતાથી માર્ગ નીકળે છે. "જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી." એ કહેવત પણ વૃધ્ધત્વના ડહાપણની દ્યોતક છે. અનુભવ પ્રાપ્તિ એટલે કોરા સિધ્ધાંતોની જાણકારી નહિ, પણ જાતપ્રયોગનું સફળ પરીક્ષણ. કવિની કલ્પના ક્યારેક મૃગજળ જેવી આભાસી હોય, પણ વૃધ્ધત્વની પરિપક્વતા અનેક ઝંઝાવાતોને ઝુકાવવાની તાકાત ધરાવે છે. 'જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તે સમે તે જ તેને પહોંચે' આ કથન નરસિંહ મહેતાના અનુભવોનું રસાયણ છે, કોઈ ડીગ્રીધારીનું સંશોધન નથી!

પરંતુ સાંપ્રત સમયમાં પદ, પદવી અને પૈસાના અધિક મહત્ત્વને કારણે વૃધ્ધોની અવગણના થતી દેખાય છે કે સંભળાય છે. પાશ્ચાત્ય વિચારસરણીએ સ્વીકારેલાં પરિવર્તનોમાં આપણી ઘણી ઉચ્ચ ભાવનાઓનું અવમૂલ્યન થયું છે. આજે તો 'માતૃદેવો

ભવ', 'પિતૃદેવો ભવ' નો સર્વોચ્ચ કુટુંબભાવ નામશેષ થવાના માર્ગે છે! ઉત્તરાવસ્થામાં સાત્વિકવૃત્તિ અને કલ્યાણભાવ મનમાં ભરી વૃધ્ધ સમર્પિત ભાવે નિશ્ચિતતાનો આનંદ માણવા મથતો હોય ત્યારે સ્વસંતાનો તરફથી કે સમાજ તરફથી થતી અવગણના વૃધ્ધને ડંખે છે. માતા પિતા માટે સંતાનો પાસે સમય નથી તો પછી પુત્રવધૂઓ પાસે તો શાની અપેક્ષા રખાય? આવી દયનીય દશા વૃધ્ધને મોતની ઝંખના કરતો કરી દે છે! વધુ ચાલાક સંતાનો તો મા-બાપને પ્રેમથી(!) વૃધ્ધાશ્રમમાં મૂકી આવે છે! જો કે આધુનિક પ્રજા "પીપળ પાન ખરંતાં, હસતી કુપળિયાં : મુજ વીતી, તુજ વીતશે, ધીમી બાપુડિયાં"ની વાતથી બેખબર છે, એટલે એ મૂરખાઓ માત્ર અને માત્ર વર્તમાનમાં જીવે છે. ભાવિના ગર્ભમાં - છૂપાયેલા 'કવિ-ન્યાય' ની એને ખબર નથી; માટે જ તો પોતાને નિત નિશાળે મુકવાને લેવા આવતાં મા-બાપને મંદિરે લઈ જવાનો એમની પાસે સમય નથી, કે એવી ભાવના ય નથી!

પણ વૃધ્ધાશ્રમ એ આ દેશના યુવાનોનું શરમજનક પ્રતીક છે, કારણ કે દરેક વૃધ્ધ-વયસ્કને પોતાનો એક આગવો ઈતિહાસ છે. ગતિ-અવગતિ, સંઘર્ષ, મથામણ, સફળતા-નિષ્ફળતા, સુખ-દુ:ખ, લાભ-હાનિ, હરખ-શોક, જીત-હાર, જેવા અનેક વિરોધાભાસી દ્વંદ્વ અને અગ્નિપરીક્ષામાં તપીને હેમખેમ બહાર આવતો વૃધ્ધ એક અંગત નવલકથાનો આગવો નાયક છે. એ રીતે આપણા વૃધ્ધો એ ઈશ્વરે સર્જેલી વિવિધ નવલકથાઓ છે.

એમના જીવનના પાનાં ઉકેલો અને તમને એક નવલકથા વાંચવા મળશે. હા, એ નવલકથા સુખાન્ત કે દુઃખાન્ત હોવાનો સંભવ છે.

ઉત્તરાવસ્થામાં શારીરિક નબળાઈઓમાં સથવારાની જગ્યાએ સંતાનો જાકારો દે ત્યારનો આઘાત વડીલનું હ્રદય વલોવી નાખે. આમ ન થાય એ માટે વડીલોએ પણ પોતાની આર્થિક સ્વનિર્ભરતાનું આયોજન યુવાનીમાં જ કરવું જોઈએ, જેથી અંતે 'નાણાં વિનાના નાથિયા'ની અવદશા ન થાય. અલબત્ત, સંતાનો એમની ફરજ સમજે એ આવશ્યક છે. Rights and Duties go hand in hand. એટલે સંતાનોને સંપત્તિનો વારસો આપતાં પહેલાં એમને એમની ભાવિ ફરજનો ખ્યાલ આપવો પણ જરૂરી છે. આપણી ઉત્તરાવસ્થા ઉપેક્ષિત ન બને એ માટે એમને કટલીક કડવી શીખ પણ આપવી જરૂરી છે. ઉગતા સૂર્યનો લાલઘૂમ ચહેરો આથમણી દીશામાં પણ એવો જ લાલઘૂમ અને એથીય વધુ રમણીય દેખાય એવું આયોજન માણસે જીવનમાં સવેળા કરવું જોઈએ. વૃધ્ધોએ ગરીબ કે બાપડા-બિચારા થઈને નહિ, પણ ખુમારીથી જીવવાનું પ્લેટફોર્મ અગાઉથી જ બનાવી રાખવું જોઈએ. પોતાની મનગમતી પ્રવૃત્તિમાં મનને જોડી વૃધ્ધોએ નિવૃત્તિને માણવાની છે. યુવાનો વૃધ્ધ થાય એ પહેલાં એમનો બોજ બન્યા વિના વૃધ્ધોએ એમના રાહબર બની સ્વમાનપૂર્વક જીવવાનું છે, કારણ કે સૌએ એ યાદ રાખવું ઘટે કે દરેક વૃધ્ધ એક હરતો ફરતો ઈતિહાસ છે.

એ ઈતિહાસ ને સુખદ, ઐતિહાસિક સમૃધ્ધિથી ભર્યો ભર્યો કરી આપણે સૌ વૃધ્ધત્વને સાચા અર્થમાં જાણીએ, માનીએ અને પ્રમાણીએ એમાં જ આપણી ઋષિ પરંપરાની સંસ્કૃતિની સાચી શોભા છે. તો પછી પેલા ગાયનની પંક્તિ આમ ગવાશે : 'વાહ વાહ રે રામ, મુઝે વડીલ મિલ ગયા!'



૨૬. સંતોષ

સંતોષ એટલે તૃપ્તિ અથવા સમાધાન. સમાધાન કરીએ ત્યારે આપણે જે હોય એટલાથી રાજી રહી સંતોષ માનીએ છીએ. આ રીતે સમાધાનપૂર્વક રાજી રહેવું એ જ સાચું સુખ છે, કારણ કે માણસની ઈચ્છાઓ તો અપાર છે. એક સંસ્કૃત શ્લોકનો સાર એવો છે કે - જેની પાસે કાંઈ નથી તે સોની ઈચ્છા રાખે છે, સો વાળો હજારની અને હજારવાળો લાખની ઈચ્છા રાખે છે. લક્ષાધિપતિ થઈ જવાય તો રાજા બનવાની અને રાજા થવાય પછી ચક્રવર્તી સમ્રાટ થવાની માણસ ઈચ્છા રાખે છે. માટે જ અંતે કવિ કહે છે કે - आशावधिम् को गतः । આશાનો, ઈચ્છાઓનો પાર કોણ પામ્યું છે? આમ ઈચ્છાઓ માણસને સંતોષથી જીવવા નથી દેતી, માટે માણસે પ્રયત્નને અંતે જે મળે એનાથી સંતોષ

માની આનંદથી જીવવું જોઈએ. કહેવત છે કે 'સંતોષી નર સદા સુખી.' એક સામાન્ય ગરીબ છોકરો નેપોલીયન સ્વબળે ફ્રાન્સનો બાદશાહ બન્યો; પણ એટલાથી ન સંતોષાતાં એણે રાજ્યનો વિસ્તાર વધારવા સતત પ્રયત્નો કરી યુધ્ધો કર્યાં. અંતે, હારીને એને એક કેદી તરીકે જીવવું પડ્યું. એની આ અધોગતિનું કારણ હતું અસંતોષ. અસંતોષીને ક્યારેય સુખ, શાંતિ મળતાં નથી. કથાકાર રમેશભાઈ ઓઝાએ કહ્યું છે કે - 'તમારી જરૂરિયાતો ક્યારેય અધૂરી નહિ રહે, અને તમારે ઈચ્છાઓ ક્યારેય પુરી નહિ થાય.'

મંદિરની બહાર ભીખ માગતો એક વૃધ્ધ ભિખારી ભગવાનને ફરિયાદ કરી કહેતો હતો કે 'હું જીવનભર ભિખારી જ રહ્યો.' ભગવાન એના પર દયા લાવી પ્રગટ થયા અને કહ્યું : 'હું તારી થેલીમાં કિંમતી સોનામહોર એક એક કરી નાખીશ. તને સંતોષ થાય ત્યારે 'બસ' કહેજે. પણ જે સોનામહોર નીચે પડી જશે તે કંકર બની જશે. તારી થેલી જૂની છે. માટે થોડામાં સંતોષ રાખી 'બસ' બોલજે.' પછી ભિખારીએ થેલી ધરી ને ભગવાને સોનામહોર નાખવા માંડી. એક.. બે.. દસ.. પચાસ.. સાઠ...! પણ ભિખારી તો 'હજી વધારે' એમ કહેતો જ ગયો અને અંતે સો પછી એકસો એકમી સોનામહોર પડતાં ભિખારીની જીર્ણ થેલી ફાટી ગઈ ને બધી સોનામહોરો નીચે પડી કાંકરા બની ગઈ! ભગવાન અંતર્ધ્યાન થઈ ગયા ને ભિખારી પોતાના ભાગ્ય પર રડતો રહ્યો. અસંતોષને કારણે ભિખારી સોનામહોર મળવા

છતાં લઈ ન શક્યો ને ભિખારી જ રહ્યો! માટે જ જીવનમાં સંતોષનું બહુ મહત્ત્વ છે.

સ્વામી નિખિલેશ્વરાનંદ કહે છે કે Do your best, Leave the rest. તમારાથી બનતું કરો, બાકીનું ભગવાન પર છોડી દો અને જે પ્રાપ્ત થાય એથી સંતોષ માનો, એમાં જ સાચું સુખ છે.

સ્વામી વિવેકાનંદ કહે છે કે 'પોતાની જાતમાં શ્રધ્ધા અને ઈશ્વરમાં શ્રધ્ધા એ જ મહાનતાનું રહસ્ય છે.' માટે આત્મશ્રધ્ધા કેળવી જે મળે એથી સંતોષ માનો. એક દૃષ્ટાંત છે. જમીન પ્રાપ્ત કરવા માટેના લોભને કારણે એક માણસ કેવો બરબાદ થયો. એક લોભીને રાજાએ કહ્યું : 'કાલે દિવસ ઊગે ત્યારથી દિવસ આથમતા સુધી તું જેટલી જમીન પર ચાલી કે દોડી જાય એટલી જમીન તારી.' પેલો લોભીયો તો સૂર્યોદય થતાં જ દોડ્યો... દોડતો જ રહ્યો... શ્વાસ તો માંય નહિ... પરસેવે રેબઝેબ, તોય 'હજી વધારે... વધારે' એમ વિચારી દોડતો જ રહ્યો..! અંતે બેભાન થઈને પડ્યો ને મરી ગયો! અસંતોષીએ વ્યર્થમાં જીવ ગુમાવ્યો. નરસિંહ મહેતા કહે છે કે 'જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તે સમે તે જ તેહને પહોંચે.' યાદ રાખો, સમયથી પહેલાં અને ભાગ્યથી વધારે તમને ક્યારેય કશું જ નહિ મળે. માટે જે મળે એમાં સંતોષથી જીવવામાં જ સાચું સુખ છે.

જોકે સંતોષનો અર્થ પ્રારબ્ધવાદી બની જઈ નિષ્ક્રિય થઈ જવું એમ પણ નહિ. પણ શ્રી કૃષ્ણે ગીતામાં પ્રબોધેલો કર્મયોગ એ જ જીવનનો સાચો માર્ગ છે. ફળની ઈચ્છા વિના કર્મ કરવું.

અને કર્મનું જે ફળ મળે તે સંતોષથી ભોગવવું. એક કવિએ કહ્યું છે કે –

સુખ દુઃખ એ તો મનનું કારણ,
ઝૂંપડે સુખ ને મહેલે ભારણ.

વળી આર્થિક સંપત્તિ ભેગી થાય તો કબીરજી ચેતવે છે કે

પાની બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ,
દોનોં હાથ ઉલેચીયે, યહી સજ્જનકો કામ.

ડોંગરે મહારાજ કહેતા હતા કે લક્ષ્મી તો મા છે, એનો ઉપયોગ કરો, પણ ઉપભોગ ન કરો. આમ અસંતોષથી ઉત્પન્ન થતા લોભથી બચી, સંતોષી બની, જીવનનો સાચો આનંદ માણો. કવિની એક સોનેરી સલાહ ગાંઠે બાંધવા જેવી છે :

'સુખ સમયમાં છકી નવ જવું, દુઃખમાં ન હિંમત હારવી.'

સંતોષી માણસ તો મસ્ત થઈ ગાય છે :

'એ મસ્ત ઘટા મેરી ચાદર હૈ, એ ધરતી મેરા બિસ્તર હૈ.'

આપણે સૌ આવા સંતોષથી જીવીએ એ જ જરૂરી છે.

'આકાશવાણી' અમદાવાદ-વડોદરા પરથી 'અમૃતધારા'માં પ્રસારિત. તા. ૧૪-૧૧-૧૦



૨૭. વિજળીને ચમકારે

આજના સંદર્ભમાં એક ખેડૂતનું દૃષ્ટાંત યાદ આવે છે. સાંભળો :

નાના ગામડામાં રહેતા અભેસંગ બહુ નાના ખેડૂત હતા. પોતાની પાંચ છ એકર જમીન હતી, તેમાં મહેનતપૂર્વક ખેતી કરતા. મળે તો કોઈની જમીન આધે ભાગે પણ કરે. અને જે પાકે એમાંથી પ્રમાણિકપણે એના માલિકને પૂરો ભાગ પણ આપે જ. કશી જ અપ્રમાણિકતા ન વાપરે. પોતાની આવકમાંથી કરકસરપૂર્વક નિર્વાહ કરે ને આનંદથી રહે. સમય મળે મંદિર પણ અચૂક જાય ને પૂજારીને બાર મહિને થોડું અનાજ વગેરે પણ આપે. સુખેથી જે હોય તેમાં એમનો સંસાર ચાલે, ઘરમાં કોઈને કશો અસંતોષ નહિ. પરસેવાની કમાણી હંમેશાં સુખ અને શાંતિ બંને આપે છે. પછી ભલે એ કમાણી બીજાના પ્રમાણમાં ઘણી

ઓછી હોય. પણ મહેનત, પ્રમાણિકતા અને સંતોષ જેવું કોઈ સુખ નથી એનું જીવતું જાગતું દૃષ્ટાંત અભેસંગ હતા. પોતાના બળદનેય કેવા પ્રેમથી સાચવે. એક ભેંસ હતી. એટલે ઘરનાં ચોખ્ખાં દૂધ-ઘી પણ મળતાં. વિશેષ શું જોઈએ માણસના જીવનમાં?

એક દિવસ પોતાના ખેતરમાં હળ ફેરવતા અભેસંગના હળ સાથે કશુંક અથડાયું. ખોદીને અભેસંગે જોયું તો એક જૂની દેગડીમાં સોનાના સિક્કા હતા. અભેસંગની જગાએ બીજો કોઈ હોત તો ખુશીથી ઉછળી પડત. વગર મહેનતે પોતાની ગરીબી પળમાં દૂર થઈ જાત - જો અભેસંગે એ સિક્કા રાખી લીધા હોત તો. પણ અભેસંગ જેનું નામ. પ્રમાણિકતા તો એમના લોહીમાં હતી. એ તો તાંબાની દેગડી લઈને પહોંચ્યા રાજા પાસે ને બધી હકીકત કહી રાજાને એ દેગડી આપતાં કહ્યું : ‘રાજા સાહેબ, મારા ખેતરમાંથી આ તાંબડી ભરેલા સિક્કા નીકળ્યા છે, જે આપને આપવા આવ્યો છું.’

રાજાને અભેસંગની પ્રમાણિકતાથી આશ્ચર્ય થયું. એમણે પૂછ્યું : ‘ભાઈ, આ સિક્કા શાના છે તે ખબર છે?’

‘હા, જી, સોનાના સિક્કા છે એ.’ નિસ્પૃહ ભાવે અભેસંગે કહ્યું.

‘પણ એ તમારા ખેતરમાંથી નીકળ્યા છે. રાખી લો. બહુ કિંમતી છે. તમારી ગરીબાઈ દૂર થઈ જશે.’ રાજાએ સમજાવ્યું. પણ પ્રમાણિક ખેડૂતે કહ્યું :

‘ના જી. મેં એને માટે કશી મહેનત નથી કરી, માટે એની ઉપર મારો હક્ક નથી. આપ તો રાજ્યના ધણી છો. આ

સિક્કા રાખો અને પ્રજાના હિતમાં એનો સારો ઉપયોગ કરજો. એના પર તો આપનો જ અધિકાર છે.' આ સાંભળી રાજા ખૂબ ખુશ થયા, આ મહેનતકસ ખેડૂતની પ્રમાણિકતા પર. એમણે એમાંથી પોશ ભરીને સિક્કા અભેસંગને આપવા માંડ્યા તો એ પણ એમણે ન લીધા. કહે : 'રાજા સાહેબ, વગર હક્કનું મને કશું ન ખપે. હું તો મહેનતનું કમાઈને ખાનારો નાનો માણસ છું.'

આ નાના માણસની મોટાઈ જોઈ રાજા ખૂબ ખુશ થયા અને અભેસંગને પ્રેમપૂર્વક રવાના કર્યા.

વાત તો પૂરી થઈ, પણ વિચારવાનું એ છે કે આજે આવા અભેસંગ સમાજમાં કેટલા હશે? આજે તો સત્તા પર બેઠેલા નાના સિપાહીથી માંડી મોટા પ્રધાન સુધી બધે જ વગર મહેનતનું પડાવી પૈસો ભેગો કરવો ને એશ-આરામ કરી પ્રજાને હેરાન પરેશાન થતી જોઈ રહેનારા સત્તાંધો જ નજરે પડે છે. લાંચરુશ્વતથી કરોડોની સંપત્તિ ભેગી કરનારા સમાજમાં ઉચ્ચ આસને બેઠા છે. એ પોતપોતાના હોદ્દાના ગજા પ્રમાણે પ્રજાને પૈસે મોટરોમાં ઘૂમે છે ને એરોપ્લેનોમાં ઊડે છે. પાછા કહેવાય છે એ 'સેવકો'! ભ્રષ્ટાચાર અને અનાચારથી ખરડાયેલો ન હોય એવો કોઈ સત્તાધારી મળે તો માનવું કે હજી માણસનું તપ તપે છે ને ભગવાન જેવું કશુંક તત્ત્વ જગતમાં છે ખરું! બાકી તો હડહડતા કળીયુગનાં જ દર્શન થાય છે બધે. કોઈ સ્ત્રી પર અત્યાચાર કરે અને પાછા પોતાનું પાપ છૂપાવવા એને મારી ય નાખે! સામાન્ય માણસોથી માંડીને મોટા મોટા અમલદારોય આવા કૌભાંડો આચરે છે. માન્યામાં ન આવે એવી વાતો છે. પણ રક્ષક જ સૌથી મોટો ભક્ષક બનતો

હોય છે! વાડ જ ચીભડાં ગળે ત્યારે પ્રજા ક્યાં જાય?

લોકો બહુ સાચી રીતે ભયંકર મોંઘવારીથી ત્રાસી ગયા છે, ને પ્રધાનોના પેટનું તો પાણીય હાલતું નથી. ન જ હાલે. કારણ કે એ પેટ ખાલી નથી. બે નંબરના પીણાંથી એ ખીચોખીચ ભરેલું છે! પ્રજા કાં તો બહુ સારી છે, કાં તો નમાલી છે. બાકી આવા સ્વાર્થી, લુચ્ચા, લાંચખોરોને કેવી રીતે સહી લેવાય? ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ ક્યારે જાગશે? શી ખબર? પણ એ જાગશે ત્યારે ખંડેરની ભસ્મકણી ન લાધશે એ નક્કી માનજો.

હજી પ્રાર્થીએ : "ભગવાન સૌને સદ્‌બુદ્ધિ આપે અને ગાંધીદીધી મહામૂલી આપણી આઝાદીની રક્ષા થાય."

પરસેવાની કમાણીથી જીવવાનો આનંદ અનેરો હોય છે. જે સંતોષ અને શાંતિ પ્રમાણિક જીવન જીવનારાને મળે છે એવાં સંતોષ અને શાંતિનું ભ્રષ્ટાચારીઓને તો સ્વપ્ન પણ ન આવે. પ્રમાણિકતાની ખુમારીય જુદી હોય છે, એવી ખુમારીથી જીવનારને ડાયાબીટીસ, બ્લડપ્રેશર કે અનિંદ્રા જેવા રોગ નથી થતા.

અને ઈશ્વર જો હશે તો આટલા મોટા વિશ્વનો કારોબાર ચલાવનારને ત્યાં અંધેર તો નહિ જ હોય ને? સમજીએ તો માણસનું જીવન તો ક્ષણભંગુર છે. માટે જ તો ગંગા સતી કહે છે : "વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ, અચાનક અંધારાં આવશે." સારું કામ કરવાની તક ઝડપી લો. નહિતર...



૨૮. તો ખંડેરની ભસ્મકણી ન લાધશે!

એક પ્રસંગ વાંચ્યો, નાની પણ હૃદયસ્પર્શી વાત છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવનનું દૃષ્ટાંત છે. જનરલ કરીઅપ્પાના ભાઈ હતા કુમારપ્પા. તેમને ગાંધીજીને મળવાની ઈચ્છા હતી. ક્યારેય મળેલા નહિ. એટલે એ મહાપુરુષના દર્શનની અભિલાષાથી અમદાવાદના ગાંધીજીના સાબરમતિ આશ્રમે ગયા. પ્રથમ વાર જ આશ્રમમાં ગયેલા. ત્યારે એક ગામડિયા જેવો ડોસો માથે ફાળિયું બાંધી વાસીદું કરતો હતો. હા, પશુઓનું છાણ મૂતર વાળી એક ટોપલામાં ભરી સાફસૂફી કરતો એ વૃધ્ધ પાક્કો ગામડિયો લાગતો હતો. કુમારપ્પાએ એ ડોસાને કહ્યું : 'ગાંધીજીને કહો કે કુમારપ્પા આપને મળવા આવ્યા છે.' પેલા ડોસાએ તો સામો પ્રશ્ન કર્યો : 'ગાંધીજીએ કેટલા વાગે તમને મળવાનું કહ્યું છે?' કુમારપ્પાને ડોસાનું આ દોઢ ડહાપણ ન ગમ્યું. એ ગુસ્સે થઈ બોલ્યા : 'ચાર વાગે મળવાનું છે.' વળી પેલા ડોસાએ કહ્યું : 'પણ હજી તો સાડા ત્રણ જ વાગ્યા છે!' કુમારપ્પા વધુ ગુસ્સે

થયા. બોલ્યા : 'બહુ ડાહ્યો ના થા, જા, મેં કહ્યું છે તેમ જઈને ખબર આપ.' આથી ડોસો કશું જ બોલ્યા વગર અંદરના ખંડમાં ગયો અને થોડીવારે પાછો આવ્યો. પાછા આવીને કુમારપ્પાને કહ્યું : 'બેસો સાહેબ, ગાંધીજી આપને બરાબર ચાર વાગે મળશે.'

ગાંધીજી સમયના બહુ પાક્કા હતા. કુમારપ્પા ઓટલે પાથરેલી ગાદી પર ચાર વાગ્યાની રાહ જોતા બેઠા. થોડીવારે ચારના ટકોરા થયા, એટલે હાથ ધોઈ, પોતાને માથેથી ફાળિયું કાઢી નાખી, પેલા ડોસાએ કહ્યું : 'બોલો સાહેબ, શું કામ છે? મને લોકો 'ગાંધી' કહે છે!'

કુમારપ્પા તો આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયા! 'આ ગાંધીજી!?' વળી ખૂબ પસ્તાયા : 'મેં તો આમની સાથે તોછડું ને અપમાનજનક વર્તન કર્યું હતું? વાસીદું કરતો ગામડિયો એ જ ચાલીસ કરોડનો નેતા ગાંધીજી!' આવા સીધા સાદા, નમ્ર સેવક હતા આપણા-રાષ્ટ્રપિતા! પણ એમણે તો દેશસેવા માટે ભેખ લીધો હતો. એમની સેવામાં સ્વાર્થ, અભિમાન, આડંબરને અંશ પણ ક્યાંથી હોય? અને આજે? સેકંડે પંચાણું ટકા આડંબરી દેશ સેવકો જ દેખાય છે! માત્ર આડંબરી જ નહિ, ભ્રષ્ટાચારી સેવકો (!) થી આ દેશની પ્રજા પારાવાર હાડમારીઓ અનુભવે છે. આ ગાંધી-દીધી આઝાદીની વચ્ચે જીવીને! માત્ર બે વર્ષ ઝારખંડના મુખ્યપ્રધાનપદે રહેનાર એક સેવક(!)ની કરોડો કરોડોની સંપત્તિ વિષે વાંચ્યું ને? દુનિયાના અનેક દેશોમાં એણે કરોડોની સંપત્તિ જમા કરી દીધી છે! કરોડો રૂપિયા જુદી જુદી બેંકોમાં પડ્યા છે એના. અને અનેક મોટા ધંધામાં એમની ભાગીદારી છે! થોડા

વર્ષ પહેલાં જે માણસ દૈનિક વીસ રૂપિયાની મજૂરી કરતો હતો તેની પાસે આજે ગણ્યા ગણાય નહિ એટલા કરોડ રૂપિયાની સંપત્તિ એકઠી થઈ ગઈ! (એના પિતાજી તો હજીય ખેતરમાં મજૂરી કરે છે!) આ દૃષ્ટાંત તો મોટી હિમશીલાની એક ટોચ માત્ર છે. આવા તો કેટલાય સેવકોના કૌભાંડોમાંથી આ દેશની પ્રજાના પરસેવાનાં નાણાં વેડફાય છે, ને લોકો બેકારી, મોંઘવારી અને અછતના માર્યા પરેશાન થઈ જીવે છે!

અને આ બધું ગાંધીજીના નામે, દેશસેવાને નામે, દરેક ચૂંટણીમાં મોટાં ને ખોટાં વચનો આપીને પ્રાપ્ત કરેલી સત્તા દ્વારા થાય છે. સેવાના મેવા ય અપચો થાય એટલા આ દેશસેવકો ખાધા જ કરે છે! માથે ફાળિયું બાંધી આશ્રમના પરિસરમાં વાસીદું કરતા ગાંધીજીના સેવકો ફાઈવસ્ટાર હોટલોમાં રહે છે ને એરકંન્ડીશન્ડ ઓફિસોમાં બેસી ગરીબ દેશનો વહીવટ કરે છે! આગગાડીના ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા ગાંધીજીના કહેવાતા અનુયાયીઓ પ્લેનમાં ઊડે છે ને પ્રજાના કરોડો રૂપિયા ખર્ચી દેશ વિદેશમાં મહાલ્યા કરે છે. એમને કવિ ઉમાશંકર જોષીની પેલી કાવ્યપંક્તિઓ કોણ સંભળાવે?

"ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે!"

તો શું કરીશું? આવા કૌભાંડીઓના ભ્રષ્ટાચાર વચ્ચે જેમ તેમ જીવી ખાઈશું? કે...?



૨૯. અંતર્યામી

શાયર રુસ્વા મઝલૂમીનો એક સરસ શેર છે :

'હું ફૂલે ફૂલે ફરતો રહ્યો, શોધતો રહ્યો,
મારી બહાર ક્યાય મળી ના બહારમાં.'

અહીં કવિએ 'બહાર' શબ્દને શ્લેષ અલંકાર દ્વારા કેવો હૃદયસ્પર્શી રીતે પ્રયોજ્યો છે! ભમરો ફૂલે ફૂલે બેસીને એનું રસપાન કરે છે, એ રીતે એનો રસ એ જરૂર પામે છે, પણ ભ્રમરને ફૂલ મળતું નથી! કારણ કે આ ભ્રમરવૃત્તિ તો સ્વાર્થી છે. કવિ અહીં આધ્યાત્મિક ભૂમિ પર વાત કરે છે. માણસ ભગવાનને મંદિરમાં કે મસ્જિદમાં અથવા જુદાં જુદાં યાત્રાધામોમાં શોધે છે, પણ ઘાટ તો 'માધવ ક્યાંય નથી મધુવનમાં' જેવો થાય છે. કવિના શબ્દોમાં

'પંડની પેટીમાં પારસ છે પડ્યો, વાવરી જાણે તે બડભાગિયો જી રે!' ભગવાન તો આપણા હૃદયમાં જ વસેલો છે. પણ પેલો કસ્તુરીમૃગ જેવો આપણો ઘાટ થાય છે. 'કસ્તુરી કુંડલ બસે, મૃગ ઢૂંઢે વનમાંહી.' પોતાની નાભિમાં જ કસ્તુરી મહેકે છે, પણ એ સુગંધને પામવા હરણાં વ્યર્થ રીતે આખા જંગલમાં ભટકે છે, તેમ ભગવાન આપણા હૃદયમાં જ વસેલો છે, પણ એને શોધવા આપણે કાશી, મથુરા કે મક્કાના ધક્કા ખાઈ ખાલી હાથે પાછા આવીએ છીએ. વળી ભગવાન તો અંતર્યામી છે. આપણા અંતરની વાત એ જાણનારો છે. એના મિલનની આપણી પ્યાસ સાચી હોય તો એની દયા-વૃષ્ટિ ને પ્રેમ-દૃષ્ટિ થાય જ. પેલા કસ્તુરીમૃગની વાતમાં. કવિ કહે છે જ કે 'ઐસે ઘટમેં રામ હૈ, દુનિયા દેખત નાહીં' આપણા અંતરમાં બેઠેલા રામને જ આપણે જોતા નથી. પૂજ્ય રંગ અવધૂત મહારાજ 'દત્ત બાવની'માં કહે છે કે 'અંતર્યામી સતચિત સુખ, બહાર સદ્‌ગુરૂ દ્વિભુજ સુમુખ.' બીજા કવિ પણ કહે છે : 'દિન રાત અંતર ગોખે હસતો, વિવિધ સ્વરૂપે વિશ્વંભર મળતો.' આમ આપણા હૃદયના ભાવને જાણનાર અંતર્યામી પ્રભુ ડગલે ને પગલે આપણને દર્શન દે છે.પણ એને જોવાની આપણી દૃષ્ટિ હોવી જોઈએ. નરસિંહ મહેતાની પ્રેમઘેલી ભોળી ભરવાડણ ગોરસને બદલે મટકી લઈને ભગવાનને વેચવા નીકળી હતી અને માટે જ તો એની મટકી કોઈએ નીચે ઉતારાવી ત્યારે 'ગોવાલણીના ભાગ્યે પ્રગટ્યા અંતરજામી, દાસલડાંને લાડ લડાવે નરસૈયાનો

સ્વામી' જેવો સુખદ આશ્ચર્યકારક અનુભવ સૌને થયો! ભગવાન તો સર્વવ્યાપી છે, Omni-present છે. માટે જ તો કવિ સુંદરમ્ પૂછે છે : 'પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ?' અર્થાત્ એ પાંદડીએ પાંદડીએ પ્રભુનો વાસ છે. અને બીજા એવા જ વિશાળ પટ પર પથરાયેલો પ્રશ્ન પૂછતાં કવિ કહે છે : 'પૃથ્વી ઉરથી ઊઠે કોનો સુરભિત પુલકિત, મુખરિત શ્વાસ?' ચિંતકો તો કહે છે : Knock the door and it will be opened. ખખડાવો ને (ભગવાનનાં) દ્વાર ઉઘડશે. પણ આજે નરસિંહ કે મીરાંની જેમ સાચા દિલથી ભગવાનનું દ્વારા ખખડાવનાર ભક્ત જ ક્યાં છે? બાકી ભગત તો કહે છે : 'દિલ શુધ્ધે દિદાર દેખ.' શુધ્ધ દિલ હોય તો અંતર્યામી ભગવાનનાં દર્શન અચૂક થાય. મનના અરીસા પર જામેલો કચરો સાફ કરો તો તો ભગવાનની છબી સ્પષ્ટપણે દેખાશે. સાચો ભક્ત જો દિલની સાચી આરઝુ પ્રગટ કરતાં કહે કે 'મારા અંતરના દ્વારે પ્રભુ તારી પગલી પડે.' તો પ્રભુ તો 'અંતરની એરણ પર ચેતનરૂપી હથોડી અફાળતા' આપણી પાસે આવે જ. માટે જ તો ગીતાના નવમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે : ये भजन्ति तु मां भक्त्या, मयि ते तेषु चाप्यहम् । અર્થાત્ જેઓ મને ભક્તિથી ભજે છે, તેઓ મારામાં છે અને હું પણ તેઓમાં છું.

આમ સાચા ભક્તને ભગવાન જાણે છે અને એ એનામાં વસે છે. આ અંતર્યામીની સ્તુતિ કરતાં મેં ક્યારેક લખ્યું હતું :

સહુ સ્થળે સૌ કાળે કામે, સેવા એની સૌ જન પામે,
સેવકનું પણ નામ લખ્યું ના, કદી પ્રભુએ કો ટાણે.

'આકાશવાણી' વડોદરા-અમદાવાદ પરથી 'અમૃતધારા'માં
પ્રસારિત. તા. ૧૯-૬-૦૯



૩૦. ભગવાન શ્રીકૃષ્ણનો પત્ર

- એક ગુજરાતીને!

પ્રિય ગુર્જરવાસી,

બહુ વર્ષે એક બહુ જ ટૂંકો પત્ર આજે ખાસ તને જ લખી રહ્યો છું. મારી બાજુમાં બેઠેલા તમારા મહાત્મા ગાંધીજીના આગ્રહથી આજે બે ચાર ટૂંકી વાતો લખું છું. જરા ધ્યાનથી વાંચ :

અંગ્રેજો પાસેથી ભારતને આઝાદી મળી એ વાતને ખાસ્સા છ દાયકા વીતી ગયા. ઘણા નવયુવાનોએ શહીદી વહોરી અને અનેક વીરાંગનાઓએ અકલ્પ્ય ત્યાગ કર્યો ત્યારે મહાત્મા ગાંધીજીના પુણ્યપ્રતાપે ભારતને આઝાદી મળી. આશા સૌને એવી હતી કે હવે દેશમાં સૌ સારાં વાનાં થશે. લોકો પ્રમાણિકપણે

જીવશે ને મહેનત કરી ખાશે. રાજકર્તાઓ પ્રજાની સેવા કરશે ને આઝાદીને પગલે દેશમાં આબાદી પણ આવશે. સામાન્ય લોકોએ તો બહુધા પ્રામાણિકતા સાચવી છે. પણ રાજકર્તાઓએ અનીતિ, ભ્રષ્ટાચાર, લાંચરુશ્વત વગેરે પ્રકારનાં અનેક દૂષણો વડે કરોડોની સંપત્તિ જોતજોતામાં ભેગી કરી લીધી છે અને ન્યાય નીતિ ગરીબ માટે રાખી એમણે પ્રજાના નાણાંનો ધૂમાડો કર્યો છે, ને હજીય કરે છે. ગીતામાં તો મેં ઘણું કહ્યું છે, પણ એક વાત યાદ કરાવું કે સદા મારામાં જોડાઈ રહેનારાઓનું યોગ અને ક્ષેમ સર્વપ્રકારે હું પોતે વહન કરું છું. (योगक्षेमं वहाम्यहं) પણ મારા વચનમાં ય વિશ્વાસ કોને છે? જોકે મેં એમ પણ કહ્યું છે કે 'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत..' જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મ જોર પકડે છે ત્યારે ત્યારે હું સાધુજનોના ઉધ્ધાર માટે અને દુષ્ટજનોના સંહાર માટે પ્રગટ થાઉં છું. જોકે આ વાત આખા વિશ્વને લાગુ પડે છે. પણ જગત આખાની વાત ફરી કરીશું.

"આ ગીતાવચન સાર્થક કરવાનો સમય હવે પાકી ગયો છે, માટે હે પ્રભુ, તમે અવતાર ધારણ કરો" એવી પ્રાર્થના ઘણા લોકો કરે છે." છતાં મારી દષ્ટિએ હજી થોડી રાહ જોવી જરૂરી છે. પણ હવે દુનિયાનો આ પાપાચાર બહુ ચાલશે પણ નહિ. મારું સુદર્શન એનું કામ કરશે જ. ભ્રષ્ટાચારીઓ અને દુરાચારીઓને શિક્ષા થશે જ.

ત્યારે, હે વ્હાલા ગુર્જરજન, તને મારે ખાસ ચેતવવાની

જરૂર એટલા માટે છે કે મેં ગુજરાતમાં ગાયો ચારી છે ને ગોવાળમાંથી હું યમુના નદીનું પાણી પી ગોવિંદ બન્યો છું. એટલે ગુજરાત પર મને વિશેષ મમતા છે. તમે સૌ ગુર્જરવાસીઓ, તમારા પ્યારા બાપુ અને વીર સરદારને યાદ કરી દેશપ્રેમની ધૂણી જગાવી દેશને પુનઃ દોરવણી આપો અને ભારતના ભાવિને ઉજ્જવલ બનાવો. તમે સૌ ગુજરાતીઓ એ કરી શકશો.

લિ. જશોદામાનો કનૈયો



૩૧. પ્રભુને પામવા

અસંખ્ય પગથિયાં ચઢી મંદિરમાં પહોંચ્યા ને પ્રભુનાં દર્શન કર્યાં. દર્શન કરીને પાવન થયા ને ધન્યતા અનુભવી. સારું થયું. એટલી શાંતિ તો મળી.

પણ વાસ્તવમાં તો પ્રભુને પામવા માટે જીવનવનની કપરી કેડીમાંથી પસાર થઈ અનેક પગલાં ભરતાં ભરતાં એની પાસે જવા સતત મથવાનું છે, કારણ કે જીવન ટૂંકું છે ને યાત્રા તો લાંબી છે. છતાં એ યાત્રાને સરળ અને સફળ કરવા નીચેનાં જેવા થોડા સંકલ્પો જરૂરી કરી શકીએ :

મારા વિચાર, વાણી અને વર્તનમાં કશું અસત્ય નહિ હોય.

હંમેશાં સાચું કહીશ અને સારું જ કરીશ.

મારા વિચાર, વાણી અને વર્તનમાં એકરૂપતા હશે.

બીજાનાં દુઃખ દૂર કરવા હું હંમેશાં મથીશ.

હું કદી સ્વાર્થી નહિ બનું. પરોપકારમાં જ મારું સુખ હશે.

અભિમાની તો નહિ જ બનું.

હું કોઈની નિંદા કદી કરીશ નહિ.

હું નમ્ર, નિષ્ઠાવાન અને શ્રધ્ધાળુ બનીશ.

પારકા ધનને હું સ્પર્શ પણ નહિ કરું.

પર સ્ત્રીને નિર્મળ નજરે જોઈ હું માતા સમાન ગણીશ.

મારા ઘર, ગામ અને દેશને વફાદાર રહીશ.

દયા, નીતિ, પ્રેમ અને પ્રમાણિકતાભર્યું જીવન જીવી હું સાચો માણસ બનીશ.

હે પ્રભુ, પ્રેમ, નિષ્ઠા, પ્રમાણિકતા, દયા, સાત્વિકતા, નમ્રતા અને વિવેકયુક્ત જીવન જીવવા મને શક્તિ આપ.



૩૨. શરદપૂનમની રાત જો.

કેવું રળિયામણું લાગે છે આસો માસનું વાતાવરણ! આકાશમાં આછાં આછાં વાદળ હોય તો હોય, નયે હોય. કવિ કહી ઊઠે : 'દીપે છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકે નથી વાદળી!' એવું નયનરમ્ય શરદનું આકાશ. રાત્રે ચંદ્રની આસપાસ અહીં તહીં તારલા વેરાયેલા પડ્યા છે. જાણે વડીલની નિશ્રામાં રમતાં બાળકો! અત્યારે નથી ટાઢ, નથી તાપ, દિવસ હજી ટૂંકો નથી થયો. બહુ લાંબોય નથી. અને ધરતીની શોભા તો મન હરી લે એવી છે. વરસી વરસીને ખાલી થઈ ગયેલાં શ્વેત વાદળોની સ્નેહભરી ભેટ સ્વીકારી સૂકાં તળાવ, સરોવર ને નદીઓ જળથી છલોછલ થઈ લહેરાવાં લાગ્યાં છે. નદીનું નિતર્યું સ્વચ્છ વહેતું પાણી સતત ગતિશીલતાનો પ્રેરક સંદેશ આપે છે. અને એમાં

દેખાતું આપણું પ્રતિબિંબ આપણને સ્વદર્શનની પ્રેરણા આપે છે. મોલથી લહેરાતાં ખેતરો નિહાળતો જગતનો તાત આંખોમાં સંતોષના ભાવ સાથે પરમેશ્વરની દયા બદલ આભાર માનતો પોતાના બળદને ડચકારીને ગાઈ ઉઠે છે : 'ચાલો મારા ધોળિયા, દોડો મારા લાલિયા, ઉજળા દન આયા આનંદના.'

દિન પ્રતિદિન મોટો થતો જતો આસોનો ઉજળો ચંદ્રમા પૂનમની રાતે સોળે કળાએ ખીલી ઊઠે છે! ધરતી પર વરસે છે અમૃત! ત્યારે નાનાલાલ જેવા મહાકવિ ગાઈ ઊઠે છે : 'અમૃત અંજલિમાં નહિ ઝીલું રે.' પુષ્પ નક્ષત્રમાં ઝાકળ બિંદુ પેલી માછલી પી જાય ને એથી પાકે અમુલખ મોતી! શરદની આ રાતે તો કુદરત મોતીની ખેતી કરે છે!

શરદના સોહામણા ચાંદનાં તો કવિઓએ મનભરીને ગીતો ગાયાં છે. આસોના પહેલા નવ દિવસ તો નવરાત્રિના, માની આરાધના અને ભક્તિના. ગરવી ગુજરાતણો ગરબા ગાઈ માને પ્રસન્ન કરવા આનંદ આનંદથી ગરબે ઘૂમે છે. ભક્તિભાવથી ભરપુર વાતાવરણમાં 'શરદપૂનમની રાત જો… ચાંદલીયો ઊગ્યો રે સખી મારા ચોકમાં' ગાય ત્યારે તો દેવલોકો ય સ્વર્ગમાંથી ગામડાના એક ઘરના ઓટલે આવીને ઊભા રહેતા હશે ને વિવિધ તાલમાં ને મદભરી ચાલમાં ગરબે ઘૂમતી ગુજરતણોના હર્ષોલ્લાસ અને નમણાં રૂપ જોઈ સ્વર્ગની શોભા અને એમની સુંદર પરીઓના રૂપને ભૂલી જઈ અહીં માની ભક્તિમાં લીન થઈ જતા હશે!

આવું જ એક નયનહર દૃશ્યને જોઈને કવિ ગાઈ ઊઠ્યા હશેઃ 'ગોકુળિયું ગામ મારું, સુખનું છે ધામ રે!' અને શરદના ચંદ્રને પ્રત્યક્ષ કરતી કવિની આ પંક્તિઓ તો જુઓ :

"આજ મહારાજ જલ ઉપર ઉદય જોઈને
ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે, સ્નેહધન
કુસુમવન, વિમલ પરિમલ ગહન...
પિતા કાલના સર્વ સંતાપ શામે!"

- કેવું અદ્‌ભુત શબ્દચિત્ર!

તમારી આંખના તેજની પરીક્ષા કરવી હોય તો શરદપૂનમની રાત્રે ચંદ્રના અજવાળામાં સોયમાં દોરો પરોવો! (મેં ક્યારેક પરોવ્યો હતો) શરદના ચાંદનું મીઠું અજવાળું મન મોહી લે!

શરદપૂનમની રાત્રે માટીના નાના ઘડામાં પાણી ભરી, એમાં થોડી સાકર નાખી, એના મોઢે ગળણું બાંધી આખી રાત એ તેજમાં ઘડાને મૂકી રાખો ને સવારે એ અમૃત સકુટુંબ પીઓ. એ પીણું યા જિંદગીનો એક આસ્વાદ બની રહેશે.

દૂધપૌંઆની મિજબાની તો શરદપૂનમની રાતની એક આગવી મહેફીલ છે. રસિક નરનારીઓ તો નદી કિનારે જઈ મધરાત સુધી મહાલે છે.

આવી રઢિયાળી રાતની માદક હવામાં જ વ્રજની ગોપીઓ ગાઈ ઊઠી હશે :

"આશાભર્યા તે અમે આવીયાં ને મારે વ્હાલે
સમાડ્યાં રાસ રે, આવેલ આશાભર્યા,
શરદપૂનમની રાતડી ને કાંઈ ચંદ્ર
ચઢ્યો આકાશ રે, આવેલ આશાભર્યા!"

ચાલો આપણે સૌ પણ આશાભર્યા માહોલમાં શરદપૂનમની રાત્રે પ્રફુલ્લ મને ધરતીના બિસ્તર ઉપર પોઢીને શરદના ચાંદને અવલોકીએ.

❒

૩૩. ઊર્મિલાની કેફિયત
(રામાયણના એક ઉપેક્ષિત પાત્રની હૈયાવરાળ)

હું રામાયણની ઊર્મિલા છું. હા, શ્રીરામના લઘુબંધુ અને અનન્ય સેવક વીર લક્ષ્મણની પત્ની હું ઊર્મિલા છું. આજે ઘણાં વર્ષ પછી મારા મનની વાત કરું છું.

મારી એક ફરિયાદ છે કે રામાયણમાં વાલ્મિકી અને તુલસીદાસને હાથે મને જાણે અજાણે અન્યાય થયો છે. મને જીવનમાં કશો અસંતોષ નથી. છતાં મને લાગે છે કે વનમાં પતિની સાથે હું ના જઈ શકી. મારે જવું હતું છતાં એથી પતિસેવા વિનાનાં મારાં ચૌદ વર્ષ એળે ગયાં! આ એક આદર્શ અને પતિવ્રતા સ્ત્રીની હૈયાંવરાળ છે. સીતા કરતાં મારો ત્યાગ મહાન છે એમ હું નથી કહેતી. વળી કેટલાક અજ્ઞાની લોકો માને છે તેમ સીતાને માન કે કીર્તિ મળે એની મને અદેખાઈ નથી. એમ હોય જ કેવી રીતે? અમે દેરાણી જેઠાણી તો પછી થયાં. જન્મથી જ લોહીની સગાઈએ સંધાયેલી અમે તો બહેનો છીએ. વળી સીતા તો મારી મોટી બહેન છે. એનાં કીર્તિ ને સુખ એ મારાં જ. સીતાનો હું

આદર કરૂં, એની અદેખાઈ ક્યારેય ન કરૂં. મને તો સીતાની નાની બહેન હોવાનો ગર્વ છે. કેટલાક એમ કહે છે કે – 'એકલાં સીતાજીને કારણે રામ-લક્ષ્મણ આટલા હેરાન થયા, તો હું પણ સાથે હોત તો શું થાત?' બુધ્ધિહીન દલીલ છે આ. સીતાહરણનો પ્રસંગ યાદ તો કરો. સીતાએ આગ્રહપૂર્વક સુવર્ણમૃગની માગણી શ્રીરામ પાસે કરી ત્યારે અનિચ્છાએ સીતા લક્ષ્મણજીને સોંપીને શ્રીરામે મૃગને મારવા જવું પડ્યું. સુવર્ણમૃગના ચર્મની હઠ ન કરવા હું ત્યારે સીતાને સમજાવી શકી હોત. આમ બનત તો સીતાનું હરણ જ ન થાત. પછી રામના બાણથી ઘાયલ માયાવી મૃગે 'ભાઈ લક્ષ્મણ બચાવ!' એવી રામના નામની બનાવટી બૂમ મારી. છતાં 'રામને કદી મુસીબત આવેજ નહિ' એમ કહી સીતાજીને એકલા મૂકીને જવાની લક્ષ્મણજીએ સ્પષ્ટ ના પાડી, ત્યારે આપને યાદ છે સીતાએ કેવાં કટુ વચનો કહી લક્ષ્મણને મજબુર કર્યા હતા? અરે, મારા તપસ્વી પતિ પર આળ મૂકતાંય સીતાએ ક્યાં વિચાર કર્યો હતો? હું સાથે હોત તો આવો આળ મૂકવાનો પ્રસંગ આવત? અને તે આળ વિના લક્ષ્મણજી કદી સીતાને એકલાં મૂકીને જાત? એટલે આમ થયું હોત તો પણ સીતાનું અપહરણ ન થાત. છતાં લક્ષ્મણજી ગયા હોત તો પણ પંચવટીમાં અમે બે બેનો તો હોત ને? તો રાવણ એના માયાવી રૂપથી સીતાને ફોસલાવી ન શકત એમ નથી લાગતું? કારણ, સીતાને હું લક્ષ્મણ રેખા ઓળંગતાં રોકી શકત, અને એક કરુણ ઘટના નિવારી શકાત.

સીતાના હરણ પછી પણ એ ક્યાં ગઈ અને એનું શું થયું એ જાણવા રડતા રામને પથ્થર, વૃક્ષ અને પશુ પંખીને પૂછવું પડ્યું હતું- જટાયુ મળ્યો ત્યાં સુધી! હું હોત તો સીતાની ભાળ તુરત આપી શકત. આમ વનમાં હું શ્રીરામ, લક્ષ્મણ અને સીતાને મદદરૂપ થાત અને મેં કહ્યું તેમ સીતા હરણનો પ્રસંગ જ મારી હાજરીને કારણે ટળી જાત. તો રામ, લક્ષ્મણ અને સીતા- બધાં જ કેટલી મુશ્કેલીમાંથી બચી જાત? અને તો લક્ષ્મણની તપશ્ચર્યાની જરૂર રહેત? મારા પતિ એમના ભાઈ અને ભાભીની સેવામાં હતા તો એ સેવામાં હું પણ પાછી ન પડત એ વાત મને જો તક મળી હોત તો બતાવી આપત. 'સીતા માતાની કીર્તિને કલંક છે અને મને કલંક વિનાની કીર્તિ મળી છે,' એમ ઘણા કહે છે. પણ કોણ કહે છે કે સીતાની કીર્તિને કલંક છે? એમની કીર્તિ નિષ્કલંક છે (જે માટે હું ગર્વ લઉં છું.) કોઈક મૂર્ખ રજકે એમ કહ્યું તેથી કાંઈ કલંક લાગી ગયું? ઊલટું, એથી તો એમનું સતીત્વ કસોટીએ ચડ્યું અને એમાંથી અણિશુદ્ધ બહાર આવતાં એમની કીર્તિને ચાર ચાંદ લાગી ગયા. 'ગુલાબને કાંટા હોય છે' એવી ફરિયાદ લોક ભલે કરે બાકી, કાંટામાંય ગુલાબ હોય છે એમ વિચારી હું તો આનંદ માનનારી છું, સારું જોનારી છું, એટલે રાવણને ઘેર રહેવા છતાંય સીતા પવિત્ર છે એમ વિચારી હું હર્ષ પામું છું. સીતાના ઉચ્ચ ચારિત્ર્યમાં દૂષણ છે જ નહિ.

મહત્ત્વાકાંક્ષાના સીધા ચઢાણ પર જવાનું જોખમ મને ન

મળ્યું એથી આત્મસંતોષ અનુભવવાની કોઈ મને સલાહ આપે પણ હું તો કહું છું કે મહત્વાકાંક્ષા વિનાનું માનવી માનવી જ નથી, પશુ છે. મહત્ત્વાકાંક્ષા વિના પ્રગતિ શક્ય છે? અને પ્રગતિ વિનાનું જીવન હું ચાહતી નહોતી. જોખમોથી ડરૂં એવી નિર્માલ્ય હું નહોતી. જનકની પુત્રી અને લક્ષ્મણની પત્નીનું ગૌરવ મારી રગેરગમાં હતું. હું જંગલમાંય એ શોભાવત. તપશ્ચર્યામાંથી મારે ઉગરવું નહોતું. બોટાદકર જેવા એકાદ કવિ મને યાદ કરે તેથી મને અન્યાય નથી થયો એમ માની લઉં? દમયંતી, સાવિત્રી અને દ્રૌપદીનાં દૃષ્ટાંતો દ્વારા હું તો માત્ર તેમના જેવી પતિભક્તિ કરવાની તક માગું છું. કઈ ચાહનારી પતિ સેવાની તક ન માગે? આવી સ્વાભાવિક અને ન્યાયી માગણી 'મહત્વાકાંક્ષાની ઈંદ્રજાળ' નથી.

ટૂંકમાં, જગત સમક્ષ મારે એકજ વાત રજુ કરવી છે કે પતિ ભક્તિથી વંચિત રખાયેલી એવી મારી તપશ્ચર્યા અને ત્યાગને લોકો ભલે ન જાણે, પણ મારી સ્વામીભક્તિ, મારો પતિ પ્રેમ અને પતિ-પરાયણતામાં રખે કોઈ શંકા કરે. હું જનકની પુત્રી ઊર્મિલા મારા પતિ-લક્ષ્મણજીની સાચા અર્થમાં સહધર્મચારીણી છું એટલું જ રામાયણ ભક્તોને હું કહેવા ચાહું છું. બાકી, અમે રઘુકુલજનોએ તો અમારૂં સ્વત્વ શ્રીરામમાં જ સમાવ્યું છે, એટલે એથી વિશેષ કોઈ પદની અમને ઈચ્છા નથી.



૩૪. પ્રારબ્ધ અને પુરુષાર્થ

માણસના કાર્યની સફળતાનો આધાર મુખ્યત્વે એના પુરુષાર્થ અને પ્રારબ્ધ પર અવલંબે છે એમ કહી શકાય. પણ કેટલાક લોકો પ્રારબ્ધવાદી હોય છે, એ હંમેશાં એમ જ વિચારે છે કે 'નસીબમાં હશે તે થશે.' આમ નસીબવાદી લોકો પોતાની સફળતા માટે દિલથી પ્રયત્ન કરતા નથી. નસીબવાદી માણસો આમ પાંગળા અને નિષ્ક્રીય બની જાય છે. ખરેખર તો પ્રયત્ન વગર કશું જ મળતું નથી. नही सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः। સૂતેલા સિંહના મુખમાં શિકાર આપોઆપ આવી જતો નથી. એને પણ શિકાર કરવા તો ઊઠીને પ્રયત્ન કરવો પડે છે. સાર એ કે કોઈપણ કાર્ય પુરુષાર્થ વિના પાર પડતું નથી. વળી, આપણું લક્ષ્ય જેટલું ઊંચું તેટલો પુરુષાર્થ પણ મોટો કરવો પડે. તેનસીંગ

અનેકવાર માઉન્ટ એવરેસ્ટ સર કરવામાં નિષ્ફળ ગયો હતો, છતાં એણે એ માટેનો પુરુષાર્થ જારી રાખ્યો તો અંતે એ સફળ થયો ને અમર નામ કમાયો. 'નસીબમાં નહિ હોય' કરી જો એણે પુરુષાર્થ છોડી દીધો હોત તો? 'સિધ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય.' આમ મહેનતપૂર્વક અભ્યાસ કરે તો પરિણામ શું આવે એ સ્પષ્ટ છે. કૂવો ખોદવા છતાં ત્યાંથી પાણી ન મળે, કે ખારું પાણી મળે તો નસીબનો દોષ કહેવાય. પણ બધા પુરુષાર્થ તાત્કાલિક સફળ થતા નથી. Failures are the pillars of success. નિષ્ફળતા તો સફળતાની ઈમારતના પાયા છે. માટે નિષ્ફળતાથી હતાશ થયા વિના પુનઃ પુનઃ પ્રયત્ન કરનાર પુરુષાર્થી જ અંતે સફળતા પામે છે. ખેતરમાં બી વાવ્યાનો પુરુષાર્થ કરી ખેડૂત બેસી નથી રહેતો. એમાં સમયાંતરે ખેડ, કરબ અને નિંદણ કરતો રહે છે. કદાચ વરસાદ સાનુકૂળ ન હોય તો ખેતી બરાબર નયે પાકે. પણ એવા ખરાબ નસીબના ડરથી ખેડૂત મહેનતરૂપી પુરુષાર્થ કરવામાં પાછી પાની નથી કરતો. ચંદ્ર પર પહોંચવાનું માણસનું અભિયાન અનેકવાર નિષ્ફળ ગયું. એમાં કરોડો રૂપિયા અને બુધ્ધિશાળી વૈજ્ઞાનિકોની રાત-દિવસની મહેનત પાણીમાં ગઈ. છતાં 'કરતાં જાળ કરોળિયો' ના ખંતથી વૈજ્ઞાનિકો નસીબ પર આધાર રાખ્યા વિના પુરુષાર્થ કરતા જ રહ્યા. ત્યારે અંતે એક દિવસ માણસે ચંદ્રની ધરતી પર પગ મૂકવાની ઐતિહાસિક સિધ્ધિ હાંસલ કરી! ધીરુભાઈ અંબાણી જેવા સૌરાષ્ટ્રના એક તદ્દન સામાન્ય વેપારી

મુંબાઈના અને દેશનાં ગણનાપાત્ર ઉદ્યોગપતિ બની ગયા એ ચમત્કારથી નહિ, પણ એમના પુરુષાર્થથી. શ્રીકૃષ્ણ ગીતામાં અર્જુનને કહે છે કે - कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन । ફળેચ્છાથી જ કર્મ કરી શકીએ એ શ્રીકૃષ્ણના મતે અલ્પ યોગ્યતા છે. પણ ફળની ઈચ્છા વિના કર્મ કરવું એ ઉત્તમ છે. આમ શ્રીકૃષ્ણ પણ ફળની ઈચ્છા રહિત કર્મ કરવાનું તો કહે જ છે. ફળની આસક્તિ ત્યજીને કર્મ કરવું એ જ કર્મયોગ. અને ગીતાનો આ કર્મયોગ એટલે જ પુરુષાર્થ.

પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળુ છે. પુરુષાર્થ તો કામધેનુ છે., અર્થાત્ પુરુષાર્થથી ઈચ્છિત ફળ મળે છે. પુરુષાર્થના બળે અપંગો પણ આશ્ચર્યકારક સિધ્ધિ પ્રાપ્ત કરે છે. હેલન કેલરે પોતાના અંધત્વની મુશ્કેલીને ગણકાર્યા વિના પુરુષાર્થના બળે અંધજનો માટે કેવું ઉપકારક કાર્ય કર્યું છે! આંખો ન હોવા છતાં પંડિત સુખલાલજી પોતાના પુરુષાર્થ અને ખંતના બળે એટલા મોટા વિદ્વાન થયા કે જેથી એ 'પ્રજ્ઞાચક્ષુ' કહેવાયા. હા, પ્રારબ્ધ માણસના પુરુષાર્થમાં સાથ આપે તો કદાચ સહેલાઈથી મોટી સિધ્ધિ મળે એમ બને. બાકી, પુરુષાર્થવાદી માણસ તો એમ કહે કે 'ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું.' નસીબને દોષ દઈ આળસુ ને નિષ્ક્રિય બન્યા વિના પુરુષાર્થવાદી તો એવો પડકાર કરે કે 'હું ભસ્મ કરું બ્રહ્માંડને, ડોલાવું દુનિયા લાતથી.' આટલા જુસ્સાથી ને હિંમતથી જે પોતાના પ્રારબ્ધને પલટાવવાનો પ્રયત્ન કરે છે તે

અંતે સફળ જ થાય છે. નસીબ પર આધાર રાખી, પોતાના ખલાસીઓના બળવાના ડરથી કોલંબસ પાછો વળી ગયો હોત તો એ અમેરિકા પહોંચી અમર ન બની શક્યો હોત. અંતમાં કવિના શબ્દોમાં કહું તો -

અરે પ્રારબ્ધ તો છે ઘેલું, રહે છે દૂર માગે તો,
ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.

'આકાશવાણી' વડોદરા-અમદાવાદ પરથી 'અમૃતધારા'માં
પ્રસારિત. તા. ૧૭-૧-૧૦

❐

૩૫. આપણો ગરબો

આસો સુદ પડવો એટલે માના નોરતાંનો પ્રથમ દિવસ. એ પ્રથમથી માંડી નવ દિવસ સુધી નવરાત્રીનો ઉત્સવ ગણાય અને મનાવાય. એ નવ દિવસ ખરેખર તો શક્તિની ઉપાસનાનો સમય છે. એ નવ દિવસ માતાજીની સેવા અર્ચના કરવાનો શુભ યોગ છે, એ નવ દિવસ સંસારની માયામાંથી આપણી મનોવૃત્તિઓને ખેંચી માની સેવા દ્વારા એનાં પાવન દર્શન કરવાનો રૂડો અવસર છે.

નવરાત્રિનો કુદરતી માહોલ પણ કેવો આનંદપ્રદ હોય છે. છેલ્લા ચાર ચાર માસથી અવાર નવાર પડતા વરસાદથી ધરતી તરબતર થઈ ગઈ હોય છે. ક્યારેક ભારે કે અતિ ભારે વરસાદનો કે રેલથી થયેલા નુકશાનનો સામનો કરી લોકો સ્વસ્થ

થયા હોય છે. ધરતી પર લીલોતરી છવાઈ ગઈ હોય છે. જાણે લીલી સાડી પરિધાન કરી કોઈ નવોઢા ઠસ્સાભેર ઘરના ઊંબરે ઊભી રહે તેમ વસુધા ખેડૂતોની સેવામાં અઢારે રસાલ ઉપલબ્ધ કરી માનુનીની અદાથી ગૌરવભરી નજરે ચોપાસ નિહાળે છે. દૃષ્ટિ હોય તેને તો ધરતી નવે અવતારે આવેલી દેવલોકની દેવી જેવી લાગે છે. ક્યાં ઉનાળાની કાળઝાળ ગરમી, ક્યાં સૂકાં ભઠ નદીનાળાંને ને વેરાન વગડો અને ક્યાં સમશિતોષ્ણ વાતાવરણમાં બે કાંઠે વહેતી નદીઓ કે પાણીથી છલકાતાં તળાવ, સરોવર ને કૂવાઓ અને હરિયાલી ધરતીની શોભા -- જાણે યૌવન ઓઢીને ઊભેલી નવેલી નાર!

આકાશની શોભા ય આ સમયે તો સાવ નિરાળી. શરદ ઋતુનો પ્રારંભ જ આસો માસથી. નીતરીને ખાલી થઈ ગયેલાં થોડાં ધોળાં વાદળ કદાચ કોઈ દાનેશ્વરીની અદાથી આમ તેમ લટાર મરી ભૂરા ગગનની શોભા બની રહે છે. આવું સુંદર આકાશ, આવી સરસ ધરતી અને આવું ખુશનુમા વાતાવરણ આખા વરસમાં ક્યારેય નથી હોતું. રળિયામણા આસો માસમાં ધરતી પર સ્વર્ગ ઉતર્યાનો આનંદ મળે છે! અને આવા ઉલ્લાસમય વાતાવરણમાં મન પ્રફુલ્લિત થઈ આનંદમગ્ન હોય ત્યારે તનનો થનગનાટ પણ છૂપો રહે કે?

પણ પહેલાં થોડા પુરાણા (નજીકના જ ભૂતકાળના) સમયની વાત કરીએ. પોતાના આંગણાને વાળીને સ્વચ્છ કરી,

વચ્ચે માનો ગરબો, દીવડો કે ફોટો ને દીવો મૂકી ગામડાંની ભોળી પ્રેમાળ, નિષ્કપટી સ્ત્રીઓ અને કુમારીઓ એ ગરબાની ચોફેર ગોળાકારમાં ફરે ત્યારે એમાંની એક સ્ત્રી પોતાના મધુર કંઠથી માનો ગરબો ઉપાડે : 'મા પાવા તે ગઢથી ઉતર્યા મા કાળી રે...' ને સૌ સમૂહમાં એ ઝીલે. ત્યાં નહિ માઈકના ઘોંઘાટ કે નહિ વાજિંત્રોના ખળભળાટ. મીઠા લહેંકાથી શાંતિના માહોલમાં ગરબો ગવાય ને ગરબે ઘૂમતી ગ્રામ્ય નારીઓ (કે શહેરી લલનાઓ પણ) હર્ષભેર એ ઝીલે ત્યારે આજુબાજુના ઓટલે બેઠેલા અથવા પાછળ નીચે એક ધ્યાન થઈ ઊભેલાં નર નારીઓ કે યુવાનોના હૈયામાં ભક્તિની લહેર પ્રસરી જાય! ચાંપાનેરનો આખો ઈતિહાસ અને આખી ભૂગોળ એમની નજર સમક્ષ ખડાં થાય. આ જ સાચું ટેલી-વિઝન. કેવો આનંદ, કેવી શાંતિ, કેવી ભક્તિ! આવા ગરબામાં ઉપસ્થિત થઈ ભક્તોને દર્શન દેવા મા કાળી પાવાગઢથી નીચે ઉતરી અહીં આવે જ ને? આમ એક ગરબો પૂરો થાય ત્યાં બીજી વહુવારુ શરમાતી, મલકાતી ધીમા સુરે શરુ કરે : 'અલબેલી અંબે માત, જોવાને જઈએ.' ને એ ફળિયાની દુનિયામાં પ્રસન્નતાની લહેર છવાઈ જાય! આમ રાત્રિના નવેક વાગ્યાની મખમલી શાંતિમાં શરૂ થયેલો ગરબો ધીરે ધીરે જામતો જાય. પછી તો 'ચાચરના ચોકમાં' ય જઈ અવાય અને 'મારી બહુચર માને સાથ' ગાતાં ગાતાં બહુચરાજીના મંદિરમાં બિરાજેલાં માતાનાં દર્શન પણ થઈ જાય! છેવટે માની આરતીમાં ભક્ત હૃદયને

પરમાનંદનો અહેસાસ થાય.. ને અંતે પ્રસાદ! બધું જ શાંતિથી, આનંદ સહ પતે ને ગરબાની કડીઓ ગણગણતાં સૌ મોડી રાત્રે વિખરાય. ક્યારેક કે ક્યાંક દાંડિયા - રાસની રમઝટ પણ જામે ને રાધા-કૃષ્ણના નિર્મલ અલૌકિક પ્રેમની ગાથાઓ પણ ગવાય. 'મારે તે ગામડે એકવાર આવજો' માં બધી સ્ત્રીઓ જાણે રાધા ને બધા પુરુષો જાણે ગોકુળના ગોવાળિયા લાગે! કેવો આનંદ! કેવી ભક્તિ! કેવો મધુરતાભર્યો માહોલ! આવામાં રાધા ને કૃષ્ણ આપણા હૈયામાં સદેહે ન અવતરે તો જ નવાઈ!

આ બધામાં આનંદ આવે? આવું બધું ગમે? જો હા તો જાણો કે આ કોઈ કવિની કલ્પનાનું શબ્દચિત્ર નથી. ગામડા ગામમાં કદાચ હજી ય ક્યાંક દેખાતાં નયનરમ્ય દશ્યોની આ હૃદયંગમ વાત છે. 'શેરીના ગરબા' ની આ ભૂલાતી જતી, લુપ્ત થતી જતી શાન છે. કદાચ હવે તો આવાં મધુર સ્મરણોને સહારે જ આ શાનને પ્રત્યક્ષ કરવાની રહેશે.

કારણ કે આજના યુવાનો કે યુવતીઓને તો આ બધી વાતો કોરી કલ્પનાઓ જ લાગે. અથવા કદાચ અરસિક લોકોના અકારણ નિઃસાસા જ લાગે. હવે તો ઊંચા સ્ટેજ પરથી, માઈકોના ઘોંઘાટ અને વાજિંત્રોના ધમધમાટ વચ્ચે એક જણ - એ પુરુષ છે કે સ્ત્રી એ પણ વિચારવું પડે એવું એક જણ - ઘોંટા પાડી પાડીને, હાથમાં માઈક લઈ ઘૂમે અને કોઈ ફિલ્મી ઢાળનું, માતાને નામ ચઢાવેલું જોડકણું ગાય ને સેંકડોની સંખ્યામાં ફાવે તેમ ફરતાં યુવક

યુવતીઓ કૃત્રિમ ખુશીમાં સમય વેડફે ને સ્ટેજ પર બેઠેલી ધંધાર્થી ગાયકોની ટોળી એ ઝીલે. એનું નામ ગરબો. આવા ગરબામાં કોને મોજ આવે? હા, ગરબાને બહાને યુવક-યુવતીઓને ફાવે ત્યાં, ફાવે ત્યારે રઝળવાનો પરવાનો મળી જાય છે એટલો લાભ ખરો. આવો અસંયમી સ્વૈર વિહાર ગરબામાં હોય? આ ભક્તિ છે? આ માતાનું સ્મરણ છે કે વિસ્મરણ? નવરાત્રિ પછીના બે ત્રણ માસે ગર્ભપાતના કિસ્સા સૌથી વધુ હોય છે! આનો અર્થ સમજાય છે? આ હકીકત ડોક્ટરો કહે છે!

મા-બાપનો કાબુ હવે સંતાનો પર રહ્યો નથી. સંતાનોને મા બાપ કે વડીલોની કશી મર્યાદા નડતી નથી! ને આ સ્વચ્છંદ વિહારના માહોલમાં અનેક ન ઘટવા જેવા પ્રસંગો ઘટે છે, ન થવા જેવું ઘણું આ સમય દરમિયાન થાય છે! તેમ છતાં હજારો ટ્યુબ લાઈટો ને દીવડાંઓની રોશની દ્વારા વીજળી વેડફાય છે, લોકોની ઊંઘ હરામ કરાય છે અને એમના ઉંઘવાના સમયે માઈકોના ઘોંઘાટ દ્વારા એમના કાનમાં ફરજિયાત 'ઢોલી તારો ઢોલ બાજે' પડઘે છે! માંદા લોકોની પરેશાનીનો પાર રહેતો નથી ને પરીક્ષાર્થીઓની હેરાનીને કોઈ ધ્યાનમાં લેતું નથી. બસ એક જ ધૂન છે : નાચો... ગાઓ... ધૂમ મચાઓ... નવરાત્રી છે!

ક્યાં ગયો આપણો શેરી ગરબો? કે હવે સીનેમા અને ટી.વી.ની માયાજાળમાં આપણા સાંસ્કારિક વારસાની અધોગતિ મૂક બની જોયા કરીશું? જાગીએ તો ગરબાને હજી સાચવી શકાય

તેમ છે.

આપણા સંસ્કાર-દીપને સંકોરી એને પ્રકાશતો રાખવા કોઈકે તો જાગવું પડશે ને પોતે જાગીને બીજાંને જગાડવાં પડશે. ચાલો આપણે સૌ ગુજરાતીઓ આપણા ગરબાને સાચી રીતે અને સારી રીતે ગાઈએ. આપણી એ ફરજ છે, કારણ કે 'ગરબો' તો ગુજરાતની - અને માત્ર ગુજરાતની - અસ્મિતા છે, એને જાળવવી એ આપણી ફરજ છે, એ સમયનો સાદ છે.

અહીં શરુમાં ગઈકાલના ગરબાની વાત કરી છે. પછી આજના ગરબાનું શબ્દચિત્ર આપ્યું છે. એ પરથી આવતીકાલના ગરબાની કલ્પના કરી શકાય છે? તો ચાલો, ગઈકાલના શેરી ગરબાને યાદ રાખી, આવતી કાલના ગરબાને સાચા માર્ગે ચઢાવીએ. આપણો સાંસ્કૃતિક વારસો ન જાળવી શકીએ એટલા નિર્બળ કે બેદરકાર થવું તો કેમ પાલવે?

સદ્‌ભાગ્યે શહેરમાં પણ કેટલીક સંસ્કારલક્ષી સંસ્થાઓ આવો દેશી ગરબો જીવંત રાખી આપણને સાચી દીક્ષા ચિંધે છે. એમને પ્રોત્સાહન આપવાની જરૂર છે.



૩૬. વિદ્યા પરા દેવતા

આજકાલ વિદ્યા એ પૈસો કમાવાનું સાધન બની ગયું છે, એટલે આજનો વિદ્યાર્થી બહુધા જ્ઞાન મેળવવા માટે નથી ભણતો, પણ કઈ શાખામાં ગ્રેજ્યુએટ થવાથી વધારે કમાણી થશે એવો વિચાર કરીને પોતાની વિદ્યાશાખા નક્કી કરે છે! આ તો જમાનાની તાસીર છે. બાકી, પહેલાંના સમયમાં વિદ્યા જ્ઞાનનો પર્યાય હતી. વિદ્યા પ્રાપ્ત કરીને વિદ્યાર્થીઓ સાચા અર્થમાં 'પંડિત' બનતા હતા. મહાપ્રભુ ચૈતન્યે પોતાના વિદ્યાર્થીકાળમાં રાત દિવસ સાધના કરીને એક જ્ઞાનસભર ગ્રન્થ તૈયાર કર્યો હતો, પણ એ જોઈને એમના સહાધ્યાયી મિત્ર રઘુને પોતાનું સ્થાન ઝૂંટવાઈ જવાનો ડર લાગ્યો એમ સમજાતાં ચૈતન્યે રઘુની હાજરીમાં પોતાનું પુસ્તક ગંગા નદીમાં પધરાવી દીધું. જે જોઈને રઘુ પણ આભો

બની ગયો! પણ 'ગુરુકુલને શ્રેષ્ઠ ગ્રન્થ તો રઘુ જ આપી શકશે' એમ કહી ચૈતન્યે મિત્રનું મન મનાવ્યું. આ પ્રસંગનો સાર એ કે ચૈતન્ય સાચા અને નિરાભિમાની નિસ્પૃહી વિદ્વાન હતા. એ પોથી પંડિત નહોતા. આમ વિદ્યાનો અર્થ છે સાચું જ્ઞાન.

વિદ્યાનું મહત્ત્વ જીવનમાં સૌથી વધારે છે. માણસનું સાચું ધન વિદ્યા જ છે. બીજા ધનને તો ચોર ચોરી જાય, પણ વિદ્યારૂપી ધનને કોઈ ચોરી શકે નહિ. બાપની મિલકતમાં ભાઈ ભાગ માગે, પણ માણસની વિદ્યામાં કોઈ ભાગ માગી શકતું નથી. આમ વિદ્યા એ ઢાંકેલું ગુપ્ત ધન છે. વિદ્યાથી માણસ યશ અને સુખ સહેલાઈથી પ્રાપ્ત કરે છે. વિદેશમાં એકલા હોઈએ ત્યાં વિદ્યા આપણી માર્ગદર્શક બની મદદ કરે છે. વિદ્વાનના મુખ પર અનોખી કાંતિ અને દીપ્તિ હોય છે. વિદ્યા તો ગુરુઓની પણ ગુરુ છે. કારણ કે વિદ્યા પ્રાપ્તિને ક્યારેય પૂર્ણ વિરામ નથી હોતું. જેમ જેમ અનુભવ કરો તેમ તેમ નવું નવું શીખવાનું મળે. ભગવાન દત્તાત્રયે કેટલા બધા ગુરુ કર્યા હતા! જેની પાસે કાંઈપણ શીખવાનું મળે તેને ગુરુ માનીને શીખી લેવું. વિદ્યા માત્ર પુસ્તકિયું જ્ઞાન નથી. જૂના વખતમાં મહારથીઓ અગન્યાસ્ત્ર મારી આગ લગાડતા, મેઘાસ્ત્ર મારી વરસાદ વરસાવતા કે સર્પાસ્ત્રથી દુશ્મનો પર સાપનો મારો ચલાવતા. આ વિદ્યા કોઈ સામાન્ય સિધ્ધિ નહોતી. વિદ્યા જેવા અદ્વિતીય ધન પર સરકાર કર નાખી શકતી નથી. ઉલટાનું, એવોર્ડ આપી એનું બહુમાન કરે છે. માટે જ કહ્યું છે કે વિદ્યા પરા

દેવતા । વિદ્યા જ શ્રેષ્ઠ દેવ છે. રાજા તો એની સત્તાને કારણે પોતાના દેશમાં જ પૂજાય છે, પણ विद्वानः सर्वत्र पूज्यते । માટે જ કહ્યું છે કે माता शत्रु पिता वैरी ये न बालो पाठितः । જે માતા પિતા પોતાનાં સંતાનોને ભણાવતાં નથી તે એનાં દુશ્મન છે, કારણ કે न शोभते सभा मध्ये, हंस मध्ये बको यथा । હંસની સભામાં જેમ બગલો શોભતો નથી, તેમ વિદ્વાનોની વચ્ચે અભણ માણસ હાંસીપાત્ર બને છે. વળી, વિદ્યાનું મહત્ત્વ સમજાવતાં પંડિતોએ એમ પણ કહ્યું છે કે -

येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मर्त्यलोके भूमि भार भूता, मनुष्य रुपेण मृगाश्चरन्ति ।

અર્થાત્ જે માણસ પાસે વિદ્યા, તપ, દાન, જ્ઞાન, ચારિત્ર્ય કે સદ્‌ગુણ નથી તે માણસ મૃત્યુલોકમાં ભારરૂપ છે અને માણસના રૂપમાં તે પશુ બનીને ફરે છે. આ બધામાં ય વિદ્યાનું સ્થાન તો પહેલું છે. જો કે વિદ્યા પ્રાપ્ત કરનાર માણસમાં બીજા બધા સદ્‌ગુણ આપોઆપ આવે છે. નાનપણમાં મને ભણવા માટે પ્રોત્સાહિત કરવા મારાં માતુશ્રી એક ગામઠી કહેવતમાં કહેતાં કે 'ભણેલો નામું લખે અને અભણ દીવો ધરે.' આમાં વિદ્યાનું મહત્ત્વ સ્પષ્ટ છે. વિદ્વાન માણસ માનભર્યા સ્થાન પર હોય છે.

विद्या विनयेन शोभते । સાચો વિદ્વાન વિનયી અને નમ્ર જ હોય છે. એ વિદ્વતાના ભાર નીચે દબાઈ ઘમંડી નથી બની જતો, પણ ફળ આવતાં નીચાં નમતાં વૃક્ષની જેમ એ નમ્ર બને છે. વળી

એમ પણ કહ્યું છે કે - सा विद्या या विमुक्तये । અર્થાત્ સમાજનાં બંધનોમાંથી મુક્તિ અપાવે એ જ સાચી વિદ્યા.

બુધ્ધિશાળી માણસ તો જીવનભર વિદ્યાર્થી બનીને રહે છે. કારણ કે દુનિયામાં દરરોજ કાંઈ નવું જાણવાનું કે શીખવાનું મળે છે. માટે જ કહ્યું છે કે - अजरामरवत् प्राज्ञो विद्यामर्थर्थं चिन्तयेत्। આપણે અમર અને યુવાન છીએ એમ સમજીને ડાહ્યા માણસે હંમેશાં વિદ્યા પ્રાપ્ત કરવાનો નિર્ધાર રાખવો જોઈએ. કારણ કે विद्या परा देवता ।

'આકાશવાણી' વડોદરા-અમદાવાદ પરથી 'અમૃતધારા'માં
પ્રસારિત. તા. ૧૮-૧-૧૦



૩૭. મારો મોહ નષ્ટ થયો છે!

વરસતા વરસાદમાં પ્રભુની અનહદ કૃપા વરસતી હું અનુભવું છું. દિલ ખોલીને આટલું કોણ આપે છે દુનિયામાં? નાનાં બાળકો ય એને આવકારતાં ગાઈ ઊઠે છે : 'આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ.'

બાગમાં સુંદર રંગબેરંગી ફૂલ ખીલ્યાં છે. કોઈ સુગંધવાળાં તો કોઈ શોભા માટે. બધાં જ કોઈ ને કોઈ રીતે ઉપકારક. મોગરા કે ગુલાબનાં ફૂલની મીઠી સુગંધ મનને તરબતર કરે તો રાતરાણી આપણને એની માદક સુગંધથી અલૌકિક જગતની યાત્રાએ લઈ જાય! ફૂલ ભ્રમરની પ્રિત પુરાણી છે. કેટલો બધો વૈભવ ભગવાને આપણને મફતમાં આપ્યો છે! પણ એની કિંમત તો કોઈ કવિ-હૃદયને જ હોય. કવિ સુંદરમ્ ગાય છે :

'પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ,
પૃથ્વી ઉરથી ઊઠે કોનો સુરભિત પુલકિત મુખરિત શ્વાસ!'

નદી કાંઠે બેઠો બેઠો હું પેલા નાવિકના હૈ..યા...હો..હૈ...યા' ગીતને ધ્યાનપૂર્વક સાંભળું છું ને આનંદુ છું. સામેના કાંઠાના મંદિરોના શિખરો પર ફરફરતી ધજાઓ જોઉં છું ને શ્રધ્ધાળુઓના 'જય આદ્યા શક્તિ' જેવી આરતીના શબ્દો કાને પડે છે ત્યારે હૃદય આનંદ વિભોર બની જાય છે ને મસ્તક શ્રધ્ધાથી ઝૂકી જાય છે!

આકાશી મેઘધનુષ્યના સૌન્દર્યને હું મન ભરીને માણું છું. સાત સાત ગોળાકાર રંગના અર્ધ વર્તુળમાં એકેય સહેજ પણ આઘો પાછો નહિ. અંગ્રેજ કવિ કહે છે.

My heart leaps up when I see a Rainboy in the Sky. સવારે વહેલો ઊઠી પ્રાચિમાં પુરાતા રંગીન સાથીઆઓની ઓથેથી ડોકાતી સૂરજદાદાની સવારીની આલબેલ પોકારતી કોમળ કિરણાવલિના લાવણ્યને હું અહોભાવથી નિરખી રહું છું. તો વળી સાંજના સમયે એ જ સુરજદાદાનો ભવ્ય અસ્ત ભાળી સુખ દુઃખના વારાફેરાનું જ્ઞાન લાધે છે. જો કે કવિ તો એમાં ય આનંદીને ગાય છે :

संध्या सिंदूर लूंटाती है।

રાત્રે આકાશમાં પથરાતી ટમકતા તારલાનાં ફૂલની બિછાત કેવી રમ્ય લાગે છે! કવિ ગાઈ ઊઠે છે : 'ફૂલ વીણ સખે, ફૂલ

વીણ સખે!'

બપોરે સૂર્ય એના પ્રખર કિરણોથી ભલભલાને પરસેવો છોડાવી દે છે પણ "સૂરજ ના ગરમી કરે તો વર્ષાની શી આશ?" ભાવિ સુખ માટે થોડું સહન તો કરવું જ પડે ને?

શરદી ગરમી, ટાઢ તાપ કે વરસાદ આ બધો કુદરતનો ઉપકારક કરિશ્મા છે. હા, ક્યારેક અસહ્ય ગરમી કે ભારે વરસાદ જીવલેણ પણ નિવડે છે. છતાં, મહદ અંશે તો આ બધામાં ઈશ્વરની દયાના જ દર્શન થાય છે. પાનખર પછી વસંત પણ આવવાની જ. દુઃખ પછી સુખ અને સુખ પછી દુઃખ આવે જ છે. चक्रवत् परिवर्तन्ते दुःखानि च सुखानि च । આપણી લગામ કોઈ અગમ્ય હાથોમાં છે, તો ય માણસ ક્યાં વશમાં રહે છે? ચોરી, લૂંટફાટ કે ખૂનામરકીથી માંડી આતંકવાદ સુધીનાં અમાનવીય કૃત્યો એ કરતો જ રહે છે! ન કરવા જેવું ઘણું એ કરે છે. બાકી, એક વૃક્ષની જ વાત કરો ને? પ્રકૃતિનું એ સર્જન કેટકેટલા લાભ કરાવે છે આપણને? શીતળતા આપે છે, ફળ ફૂલ દે છે, વરસાદ લાવે છે ને બળીને ય અન્ય પર ઉપકાર કરે છે. परोपकाराय सतां विभुतयः ।

જગતના નિયંતાના આ બધાં વિવિધ સ્વરુપોનાં દર્શન કરી ધન્ય ધન્ય થઈ જવાય છે ને અલૌકિક આનંદનો અનુભવ થાય છે. ખરેખર આ જ બ્રહ્માનંદ હશે, આ જ ઈશ્વરનો સાક્ષાત્કાર હશે :

પોતાની દિવ્ય શક્તિનું વર્ણન કરતાં શ્રી કૃષ્ણ ભગવાન

ગીતામાં કહે છે :

वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनञ्जयः ।
मुनानीमप्यहं व्यास : कविनामुशना कविः ॥

ભગવાનના આવા વિભૂતિ સ્વરૂપને નિહાળીને અર્જુન સ્તબ્ધ બની ગયો અને એનો મોહ દૂર થયો.

આપણે પણ ભગવાનના આવાં વિવિધ રૂપોને પામી શકીએ તો મોહની માત્રા ઘણી ઘટી જાય. અર્જુને તો ત્યારે કહ્યું હતું : मोहोऽयं विगतो मम ॥ 'મારો મોહ નષ્ટ થયો છે.'

પ્રકૃતિનાં એટલે કે પ્રભુનાં અલૌકિક દર્શનોથી માણસ પોતાની પામરતાને પિછાની શકે છે. એમ થાય ત્યારે જ મોહ નષ્ટ થાય ને?



૩૮. સદેહે સ્વર્ગમાં!

જ્યાં આજકાલ બહુ સાવધાનીપૂર્વક જવું પડે એમ છે એ ભવ્ય સ્થળના દર્શને ચાલો જઈએ.

વાત તો કાશ્મીરના પ્રવાસની છે. પણ ત્યારના પ્રવાસની જ્યારે કાશ્મીર આજની જેમ આતંકવાદીઓના ભરડામાં નહોતું. જ્યારે ત્યાં મોતને મુટ્ઠીમાં લઈને નહોતું ફરવું પડતું. જોકે ગજગ્રાહ તો ત્યારે પણ ચાલુ હતો. પણ આતંકવાદનું નામોનિશાન નહોતું. માનવતા ત્યારે મરી પરવારી નહોતી. ભારત સરકાર ત્યારે કાશ્મીરની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ ધરાવતી હતી. ત્યારના કાશ્મીરની આ વાત છે. અમારા એ પ્રવાસનું વર્ષ હતું ૧૯૬૭નું. એટલે આજથી પાંત્રીસ વર્ષ પહેલાંના કાશ્મીરનું આછું શબ્દચિત્ર આપવાનો અહીં પ્રયાસ છે.

વડોદરાથી મુંબઈ એક મિટીંગ માટે ગયેલો. પણ ત્યાંથી ઘેર પાછા આવવાને બદલે એક સ્નેહીના કુટુંબ સાથે સીધો કાશ્મીર ગયો! આમ પ્રવાસનો પ્રારંભ જ રોમાંચક હતો.

તા. ૧૮-૫-૬૭ની રાત્રે ૯-૧૫ કલાકે મુંબઈથી ફ્રન્ટીયર મેલમાં રીઝર્વ્ડ કોચમાં અમે પઠાણકોટ જવા નીકળ્યાં. અમે એટલે શ્રી ઈનામદાર દંપતી, એમની દીકરી અને હું, એમ ચાર જણ. તા. ૧૯મીએ રાત્રે આઠ વાગે દિલ્હી પહોંચ્યાં. ત્યાં ચા-પાણી કર્યા. ત્યાંથી ૨૦મી એ સવારે ૯ કલાકે અમે ફ્રન્ટીયર મેલ દ્વારા પઠાણકોટ પહોંચ્યાં. પઠાણકોટથી કાશ્મીરની રાજધાની શ્રીનગર સુધીની મુસાફરી બસ દ્વારા કરવાની હતી. મુંબઈથી શ્રીનગર જેવી લાંબી મુસાફરી છતાં કાશ્મીર જોવાની મહેચ્છા એવી કે થાક લાગતો જ નહિ!

ખરી મઝાની અને રોમાંચક મુસાફરી હવે જ શરૂ થઈ હતી. પઠાણકોટથી શ્રીનગર સુધીની બસની યાત્રા અદ્‌ભુત હતી. સૃષ્ટિ સૌન્દર્યનો પ્રારંભ હવે જ થવાનો હતો. પણ આ સૌન્દર્ય માણવાનું એટલું સુલભ પણ નહોતું. બસ વાંકાચૂકા સાંકડા માર્ગ પર ઉપર ચઢતી હતી. એક બાજુ કરાલ ભેખડો તો બીજી બાજુ સૌન્દર્યમઢ્યો ખીણ પ્રદેશ. દૂર દૂર નીચે વહેતાં ઝરણાંના ઠંડા નિર્મળ જળને જુઓ, તો વળી નાના નાના ચોરસ ખેતરોમાં લહેરાતી લીલીછમ્મ હરિયાલી જુઓ. આગળ થોડા થોડા અંતરે સર્પાકારે દોડતી દેખાતી બસો તો પાછળ નીચે ખીણમાં એક

છાજલી પરથી બીજી છાજલી પર કૂદતાં આવતાં વાહનો. હરિયાળીથી જેની ગોદ ભરી છે એવી સ્વર્ગભૂમિમાં વચ્ચે વચ્ચે અનેક સ્થળે વહેતાં ઝરણાં અને આકાશ સાથે વાતો કરતી શ્વેત શુદ્ધ ગિરિમાળાઓ! તમે શું જુઓ ને શું ન જુઓ! કોઈ કવિ આ સૌન્દર્ય સૃષ્ટિને હૃદયમાં ઉતારી લે તો જુદી વાત. બાકી તો એક દૃશ્ય જુઓ ને બીજું ભૂલો. સામે દૂર દૂર દેખાતી હિમાચ્છાદિત હિમાલયની પર્વતમાળાઓ તો જાણે જોયા જ કરીએ. અને એ બર્ફિલા શ્વેતાંબર પર પડતાં સૂર્ય કિરણથી ઉપસતા સમગ્ર ચિત્રનો વૈભવ આપણને એટલું તો જરૂર સમજાવે કે ભગવાન શંકર શા માટે અહીં નિવાસ કરતા હશે! ગંગા અને યમુના જેવી અનેક નદીઓની આ જન્મભૂમિ ભવ્ય ન હોય તો જ નવાઈ.

પણ આ સૌન્દર્ય માણવાની સાથે એ જાણવું પણ એટલું જ જરૂરી છે કે બસ ડ્રાઈવરની સહેજ પણ ચૂક થાય તો જમણી બાજુની ખીણ આખેઆખી બસને પોતાના ઉદરમાં સમાવી લે. પણ કુદરતની ભવ્યતાના દર્શન કરવાં હોય તો થોડું જોખમ તો ઉઠાવવું જ પડે.

પણ એ ડ્રાઈવરો બહુ કુશળ હોય છે. કપરા, સાંકડાં, સતત વળાંક લેતાં ચઢાણ એ સલામત રીતે ચઢાવી કે ઉતારી જાણે છે. પણ પોતાના ક્ષેત્રનો બહુ કુશળ ગણાતો માણસ ક્યારેક બહુ મોટી ભૂલ પણ કરી બેસે છે. આવો - દિલ ધબકારો ચૂકી જાય એવો - એક યાદગાર અનુભવ અમને થયો પણ ખરો. અમારી

બસ ઉપર ચઢતી હતી ત્યારે સામેથી વળાંકમાંથી જાણે ઓચિંતી પ્રગટી હોય એમ એક બસ અચાનક લગભગ એવી ઉપર આવી ગઈ કે અમારી બસ સાથે અથડાતાં સહેજમાં બચી ગઈ! ઘડીભર તો અમારા શ્વાસ થંભી ગયા! પણ પેલો ડ્રાઈવર સમયસૂચકતા રાખી એની બસ લઈને ભાગી ગયો. પણ અમારા શીખ ડ્રાઈવરનો મિજાજ હાથ રહે? બસ બાજુ પર ઊભી રાખી, એ નીચે ઉતરી, સામેથી આવતી બીજી બસ ઊભી રખાવી એમાં પેલાનો પીછો કરવા ચઢી ગયો. અમે બધાંય ત્યારે નીચે ઉતરી થોડા આઘા-પાછા થઈ હળવા થયા. થોડીવારે સરદારજી પાછા આવ્યા ને ‘સાલા ભાગ ગયા’ કહી મોટરની પોતાની કેબીનમાં ગોઠવાયા. બસ ચાલુ થઈ. મેં મજાકમાં કહ્યું : ‘સરદારજી, આપકા તો સાલા ભાગ ગયા, લેકિન હમારા તો સપના ભાગ ગયા,’ મેં વિશાળ સૌન્દર્યભૂમિ તરફ હાથ કરતાં કહ્યું. તો સરદારજી પણ મજાકને આગળ વધારતાં બોલ્યા : ‘તો નયે સપને બનાઓ સાહબ, કશ્મીરમેં સપનોંકી કમી નહિ હૈ, બનાનેવાલા ચાહિયે!’

આમ વળી પાછી અમારી ઉર્ધ્વગતિ શરૂ થઈ. સફરમાં આવા આંચકાય એક વિચિત્ર પ્રકારનો રોમાંચ લાવે છે, જે પાછળથી આહ્લાદક લાગે છે.

પઠાણકોટથી બસ એક જ દિવસમાં શ્રીનગર પહોંચે નહિ. માર્ગમાં ક્યાંક રાત્રિ રોકાણ કરવું પડે. આ માટે રસ્તામાં નાનાં નાનાં હટ્સ-ઝૂંપડાં હોય છે. અમે ‘બટોટ’ નામના સ્થળે રાત

રોકાયા. મનહર હરિયાલી વચ્ચે કુદરતની ગોદમાં લપાઈને બેઠેલું બટોટ મુસાફરોનું મનગમતું 'રૈનબસેરા' છે. ત્યાં બેઠા ઘાટનાં નાનાં નાનાં મકાનો છે. યાત્રીઓ એમાં ભાડેથી રહે છે અને ચા-પાણી-નાસ્તો કરે છે.

પણ એક વાત કહેવાની રહી ગઈ. તા. ૨૦ મી એ અમે જમ્મુમાં બપોરનું ભોજન હોટલમાં લેવા રોકાયા ત્યારે બપોરનો લગભગ એક વાગ્યો હતો. એકાદ કલાક ત્યાં રોકાઈ, જમીને આગળ વધ્યા ને 'બેરીનાગ' નામના સ્થળે સૌન્દર્ય માણવા અટક્યા. 'નાગ' એટલે ઝરણું. અહીં ઊંડો ઝરો છે અને ઊંડાણને કારણે પાણી લીલું દેખાય છે. ચોરસ કુંડ છે. ચારે બાજુ ફરતી પગથી છે ને વચ્ચે વચ્ચે ગુંબજ બનાવેલા છે. ઉર્દૂમાં લખાયેલા અહીં જૂના શિલાલેખો છે. એમ કહેવાય છે કે હુમાયુએ એ બનાવ્યો, પણ અપૂર્ણ હતો, તે અકબરે પૂરો કર્યો. શિલાલેખમાં લખ્યું છે : 'આના વડે કાશ્મીરની શોભા છે.' દૂર દૂર વહી જતું પાણી, બહાર વિશાળ લીલું મેદાન અને સુંદર બાગ, સ્વચ્છ, શીતલ નિર્મળ જલ! ખરેખર 'બેરીનાગ' કાશ્મીરની અનેક શોભારૂપ જણસોમાંનું એક ઘરેણું છે. એ વિના મોગલ શહેનશાહ એના પર થોડા જ વારી જાય?

પઠાણકોટથી શ્રીનગર જતાં માર્ગમાં ઠેર ઠેર ડ્રાઈવરોને અપાયેલી કાવ્યમય સલાહ મનમાં વસી જાય એવી હોય છે. વાહનો ધીમે ચલાવવાનું સૂચન કરતા એક બોર્ડ પર લખ્યું હતું :

Life is short, why make it shorter? આગળ જતાં સલાહ અપાઈ હતી : 'Start early, drive slowly, come safely.' કેવી સોનેરી સલાહ! વળી એક બોર્ડ પર બોધપ્રદ સૂત્ર હતું : 'Drive slowly and Enjoy the land scape.' પણ આ બધા પર ચાર ચાંદ લગાવે એવું એક મનમાં વસી જાય એવું સૂત્ર હતું : 'To save time at the cost of life is no good bargain.' ઉતાવળીયા લોકોને કેવો પ્રેમભર્યો ઠપકો!

શ્રીનગર જવાનો આખો માર્ગ કેવો નયનરમ્ય - લીલાં નાનાં ખેતરો, પ્રત્યેક ડગલે વાંકોચૂકો થતો જતો ઉપર ચઢતો માર્ગ, મિલીટરીના માણસોની સતત અવરજવર, પાઈન વૃક્ષો, ચિનાર વૃક્ષો અને પોપ વૃક્ષોની શોભા તો જોયે જ સમજાય!

છેવટે, પોતાની શક્તિ પ્રમાણે આ સ્વર્ગભૂમિનું સૌન્દર્યપાન કરતાં કરતાં તા. ૨૧મી એ બપોરે બે વાગે અમે શ્રીનગર પહોંચ્યા. ત્યાં સૌના સ્વાગતમાં બોર્ડ ઝૂલતું હતું : Welcome to Happy Valley.

શ્રીનગરમાં અમે થોડા કલાક માટે હોટેલ ચિનારમાં રોકાયા. સાંજે અમારા કાશ્મીરી સ્નેહી શ્રી નબ્જીસાહેબ ગાડી લઈ મળવા આવ્યા ને હોટલમાં ઉતરવા બદલ મીઠો ઠપકો આપી એમને ઘેર આખું અઠવાડિયું મહેમાન તરીકે રોકાવા આગ્રહપૂર્વક લઈ ગયા. નબ્જીસાહેબના સંસ્કારી કુટુંબે અમારી ખૂબ પ્રેમભરી મહેમાનગીરી કરી. જેવું કાશ્મીરનું સૌન્દર્ય હતું, એવી જ સુંદર

એ કુટુંબની મહેમાનોની ખાતીરનવાજો હતી! કાશ્મીરીઓ ય કાંઈ ઓછા સ્નેહાળ ને સંસ્કારી નથી હોતા.

શ્રીનગર પહોંચ્યા પછી તો અમારે બે દિવસ લગભગ ઘરમાં જ પુરાઈ રહેવું પડ્યું. કારણ કે ખીણમાં વરસાદ થયો અને એને કારણે સખત ઠંડી હતી. ઠંડી તો કાશ્મીરમાં આમેય હોય જ, એમાં ય આવી વરસાદી ઠંડીનું તો પૂછવું જ શું? સ્વેટર, શાલ, મફલર - બધો ગરમાવો લપેટી આપણે તો ગોટપોટ જ થઈ જવું પડે. હા, પણ પર્વતને અડીને એની સાથે વાતો કરતાં વાદળો અને નજર સામે ખૂબ નજીકથી ઝબકી જતી વીજળીના અનુભવ આહ્લાદક હતા. કાલીદાસના યક્ષના દૂત બનેલા મેઘ આ જ હશે એમ મને લાગ્યું!

કાશ્મીર એટલે સરોવર અને બાગોની ભૂમિ. ઝીલ એટલે સરોવર. આવો 'ડલઝીલ' ની શોભા જોઈએ : વિશાળ નદી જેવો સરોવરનો પટ છે. જેમાં હારબંધ 'હાઉસબોટો' ઊભી હતી. 'હાઉસ બોટ' પણ કાશ્મીરની વિશેષતા છે. અર્થ સમજવો હોય તો એમ કહેવાય કે A House in the Boat.

સરોવરમાં તરતાં આ ઘર (હાઉસ બોટ) કિનારાથી દૂર હોય. 'શિકારા'માં બેસી એ હાઉસ બોટ સુધી જવાય. શિકારા એટલે આપણે ત્યાંની નાની હોડી. કદાચ નાનામાં નાની હોડીથી ય નાની. એમાં સહેલ કરવાની મજા પણ અસામાન્ય છે. 'ડલઝીલ' ના કિનારે રસ્તાની બાજુમાં હોટેલો છે. આપણને

મુંબઈના 'મરીન ડ્રાઈવ' ની યાદ આપે એવું આ સ્થળ છે. શિકારા દ્વારા હાઉસ બોટમાં જઈને બેસી શકાય. સીઝનમાં તો હાઉસબોટોમાં પણ ઘણી ભીડ હોય છે. કાશ્મીરના મહારાજાએ મરીન ડ્રાઈવને લક્ષમાં રાખીને જ અહીંની રચના કરી છે એમ કહેવાય છે. હાઉસબોટમાં આજથી પાંત્રીસ વર્ષ પહેલાં રોજનું વ્યક્તિ દીઠ રૂા. એંસી ભાડું હતું. અત્યારે તો ત્રાસવાદનાં માહોલમાં શું સ્થિતિ હશે તે ભગવાન જાણે. હાઉસ બોટો પણ ફર્સ્ટ ક્લાસ, સેકન્ડ ક્લાસ અને ઓર્ડીનરી ક્લાસ જેવી વધતી ઓછી સગવડવાળી, નાની મોટી હાઉસ બોટો હોય છે. ડલ ઝીલને કિનારે કિનારે 'મોગલ ગાર્ડન્સ' જવાય છે. કાશ્મીરની શોભાના શિરમોર જેવા આ ગાર્ડનમાં જતાં પહેલાં જુઓ ડલઝીલની વચ્ચે આવેલા 'નહેરૂ પાર્ક' ને. પાણીની વચ્ચે બગીચો. ત્યાં હરો ફરો અને હોટલમાં ચા નાસ્તો કરી અને એની પાછળ તરતાં ખેતરો જોઈ મન ભરો.

'મોગલ ગાર્ડન્સ'માં સૌ પ્રથમ આવે 'ચશ્મે શાહી.' ચશ્મા એટલે (કાશ્મીરી ભાષામાં) ઝરણું. આ શાહી ઝરણામાં ઠંડું બરફ જેવું પાણી વહેતું વહેતું કુંડમાં પડી આગળ વધે છે. વિશાળ પટ પર પથરાયેલા આ નયનરમ્ય બાગમાં ઊભા રહી ફોટા લેતાં જ થાકો. બાજુમાં પંડિત નહેરૂ જ્યાં ઉતરતા હતા એ સ્થળ હતું. નજીકમાં હતું ગવર્નર્સ હાઉસ. નીચે દૂર દૂર દેખાતાં ઊંચાં વૃક્ષો ગગન તરફ આંગળી ચિંધી ઈશ્વરની યાદ અપાવે છે, તો ચોતરફ

બરફ આચ્છાદિત કે વાદળછાયા પર્વતો પ્રકૃતિની ભવ્યતાની ઝાંખી કરાવે છે. નૂરજહાંના પ્રેમમાં ઘેલા બનેલા બાદશાહ જહાંગીરને આ 'ચશ્મેશાહી' ના ટીપે ટીપે પ્રેમના મંત્ર લખાયેલા લાગતા હતા!

શાહજહાંએ પોતાનો સાંજનો સમય પસાર કરવા માટે ખાસ બનાવડાવેલો આ 'નિશાંત બાગ' જુઓ. એક પર એક ઊંચા સ્લેબ મૂક્યા હોય એવો હરિયાળો ભૂમિ બાગ. વચ્ચે હારબંધ ઉડતા ફુવારાની અનંત શ્રેણી, ફૂવારાની બંને બાજુ રંગબેરંગી ફૂલ છોડ - આ વિશાળ અદ્ભૂત બાગની શોભા કોણ વર્ણવી શકે? કાશ્મીરના અનેક સૌન્દર્યધામો વિશે તો એટલું જ કહી શકાય કે 'કાશ્મીર તો દેખતે હી બનતા હૈ!' (કાશ્મીરના સૌન્દર્યનો તો જોવાથી જ ખ્યાલ આવે.) અહીંના ગુલાબની કળી આપણા ગુલાબના ફૂલથી ય મોટી અને ફૂલ આપણા સુરજમુખીના પુષ્પ જેવાં મોટાં! હા, પણ એમાં સુગંધ નહિ હોં. આ જાણીને કદાચ કોઈ કવિ એમ પણ કહે કે 'કીધી બ્રહ્માએ ભૂલ!' મોગલ સમયની બાંધણી, નકશી કામ અને ચિત્રકામ હજી અહીં જીવંત છે. અહીં મોગલ બાદશાહોએ પોતાને માટે સ્વર્ગ ખડું કર્યું હતું. (શું કામ ન કરે?) જુઓ, આ 'ચેરી' ના વૃક્ષ. (ચેરી એ મોટાં બોર જેવું કાશ્મીરનું ખાસ ફળ છે.) તાજી ચેરી ખાવ. આ પાઈન વૃક્ષ, અને આ પોપ વૃક્ષ. બધાં જ પાતળાં અને ઊંચાં. આ સૌને જોઈ વાણી થંભી જાય, નજર સ્તબ્ધ બની જોયા કરે (છતાંય ધરાય

નહિ) અને મન મુગ્ધ બની મનમાં જ કહે : 'અહીં તો મૌન જ શોભે!' કાશ્મીરના સૌન્દર્યને વર્ણવતાં તો એમ જ કહેવાય કે 'અહીં તો મૌનનો જ મહિમા છે!'

મોગલ બાદશાહોની સુખ-ઉપભોગની વિલાસી દૃષ્ટિ જોઈએ ચાલો 'શાલીમાર બાગ'માં. વિશાળતામાં નિશાત બાગથી આ મોટો. પણ સૌન્દર્યમાં તો એકને જુઓ તોય બીજો ન ભૂલાય એવા અદ્ભુત! અહીં જુઓ, હરો ફરો, આનંદ કરો અને થાકો ત્યારે બાજુની દુકાન કે રેસ્ટોરન્ટમાંથી કાંઈ લઈને ખાવ અને સૌન્દર્ય માણવા ફરી તાજા થાવ.

આગળ જતાં 'રવાન' આવે. આ સ્થળે અહીંનું પાણી સંગ્રહાલય છે. અહીં સ્વચ્છ અને હિમ જેવું ઠંડુ પાણી છે એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે. અહીંથી શ્રીનગરને પાણી મળે.

અહીં એક વાત નોંધવી ઘટે. કાશ્મીરમાં તો કુદરતે સૌન્દર્યની લહાણી કરી છે. પણ જેવું સૌન્દર્ય છે. એટલી સમૃદ્ધિ અહીં નથી. લોકો ગરીબ છે. અને ગરીબાઈ તથા ગંદકીનો તો 'ચોરી દામન' નો સાથ છે. રૂપાળા લોકો ગંદા જ હોય. ટુરીસ્ટ પર લોકોની રોજગારી ચાલે છે. શિકારા અને હાઉસ બોટો દ્વારા કાશ્મીરીઓ સારી કમાણી કરે છે. કાશ્મીરી શાલ અને બીજી ઘણી ઉનની વસ્તુઓ પણ એ વેચે. પણ ધંધો બધો ટુરીસ્ટોના આગમન પર છે. ટુરીસ્ટોને ભાવમાં તો એ લોકો શક્ય હોય એ રીતે લૂંટે જ છે. ફરી ક્યારે હાથ આવવાના? અને સહેલ માટે

ગયેલા લોકોય ત્યાં પૈસા વાપરવામાં કસર નથી કરતા. તિરથે જ તો માણસ લૂંટાય. અહીં રહેવા હોટેલો છે. ફરવા ઘોડાગાડી, હાઉસ બોટો ને શિકારા છે. બસો પણ છે. લાવ્યા હોય એટલા પૈસા વાપરો, ખરીદી કરો. મોજ લૂંટો અને પૈસા લૂંટાવો - આ કાશ્મીર છે!

નિશાત બાગ અને શાલીમાર બાગમાં 'ડલ ઝીલ' ના આ કિનારેથી ચાલો હવે સામે કિનારે જ્યાં 'હજરત બાલ મસ્જિદ' જેવું પવિત્ર અને ઐતિહાસિક સ્થળ આવેલું છે. જ્યાં 'નગીન લેક' અને 'નસીમ લેક' જેવાં સૌન્દર્યસભર સ્થળો આવેલાં છે.

'હજરત બાલ મસ્જિદ' માં હજરત સાહેબના વાળ સાચવીને રાખવામાં આવ્યા છે અને એના પવિત્ર દિદાર માટે આજે પણ અનેક શ્રદ્ધાળુઓ ત્યાં આવે છે. થોડા વર્ષ પહેલાં રાજકીય અંધાધુંધી ફેલાવવા અંતીમવાદીઓ એની ચોરી કરી ગયા હતા, પણ સરકારે એ યુક્તિ અને કડકાઈપૂર્વક પાછા મેળવી લીધા. અંદરના રૂમમાં બહાર તાળું લટકે છે. ત્યાં આ પવિત્ર વાળ રાખવામાં આવ્યા છે. બહાર એક લીલો ઈલેક્ટ્રીક બલ્બ લટકે છે, અંદર ઝુમ્મરોમાં જુદા જુદા રંગના બલ્બ બળે છે, એની પાછળ પડદો છે, જ્યાં પાછળ રૂમમાં પવિત્ર વાળ છે. સ્ત્રીઓને ત્યાં સુધી જવા દેવામાં આવતી નથી. મસ્જિદમાં પણ ઘણાં ઝુમ્મરો લટકે છે. બાધા કરનારા ઘણા લોકો ત્યાં ચોપાસ મોટા રેશમી કડકા લટકાવી ગયા છે. આખી મસ્જિદમાં કારપેટ પાથરેલી છે.

'ડલ ઝીલ' થી આગળના ભાગમાં 'નસીમ લેક' આવેલું છે, જેમાં અમે શિકારામાં બેસી સહેલ કરી અને વચ્ચે બેટ જેવા ભાગ પર 'ચાર મિનાર' વૃક્ષો આવેલાં છે ત્યાં ગયા. અમે ત્યાં ગયા ત્યારે સરસ મજાનો તાપ હતો. એટલે ફોટા પાડવાની મજા આવી. ચોપાસ પથરાયેલા બરફ આચ્છાદિત પહાડો પર પડતાં સૂર્યનાં તેજસ્વી કિરણોથી એમ લાગતું હતું જાણે આપણે ચાંદીનો પહાડ જોઈ રહ્યા છીએ! દૃશ્ય તો જુઓ : નીચે સ્વચ્છ પાણી, સામે ભૂરા નાના ડુંગરો, એની ઉપર ચાંદી મઢ્યા પહાડ, એની ઉપર કાળાં-ધોળાં વાદળ અને એની ઉપર નીલું ભૂરૂં આકાશ! લીલી ભૂમિ, નિર્મલ સફેદ જલ, સફેદ પહાડ અને ભૂરા આકાશનું આવું મધુરું મિલન આ સ્વર્ગભૂમિ સિવાય બીજે ક્યાં જોવા મળે? થોડા આગળ જતાં એક વિશાળ મિલીટરી કેમ્પસ હતો. ત્યાં મેદાનમાં ચિલ વૃક્ષોની નીચે ચા-પાણી કરી થોડો આરામ કર્યો.

પછી પહોંચ્યા 'નગીના લેક.' આ પાણી માટે ટૂંકમા જ કહી શકાય કે It was cristal clear water ! મોગલ બાદશાહોએ સ્નાન કરવા માટે આ સ્થળ પસંદ કર્યું હતું. પછી એ પાણીમાં શું જોવાનું હોય? સરોવરમાં ક્યાંક શિકારા, ક્યાંક ડુંગા, ક્યાંક હાઉસ બોટ અને ક્યાંક સ્ટીમ લોન્ચો ઘૂમી રહી હતી. જોતાં ધરાઈએ નહિ એવાં અનેક રમણીય દૃશ્યો કાશ્મીરમાં ઠાંસી ઠાંસીને ભર્યા છે. આગળ શીવજીનું મંદિર આવ્યું. ત્યાં દર્શન કર્યા. સામે સરોવરોને જોડતી નહેર દેખાતી હતી.

કાશ્મીરમાં એક ડુંગર પર શંકરાચાર્યનું મંદિર છે. ચઢાણ બહુ કપરું નથી. એક દિવસ સવારે અમે ત્યાં પહોંચ્યા. ઘણા લોકો આવતા-જતા મળે. જે સામે મળે તેને (ઓળખતા હોય કે ન ઓળખતા હોય તો પણ) 'જય શંકર' કહે. મંદિરની બહાર નાની ઓરડીમાં શંકરાચાર્યની સુંદર આરસની મૂર્તિ છે. વળી ત્યાં છાતી સરસી ઊંચાઈવાળું શ્યામ આરસનું શિવલીંગ છે. જૂના શિવાલયની જગાએ સમ્રાટ અશોકના પુત્ર જલકે ઈ.સ. પૂર્વે ૨૦૦ માં આ નવું શિવાલય બંધાવ્યું હતું. લશ્કરી જવાનો તો ત્યાં પણ મળે જ. કેવી કરુણતા - સ્વર્ગમાંય મિલીટરી!

અને હવે આપણે કાશ્મીરના અદ્‌ભૂત ગણાય એવાં સ્થળોએ ફરીએ. શ્રીનગરથી ૨૮ માઈલ દૂર 'ટનમર્ગ' આવેલું છે. ત્યાંથી આગળ અનુક્રમે 'ગુલમર્ગ' અને 'ખીલનમર્ગ' આવે. બસમાં 'ટનમર્ગ' પહોંચી જવાનું. બંને બાજુ સીધાં હરિયાળાં ઊંચાં વૃક્ષોની હાર વચ્ચે આવેલો આ રસ્તો કેવો રળિયામણો છે - ડુંગરા, વૃક્ષો, પાણીભર્યા ડાંગરનાં ખેતરો, સામે બરફ ઢાંકી પર્વતમાળા! આ બધું જોતાં ધરાઈએ જ નહિ. 'ટનમર્ગ' થી ચાર માઈલ ઉપર 'ગુલમર્ગ' આવેલું છે. શ્રીનગરથી 'ટનમર્ગ' સુધી બસમાં ગયા પછી ઉપર જવા ઘોડાં (ખચ્ચર) ભાડે મળે છે. ખચ્ચરવાળા તમને પડાપડી કરી બોલાવે. આ ખચ્ચરોના પણ ફર્સ્ટ ક્લાસ અને સેકન્ડ ક્લાસ હોય છે. ત્યારે ફર્સ્ટ ક્લાસના ૭-૫૦ રૂપિયા અને સેકન્ડ ક્લાસના ૬-૫૦ રૂપિયા 'ખીલન મર્ગ'

સુધી જઈને પાછા આવવાનું ભાડું હતું.

ઘોડાવાળા પણ તમારી સાથે પોતાના ખચ્ચરને દોરતો હાકલા-પડકારા 'હોશ... હોશ...' કરતો ચાલે. ટનમર્ગથી આગળ ગુલમર્ગ તરફ વધીએ ત્યારે કુદરતી સૌન્દર્ય અને લાવણ્યનો સાચો ખ્યાલ આવે. સુંદર 'ફર' વૃક્ષો, વચ્ચે વચ્ચે વહેતાં ઝરણાંનું ઝમ ઝમ સંગીત, નીચે માર્ગમાં નાના મોટા અનેક પથ્થરો અને વૃક્ષોના મૂળોથી છવાયેલો વિકટ માર્ગ, રસ્તામાં ક્યાંક કાદવ-કિચ્ચડ તો ક્યાંક બરફના નાના નાના ઢગલા, શીતળ આહ્‌લાદક વાતાવરણ, ઘોડાવાળાના 'હોશ... હોશ' ના પોતાના ઘોડાને સાવધ કરતા ઉદ્‌ગાર, સર્પાકારે ઉપર ચઢતો માર્ગ, આપણી આગળ અને પાછળ ઉપર ચઢતી દેખાતી ટુરીસ્ટ માર્ગે જતાં ઘોડેસવારોની અનંત હાર - કોઈ અદ્વિતીય ચિત્ર નજર સમક્ષ ત્યારે ખડું થતું. પણ આ માર્ગે જતાં ઘોડેસવારોને ગમે ત્યારે ગમે તે બની શકે. થોડી હિંમત રાખીને જ આ ઘોડાઓ પર બેસવું પડે. કારણ ઘોડાને પથ્થર પર ચાલવાનું - ચઢવાનું હતું. એનો પગ ગમે ત્યારે લપસે, એને કોઈ પણ પળે ને સ્થળે ઠોકર વાગે ને એ પડે અને આપણને પાડે, કેટલીકવાર તો ટેકરીની ઠેઠ ધાર પરથી પસાર થવું પડે. પણ તોય અહીં ગુજરાતી, પંજાબી, મહારાષ્ટ્રીયન, મદ્રાસી. અરે, આફ્રિકનો અને યુરોપીયનો પણ મળે - જાણે વિશ્વ માનવ મેળો!

ગુલમર્ગમાં થોડી હોટેલો છે. ચા-પાણી કરી જરા સ્વસ્થ થઈએ ત્યાં તો સામે આવેલું વિશાળ ઢાળ પડતું મેદાન આપણું

ધ્યાન ખેંચે. બંને બાજુ ઢાળ પડતાં વિશાળ ઘાસનાં મેદાનની શોભા ય અદ્વિતીય લાગે. દુનિયાનું આ શ્રેષ્ઠ 'ગોલ્ફ ગ્રાઉન્ડ' ગણાય છે ! ચોપાસ ચોરસ આકારનાં લીલાં મેદાનની ચારે બાજુ ઝૂલ મૂકી હોય એવાં સફેદ પાર્ટીમાં લાગેલો માર્ગ, ઊંચે નજર કરીએ તો ફર વૃક્ષનાં છૂટાં છવાયાં ઝૂંડ. ક્યાંક નાનાં ઝૂંપડાં અને થોડે ઉપર હિમમઢ્યા, એક પર એક ગોઠવાયેલા પર્વતોની અનંત હારમાળા, ક્યાંક પર્વત પર પડતો વાદળનો પડછાયો - કેવું અનેરું દ્રશ્ય - જાણે જોયા જ કરીએ!

ગુલમર્ગથી ઉપર ચાર માઈલના અંતરે આવ્યું 'ખીલન મર્ગ.' આ માર્ગ જરા વધારે કપરો, સીધા ચઢાણ વાળો છે. જોકે ઘોડા અનુભવી અને ભોમિયા છે. બાકી, આપણને તો થાય કે 'એ ગયા...' 'એ પડ્યા...!' ખરેખર ચઢાણ જેટલું રોમાંચક ને રઢિયાળું છે એટલું જ જોખમવાળું પણ છે. આખો ઘોડો જ પોતાના સવારને લઈને નીચે ખીણમાં પડે. ત્યારે જીવલેણ અકસ્માત થાય છે. આપણા પગ નીચેથી બરફના ઢગ ધીરે ધીરે ઓગળે અને આપણી બાજુમાં નાનકડું ઝરણું વહેતું થઈ જાય. આપણને બહેલાવવા જાણે એ મંદ મંદ સંગીત ગાતું આગળ વધે. અને આવાં તો અસંખ્ય ઝરણાં, મિનાર અને ફરના વૃક્ષો તમારી ઉપર ટપ.... ટપ... ઠંડા શીતલ પાણીનો સતત અભિષેક કર્યા કરે. આખો પર્વત જાણે વાતાનુકુલિત ! આપણા એરકન્ડીશન્ડ આવાસો અહીં તુચ્છ લાગે. આપણી આસપાસ પથ્થરો, પહાડ, ઝરણાં

અને દૂરથી દેખાતાં હિમાચ્છાદિત પર્વતો, નીચે ખીણ ને ખેતરો - બધું જ કુદરતની મહાનતા, ઉદારતા શોભા અને સૌન્દર્યની અદ્વિતીયતાનાં પ્રતીક!

ખીલનમર્ગ પહોંચો એટલે જાણે સ્વર્ગભૂમિમાં પગ મૂક્યો. ઘોડા પરથી ઉતરી હવે કુદરતના ખોળામાં ખેલવા માંડવાનું, હોટલો છે. ચા પાણી કરી સ્વસ્થ થાવ અને તમારી આગળ પથરાયેલો બરફનો પહાડ જુઓ. એ બરફના પહાડ પર ચઢવા માંડો. પગ અંદર ખૂંપે નહિ. ત્યાં વેચાતી મળતી એક લાકડી લઈ લેવાની. એ લાકડી અથવા દંડો લઈ શક્તિ અને ઈચ્છા પ્રમાણે બરફના પહાડ પર ચઢવા માંડો. અમે એ પહાડ પર ચઢતાં ચઢતાં આગળ જોયું તો અમારા જેવા હાથમાં દંડા અને માથે ફરવાળી ટોપી ધારણ કરેલા માણસોની હારમાળા હતી. જાણે કીડીયારું ઉભરાયું! કુદરતને જોઈને ઘેલા બનેલા એ માનવો અહીં પોતાની નાત, જાત, દેશ કે દુનિયાને ભૂલી ગયા હતા. . માણસ પ્રકૃતિમય બની જાય તો આ બધા કૃત્રિમ વિવાદો કેવા અદ્રશ્ય થઈ જાય છે! કોઈથી ન ચઢાય તો સ્લેજ ગાડી ભાડે કરી ઉપર ચઢી શકાય. જેટલા પૈસા આપીએ એટલા પ્રમાણમાં ઊંચે લઈ જાય. પાછા ફરતાં તો એ સ્લેજગાડી સાઈકલની ઝડપે દોડે. સ્લેજમેનની કમર બરાબર પકડીને અમે બેઠા હતા. એ એવા કુશળ હોય છે કે રસ્તામાં પથ્થર આવે તો આપણે ગભરાઈ જઈએ, પણ એ બહુ સરળતાથી વાળી લે. બરફ આચ્છાદિત પર્વતની હારમાળા વચ્ચે

આપણે ઊભા રહીએ અને નીચે ઊંડી ખીણ. ઉપર આકાશ, દૂર દૂરની પર્વતમાળાઓ અને પાસે વહેતા હીમ ઝરણાં - દૃષ્ટિ હોય તો અહીં રંગનાં ચટકાં નહિ. કુંડાં ય નહિ, સાગર છલકાય છે. પીધે જ જાવ. કુદરતે અહીં પોતાની મુઠ્ઠી ખોલી નાખી છે. શક્તિ હોય એટલી રસ લ્હાણ લો. અહીંની સ્લાઈડીંગની મજા જીવનભર યાદ રહેશે.

પાછા ફરતાં આપણા ઘોડાવાળા આપણી સાથે જ હોય, પણ ક્યારેક થોડો શોર્ટકર્ટ પણ લઈ લે. વળી પાછા આગળ આવી આપણને મળે. ઘોડા સાથે અને ઘોડાવાળા ગરીબ કાશ્મીરી સાથે પણ આટલા કલાકમાં તો એક નાતો બંધાઈ જાય છે. સ્વાર્થ અને નિકટતાથી જ સ્નેહનો આરંભ થાય છે.

સૌન્દર્યની વચ્ચે જીવતો સરેરાશ કાશ્મીરી ગરીબ છે. ટુરીસ્ટો જ એમની જીવાદોરી છે. ગરીબી હોય ત્યાં ગંદકી પણ હોય જ. કાશ્મીરના આ શબ્દચિત્ર માટે મેં લખ્યું છે :

સર્વોત્તમ પ્રકૃતિ સ્વરૂપ,
હાય! કનિષ્ઠ માનવરૂપ!

કાશ્મીરનાં સરોવર એની સાચી શોભા છે અને તેમાં તરતી ફરતી હાઉસબોટો ત્યાંના ઘણા લોકોની જીવાદોરી પણ છે. ત્યાંના 'ડલઝીલ', 'વુલર ઝીલ', 'માનસબલ ઝીલ' વગેરે સરોવરમાં શિકારાની મોજ માણવી કે 'હાઉસ બોટો' માં રહેવું એ પણ હૈયામાં વસી જાય એવા યાદગાર અનુભવ છે. શ્રીનગરથી

તેત્રીસ માઈલ દૂર 'બારા મુલ્લા' આવેલું છે. ચોપાસ પાણી અને ખેતરો, પહાડમાંથી ફરતો જતો માર્ગ આપણને મુસાફરીનો થાક લાગવા દેતાં નથી. 'બારા મુલ્લા' એ સ્થળ છે જ્યાં ૧૯૬૫ માં પાકીસ્તાને હુમલો કર્યો હતો. એની સામેના ડુંગરા પાર કરીએ તો 'આઝાદ કાશ્મીર' આવે. અહીં મહંમદ શેરવાણીની ખાંભી છે, જેણે હુમલા વખતે પાકીસ્તાની ફોજને ગેરમાર્ગે દોરી હતી. પણ દુશ્મનોએ પાછા ફરતી વેળા એ દેશભક્તને ઠાર કર્યો હતો. એ વીર શહીદને અમે અંજલિ આપી ત્યાંથી વિદાય લીધી.

અને બહુ વહેલી કહેવી જોઈએ એ વાત પાછળથી કહું છું. શ્રીનગરના ઉદર પરથી વહેતી 'જેલમ' નદીનો જલવિહાર અમે કર્યો ત્યારે એક અરેબિયન કહેવત યાદ આવી : 'જલ, હરિયાળી અને સ્ત્રીનું સૌન્દર્ય દુઃખમાં દિલને રાહત આપે છે.' અને જેલમના જલવિહારમાં તો આ ત્રણેય ચીજો અમારી સાથે હતી. પછી દિલમાં દર્દ ટકે જ શી રીતે? કિનારે ઊભેલાં રૂપાળાં પણ ગંદાં બાળકો 'સલામ સાબ' કહી ધ્યાન ખેંચતાં હતાં, તો તરતી હાઉસ બોટોમાંથી ડોકિયાં કરતી ગોરી, પણ ગરીબાઈથી ઘેરાયેલી કાશ્મીરી કોમલાંગીઓય દિલમાં દુઃખની રેખા ખેંચતી હતી. થોડા સમય પછી કાશ્મિરની આ પશ્ચાદ્ભૂમાં મેં એક રસભર નવલકથા લખી : 'જેલમ જંપી ગઈ.' એનો વાચક કાશ્મિરમાં જ ફરે!

પંદર-સોળ દિવસ તો સ્વપ્નની જેમ સરી ગયા. ખૂબ

શાંતિ, મજા અને આનંદ લૂંટયાં. સોનાની થાળીમાં લોઢાની મેખ સમો એક નાનો બનાવ આગલા દિવસે બન્યો : શ્રીનગરમાં કોમી તનાવ થયો ને પ્રવાસીઓનાં દિલ ઘર તરફ ભાગવા બેચેન બન્યાં! બસસ્ટેશન પર. પઠાણકોટની ટિકિટ માટે પડાપડી થઈ રહી. અમને પણ ટિકિટ મળી ગઈ. ને તા. ૮-૬-૬૭ની વહેલી સવારે અમે સૌન્દર્યધામને દુઃખાતા દિલે અલવિદા કરી ત્યારે ઘેર જવાનો આનંદ વધુ હતો કે કાશ્મીરની સ્વર્ગ ભૂમિને છોડવાનું દુઃખ વધુ હતું એ પ્રશ્નનો જવાબ સહેલો નહોતો! ત્યારે મેં લખ્યું:

જેલમ કે ઝીલનું નીર ના આપણું છે,
પીધું તે પોતાનું, બાકી બધું પારકું છે!

❒

૩૯. મોટા ગજાના મુખી

...નું પણ ખાધે પીધે સુખી એક ગામ હતું. મેઘાભાઈ મુખી ગામ આખાની ચિંતા રાખે એવા પરગજુ અને ભલા સ્વભાવના હતા. એટલે ગામ લોકોમાં ક્યારેક નાના મોટા ટંટા કે મનદુઃખ થતાં ત્યારે ખૂબ સહાનુભૂતિપૂર્વક અને તટસ્થતાથી વર્તી, સૌને સમજાવી રાજી કરતા ને 'સંપમાં સુખ છે' નો સિદ્ધાંત સૌને ગળે ઉતારી લોકોને આનંદમાં રાખતા. 'મન જરા મોટું રાખવું' એમ એ સૌને કહેતા. સૌ ગામ લોકો કહેતાં કે 'મેઘાભાઈ જેવા મુખી આજુબાજુના કોઈ ગામમાં નથી... ગામ આખાને એ એક કુટુંબની જેમ રાખે છે.'

આવા મેઘાભાઈના ગામમાં એક વાર ચતુર પટેલને મુખી સાથે વાંકું પડ્યું. નાની વાતે મોટું રૂપ લીધું ને ચતુર પટેલે ગામ

છોડી, બીજે ગામ રહેવા જવાનો અસામાન્ય નિર્ણય જાહેર કર્યો! સૌને આશ્ચર્ય થયું! ચતુર પટેલને મુખી સાથે એવું તે શું વાંકું પડ્યું કે ગામ છોડી જવાનો નિર્ણય કરી બેઠા ! મેઘાભાઈએ ચતુર પટેલને સમજાવવાના અને પોતાને માટે જે ગેરસમજ ઊભી થઈ હતી તેની ચોખવટ કરી ગેરસમજ દૂર કરી, એમને મનાવવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ ચતુર પટેલ એકના બે ન થયા ! 'મારે હવે તમારા ગામમાં રહેવું જ નથી ને... અન્યાય ક્યાં સુધી સહન કરવાનો?' જેવા મનઘડંત આક્ષેપો કરી મેઘાભાઈને એમણે છોભીલા પાડી દીધા. પોતાની વાતમાં બહુ તથ્ય ન હોય ત્યારે માણસ સામા પર ખોટા આક્ષેપો કરી એને પાછો પાડવા મથે છે. બાજુના ગામમાં જઈને એક ઘર પણ એ ભાડે રાખી આવ્યા. ત્યાં ય એમના થોડા પરિચિતો હતા, એટલે ત્યાં કશી તકલીફ નહિ પડે એમ કુટુંબીજનોને કહીને એમણે સમજાવી લીધા. જવાનો દિવસ આવ્યો ને ચતુર પટેલના ઘરનો સામાન ગાડામાં ભરાવા માંડ્યો. ત્યારે છેલ્લી ઘડીએ ય મેઘાભાઈ મુખીએ વિનંતી અને કાકલુદી કરી, આવા કઠોર થઈ ગામ છોડીને ન જવા ચતુર પટેલને સમજાવ્યા. પણ ચતુર પટેલ જેમનું નામ. 'ફાટે પણ ફીટે નહિ' એવા હઠીલા પુરુષ ન જ પલળ્યા. ઉપરથી મેઘામુખીને બધાંની વચ્ચે બે-ચાર કટુ વેણો સંભળાવ્યાં. ત્યારે હતાશ મુખી દુઃખી થઈ ઘેર ગયા.

ઢળતી બપોરે ચતુર પટેલના બે ગાડાં ગામ બહાર

નીકળ્યાં. સ્નેહીજનો 'આવજો... જજો' કરતા ભાગોળ સુધી વળાવવા ગયાં. પણ સૌના આશ્ચર્ય વચ્ચે મુખી ન દેખાયા. સૌને હતું કે મેઘાભાઈ જેવા મુખી પોતાના ગામના વતનીને વળાવવા ન આવે એવું બને જ કેમ?! પણ સૌએ મન વાળ્યું કે 'મુખીએ ય કાંઈ ચતુર પટેલને સમજાવવામાં બાકી નથી રાખ્યું. .. છેવટે એ ય માણસ છે ને? એમને ય માઠું લાગ્યું હશે.'

પણ હકીકતમાં મેઘાભાઈ અડધો ગાઉ દૂર એકલા જઈ રસ્તામાં ચતુર પટેલની રાહ જોતા બેઠા હતા, એટલે ત્યાં પહોંચતાં ગાડામાં બેઠેલા ચતુર પટેલને નીચે ઉતારી, આંખમાં આંસુ સાથે મેઘાભાઈ એમને ભેટ્યા ને ધીરેથી કાનમાં કહ્યું : 'ચતુરભાઈ, તમે નથી માનતા ને જાવ છો તો ભલે જાવ, પણ એવા મુખીના ગામમાં જજો જે અડધી રાતે કાદવમાં ખૂંપી ગયેલું ગાડાનું પૈડું તમને બહાર કાઢવા લાગે ને પોતાના ખેતરના ચોરાયેલા માલને દીઠો અદીઠો કરી જાણે ને ચોરનારને આબરુભેર વિદાય કરી એ વાત કાયમ માટે ભોંયમાં દાટી દે!'

મુખીની આ વાત કાને પડી ત્યાં તો ચતુર પટેલની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ! 'હેં, તે રાતે મેં મુખીના ખેતરમાંથી ચોરી છૂપીથી કાપેલી ડાંગર મેં મારા ગાડામાં ભરી દીધી હતી ને અડધી રાતે ગાડું હાંકી હું છાનોમાનો ચોર પગલે ઘેર જતો હતો ત્યારે રસ્તામાં ગાડા-ચીલાના ખાડામાં મારા ગાડાના ફસાયેલા પૈડાને બહાર કાઢવામાં કોઈ અજાણ્યા બુકાની ધારીએ મને મદદ

કરી હતી… હેં! મને મદદ કરનાર શું એ બુકાનીધારી માણસ તે આ મેઘાભાઈ મુખી જ હતા!! એમના જ ખેતરનો મેં ચોરેલો માલ જાતે અજાણ્યા થઈ, મદદ કરી મને વિદાય કર્યો અને એનો આ જ સુધી મને ક્યારેય અણસારો પણ નથી આવવા દીધો! કારણ કે મારી આબરું જાય. વાહ રે મેઘામુખી તમારી મોટાઈ! મેં મૂર્ખાએ તમારી કદર ન કરી જાણી ને ઉપરથી તમારી પર ખોટા આક્ષેપ કરી ગામ છોડી જાઉં છું… મેઘાભાઈની મોટાઈને મારા જેવો પામર માનવી સમજી ન શક્યો.'

ચતુર પટેલે પોતાના ગાડાં રોકી દીધાં ને ચોધાર આંસુએ રડતા એ ભડ પુરુષે મુખીના પગ પકડી લીધા ને કંપતા અવાજે બોલ્યા : 'મને માફ કરજો મેઘાભાઈ, મારા જેવા અલ્પ બુદ્ધિવાળા નાના માણસનું તમારા જેવા મોટા માણસને ભૂલવવાનું ગજું નથી. તમને માપવામાં મારી બુદ્ધિ ટાંચી પડી મુખી, મને માફ કરી દો.' ને ચતુર પટેલનાં ગાડાં પાછાં ગામ તરફ વળ્યાં. પશ્ચિમે ઢળતો સૂરજ જાણે ફરીથી એ ગામમાં ઊગ્યો!

ત્યારે ગામને સીમાડે બે ગ્રામજનો શુદ્ધ દિલે એકબીજાને ભેટીને દિલ હળવું કરવા આંસુ સારતા હતા! મોટા મનના મેઘાભાઈએ ચતુર પટેલના મનનો મેલ ધોઈ કાઢ્યો.

ચતુર પટેલનાં ગાડાં પાછાં આવ્યા જાણી ગામમાં આશ્ચર્ય અને આનંદનું મોજું ફરી વળ્યું. કોઈએ ચતુર પટેલનાં પાછા ફરવાનું સાચું કારણ તો ન જાણ્યું, પણ સૌએ મેઘામુખીના છેલ્લી

ઘડીના જાદુનું કૌતુક તો જરૂર અનુભવ્યું, ને ત્યારે ચતુર પટેલની સાથે આખું ગામ એકી અવાજે કહી રહ્યું કે, 'મુખી હોય તો મેઘાભાઈ જેવા હજો. સૌને પોતાના જાણીને ગામ આખાને પ્રેમના તાંતણે બાંધી રાખી એ સુખ શાંતિમાં રાખે છે.'

આવા હતા મુખી મેઘાભાઈ - એક સાચા નેતા, જે પોતાની ગાંઠનું ખોઈને ય સૌને સ્વમાનભેર સાથે રાખતા હતા. આજના આપણા નેતાઓની જેમ 'વર મરો, કન્યા મરો, પણ ગોરનું તરભાણું ભરો' નિયમવાળા જેવા એ સ્વાર્થી, લુચ્ચા ને દગાખોર નહોતા. સાચો નેતા કદી સ્વાર્થી હોતો નથી. ગાંધીજીના સાચા અનુયાયી સરદાર પટેલે જીવનભર દેશની અમૂલ્ય સેવા કરી, પણ એમણે કશો ય સ્વાર્થ સાધ્યો? એમનો કોઈ દીકરો પ્રધાન થયો? કેમ? એમને એવું કરતાં નહોતું આવડતું? લાલ બહાદુર શાસ્ત્રી ક્યારેક ભારતના વડાપ્રધાન હતા. એમનું ત્યારનું બેંક બેલેન્સ કેવું નજીવું હતું એની ખબર છે? એમના કોઈ દીકરાને ઊંચી પદવીએ પહોંચાડવાની વ્યવસ્થા એમણે કરી? ના! શહીદ ભગતસિંહનાં માતા ય અત્યાર સુધી હયાત હતાં. એમણે પુત્રની શહાદતનો કશો બદલો ક્યારેય માગ્યો?

અને આજે?! જનતા તો ઘણી સારી છે. પૈસાની ને હોદ્દાની બધા નેતાઓ વચ્ચે લૂંટાલૂંટ ચાલે છે. સેવક બની સ્વાર્થીઓ ખુરશીમાં બેસે છે ને દેશને લૂંટી કરોડોની કમાણી કરે છે! તો ય પાંચ વર્ષે પાછા નફ્ફટ બની, સેવાના સ્વાંગ સજી મત માગવા આવે છે!

હવે સારા માણસો ચૂંટણીમાં ક્યાં ઊભા રહે છે? એટલે એ નઠારા ચૂંટાઈ પણ જાય છે!

જે દેશની પ્રજા જાગૃત ને શિક્ષિત નહિ હોય એ દેશ સાચા અર્થમાં ક્યારેય આઝાદ નહિ થઈ શકે. ૧૯૪૭ થી ૨૦૦૯. ૬૨ વર્ષ થયાં! પણ ક્યાં છે સાચી આઝાદી? માટે જ તો પ્રદીપજીએ ગાયું છે : 'હમ લાયે હૈં તુફાન સે કિશ્તી નિકાલ કે, ઈસ દેશ કો રખના મેરે બચ્ચોં સંભાલકે...'



૪૦. આરતી એમ. બી. બી.એસ. થઈ

ડૉ. શરદ ઠાકરે એક હૃદયસ્પર્શી દૃષ્ટાંત લખ્યું હતું. હું મારા શબ્દોમાં, ખૂબ ટૂંકાવીને એનો ભાવાર્થ લખવાનો પ્રયાસ કરીશ. વાંચે થોડો વખત થયો, એટલે નામ વગેરે ઘણું કાલ્પનિક છે. સાંભળો :

મનહરભાઈ માસ્તરની દીકરી આરતી ભણવામાં ખૂબ હોંશિયાર હતી. સળંગ ફર્સ્ટ ક્લાસની એની કેરિયર હતી. એને મેડીકલ લાઈનમાં દુર્લભ ગણાય એવું એડમીશન મેરીટને આધારે મળી ગયું. પણ આરતી ડાહીને સમજણી હતી. મેડીકલમાં પ્રવેશ લેવાની એણે ના પાડી! પિતાજીની આર્થિક સ્થિતિ એ જાણતી હતી. "મેડીકલનો ખર્ચ એ કેમ ઉપાડી શકે? વળી હવે તો એ નિવૃત્ત પણ થશે. ખર્ચ ક્યાંથી કાઢવો?" એવી એને પણ સાચી

ચિંતા હતી, પણ એના પિતાજીએ હિંમત આપી એડમીશન લઈ લેવા આગ્રહ કર્યો. 'હું બેઠો છું ને બેટા, તું ચિંતા કર્યા વગર ભણ અને ડૉક્ટર થઈ સમાજની સેવા કર' એવી પ્રોત્સાહક હિંમતથી એમણે દીકરીને મેડીકલમાં દાખલ કરી દીધી. 'બેટા શ્રધ્ધા અને આશા રાખી શ્રમ કરજે, તું સફળતાના શિખરે જરૂર પહોંચીશ' એવા આશીર્વાદ પણ પિતાએ દીધા. પણ કામ સહેલું તો નહોતું જ. સામાન્ય અને પ્રમાણિક શિક્ષક મેડીકલના ખર્ચનો ભાર પાંચ વર્ષ સુધી કેવી રીતે ઉપાડી શકે? પણ 'હિંમતે મર્દા'ના સૂત્રથી એક વર્ષ... બે વર્ષ... ત્રણ વર્ષ... અરે ચાર વર્ષ પસાર થયાં. દર વર્ષે સારા ટકાથી પાસ થતી આરતી જોતી હતી કે પિતાજી બે ત્રણ જગાએ નામું લખવા જતા હતા. વળી આરતી જેમ જેમ બે હજાર... એક હજાર... ચાર હજાર... રૂપિયા મંગાવતી ગઈ તેમ તેમ એની માતાના ગળામાંથી નેકલેસ, કાનમાંથી કાપ, હાથની સોનાની બંગડી વગેરે ધીરે ધીરે અદૃશ્ય થતાં હતાં!! વળી અભણ માતા કોઈની રસોઈ કરવા જઈને પણ થોડું કમાઈ લાવતી. કોઈનાં નાનાં મોટાં ઘરકામ પણ એ કરી લેતી ને એમ નાની કમાણી કરતી. માતા પિતાના કઠોર પરિશ્રમ અને હિંમતને કારણે આરતીએ એમ.બી.બી.એસ.ની છેલ્લી પરીક્ષા આપી દીધી. પ્રેક્ટીકલ પણ શરૂ થયા. બે દિવસ પછી એક છેલ્લો પ્રેક્ટીકલ થશે. "પછી 'હા...શ થશે' મને અને મારા માતા પિતાને પણ" એમ આરતી વિચારતી હતી, ત્યાં જ પેલું સૂત્ર આડું આવ્યું : 'ન

જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે!' Man Proposes, god disposes. મેડીકલ કોલેજના રેકટરનો ફોન રણક્યો. આરતીને સમાચાર આપવાના હતા. રેકટરે એને બોલાવી કહ્યું : 'બેટા, હૃદય મજબૂત રાખજે... એક માઠા સમાચાર છે... તારા પિતાજી... હવે રહ્યા નથી!!' સાંભળીને આરતીને ચક્કર આવી ગયા... એ ખુરશીમાં ફસડાઈ પડી... રેકટરે બરડે હાથ ફેરવ્યો ત્યારે એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. રેકટરે કહ્યું : 'થોડું રડી લે બેટા, હૈયું હળવું થશે.' થોડીવાર પછી પાણી પાયું ને કહ્યું : 'આરતી બેટા, સવારે તો તારે છેલ્લું પેપર હતું એટલે તને કહ્યું નહોતું, પણ ગઈ કાલે રાત્રે પિતાજી.... પણ તારા ગયા વિના અંતિમ સંસ્કાર નહિ થાય... બેટા, ઊભી થા, અત્યારે બસ છે, તું પહોંચી જા, તારે કાલે તો રજા છે, પરમ દિવસે છેલ્લો પ્રેક્ટીકલ છે, તે માટે પાછી આવી જજે... હિંમત રાખજે ને જરૂર છેલ્લો પ્રેક્ટીકલ આપવા આવી જજે.'

કોલેજનો પટાવાળો આરતીને બસ સ્ટેન્ડ પર મૂકી આવ્યો. પિતાના પાર્થિવ દેહને વળગી પડી આરતી હૈયાફાટ રડી. અરે, આજુબાજુ ઊભેલાં સૌ રડી પડ્યાં, 'દીકરીને ડૉક્ટર બનાવવા બિચારા માસ્તર અડધી રાત સુધી નામું લખતા હતા ને નાવ હવે કિનારે જ આળી હતી... ત્યારે...!

કિનારે આવેલાં વહાણ ઘણીવાર અચાનક ડૂબી જાય છે હોં! આરતીને ય એવું જ થયું ને? અગ્નિસંસ્કારનો વિધિ પતી

ગયા પછી ચોધાર આંસુ સારતી આરતીએ કહ્યું : 'બા, હવે હું છેલ્લો પ્રેક્ટીકલ આપવા નહિ જાઉં... કાલે જ છે પ્રેક્ટીકલ.''

કઠણ કાળજું કરી માતાએ કહ્યું : 'એવું ન બોલ બેટા, તારા પિતાનું સ્વપ્ન તારે સાચું પાડવાનું છે. જે શ્રમ અને હિંમતથી એમણે તને ભણાવી અને એ માટે નામું લખતાં લખતાં અડધી રાત્રે દેહ છોડ્યો એ જહેમત આપણે પાણીમાં મેળવી શકીએ? ના બેટા, હિંમત અને શ્રધ્ધા રાખી છેલ્લી કસોટી આપી આવ. હું હજી છું ને, બેટા?' કહેતાં માતા ય રડી પડી. આરતીએ છેલ્લો પ્રેક્ટીકલ આપ્યો. સરસ રીતે આપ્યો. હિંમત, માતા પિતા તરફનો પ્રેમ, દઢ શ્રધ્ધા અને પ્રભુ કૃપાથી આરતી M.B.B.S. માં પાસ થઈ ગઈ!!

આજે તો આરતી ડૉક્ટર છે. સારો પગાર છે, ક્વાર્ટર રહેવા મળ્યું છે, પોતાની માતાને ખૂબ સારી રીતે સાચવે છે ને મેટ્રીકમાં આવેલા નાના ભાઈને પ્રેમથી ભણાવે છે. પિતાએ વાવેલું બી, ને જતન કરીને જાળવેલા છોડના ફળ જેવી ડૉક્ટર આરતી દઢ સંકલ્પ અને શ્રધ્ધાનું પ્રતીક છે.

આરતીનું આ દષ્ટાંત આપણને ફરીથી પેલી કહેવતની યાદ અપાવે છે : 'અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.' પણ સાથે સાથે હું એમ પણ ઉમેરું કે 'નિર્બળ મનનો મુસાફિર પાવાગઢ પણ નથી ચઢતો.' હિંમત અને દઢ મનોબળ હોય તો માણસ અશક્ય લાગતાં અદ્‌ભૂત કાર્ય કરી શકે છે.

માણસ પૃથ્વી પરથી આકાશમાં પહોંચ્યો, આકાશમાંથી અવકાશમાં કૂદયો, અવકાશમાંથી ચંદ્ર પર પહોંચ્યો! આ બધું શ્રમ, શ્રધ્ધા અને આશાવાદ વિના થોડું જ થયું હશે? વળી આ બધી પ્રાપ્તિ એક રાતમાં જ થોડી થઈ? વર્ષો સુધી, સતત પ્રયત્નશીલ રહી, નિષ્ફળતાથી હતાશ થયા વિના, આશાભર્યા હૈયે, સખત મહેનતને અંતે માણસે અસામાન્ય શોધો કરી છે. કર્મ કર્યા વિના તો કશું જ મોટું કે સારું ફળ મળતું નથી. ભગવાન શ્રીકૃષ્ણ પણ કર્મયોગનું મહત્ત્વ સમજાવતાં ગીતામાં અર્જુનને કહે છે કે -

संन्यासस्तु महाबाहो दुःखीमाप्तुमयोगतः ।

હે અર્જુન, કર્મયોગ વિના સંન્યાસ પ્રાપ્ત થવો મુશ્કેલ છે, જ્યારે

योग युक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ।

ભગવત્ સ્વરૂપનું મનન કરનાર કર્મયોગી પરબ્રહ્મ પરમાત્માને વિના વિલંબે પામે છે. આમ કર્મયોગ માણસને પરમાત્માની પ્રાપ્તિ કરાવે છે. (અધ્યાય-૫)

આપણા માટે અહીં પરમાત્મા એટલે આપણું નિશ્ચિત લક્ષ્ય છે. આરતીનું લક્ષ્ય ડૉક્ટર થવાનું હતું. કર્મયોગમાં શ્રધ્ધા રાખી મહેનત કરતાં કરતાં એણે પોતાનું લક્ષ્ય સિધ્ધ કર્યું. આપણે સૌ પણ આમ જ સાચા કર્મયોગી બનીએ તો સિધ્ધિ અચૂક પ્રાપ્ત થાય. કારણ કે 'સિધ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નહાય.' શ્રધ્ધા રાખી, આશાવાદી બની ઉદ્યમ કરશો તો સિધ્ધિ જરૂર પ્રાપ્ત થશે.

ઉદ્યમ તો કામધેનું છે. એ ઈચ્છશો તે ફળ જરૂર અપાવશે. 'ઉદ્યમીઓ ધૂળમાંથી સોનું શોધી જાય છે.' જોયું ને? મનહર માસ્તરની આરતી M.B.B.S. થઈ!



૪૧. જાગતાં જ ઝડપાયાં!

એક કાવ્ય વાંચેલું. એના જેવી વાત મારી રીતે કહું છું. સાંભળો -

એક અંધારી રાતે શહેરની એક શેરીમાં આવેલા એક છ માળી ફ્લેટમાંથી એકાએક લાઈટ ગાયબ થઈ ગઈ. રાતના આઠ નવ વાગ્યાનો જ સમય હતો, એટલે ફ્લેટના બધાં રહીશો જાગતાં જ હતાં. એટલે એમ કહેવાય કે એ શહેરીજનો જાગતાં જ ઝડપાયાં! (ઉંઘતાં નહિ!) સ્વાભાવિક રીતે જ હો હા થઈ. ફ્લેટના દરેક રહીશોએ પોતપોતાની રીતે બૂમાબૂમ કરી પોતાનો રોષ ઠાલવ્યો. છઠ્ઠામાળવાળા ગરબડદાસે બૂમ મારી : 'અલા કંઈ મુઓ પગી? હજી તો ખાધું ય નથીને આ અંધારું થયું!' પણ ભોંયતળિયે બેઠેલો પગી ક્યાં કશું સાંભળવાનો હતો? ત્યારે પાંચમાં માળવાળા કાલીદાસે પોતાનો ઉકળાટ ઠાલવતાં કહ્યું : 'આ વીજળીવાળાને ય શું કહેવું? દોઢિયાં દઈએ છીએ તોય ગમે ત્યારે અંધારાં આવી

પડે છે! હે ભગવાન, બધે જ કેવી બેજવાબદારી!' તો વળી ત્રીજા માળવાળા હનુમાનદાસે તો 'હનુમાન ચાલીસા' જ શરૂ કરી દીધી હતી : 'ભૂત પિશાચ નિકટ નહિ આવૈ, મહાબીર જબ નામ સુનાવૈ... સંકટ તેં હનુમાન છૂડાવૈ, મન કર્મ બચન ધ્યાન જો લાવૈ.' જ્યારે એમનાં ધર્મપત્નીએ બળાપો કાઢવા માંડ્યો : 'ભોગ લાગ્યા તે આ ફ્લેટમાં રહેવા આવ્યાં, આના કરતાં તો ઝૂંપડપટ્ટીમાં રહેવું સારું!' જ્યારે બીજા માળવાળા બબલદાસે સેક્રેટરીની ચૂંટણીમાં થયેલી પોતાની હારની રીસ ઠાલવતાં કહ્યું : 'વહીવટ જ એવા નબળા લોકોને સોંપ્યો છે કે હવે અંધારા વિના બીજું શું મળવાનું છે? કર્યાં ભોગવો હવે. મારા જેવા સારા માણસને સેક્રેટરી બનાવ્યો હોત તો વગર દીવે અજવાળું કરત!' તો વળી પહેલા માળે રહેતા પોથી પંડિત પ્રભુદાસ અર્થ વગરનું બબડ્યા : 'હરે રામ હરે રામ, આ દેશનું શું થવા બેઠું છે... ન્યાય નીતિ નષ્ટ થઈ ગઈ છે... રામરાજ્યમાં તો કાળી રાતે ય અજવાળું હતું, જ્યારે હવે તો છતે દીવે અંધારું થાય એવા ઘાટ છે!' જ્યારે ઠેઠ ભોંયતળિયે રહેતાં રાધાબેને નોકરને બૂમ મારીને કહ્યું : 'અરે દીવાકર, ક્યાં ગયો? જરા મીણબત્તી તો સળગાવ ભઈલા, થોડું અજવાળું થાય તો કાંઈ સૂઝ પડે!'

ખરેખર તો ફ્યુઝ ઊડી જવાથી આખા ફ્લેટમાં અંધકાર છવાયો હતો, પણ સાચું કારણ શોધી કોઈએ ઉપાય કરવાનું ન વિચાર્યું. દરેકે પોતાની રીતે પોતાની હૈયા-વરાળ કાઢી. પણ

એવી વાંઝણી હાયવોયથી કાંઈ મૂળ દુઃખ થોડું જ દૂર થવાનું હતું? અંધકાર કાંઈ બૂમો પાડવાથી કે બડબડાટ કરવાથી થોડો જ દૂર થાય? બધામાં કાંઈક સાચો વિચાર રાધાબેનનો હતો. મીણબત્તી કરવાથી કમસેકમ પોતાના ઓરડાનો અંધકાર તો કાંઈક અંશે જરૂર દૂર થાય. એથી કદાચ પૂર્ણ પ્રકાશ માટેનો રસ્તો પણ શોધી શકાય. પણ રાધાબેન સિવાય દરેકે તો બાહ્ય અંધકારની સાથે પોતાનાં મનનો અંધકાર પણ પ્રગટ કર્યો. પણ અંધકારથી અંધકાર દૂર ના થાય. અંધકાર તો પ્રકાશથી જ હટે.

આજે દેશમાં ને સમાજમાં બધે આ જ પરિસ્થિતિ પ્રવર્તે છે ને? દરેકને પોતપોતાની ફરિયાદ છે. ખેત-મજૂરથી માંડી પ્રતિદિન પ્લેનમાં ઊડતા પ્રધાનને પણ પોતાની આગવી ફરિયાદ છે. ગરીબ કે તવંગર, પ્રજાજન કે પ્રધાન, અભણ કે ભણેલા, ખેડૂત કે નોકરિયાત, વેપારી કે ગ્રાહક, સતવાદી કે શઠ – કોઈના ય જીવને શાંતિ કે સંતોષ છે? બધાંને એકબીજા માટે ફરિયાદ છે! એટલે જ પોતાના હક્ક માટે દરેકે પોતાના સંગઠનો બનાવ્યાં. પરિણામે રોજ ધરણાં, ઉપવાસ, હડતાલ, સરઘસ અને રેલીઓ જેવા કાર્યક્રમોથી આપણાં શહેર અને શેરીઓ સદા ધમધમતાં રહે છે ને લોકસમૂહની શક્તિ અનુત્પાદક શ્રમમાં વેડફાય છે. એકબીજા પર દોષારોપણ કરી પોતાને ઉજળા દેખાડવા મથતા લોકો દુઃખનું સાચું કારણ સમજવાનો કે શોધવાનો પ્રયત્ન કર્યો સિવાય વિઘાતક પ્રવૃત્તિઓમાં રાચી પોતાનું ને દેશનું દુઃખ વધારે છે. ફ્લેટમાં

અંધકારનું કારણ ફ્યુઝ ઊડી ગયો છે તે છે એમ શોધી કાઢવાને બદલે બધા જ પોતાનાં રોદણાં રડી દુઃખ દૂર કરવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે. કાંઈક અંશે રાધાબેને પોતાના અંધકારને હટાવવાનો સાચો રસ્તો તો વિચાર્યો. એટલે અંશે એમને યશ આપવો ઘટે. બાકી તો બધા જ દોષદર્શનની વૃત્તિવાળા કે 'પરોપદેશે પાંડિત્યમ્' માં રાચનારા હતા.

અરે, સરકાર જેવી સરકાર પણ દેશ પર અવાર-નવાર થતા આતંકવાદી હૂમલાનો સાચો ઉપાય ક્યાં વિચારે છે? અથવા હવે તો એમ કહેવાય કે સાચો ઉપાય નજર સમક્ષ એકથી વધુ વાર આવ્યો હોવા છતાં એ ઉપાય અજમાવવાની એની વૃત્તિ નથી! કે હિંમત નથી? વાતો સરદાર પટેલની ને વર્તન?! જવા દો. હજી બીજા નેતાજી કે ભગતસિંહ અહીં જન્મીને પ્રવૃત્ત થાય ત્યાં સુધી જે હોય તેનાથી ગાડી ગબડાવો. કે કદાચ - 'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत' ના વેણથી બંધાયેલા પેલા યોગેશ્વર કોઈ નંદરાજાને ઘેર, યશોદામૈયાની ગોદમાં ઉછરતા હોય તો આપણને શી ખબર? ભગવાન કરે ને એમ થયું હોય તો તો કંસનો વધ હવે નજીકના ભવિષ્યમાં જ થશે! પણ ત્યાં સુધી આપણે ફ્યુઝ બદલી અંધારાને દેશવટો તો આપવો જ જોઈએ. આપણે આપણા સુખ માટે આટલું કરવું જ ઘટે. આપણે જાગતાં જ ઝડપાઈએ તે કેમ ચાલે?

૪૨. કહાની ઘર ઘર કી...!

કેટલીકવાર ખૂબ સારાં દૃષ્ટાંતો વાંચવા મળે છે. એવું જ ક્યારેક વાંચેલું એક દૃષ્ટાંત યાદ આવે છે. મારી રીતે કલ્પિત પાત્રો દ્વારા એ દૃષ્ટાંત કહું. કદાચ તમે વાંચ્યું હશે તો ય ગમશે. નહિ વાંચ્યુ હોય તો તો વાંચીને ખુશ થશો. સાંભળો ત્યારે -

વરુણનાં લગ્ન થયે દોઢેક વર્ષ થયું હશે. એક દિવસ એ માતા પાસે હસતો હસતો ગયો ને બોલ્યો : 'બા, હાથ લાંબા કર જોઈએ.'

વાસંતીબેને કુતૂહલવશ હાથ લાંબા કર્યા ત્યારે વરુણે પોતાના હાથમાંનો કાગળ ખોલ્યો ને સરસ ચમકતી સોનાની ચાર બંગડી કાઢી, માતાના હાથમાં બે બે બંગડી પહેરાવતાં બોલ્યોઃ 'બા, આ તારા માટે.'

આશ્ચર્યથી વાસંતીબેન બોલ્યાં : 'બેટા, ક્યાંથી લાવ્યો આ? મને શા માટે પહેરાવે છે?'

'બા, આ તારા માટે અમે કરાવી.' હસતો દીકરો બોલ્યો.

'તમે કરાવી? તમે એટલે કોણે?' માએ ગુંચવાતાં પૂછ્યું અને ઉમેર્યું : 'બેટા, આ તો હવે દિવ્યાને શોભે. મારી તો હવે ઉંમર થઈ.'

'બા' પ્રેમથી વરુણ બોલ્યો : 'હકીકતમાં તો આ ચાર બંગડી દિવ્યાએ જ તારા માટે કરાવી છે.'

'એટલે?'

'એટલે એમ કે તમે અમારા લગ્ન વખતે તમારા હાથે હતી તે બે બંગડી ભગાવી દિવ્યાને ચઢાવવા નવી બંગડી કરાવી હતી. તેથી હવે તમારા હાથે સોનાની બંગડી નથી.' સહેજ અટકી વરુણ બોલ્યો : 'એટલે દિવ્યાના આગ્રહથી અમે આ ચાર બંગડી તમારા માટે કરાવી છે, બા.'

આશ્ચર્યચકિત થઈ વાસંતીબેન બોલ્યાં : 'પણ બેટા, પૈસા...'

'જુઓ બા,' રુમમાં દાખલ થતાં દિવ્યા બોલી : 'પૈસાનું તો એવું છે ને કે અમારા લગ્ન બાદ અમે માથેરાન હનીમુન માટે જવાનાં હતાં તે બંધ રાખ્યું, એટલે એટલા પૈસા બચ્યાને?'

'અને દિવ્યાએ પોતાના પગારમાંથી આ માટે દર મહિને નિયમિત રીતે થોડા પૈસા બચાવ્યા તે પણ આમાં ઉમેર્યા.' વરુણ

હસતો હસતો બોલ્યો. 'એટલે સરવાળે મારાં બા માટે આ ચાર બંગડી થઈ ગઈ,' સાસુને લાડ કરતી દીકરી જેવી વહુ દિવ્યા બોલી.

સતત વધતા આશ્ચર્યના ભાવ સાથે વાસંતીબેન બોલ્યાં : 'બેટા, દિવ્યા, તારા પહેરવા ઓઢવાના દિવસોમાં તેં કસર કરી અને મારા જેવી આધેડ ઉંમરની સાસુ માટે આ ચાર બંગડીઓ કરાવી!! આવું શીદ કર્યું બેટા? આ તો મને ક્ષોભ થાય એવું થયું'.

'ના બા,' વિનયથી દિવ્યા બોલી : 'તમને આનંદ અને ગૌરવ થાય એવું થયું આ તો. દીકરો મા બાપને મૂડી પાછી ન આપી શકે, પણ એણે વ્યાજ તો આપવું જોઈએ ને?'

વાસંતીબેનની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં. તે પુત્રવધુને ભેટી પડ્યાં!

ત્યારે વાસંતીબેનને ત્રણેક વર્ષ પહેલાંનો પ્રસંગ યાદ આવ્યો. પોતાના મોટા દીકરાના લગ્ન વખતે એની મંગેતર નિશાને પોતે બંગડી બતાવી એને ગમતી બંગડી લેવા માટે સંદેશો મોકલી સાથે ચોકસીની દૂકાને લઈ ગયાં હતાં. જોતાં જોતાં બંગડીની એક સરસ જોડ પોતાના બજેટ અનુસાર વાસંતીબેને પસંદ કરી. પણ નિશાએ લુચ્ચાઈથી બીજી ભારે જોડ પસંદ કરી અને એ માટે આગ્રહ રાખ્યો. 'મને તો આ જ ગમે છે, પછી તમે જાણો' કહી એણે વાસંતીબેનને ધર્મસંકટમાં મૂક્યાં. વાસંતીબેન ઉદારદિલ

અને વ્યવહારુ બાઈ હતી. એણે નિશાની પસંદગીની ઘણી મોંઘી કહેવાય એવી ભારે બંગડી લીધી. પણ એમ કરતાં એમના પોતાના હાથે ચાર બંગડી હતી તેની બે થઈ ગઈ! વ્યવહારડાહી સાસુએ આવતી વહુનું મન રાખવા ઉદાર દિલે પોતાની બે બંગડી વેચી દીધી!

આજે વરુણ અને દિવ્યા પોતાના માટે પોતાની બચત અને દિવ્યાની કમાણીમાંથી જાતે પ્રેમપૂર્વક પોતાના માટે ચાર બંગડી લાવ્યાં ત્યારે એમની આંખો હર્ષાશ્રુ વહાવતી હતી! માએ કહ્યું : 'બેટા વરુણ, બેટા દિવ્યા, મેં તો તમારા માટે માત્ર બે જ બંગડી ઉતારી દીધી હતી... તમે તો મારા માટે ચાર બંગડી લાવ્યાં.' ત્યારે બંને બોલ્યાં : 'બા, તમે મા છો અમારાં. આપણી વચ્ચે ગણતરીપૂર્વકનો સંબંધ હોય કે?' વાસંતીબેન ફરીથી બેટાને અને વહુબેટાને ભેટીને હર્ષાશ્રુનો અભિષેક કરી રહ્યાં...!

કેવું પવિત્ર દૃશ્ય! આ વાત તો થોડી ટૂંકાવીને હું અહીં પુરી કરું છું. પણ જગતમાં પ્રેમ અને દ્વેષ, સ્વાર્થ અને નિઃસ્વાર્થ, લાગણી અને ધિક્કાર, ઉદારતા ને સંકુચિતતા - બધી જ વિરોધી લાગણી સાથે સાથે જ રહે છે. માટે જ આપણા અનુભવોમાં સારા માઠાનું વૈવિધ્ય હોય છે. બધા લોકો સારા નથી, તો બધા બુરા પણ નથી જ. સ્વાર્થીઓની વચ્ચે જ કોઈ નિઃસ્વાર્થી પણ જીવે છે. દગાખોરો વચ્ચે પણ ક્યાંક યુધિષ્ઠિર મળી આવે છે. આજના જમાનામાં કુટુંબપ્રેમ કાંઈ રસ્તામાં નથી પડ્યો. છતાં

ખંધી અને સ્વાર્થી 'નિશાઓ'ની વચ્ચે વચ્ચે પણ ક્યાંક ઉદાર દિલ, પ્રેમાળ, નિઃસ્વાર્થી ને કુટુંબવત્સલ 'દિવ્યાઓ' મળી આવે છે. માટે તો જેવું છે તેવા જગતમાં પણ આપણને જીવવાનું ગમે છે.

અને સાસુ વહુ કે દેરાણી જેઠાણીના મતભેદ કે એકમતી અથવા મનભેદ કે મનમેળ તો આપણા સમાજની 'ઘર ઘર કી કહાની' છે. સારા ખોટા, વિવિધ અનુભવો દરેકને થાય છે. છતાં, જગતરૂપી ધર્મશાળામાં દરેકે પોતપોતાની નિશાની છોડી જવાની છે. એકના જેવો બીજો માણસ ક્યારે ય હોતો નથી. એ જ તો કુદરતનો કરિશ્મા છે. તમે સોનું જાણીને સંગ કરો ને કર્મે કથીર નીકળે એવું ઘણીવાર બને છે. એમ થવાનું જ. છતાં ડાહ્યા માણસનું કર્તવ્ય એ છે કે પોતે પોતાનો ધર્મ બજાવવો. ધર્મ એટલે ફરજ. જગતમાં સાચી કિંમત ફરજનિષ્ઠોની છે. સોનાને ક્યારેય કાટ લાગતો નથી ને પિત્તળ સદા ચળકતું રહેતું નથી. માટે સંસારરૂપી ઘમ્મરવલોણામાંથી માખણ તારવી લો ને છાસ છોડી દો. યાદ રહે : *આપણે સુવર્ણ બનવા સર્જાયા છીએ, પિત્તળ જેવા થવું આપણને ન શોભે.*



૪૩. વિચારીને ચાર ઉચ્ચાર વાણી

વાણીનો અર્થ છે બોલવું તે, અર્થાત્ - બોલી, વચન, સરસ્વતી વગેરે. વાણી એટલે માણસની બોલીમાં વપરાતા શબ્દો, માણસની ભાષા, એના શબ્દપ્રયોગ વગેરે. માણસની વાણીનું એટલે કે એની જીભની મીઠાશ કે કડવાશનું બહુ મહત્ત્વ છે.

રોજના વ્યવહારમાં માણસે વાણી એટલે કે ભાષા મીઠી રાખવી જોઈએ. એમ કહ્યું છે કે सत्यम् ब्रूयात, प्रियं ब्रूयात; न ब्रूयात सत्यं अप्रियम् । વ્યવહાર ડાહ્યા માણસે સાચું ને બીજાને પ્રિય લાગે એવું બોલવું જોઈએ, પણ બીજાને અપ્રિય લાગે એવું તો સત્યવચન પણ ન બોલવું જોઈએ. સ્વામિનારાયણ ધર્મની શિક્ષાપત્રીમાં કહ્યું છે કે 'પોતાનો તથા પારકાનો દ્રોહ થાય તેવું સત્યવચન ક્યારેય ન બોલવું.'

બોલતાં પહેલાં માણસે વિચાર કરવો જોઈએ, કારણ કે એકવાર બોલાઈ ગયેલા શબ્દો ધનુષ્યમાંથી છૂટેલા બાણ જેવા

હોય છે, એ કદી પાછા ફરી શકતા નથી. માટે જ કવિએ કહ્યું છે: 'વિચારીને ચાર ઉચ્ચાર વાણી.' કોની સાથે, ક્યાં અને કેવી રીતે વાત કરીએ છીએ એનો માણસે હંમેશાં ખ્યાલ રાખવો ઘટે. ભગવાને જીભ આપી છે તે ગમે તેમ બોલવા માટે નહિ જ. આપણી જીભ સંસ્કૃતમાં ગીતાનો સરસ શ્લોક બોલી શકે, તો એ જ જીભ કટુ વચનથી કોઈના સ્વમાન પર ઘા કરી આઘાત પણ પહોંચાડી શકે. ઘણીવાર કટુવચનના પ્રહારથી બહુ મોટું નુકસાન પણ થઈ શકે છે. મહાભારતમાં એક પ્રસંગ છે : પાંડવોના નવા મહેલમાં ગયેલા દુર્યોધનને ચાલતી વખતે જ્યાં પાણીનો હોજ હતો ત્યાં જમીન દેખાઈ એટલે ત્યાં ચાલતાં એ હોજના પાણીમાં પડ્યો, ત્યારે ઝરૂખે ઊભેલી દ્રૌપદી કટાક્ષમાં બોલી કે 'આંધળાના તો આંધળા જ હોય.' બસ, આ કટુવચન દુર્યોધનને હાડોહાડ લાગી ગયાં અને એમાંથી દ્રૌપદીનું વસ્ત્રાહરણ થયું, ને પરિણામે મહાભારતનું ભીષણ યુધ્ધ થયું, જેનું નુકસાન ઉભયપક્ષે ક્યારેય ભરપાઈ ન થઈ શકે એવું હતું! કાશ, દ્રૌપદી એવાં કટુવચન ન બોલી હોત તો કદાચ મહાભારતનું યુધ્ધ ટાળી શકાયું હોત. શબ્દોના બાણ તો દેહમાં નહિ, પણ દિલમાં સોંસરાં ઉતરી જાય. માટે જ કબીરજીએ કહ્યું છે : 'ઐસી બાની બોલીએ, મનકા આપા ખોય, ઔરન કો શીતલ કરે, આપહુ શીતલ હોય.' મીઠી વાણી બોલનાર અને સાંભળનાર બંનેને આનંદ આપે છે. મારું એક મુક્તક છે :

"કાળી તોયે પ્રિય બની ગઈ કોયલ કંઠની મીઠાશથી,
કંટક છતાં પ્રભુને કંઠે ગુલાબ શોભે સુવાસથી."

આમ મીઠી વાણીની મહેંક માણસને ઉચ્ચાસને બેસાડી શકે છે. કડવી ભાષા વાપરનાર પોતાના જ માર્ગમાં કાંટા વાવે છે. એક જૂની કહેવત છે કે 'બોલ્યું બહાર પડે ને રાંધ્યું વરે પડે.' તમે જ બોલો એ દ્વારા કદાચ તમારી નબળી કડી પણ સામાના હાથમાં આવી જાય. એક ગામઠી ભજનમાં કહ્યું છે કે 'લૂલીને વશ રાખો, ભાઈ લૂલીને વશ રાખો.' આ હાડકા વગરની જીભ પર કાબુ રાખી 'વિચારીને યાર, ઉચ્ચાર વાણી.' શ્રી રમેશભાઈ ઓઝાએ એક કથા પ્રસંગે કહ્યું હતું કે 'જીભને બે પ્રકારે જીતવી જોઈએ - સ્વાદમાં ને વાદમાં.' માણસે શરીરના આરોગ્ય માટે ખાવામાં (સ્વાદમાં) સંયમ રાખવો જોઈએ. અને મનના આરોગ્ય માટે બોલવામાં (વાદ-વિવાદમાં) સંયમ રાખવો જોઈએ. માટે જ તો કહેવત પડી : 'ન બોલ્યામાં નવ ગુણ', અર્થાત્ ઓછું બોલશો તો મુશ્કેલીઓય ઓછી આવશે. એક અનુભવવૃધ્ધ માજી કહેતાં કે 'ગમે તેવું ખાઈએ નહિ અને ગમે તેવું બોલીએ પણ નહિ.' આમ બધા જ ડાહ્યાં જનો મીઠી વાણીનો મહિમા ગાય છે. કવિ પણ કહે છે : 'પોપટ કોયલ બોલ, થોડો પણ લાગે ભલો; વૃથા ગુમાવે તોલ, બહુ બોલીને દેડકાં.' પોપટ અને કોયલ ઓછું પણ મીઠું બોલે છે તો સૌને ગમે છે, પણ દેડકાંનું સતત 'ડ્રાંઉ-ડ્રાંઉ' ત્રાસદાયક લાગે છે. કોયલનો મીઠો ટહુકો તો આપણી ઊર્મિઓને ઢંઢોળે છે.

કવિ દલપતરામે ય ગાયું છે : 'જો કોકિલા ગાન રુડું કરે છે, વસંતના શું જશ ઉચ્ચરે છે.'

લોકશાહીમાં વાણી સ્વાતંત્ર્ય એ નાગરિકનો મૂળભૂત અધિકાર ગણાય છે, પણ એને ય મર્યાદા કે નિયમ છે. વાણી સ્વાતંત્ર્ય એટલે વાણી વિલાસ નહિ. Rights and duties go hand in hand. તમારો અધિકાર ભોગવતી વેળા તમારે બીજાને પણ એનો એ જ અધિકાર ભોગવવા દેવો જોઈએ. માટે જ લોકસભામાં પણ ક્યારેક પોતાના બોલાયેલા શબ્દો સભ્યોએ પાછા ખેંચવા પડે છે, અને ક્ષમાયાચના કરવી પડે છે. માટે જ એક ચિંતકે કહ્યું છે કે 'પાણી ને વાણી વાપરવામાં સંયમ રાખો, કારણ કે જલ એ જીવન છે. એને સાચવીને વાપરો અને વાણી એ જીવનરીતિ છે, એને સંયમપૂર્વક ઉચ્ચકક્ષાની રાખો.'

વાણી આપણા જીવન વ્યવહારનું ઉપયોગી સાધન છે. માટે એને સાચવીને સંયમપૂર્વક વાપરવું ઘટે. માટે જ તો તપસ્વીઓ વર્ષો સુધી મૌન પાળી તપ કરતા હતા. ગાંધીજી પણ અઠવાડિયામાં એક વાર મૌન પાળતા હતા.

મીઠાશમાં, મધુરતામાં તો ભગવાનનાં દર્શન થાય છે. માટે જ તો કહ્યું છે : मधुराधिपतेरखिलंमधुरम् ।

('આકાશવાણી' વડોદરા-અમદાવાદ પરથી પ્રસારિત તા. ૧૭-૭-૧૦)



૪૪. વૃક્ષારોપણ

વૃક્ષ બધા દેશમાં, બધાં માટે ખૂબ ઉપયોગી છે, છતાં ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં તો એની ઉપયોગીતા સવિશેષ છે. માનવ પર વૃક્ષના અગણિત ઉપકાર છે. માત્ર સ્થુલ લાભોનો વિચાર કરીએ તો પણ વૃક્ષના ઉપકાર ઉડીને આંખે વળગે એવા છે.

સૌ પ્રથમ તો વૃક્ષ છાંયડો આપે છે. ધોમધખતા તાપમાં બળ્યોઝળ્યો વટેમાર્ગુ રસ્તામાં કોઈ વૃક્ષ જીુએ ત્યારે એને કેવો આનંદ થાય છે! એ વૃક્ષની છાયામાં થોડું બેસી રાહત અનુભવે છે અને આગળની સફર માટે નવું જોમ મેળવે છે. વૃક્ષ પંખીઓનું ઘર છે. વૃક્ષો પર કિલકિલાટ કરતાં નિર્દોષ પંખીડાં સૂની સીમને વસ્તીભરી બનાવે છે. વૃક્ષ કે છોડનાં ફૂલ તો અનેક રીતે ઉપયોગી

છે. રસ, રૂપ અને સુગંધનો સમન્વય એટલે ફૂલ. ફૂલ તો એવું પવિત્ર છે કે એ દેવ શિરે ચઢે છે. વળી ભ્રમર ગુંજારવ કરે ને ફૂલને કશુંય નુકસાન કર્યા વિના એનો રસ ચૂસી એમાંથી મધ બનાવે. મધના ઔષધીય ગુણો અપાર છે. આપણી અમૃતફળ જેવી કેરી તો દેવોને ય દુર્લભ છે. નાળિયેર, પપૈયા, કેળાં, સફરજન, જામફળ, બોર, દ્રાક્ષ - ઋતુ ઋતુનાં કેવાં વૈવિધ્ય સ્વાદ અને રસભર્યા ફળ વૃક્ષ માનવજાતને ભેટ ધરે છે! એ ફૂલ અને ફળથી દેવને ય આપણે આરાધીએ છીએ. ફળાહાર તો ઉપવાસીનું ભોજન છે. વૈજ્ઞાનિક રીતે વિચારીએ તો વૃક્ષ કાર્બનડાયોક્સાઈડ લે છે ને માનવજાત માટે અતિ ઉપયોગી એવો ઓક્સીજન બહાર કાઢે છે. આમ આરોગ્ય માટે તો વૃક્ષ આપણો સૌથી ઉપકારક સાથી છે. પર્યાવરણની જાળવણી માટે વૃક્ષ અનિવાર્ય છે. વૃક્ષના પાન પશુઓના ચારામાં પણ વપરાય છે. એ પલળે ને કહોવાય તો ખેતી માટે ઉપયોગી ખાતર પણ બને છે.

વૃક્ષનું લાકડું કેટલું બધું ઉપયોગી છે! ચંદન, સીસમ અને સાગનાં લાકડાં અતિ કિંમતી છે. આજે સીમેન્ટનાં જંગલો જેવાં મકાનો ઊભાં થઈ રહ્યાં છે ત્યારે કોઈ જૂના જમાનાના સાગના લાકડામાંથી બનેલા સુંદર મકાનમાં જઈને બેસજો. તન અને મન બંને સ્વસ્થ થશે. સાગના લાકડામાંથી ઉત્તમ ફર્નીચર બને છે. ‘સાગ સીસમના ઢોલિયા’ તો આપણા લોકગીતોમાં પણ વણાઈ

ગયા છે. માછીમારોની હોડીઓ અને મોટાં વહાણ લાકડામાંથી જ બને છે ને? મત્સ્ય ઉદ્યોગ પણ એક અગત્યનો વ્યવસાય છે. માછીમારોની તો એ રોજી રોટી છે. ગરીબોની ઝૂંપડી માટે વૃક્ષના થાંભલા, વાંસ અને વળીઓ પણ અનિવાર્ય છે. વાંસમાંથી ટોપલા, ટોપલી, સૂપડાં, ગાડાના કડા એમ ઘણું બધું બને છે. વૃક્ષના થડમાંથી ગુંદરનો રસ ઝરે છે, તો કેટલાંકમાંથી કાથો બને છે. આમ વૃક્ષનાં દરેક અંગ આપણા માટે ઉપયોગી ને ઉપકારક છે.

અને આપણા દેશ માટે સૌથી ઉપયોગી વરસાદને પણ વૃક્ષો ખેંચી લાવે છે. આપણા જેવા ખેતીપ્રધાન દેશ માટે તો વરસાદ બહુ જ મહત્ત્વનો છે. વૃક્ષો આપણી પાણીની તંગી નિવારે છે. સૂકાયા પછીય આપણે વૃક્ષને ક્યાં જવા દીએ છીએ? સૂકાં લાકડાં બળતણ માટે અનિવાર્ય જરૂરિયાત છે. બળ્યા પછી એની રાખોડીય વાસણને માંજી સ્વચ્છ કરે છે. મારા ઘરના વાડાનું એક વૃક્ષ મને રોજ ગીત ગાઈ સંભળાવતાં કહે છે :

ફૂલ હું દઉં છું, ફળ પણ મીઠાં,
છાયા શીતળ આપું,
પાન મારાં પશુનો ચારો,
અશુધ્ધિ હવાની કાપું.

વળી આવા જ એક પર્યાવરણીય ગીતમાં વૃક્ષ કહે છે :

પ્રાણવાયુ ભરચક દઈને હું
આયુ વધારું સૌનાં,

ઔષધ દુર્લભ આપું એવાં
દર્દ માટે રોગીનાં.

કેટલાંક વૃક્ષોની છાલના રેસામાંથી દોરડાં બને છે. ઘણાં વૃક્ષોની છાલ કે એના મૂળીયાં ઔષધીય ગુણ ધરાવે છે. આમ વૃક્ષનું અંગેઅંગ માનવજાત માટે ઉપયોગી છે ને ઉપકારક છે. એક કવિ કહે છે : स्वयं न खादन्ति फलानि वृक्षाः । વૃક્ષો પોતે પોતાનાં ફળ ખાતાં નથી. કારણ કે परोपकाराय सतां विभूतयः । સજ્જનોની સંપત્તિ પારકાના ભલા માટે હોય છે. આવાં પરોપકારી વૃક્ષોની આપણે પૂજા પણ કરીએ છીએ. છોડમાં રણછોડને જોવાની આપણી સંસ્કૃતિ છે. માટે જ સરકાર પણ વૃક્ષારોપણ સપ્તાહ યોજી વૃક્ષના ઉછેરને પ્રોત્સાહન આપે છે. ચાલો, આપણે સૌ પણ વૃક્ષ-દેવતાની સેવા માટે ગાઈએ :

વૃક્ષ અમે વાવીએ, પાણી નિત પાઈએ,
વૃક્ષ તો દેવ છે, ગુણ એના ગાઈએ.

('આકાશવાણી' અમદાવાદ-વડોદરા પરથી 'અમૃતધારા'માં પ્રસારિત) તા. ૨૮-૧૦-૦૬



૪૫. વૈષ્ણવજન

વૈષ્ણવનો અર્થ થાય છે વિષ્ણુની ઉપાસના કરનાર માણસ. ભગવાનનાં ત્રણ સ્વરૂપો છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. એમાં વિષ્ણુ સ્વરૂપે એ સૃષ્ટિનું પાલન કરે છે. આથી વૈષ્ણવમાં એટલે કે વિષ્ણુના ઉપાસકમાં - પાલકના ગુણ હોવા જોઈએ, કારણ કે પાલન કરવું એ એનો સહજધર્મ છે. આ પાલન કરવું અથવા પોષણ કરવું એટલે શું? વૈષ્ણવે માનવ-ધર્મનું પાલન અથવા પોષણ કરવાનું છે.

'વૈષ્ણવજન' એટલે એક સારો ને સાચો માણસ. એનામાં સત્ય, પ્રેમ, ન્યાય, નીતિ, દયા, ધર્મ, નિષ્ઠા, નમ્રતા, નિર્લોભીપણું, પરદુઃખભંજનવૃત્તિ, નિરાભિમાનપણું એવા બધા ગુણો હોવા ઘટે. જેટલા પ્રમાણમાં આ બધા ગુણો હોય તેટલા

પ્રમાણમાં માણસ સાચો માણસ હોવાની ઊંચાઈ પ્રાપ્ત કરે છે.

એક માણસને આપણે બીજા માણસ કરતાં સારો કે ખોટો કહીએ છીએ તે આ બધા ગુણ હોવાને કે ન હોવાને કારણે જ. આ બધા આદર્શ ગુણો છે જે માણસમાં હોવા જોઈએ. છતાં આવી આદર્શ અને ઉત્તમ સ્થિતિ સુલભ નથી, કારણ કે કોઈપણ માણસ પૂર્ણ નથી. દરેકમાં વત્તા ઓછા પ્રમાણમાં માનવસહજ નબળાઈઓ તો હોવાની જ. संपूर्ण केवलो हरिः । માત્ર ભગવાન જ સંપૂર્ણ છે. છતાં ઉત્તમતાને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ એવા આદર્શ માણસો સંસારમાં નથી જ હોતા એમ તો નહિ જ!

કવિ જ્યારે એમ કહે કે 'હું માનવી માનવ થાઉં તો યે ઘણું', એનો અર્થ એ કે દુનિયામાં મોટાભાગના માણસો સાચા અર્થમાં માનવ નથી. છતાં સારા માણસો સાચા માનવી બનવા માટે - સાચા 'વૈષ્ણવજન' થવા માટે જાગૃત અને પ્રયત્નશીલ તો હોય જ છે. કવિને એમ અભિપ્રેત છે કે માણસ દેવ ન બને તો ચાલશે, એ માત્ર અને માત્ર સાચો માણસ બને તો ય ભયો ભયો! એમ થાય તોય ધરા ધન્ય બની જાય.

જો માણસ સાચો માણસ બને તો આ દુનિયાના બધા ઝગડા નાબુદ થઈ જાય; કારણ કે કોઈ જૂઠું બોલી બીજાને છેતરે નહિ, પોતાના હક્ક વગરનું કોઈ કશું લે નહિ, તો ચોરી ન થાય, મન દુઃખ કે મારામારી ન થાય અને તો ન પોલીસીની જરૂર પડે કે ન જરૂર પડે કોર્ટ કચેરીની. વૈષ્ણવજનો વચ્ચે કશા મતભેદ જ

ન પડે, કશા ઝગડા જ ન થાય. એમની વચ્ચે માત્ર પ્રેમ અને લાગણીનું જ રાજ્ય હોય. આમ આખી દુનિયામાં 'વૈષ્ણવજનપણું' ફેલાય તો કોઈ પણ દેશ પોતાના પડોશી દેશની સરહદ ન દબાવે, કોઈ કોઈની ઉપર આક્રમણ ન કરે, પછી ચોરી, ગુંડાગીરી કે આતંકવાદની તો વાત જ શી? એમ થાય તો દુનિયામાં કેટલી બધી શાંતિ હોય, કેટલી બધી સમૃધ્ધિ હોય! પછી લશ્કરની ય જરૂર ન પડે. દુનિયા સાચા સુખ અને સાચી શાંતિનો આસ્વાદ લઈ શકે જો 'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે' નો મંત્ર વિશ્વમાં ગુંજતો થઈ જાય અને જગતજનો એના ઉપાસક બની જાય તો! અને ત્યારે 'વિશ્વશાંતિ' હસ્તામલકવત્ બની જાય. માણસ સાચો 'વૈષ્ણવજન' બને તો કેટલી મોટી ઉપલબ્ધિ સહજમાં પ્રાપ્ત થઈ જાય! વિશ્વયુધ્ધનો વિચારમાત્ર નાબૂદ થઈ જાય તો કેટલી બધી માનવ ખુવારી અટકે ને ભૌતિક સમૃધ્ધિનો બચાવ થાય! અરે, તો તો આ ધરતી જ સ્વર્ગ બની જાય! આ તો એક આદર્શ કલ્પના છે. છતાં એ માર્ગે જવા જગતે પ્રયત્ન જરૂર કરવો જોઈએ.

સાચો 'વૈષ્ણવજન' સ્વાશ્રયી, નિઃસ્વાર્થી અને નિષ્કપટી હોય. પોતાના હક્ક વગરનું એ કશું જ લે નહિ, એના મનમાં દયાભાવ અને હૃદયમાં સેવાભાવ હોય, કોઈની નિંદા-કુથલી કરી એ પોતાની વાણીને અભડાવે નહિ, એ સત્ય બોલે, મધુર બોલે, શાંતિ આપે એવું બોલે. વૈષ્ણવજન વૃક્ષની જેમ

નિરાભિમાનપણે પરોપકાર કરે ને નદીની જેમ વહી બધાંની પ્યાસ છિપાવી સ્વયમ્ નિર્મલ રહે. વૈષ્ણવજન વાદળની જેમ વરસીને સૌને સુખ, શાતા ને સમૃધ્ધિ આપે. એનું મન સાગર જેવું વિશાળ અને હરણ જેવું નિર્દોષ-પવિત્ર હોય. સદ્ગુણોમાં એ પર્વત જેવો ઊંચો હોય ને વર્તનમાં તૃણ જેવો નમ્ર હોય. નરસિંહ, મીરાં, ગાંધીજી, વિનોબાજી કે રવિશંકર મહારાજને આપણે આવા ઊંચી કોટીનાં 'વૈષ્ણવજન' કહી શકીએ. સાચો વૈષ્ણવજન પ્રભુને પ્રાર્થતાં કહે છેઃ

શ્યામ તારી બંસી થઈને જગમાં બજવું મારે,
સૂર છેડવા કેવા ક્યારે? એ જોવાનું તારે!

('આકાશવાણી' વડોદરા-અમદાવાદ પરથી
'અમૃતધારા'માં પ્રસારિત)



૪૬. અંતરની એરણ પર

એક શિક્ષકે પોતાના પ્રાથમિક ધોરણનાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને એક પ્રશ્નનો જવાબ લખવાનું કહ્યું. સાહેબે કાળા પાટિયા પર સવાલ લખ્યા : 'દુનિયાની સાત અજાયબીઓનાં નામ લખો!' વર્ગમાં પચીસ-ત્રીસ બાળકો હતાં. દરેકે પોતાની યાદશક્તિના જોરે નોટમાં સાત અજાયબીઓનાં નામ લખવા માંડ્યા. અલબત્ત, સાહેબે ક્યારેક વર્ગમાં આ અજાયબીઓ છોકરાંને શીખવેલી ખરી. એટલે યાદ કરીને બાળકો એક પછી એક અજાયબીનાં નામ લખવા લાગ્યાં. એમણે લખી તે અજાયબીઓ લગભગ નીચે પ્રમાણે હતી :

(૧) ઈજિપ્તનાં પિરામીડ (૨) પીઝાનો ઢળતો ટાવર (૩) ચીનની દિવાલ (૪) આગ્રાનો તાજમહેલ (૫) પનામાની નહેર

(૬) અમ્પાયર સ્ટેટ્સ બિલ્ડીંગ (૭) બેબીલોનના બાગ.

કેટલાકે આ સાતમાંથી થોડાં ઓછા લખ્યાં, કારણ કે એમને પુરાં નામ યાદ ન આવ્યાં. બધા વિદ્યાર્થીઓને બધું થોડું જ આવડે છે?

આ બધા લખતાં છોકરાંમાં એક છોકરી બેઠી બેઠી વિચાર કર્યા કરે. બીજાંએ લખ્યું પણ એણે કશું જ ન લખ્યું. બેઠી બેઠી વિચાર્યા જ કરે. શિક્ષક વર્ગમાં ફરતા હતા. એમણે આ જોયું. છોકરીની પાસે ગયાં ને સહાનુભૂતિપૂર્વક પૂછ્યું : 'બેટા, કેમ ગુંચવાય છે?... તને જવાબ નથી આવડતો?... થોડુંય નથી આવડતું? જે થોડું આવડતું હોય તે લખ તો ખરી.' પેલી છોકરીએ જવાબ આપ્યો : 'ના સાહેબ, એવું તો નથી, પણ મારા મત પ્રમાણે દુનિયાની અજાયબીઓ આ પ્રમાણે છે : 'છોકરીએ પોતાની નોટ સાહેબ સામે ધરી. સાહેબે વાંચ્યું. છોકરીએ લખ્યું હતું : 'મારા મત પ્રમાણે દુનિયાની સાત અજાયબીઓ નીચે પ્રમાણે છે :

(૧) સ્પર્શ... (૨) પ્રેમ (૩) દૃષ્ટિ (૪) સ્વાદ (૫) શ્રવણશક્તિ (૬) દોડવું-કૂદવું (૭) હસવું (૮) રડવું - વગેરે.

સાહેબ તો છોકરીનો જવાબ વાંચી સ્તબ્ધ થઈ ગયા! એ વિચારવા લાગ્યા કે ભૂગોળની રીતે વિચારીએ તો છોકરીનો જવાબ સાવ ખોટો હતો. પણ તાત્ત્વિક રીતે આ જરાય ખોટું હતું ખરું? છોકરીનો જવાબ સોએ સો ટકા સાચો નહોતો? શિક્ષકની

જેમ આપ પણ વિચારીને કહો. છોકરીનો જવાબ ખોટો હતો? તો જવાબ મળશે : 'ના જી, છોકરીનો જવાબ સહેજ પણ ખોટો નહોતો. ઈજિપ્તના પિરામીડ કે ચીનની દિવાલ કે ઢળતો ટાવર અથવા તાજમહેલ જેવી અદ્‌ભૂત લાગતી ચીજો તો માણસે જ બનાવી છે, ભગવાને નહિ; પણ તમારા આ અસામાન્ય એન્જિનીયરો કે આર્કીટેક્ટો એના ટાંકણાથી કે સ્કેચપેનથી કોઈના હૃદયમાં પ્રેમ પ્રગટાવી શકશે? કોઈના રડતા ચહેરાને એ હસતો કરી શકશે?... કોઈના દુઃખે દુઃખી થઈને કે કોઈના વિયોગે એ કોઈની આંખમાંથી અશ્રુની ધારા વહાવી શકશે? કોઈ અંધને કોઈ કારીગર દેખતો કરી શકશે?... કોઈ બહેરાને એ સાંભળતો કરી શકશે? (ઈયર ફોન જેવાં હવાતીયાં તો બધાં થીગડાં છે)... કોઈ અપંગને કુદરતી રીતે દોડતો કૂદતો કરી શકે એવા કારીગરો છે આપણી પાસે?... કોઈની જીભનો સ્વાદ જતો રહ્યો હોય (જીભનો સ્વાદ જતો રહે છે હોં) તો એને ફરી સ્વાદ ચાખતી કરી શકે એવો કારીગર છે આ દુનિયામાં? કોઈ બોબડાને બોલતો કરનાર ઉસ્તાદ દુનિયામાં પાક્યો છે? અરે, પોતાના સંતાન પર ઓળઘોળ થઈ જાય એવી પ્રેમ છલોછલ માતાનું હૃદય સર્જી શકશે માસ્ટર ડીગ્રીવાળો કોઈ એન્જીનીયર? અવકાશમાં સ્પેશ શટલ મોકલવું એ ખૂબ ગુંચવણભરી, અટપટી, અઘરી વિદ્યા છે એ સાચું છે ને સ્વીકાર્ય છે. પણ એવા કુશળ કારીગરો ય ક્યારેય કોઈ પ્રેમભર્યું હૃદય કે સુખ દુઃખે હસતું રડતું મન ન જ સર્જી શકે! અને તો ય...

તો પણ... છતાં પણ દુનિયાની અજાયબીઓમાં આપણે પિરામીડ કે તાજમહેલ જેવી સ્થુલ માનવ સર્જીત વસ્તુઓને ગણાવીએ છીએ અને ભણાવીએ છીએ; પણ આપણને એ ખબર નથી કે આ બધી માનવ રચિત અજાયબીઓ તો નશ્વર છે, નાશવંત છે, જ્યારે પ્રભુએ આપેલી અદ્‌ભુત અજાયબી જેવી વસ્તુઓ - આંખ, નાક, કાન, હેતાળ હૈયું, જીભ, સ્પર્શ વગેરે ચીજો માત્ર અદ્‌ભૂત નથી, એ તો અમર છે અને અનન્ય છે. કોઈનો પ્રેમાળ સ્પર્શ આપણામાં જે અદ્‌ભુત ભાવ પેદા કરી શકે છે જે અનન્ય ભાવની ભરતી લાવી શકે છે, તે કોઈ સ્થુલ વસ્તુ લાવી શકતી કે કરી શકતી નથી. વગર જોએ પણ આસપાસ ક્યાંક ફૂલની હસ્તીની ખાતરી આપતા તમારા નાકની ઘ્રાણેન્દ્રીય જેવી વીરલ વસ્તુનું સર્જન કોઈની પણ તાકાત બહારનું કામ છે. ખાટું, ખારું, તીખું, ગળ્યું કે મોળુંનો સ્વાદ તમારી જીભની જેમ અન્ય કોઈનું અદ્‌ભુત સર્જન પણ કરાવી શકતું નથી. આ બધી તો ઈશ્વરની દેન છે. અને તોય આપણે તેને દુનિયાની અજાયબીની યાદીમાં સામેલ કરતા નથી! કારણ? કારણ કદાચ એ હશે કે આ બધી અલભ્ય વસ્તુઓ આપણને કશા જ પ્રયત્ન કે મહેનત કર્યા સિવાય પ્રભુ તરફથી ભેટમાં મળી છે, એટલે આપણને એની કશી કિંમત નથી; છતાં એ યાદ રાખવું જરૂરી છે કે પ્રભુએ આપેલી આ દરેક ભેટ અમૂલ્ય છે, દુન્યવી સ્થુળ ચીજોથી એ ખરીદી શકાતી નથી. એનું સર્જન માત્ર ને માત્ર ભગવાન જ કરી શકે છે. (પછી એ ભગવાનને તમે ગમે તે નામ

આપો.)

નવાઈ તો એ વાતની છે કે પ્રભુએ આપેલી આ અદ્ભુત ભેટોનો ઉપયોગ કરી આપણે ખુદ એને જ - પ્રભુને જ - મૂરખ બનાવીએ છીએ. કુડકપટ કરનારા આપણે ભ્રષ્ટાચારની કમાણી કરી એમાંથી કદાચ એક લાખમો ભાગ ભગવાનને ભેટ ધરીને આપણું કુશળ ક્ષેમ પ્રાર્થીએ છીએ - જાણે ભગવાન આંધળો, બહેરો કે મૂર્ખ કેમ ન હોય! માટે જ કવિએ કહ્યું છે :

મને એ જોઈને હસવું હજારો વાર આવે છે.
કે પ્રભુ, તારા બનાવેલા આજે તને બનાવે છે!

વાસ્તવમાં પેલી છોકરીએ આપેલી અજાયબીઓની યાદી સો ટકા સાચી જ હતી એમ શિક્ષકને ય મનમાં તો સમજાઈ જ ગયું હતું. એ જાણતા હતા કે સાચી અદ્ભુતતા પિરામીડમાં નહિ, કોઈના પ્રેમાળ હૈયામાં છે. ખરી નવીનતા તાજમહેલમાં નહિ, હસતા બાળકના સ્મિતમાં કે બાળવિયોગે રડતી માના અશ્રુમાં છે. પિઝાના ઢળતા મિનારા કરતાં કોઈના પ્રેમભર્યા સ્પર્શમાં અનેક ઘણી વિશેષતા છે. પનામાની નહેર કરતાં માણસના દોડવામાં-કૂદવામાં ઘણું બધું નાવીન્ય છે. બેબીલોનના બગીચા કરતાં તમારી આંખની રોશનીમાં દુનિયાભરની અજાયબી ભરી પડી છે! કુદરતની કે પ્રભુની આ અમૂલ્ય, અદ્ભૂત વસ્તુઓની કિંમત આપણને સમજાતી નથી, કારણકે આપણા આયાસ વગર, આપણી જાણ બહાર મળેલી એ ભેટો છે. માટે જ આપણી કૃત્રિમ

અને ભાવ વગરની ભક્તિથી થાકીને એક કવિએ ભગવાન પાસે ગવડાવ્યું છે :

મંદિરના આ ભવ્ય મહાલય બંધન થાય મને,
ઓ રે પૂજારી તોડ દિવાલો, પાષાણ કેમ ગમે?
ના પ્રેમનું ચિહ્ન આ,
પૂજારી તું પાછો જા !

આપણી ભક્તિ ખોટી છે, કારણ કે આપણી પૂજા સ્થુળ વસ્તુઓને મહત્ત્વ આપી, સાચી ચીજની અવગણના કરનારી છે. પણ પ્રભુ આ જાણે છે. માટે જ તો પૂજારીને ઠપકો આપતાં ભગવાન કહે છે:

એરણ સાથ અફાળે હથોડા ઘંટ તણો ઘડનાર,
દિન કે રાત ન નિંદર લેતો ને નૈવેદ્ય તું ધરનાર,
ખરી તો એની પૂજા,
પૂજારી તું પાછો જા!

પેલી નાની વિદ્યાર્થીનીની જેમ આપણે પણ સાચી હકીકત સમજીએ અને ઈશ્વરે આપણને દીધેલા અમૂલ્ય ઐશ્વર્યને સમજી એની મહાનતાને સાચા અર્થમાં સ્વીકારી આપણી ઢોંગી ને બનાવટી જીવન-રીતીને બદલે સાચા પ્રભુમય થઈ જીવીએ તો કવિ સુંદરમ્‌ની જેમ આપણને ય પૂછવાનું મન થાય કે

અંતરની એરણ પર કોની
પડે હથોડી ચેતન રૂપ?

કાળ તણી ધરતીમાં ખોદી
કોણ રહ્યું જીવનના કૂપ?

કવિની ક્રાન્ત દૃષ્ટિ આપણામાં પણ હોય તો આપણા અંતરની એરણ પર પ્રભુની ચેતનારૂપી હથોડી પડતાં થાય એવી ધન્યતાનો અનુભવ આપણને થાય અને દુનિયાની સાચી અજાયબીઓ સમજાય.



૪૭. ત્યાગ

કોઈપણ વસ્તુને સ્વેચ્છાએ તજવી એનું નામ ત્યાગ. ત્યાગમાં સ્વેચ્છાનું જ મહત્ત્વ છે. વળી ત્યાગ એ કોઈ રોજ રોજ બનતી સામાન્ય ક્રિયા નથી. છોડવી ખૂબ મુશ્કેલ હોય એવી વસ્તુ કે જીવન-રીતિને કોઈ મોટા હેતુ કે સિદ્ધાંત માટે છોડવી એનું નામ ત્યાગ. કાર્યાલયમાં સમયસર પહોંચવા માટે રડતા બાળકને છોડી ઘેરથી નીકળી જઈએ એ ત્યાગ નથી.

ત્યાગનો અર્થ સંન્યાસ પણ થાય. સંન્યાસ એટલે સંસાર વ્યવહારનો ત્યાગ. આ ત્યાગ કોઈ સામાન્ય બનાવ નથી. ઘણા કટુ અનુભવો, મનોમંથન કે જીવનદૃષ્ટિનો સંપૂર્ણ પલટો થાય ત્યારે જ આવો ત્યાગ સંભવે.

સુખ અને વૈભવમાં ઉછરેલા રાજકુમાર સિદ્ધાર્થે એક વૃદ્ધ

માણસ જોયો, પછી એક રોગીને જોયો અને છેલ્લે એક મૃત વ્યક્તિની સ્મશાન યાત્રા જોઈ. એથી એને સંસારની અસારતા સમજાઈ ગઈ. એણે થોડું ઊંડું મનોમંથન અનુભવ્યું : 'શું જન્મીને વૃદ્ધ થઈ, રોગગ્રસ્ત બની મરી જવું એમાં જ મનુષ્ય જીવનની સાર્થકતા! આ મનોમંથનમાંથી નિર્ણય થયો : સંસારીઓના સાચા સુખની શોધ માટે ગૃહત્યાગ કરવાનો એ એક અસામાન્ય નિર્ણય હતો. સુખ-સમૃદ્ધિમાં આળોટતા એક રાજકુમારે પોતાનો રાજમહેલ, પોતાની પ્રિય રાણી યશોધરા અને પોતાના વ્હાલાપુત્રને તથા પૂજ્ય માતા પિતાને છોડીને સંસારીઓના સુખની જડીબુટ્ટી શોધવા ગૃહત્યાગ કરવાનો નિર્ણય કર્યો અને કઠણ હૃદય કરી મધરાતે એનો અમલ પણ કર્યો. આનું નામ ત્યાગ. માટે તો એ ઘટના બુદ્ધનું 'મહાભિનિષ્ક્રમણ' કહેવાઈ. કૃષ્ણભક્તિના રંગે રંગાયેલી મીરાંએ રાણાની માગણી પ્રમાણે પોતાની કૃષ્ણભક્તિને છોડવાને બદલે રાણાના રાજ્યનો જ ત્યાગ કર્યો! આ છે મીરાંની કૃષ્ણભક્તિની પરાકાષ્ઠા. 'ડાબો મેલ્યો મેવાડ, મીરાં ગઈ પશ્ચિમમાંય' કહેતી મીરાંના વતન-ત્યાગમાં શ્રધ્ધાભરી ભક્તિ છે. પોતાની કૃષ્ણ-ભક્તિ મીરાં પાસે રાજરાણીપદનો ત્યાગ કરાવી શકે છે. મહાભારતના યુદ્ધમાં જીવન-મરણનો જંગ ખેલતા કર્ણે પોતાના 'દાનેશ્વરી' બિરુદને છાજે એ રીતે પોતાના રક્ષણ માટે અનિવાર્ય એવાં કવચ અને કુંડલનું દાન કર્યું એ ઘટના એના દાન અને ત્યાગનું સર્વોચ્ચ શિખર છે. ત્યાગનો

એક અર્થ દાન પણ છે જ.

પણ અહીં લાલબત્તી ધરવાની જરૂર છે. કવિએ સાચું જ કહ્યું છે કે 'ત્યાગ ન ટકે રે વૈરાગ વિના, કરીએ કોટી ઉપાય જી,' માણસના દિલમાં સાચી વિરક્તિ ન જાગે તો ત્યાગ ટકી રહેતો નથી. ઘણીવાર એવું જોવામાં આવે છે કે કેટલાક યુવાનો ભાવાવેશમાં આવી સંસારનો ત્યાગ કરી સંન્યસ્ત લઈ લે છે. થોડો વખત એ સંન્યસ્ત ટકે છે પણ ખરું. પણ પછી સંસારના મોજશોખના અભાવમાં ક્યારેક સંન્યસ્ત આકરું લાગતું હશે, જેથી એ ભગવાં, ઉતારી પાછો સંસારી બની જાય છે! આવી વ્યક્તિના સંસાર-ત્યાગમાં વૈરાગ્યનો અભાવ છે. સોડા-વોટરના ઉભરા જેવો એ ઊર્મિનો આવેગ માત્ર છે. સમય જતાં આવેગ શાંત પડે છે, ને સાધુ ચલિત થઈ સંસારી બનવા ચાહે છે. કેટલાક તો વળી સાધુના સ્વાંગમાં ય ખાનગીમાં વ્યભિચારી બની ન કરવાના ગોરખધંધા કરે છે! આમાં તો બાવાનાં બેય બગડ્યા જેવો ઘાટ થાય! માટે જ ત્યાગ અને રાગની આખી પ્રક્રિયા સમજીને વર્તન કરવું જરૂરી છે.

આસક્તિના અભાવમાં જ સાચો ત્યાગ પ્રગટે. અનુરાગ કે સ્પૃહા નષ્ટ થાય તો જ સાચી વિરક્તિનો ભાવ જન્મે અને તો જ ત્યાગ જેવી અમૂલ્ય અને અનન્ય ઘટનાનો પ્રાદુર્ભાવ થાય.

ત્યાગની મહત્તા ઓછી નથી. ત્યાગીની મહાનતા અમાપ છે; કારણ, ત્યાગમાં પોતાપણાનો હક્ક છોડી દેવો પડે છે. અને

સ્વેચ્છાપૂર્વક હક્ક છોડવો એ દુર્લભ વાત છે. રૂપિયા માટે ઝગડતા કે જમીનના નાના ટૂકડા માટે વેરનાં બીજ વાવી ખૂનામરકી કરતાં લોકોની જ્યાં બહુમતી હોય ત્યાં સાચા ત્યાગના પ્રસંગો દુર્લભ જ દેખાય.

માટે જ આવા પ્રસંગો જોવા જાણવા મળે ત્યારે આનંદ, આશ્ચર્ય અને અહોભાવ થાય. છ એક દસકા પહેલાં ઈંગ્લેન્ડની ગાદીના હક્કદાર એક રાજકુમારે ગાદીનો હક્ક છોડી દીધો, પણ પોતાની પ્રિયતમા સાથે જ લગ્ન કર્યું. પ્રેમ અને પ્રિયતમા માટે જેના રાજમાં સૂરજ નહોતો આથમતો એવા ઈંગ્લેન્ડની રાજગાદીનો ત્યાગ કરવો એ સામાન્ય બનાવ નથી, એક અનન્ય ત્યાગની આ અપૂર્વ ઘટના છે.

પણ સાગરને તળિયે પાકતાં અમૂલ્ય મોતી કાંઈ મારગમાં વેરાયેલાં થોડાં જ હોય? મીરાં કે કર્ણનો ત્યાગ તો સદીઓ પછી એકાદવાર જોવા કે જાણવા મળે. અને આવી દુર્લભતામાં જ તો ત્યાગની મહત્તા અને મહાનતા નિહીત છે.

"આકાશવાણી" વડોદરા-અમદાવાદ પરથી
'અમૃતધારા'માં પ્રસારિત.



૪૮. ક્ષમા

એક સરસ શ્લોક છે :

क्षमा शत्रौ च मित्रे च, यतिनामेव भूषणम् ।
सापराधेषु सत्त्वेषु नृपाणाम् सैव दूषणम् ॥

શત્રુ તેમજ મિત્રને ક્ષમા આપવી એ સાધુ સન્યાસીઓ માટે શોભારૂપ છે, પણ અપરાધીને ક્ષમા આપવી એ રાજા માટે દોષરૂપ છે. આમ એક જ ક્રિયા બે જુદી-જુદી વ્યક્તિઓ માટે વિરોધાભાસી પરિણામ લાવે છે.

વાત સાચી છે. સંન્યાસી પોતાના જ્ઞાનથી એટલો સમૃધ્ધ અને ઉદાર-દિલ હોય છે કે એ મિત્રને તો શું, પોતાના દુશ્મનને પણ પોતાની વિરુધ્ધના એના કોઈ દુષ્કૃત્ય માટે માફ કરી શકે. સાધુ સમજે છે કે 'અવેરે જ વેર શમે, શમે ન વેર વેરથી.'

પણ રાજા, અર્થાત્ દેશની ધુરા સંભાળનાર માણસની એ ફરજ છે કે એ દોષિતને યોગ્ય સજા કરે, કારણ કે દેશમાં કાયદો ને વ્યવસ્થા જાળવવાની એની ફરજ છે. સત્તાધારી વ્યક્તિએ તટસ્થ

ભાવે ન્યાય તોળવો જોઈએ. વર્તમાન લોકશાહીમાં એમ કહેવાય કે ન્યાયાધીશ કોઈપણ ગુનેગાર પર દયા લાવી એને એના ગુનાની સજામાંથી મુક્ત કરી ક્ષમા ન આપી શકે, માટે જ તો ન્યાયની દેવીને આંખે પાટા બાંધ્યા છે ને એના હાથમાં ન્યાયનું ત્રાજવું આપ્યું છે. બંધ આંખને પારકું કે પોતાનું દેખાતું નથી, એટલે ન્યાયમાં ભેદભાવ ન થાય; ત્રાજવું જેનું જેટલું હોય એટલું જ એને આપે, ન વત્તુ, ન ઓછું. અર્થાત્ ન્યાય કરવા બેઠેલા માણસે પક્ષપાત, દ્વેષ કે દયાભાવ વિના તાટસ્થ્યપૂર્ણ રીતે ન્યાય આપવો જોઈએ. ગુનેગાર પોતાનું સ્વજન હોય તોય એને કાયદા પ્રમાણે સજા કરે એ જ સાચો ન્યાયાધીશ. બાદશાહ હુમાયુની બેગમથી અજાણતાં જ એક ધોબીની બાણ દ્વારા હત્યા થઈ. ધોબણ બાદશાહ હુમાયુ પાસે ન્યાય માગવા ગઈ ત્યારે હુમાયુએ ન્યાય તોળતાં ધોબણને કહ્યું કે – 'લે આ ધનુષ્ય અને બાણ, અને બેગમે તારા પતિની હત્યા કરી તને વિધવા કરી છે, તો તું એના પતિની હત્યા કરી એને વિધવા કર.' આમ હુમાયુએ ધોબણને પોતાની હત્યા કરવાનું કહ્યું ! એણે પોતાની બેગમને પણ અઘટિત રીતે ક્ષમા ન આપી! માટે જ 'હુમાયુનો ન્યાય' ઈતિહાસ પ્રસિદ્ધ છે. આપણા બંધારણ પ્રમાણે સર્વોચ્ચ અદાલતે કરેલી સજામાંથી મુક્તિ પામવા કેટલાક લોકો રાષ્ટ્રપતિજીને ક્ષમા આપી દયા બતાવવાની અરજી કરે છે. જો કે એવી ક્ષમા ભાગ્યે જ મળે છે.

વળી એમ પણ છે કે क्षमा वीरस्य भूषणम् । ક્ષમા વીર

પુરુષને જ શોભે. કારણ કે ગુનેગારને એના ગુના માટે શિક્ષા કરવા એ સમર્થ છે, તો પણ ઉદાર દિલે વીરપુરુષ એને માફી આપે છે! કોઈ નિર્બળ કે અશક્ત માણસ જે બીજાને એના ગુના માટે સજા કરવા સમર્થ નથી તે કોઈ પહેલવાનને 'જા, માફ કર દીયા' એમ કહે તો હાંસીપાત્ર જ લાગે!

ક્ષમા આપનાર માણસ ખૂબ ઉદારદિલ અને મોટા મનનો હોય. એ દયાર્દ્ર હોય, લોકો પ્રત્યે એને પ્રેમ અને સમભાવ હોય. વિશાળ મનવાળો માણસ જ ક્ષમાશીલ હોઈ શકે. ભગવાન ઈસુ ખ્રિસ્તે એમને શૂળી પર ચઢાવતા લોકો માટે કહ્યું હતું : 'હે પ્રભુ, એમને માફ કર, કારણ કે એ શું કરી રહ્યા છે તે પોતે જાણતા નથી.' કેવું ક્ષમાશીલ હૃદય! આનું નામ જ મહાનતા.

ક્ષમાનો અર્થ પૃથ્વી પણ થાય. આપણને આધાર આપી ટકાવતાં, પોષતાં, જીવાડતાં પૃથ્વી માતા પર આપણે કચરાના ઢગ ખડકીએ છીએ. એને ખોદીએ છીએ, બાળીએ છીએ – ન જાણે એની ઉપર કેવા કેવા અનર્થ કરીએ છીએ. છતાં ઉદારદિલી ધરતી માતા આપણને ક્ષમા આપે છે!

ખરેખર આટલી ક્ષમાશીલ તો ધરતીમાતા અને આપણી જન્મદાત્રી માતા જ હોઈ શકે. માટે જ मा तुझे प्रणाम ।

('આકાશવાણી' વડોદરા-અમદાવાદ પરથી 'અમૃતધારા'માં પ્રસારિત)



૪૯. પુષ્પ તણી પાંદડીએ બેસી

બાગમાં આપણે ફરવા એટલા માટે જઈએ છીએ કે ત્યાં પ્રકૃત્તિની ગોદમાં હોવાના આનંદનો અનુભવ થાય છે. બાગમાં જાતજાતના ફૂલ કાળજીપૂર્વક ઉછેરી કુદરતની શક્તિ, શોભા અને સૌન્દર્યને પ્રત્યક્ષ કરાવવામાં આવે છે. ફૂલ બાગની શોભા છે, ફૂલ બાગનું સૌન્દર્ય છે. તમે ફૂલની કળીઓને ક્યારેય જોઈ છે? એ કળી ફૂલ કેવી રીતે બને છે એનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું છે? કરવા જેવો રસભર્યો વ્યાયામ છે. એક નાની બંધ કળીમાં કેટલી બધી શક્તિ અને સુગંધ તથા કેટલું સૌન્દર્યભર્યું છે?!

ફૂલભર્યો બાગ એ માળીનું સર્જન છે. કેટલી માવજતપૂર્વક માળી છોડનું જતન કરી, એની આસપાસની જમીનને નીંદી, ગોડવી એને પાણી પાય છે. ત્યારે અંતે છોડ પર ફૂલ આવે છે.

જગતનિયંતા પણ આ જ રીતે સૃષ્ટિનું સર્જન અને સંવર્ધન કરે છે એ વાતની માળી જાણે યાદ અપાવે છે. માળી બાગ બનાવે એ એનો ધંધો કે નોકરી હશે, પણ આપણે ક્યારેય બાગ બનાવી ફૂલ ખીલવવાનો પ્રયત્ન કર્યો છે? કવિ નાનાલાલ સાચું જ કહે છે : 'એક ફૂલ ખરે તો અમે રડીએ, પણ ફૂલછોડ ન વાવીએ.' કવિ સૂચવે છે કે સંસારરૂપી બાગમાં આપણે ભવિષ્યમાં સારાં ફૂલ ખીલે એવા ફૂલછોડ વાવતા રહેવું જોઈએ, અર્થાત્ સારી ભાવિ પેઢીના સર્જનમાં આપણે હિસ્સો આપવો જોઈએ. બાગ, માળી અને ફૂલ આપણને આમ આપણું કર્તવ્ય શીખવે છે.

ફૂલ સુગંધ અને સૌન્દર્યની સાથે સાથે પવિત્રતાનું પણ પર્યાય છે, માટે તો એ દેવનાં શિર પર ચઢે છે. ભગવાનના મસ્તક પર ચઢનારની મહત્તા અને એનું મહત્ત્વ કેટલાં બધાં છે. અરે, ફૂલ તો એવું ઉતમ સાથી છે કે એનો સંગ કરનાર કીડો પણ દેવના મસ્તકે ફૂલ ભેગો ચઢી જાય છે! સારી સોબતનો આ લાભ છે. માટે જ સારાનો સંગ કરવો જોઈએ. ફૂલના હારની મહત્તા કેવી છે! ભગવાનના ગળામાં ફૂલનો હાર ભક્ત ભાવપૂર્વક પહેરાવે છે. પરણવા જતા ઉમંગભર્યા વરરાજાના ગળામાં ફૂલનો હાર શોભે છે. જીવનસાથી થયાના પ્રતીક રૂપે વરકન્યા પરસ્પરને ફૂલના હાર પહેરાવે છે. કોઈ સંત મહાત્માનું ફૂલના હારથી આપણે સ્વાગત કરીએ છીએ. અને કોઈના અંતિમ દર્શન વખતે પણ ફૂલમાળા અર્પણ કરી અંજલિ આપીએ છીએ. માનવીનો અને

ફૂલનો સંગ જનમથી મરણ સુધીનો છે! આશભરી કોડભરી કન્યા માથે ફૂલની વેણી બાંધે છે. અને અવિનાશ વ્યાસ જેવા સિધ્ધ કવિ નવોઢાના મુખમાં શબ્દો મૂકે છે : 'મારી વેણીમાં ચાર ચાર ફૂલ, અંબોડલે શોભે સોહામણી એ ઝૂલ.' એ ચાર ફૂલનાં પ્રતીક જેવાં સ્વજનોને ઓળખવાં ક્યારેક આખું ગીત સાંભળવા જેવું છે. કવિ હરીન્દ્ર દવે જાણે ગોપીના મનોભાવ વ્યક્ત કરતા હોય તેમ ફૂલને પ્રતીક બનાવીને ગાય છેઃ 'ફૂલ કહે ભમરાને, ભમરો વાત કહે ગુંજનમાં, માધવ ક્યાંય નથી મધુવનમાં.' ફૂલ અને ભ્રમરની પ્રીતને ઉજાગર કરતાં વળી એક કવિ કહે છે : 'ફૂલ ફૂલમેં ભમરા ગુંજે, હસતી કોમલ કલીયાં.' તો વળી એક મહેબૂબ ઘેલો પ્રિયતમ તો બહારોંને ય ઉલ્લાસમય બનાવી દેતાં ગાઈ ઊઠે છે : 'બહારો ફૂલ બરસાવો મેરા મહેબૂબ આયા હૈ, મેરા મહેબૂબ આયા હૈ.' આમ ડગલે ને પગલે માનવી ફૂલની સંગાથે જીવે છે ને આનંદે છે. ભર ઉનાળે વેરાનને શોભિત કરતા કેસૂડાને કવિએ કેવા આનંદથી ગાયો છે : 'મને ફાગણનું એક ફૂલ આપો કે લાલ મોરા... કેસૂડો કામણગારો રે લોલ.' પ્રેમની અભિવ્યક્તિમાં ફૂલના ઉપાદાનથી બીજા કવિએ ગાયું છે : 'લવીંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો, ફૂલ કેરે દડૂલે સીતાએ વેર વાળ્યાં જો!' ફૂલના દડા વડે વેર વાળવાનું કેવું ભાવભર્યું સુંદર નિરુપણ!

ઘરના દીવાનખાનામાં શોભતાં કાગળનાં બનાવટી ફૂલો ઘણીવાર અસલ ફૂલોથી પણ વધારે સુંદર લાગતાં હોય છે. એવાં

બનાવટી ફૂલોને કવિ પ્રહ્લાદ પારેખ એક વેધક સવાલ પૂછે છે : 'તમારા હૈયાના ગગન મહીંએ આવું વસતું; દિનાન્તે આજે તો સકલ નિજ આપી ઝરી જવું?' - આમ દિવસ દરમિયાન જગતને પોતાનું સર્વસ્વ - રૂપ, રંગ, સુગંધ - આપીને અંતે ખરી પડવાની સાચા ફૂલની સમર્પણ ભાવનાને કવિએ કેવી અદ્‌ભુત અંજલિ અર્પી છે! કવિ અહીં સાચા સમાજસેવકોનો નિર્દેષ કરે છે!

પોતાની અદ્‌ભુત રચનાથી આકર્ષક બનતાં વિવિધ ફૂલોનો ઔષધીય ઉપયોગ પણ છે. ગુલાબનાં ફૂલનો પૌષ્ટિક ગુલકંદ બને છે. ગુલાબ અને મોગરાનાં અત્તર શુભ પ્રસંગે વપરાય છે. સૂર્યમુખીનું ફૂલ હંમેશા સૂર્યની દીશામાં ફરતું રહે છે.

આમ માનવજીવન સાથે ઓતપ્રોત થઈ ગયેલાં ફૂલની શ્રેષ્ઠતાનાં દર્શન કવિ સુંદરમ્‌ની પંક્તિમાં કરીને વિરમીએ. કવિ ઉત્તર-નિહિત પ્રશ્ન પૂછે છે : 'પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ?'

ફૂલની પ્રત્યેક પાંદડી પર બેસી આવું ચિરંતન હાસ્ય રેલાવનાર પરમ કૃપાળુ પરમેશ્વર સિવાય બીજું કોણ હોય? ફૂલમાં ભગવાનનાં દર્શન કરવાની કલ્પના કેવી હૃદયંગમ છે!

(આકાશવાણી 'વડોદરા-અમદાવાદ' થી પ્રસારીત
તા. ૨૪-૧-૧૦)



૫૦. સારથિ

સારથિ એટલે રથ હાંકનાર. યુધ્ધમાં રથમાં બેસી લડનારના રથને સારો સારથિ યોગ્ય દીશામાં અને યોગ્ય સ્થળે લઈ જાય છે, જેથી લડનારને પોતાની રક્ષા માટે અને દુશ્મનો પર પ્રહાર કરવા માટે ફાવટ આવે. લડનાર તો યુધ્ધના ઉન્માદમાં હોય, એટલે એના હિત અહિતનો ખ્યાલ સારથિએ રાખવો પડે. પોતાના યોધ્ધાને વિજય અપાવવામાં સારો સારથિ ઘણો મોટો ભાગ ભજવે છે.

મહાભારતના યુધ્ધ પહેલાં દુર્યોધને શ્રીકૃષ્ણ પાસે એમની સેના માગી અને પાંડવોએ માત્ર શ્રીકૃષ્ણને જ પોતાને પક્ષે રાખી સંતોષ માન્યો. મહાભારતના યુધ્ધમાં શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ બન્યા, માટે જ શંખધ્વનિ પછી શસ્ત્રપ્રહારની તૈયારી થઈ ત્યારે

સામે ઊભેલા કૌરવોને જોઈ, ધનુષ્ય ઉઠાવી અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું :

सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ।

(હે કૃષ્ણ, મારા રથને બંને સેનાઓની વચ્ચે ઊભો રાખો.)

આપણે જાણીએ છીએ કે દુર્યોધનના અખૂટ સૈન્ય સામે મર્યાદિત સૈન્ય છતાં મહાભારતના ઘોર યુધ્ધમાં પાંડવો જીત્યા તે શ્રીકૃષ્ણના કુશળ સારથિપણાને કારણે જ. સારો સારથિ માત્ર રથ હંકારતો નથી, પણ તે પોતાના રથીને જરૂરી માર્ગદર્શન પણ આપે છે. શ્રીકૃષ્ણ જેવા અદ્વિતીય સારથિએ વિષાદયુક્ત અર્જુનને જ્ઞાનના ભંડાર સમા ગીતાના ઉપદેશ દ્વારા યુધ્ધ માટે તૈયાર કરતાં યુધ્ધભૂમિમાં કહ્યું :

तस्मातुत्तिष्ठ कौन्तेय युध्धाय कृत निश्चयः ।

માટે જ તો અર્જુન દિલથી લડ્યો ને પરિણામે પાંડવોનો વિજય થયો. જો કે લડવાની સલાહ આપ્યા છતાં અંતે તો શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું : यथेच्छसि तथा कुरु । 'હવે તારી ઈચ્છા હોય તેમ કર.' આમ સાચો ને સારો સારથિ પોતાનો નિર્ણય અનુયાયી પર લાદતો નથી, પણ છેવટે તો તેની ઈચ્છા પ્રમાણે વર્તવા કહે છે.

સાચી લોકશાહીની આ નિશાની છે. નેતા પ્રજાને યોગ્ય સલાહ આપી દોરે, પણ છેવટે તો પ્રજાની ઈચ્છા જ સર્વોપરી છે એમ માની, એની ઈચ્છા પ્રમાણે વર્તી ભૂલ કરવાનો પણ અધિકાર પ્રજાને છે એમ સ્વીકારે છે. માટે જ તો દર પાંચ વર્ષે થતી ચૂંટણીમાં

પ્રજા પોતાને ગમે તે જ પક્ષના હાથમાં દેશની લગામ સોંપે છે. સરમુખત્યારો આથી ઉલટી રીતે જ વર્તી પ્રજાને દોરતા નથી, પણ હાંકે છે. સારથિ દોરે છે, જ્યારે સરમુખત્યાર પોતાના લશ્કરી બળ વડે પ્રજાને પોતાની ઈચ્છા પ્રમાણે જીવવા મજબુર કરે છે. ઝાર, મુસોલીની કે સદામ જેવા અનેક સરમુખત્યારોના દૃષ્ટાંત ઈતિહાસમાં છે, જે દેશના સર્વેસર્વા તો હતા જ, પણ પ્રજાના સારથિ નહોતા. સારો સારથિ તારે છે, જ્યારે જુલ્મી સારથિ અંતે ડૂબાડે છે. માટે જ ગીતામાં અંતે સંજય કહે છે :

यत्र योगेश्वरः कृष्णो, यत्र पार्थो धनुर्धर ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

જ્યાં કૃષ્ણ જેવા સારથિ અને અર્જુન જેવા રથી હોય ત્યાં લક્ષ્મી ઐશ્વર્ય અને અચળ નીતિ વસે છે. આમ વિજય માટે સારો સારથિ અને કુશળ રથી હોવા જોઈએ.

કહેવત છે કે જેનો નેતા આંધળો, એનું કટક કૂવામાં. નબળો સારથી ક્યારેય વિજય અપાવી શકતો નથી. રાવણ જેવા મહારથીની પ્રજાને પણ પોતાની સોનાની લંકાનો વિનાશ જોવો પડ્યો, કારણ કે એમનો સારથિ રાવણ રાક્ષસીવૃત્તિનો અસુર હતો.

સારા ગુરુ યોગ્ય માર્ગે દોરી શિષ્યનો ઉધ્ધાર કરે છે. નારદ જેવા માર્ગદર્શક વાલિયા લુટારૂને પણ વાલ્મિકી ઋષિ બનાવી શકે છે.

પ્રાચીન સમયમાં ઋષિમુની હજારો વર્ષ તપ કરી સિધ્ધિ મેળવી પોતાનો ઉધ્ધાર કરતા હતા. આમ તેઓ સ્વયમ્ પોતાના સારથિ બની પોતાના જીવનમાં પ્રકાશ ફેલાવતા હતા.

(આકાશવાણી પરથી ‘અમૃતધારા’માં પ્રસારિત
તા. ૬-૫-૦૭)



૫૧. કસ્તૂરી કુંડલ બસે...!

હું ને તમે ધારીએ છીએ એના કરતાં ઘણી બધી શક્તિઓ આપણામાં છૂપાઈને પડી હોય છે. જે લોકોએ દુનિયામાં મહાન કામો કર્યાં છે કે જે અદ્‌ભુત સિદ્ધિ હાંસલ કરી છે તે લોકોએ પોતાની આવી છૂપાએલી શક્તિનો ઉપયોગ કરીને જ અદ્વિતીય સિધ્ધિઓ મેળવી હોય છે. ‘પંડની પેટીમાં પારસ છે પડ્યો’ એમ એક ભક્ત કવિએ કહ્યું છે તે આ અર્થમાં જ સમજવા જેવું છે. પારસમણિની અમૂલ્યતા તો આપણે જાણીએ છીએ. આપણી પાસે એવો પારસમણિ ન હોવાનો કદાચ આપણને અફસોસ પણ થતો હશે, પણ હકીકતમાં આપણી પાસે એવો પારસમણિ છે જ, પણ આપણને એની ખબર નથી, એટલે એનો ઉપયોગ જ કરી શકતા નથી. લોખંડને સોનું બનાવી શકે એવા આપણી પાસે

રહેલા પારસમણિની આપણને જાણ નથી. ઓરડાની કોઠીમાં અનાજ છે જ, પણ આપણને એની ખબર નથી! તેથી છતા અનાજે આપણે ભૂખે મરીએ છીએ! (ભારત સરકારના ગોદામોની બહાર હજારો ટન અનાજ સડી જાય છે અને છતાં દેશની જનતાને સરકાર ભૂખે ને દુઃખે મારે છે એ એમના ગંદા ને સ્વાર્થી રાજકારણની અનીતિ છે. પણ એ જુદી વાત છે!) આપણામાં ઘણીબધી શક્તિઓ છે, પણ એથી અજાણ હોવાથી આપણે થોડાકમાં જ ‘હા...શ’ કરીને અટકી જઈએ છીએ. આરંભે શૂરા આપણે અંત તરફ જવાનો પ્રયત્ન જ નથી કરતા! પાવાગઢ, આબુ, ગિરનાર કે આલ્પ્સ પર્વત તમે ચઢી શક્યા, તો પછી હિમાલયના સર્વોચ્ચ શિખર પર કેમ ના પહોંચી શકો? માત્ર એ માટે દૃઢ નિશ્ચય બળ અને આત્મવિશ્વાસ જોઈએ. જો એ બે હોય તો પેલી અંદરની સુષુપ્ત શક્તિ જાગૃત થશે, અને તમને ‘અણદીઠું ઓરું મારા પાયજી’ જેવો સુખદ અનુભવ કરાવશે. મારી દૃષ્ટિએ તો છૂપી શક્તિ એ સ્વીસ બેન્કમાં છાનામાના મૂકેલા નાણાં છે. કદાચ મૂકનાર પણ ભૂલી જાય કે કેટલા રૂપિયાની તફડંચી કરીને ત્યાં છૂપાવ્યાં છે! પછી સરકાર જપ્ત કરી લેશે ને છૂપાવનાર હાથ ઘસતો રહી જશે! (ભગવાન કરે એવો સારો દહાડો આવે) માટે ભગવાને આપેલી આપણી છૂપી શક્તિઓનો વિશ્વાસ અને શ્રધ્ધાપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. કવિએ કહ્યું જ છે કે ‘પંડની પેટીમાં પારસ છે પડ્યો’, વાપરી જાણી તે બડભાગિયો જી રે.’ જે

વાપરે તે નસીબદાર. સહેજમાં સંતોષ પામનાર સામાન્યજનો કઈ સિધ્ધિ મેળવે? કસ્તૂરી મૃગની વાત તો જાણો છો ને? કવિ કહે છે :

'કસ્તૂરી કુંડલ બસે, મૃગ ઢૂંઢે વનમાંહી.' પોતાની નાભિમાં પડેલી કસ્તૂરીની સુગંધથી મોહિત થઈ, એને પામવા પેલું હરણ બિચારું આખા વનમાં ભટકે છે, પણ બિચારાને એ ખબર નથી કે એ જેને શોધે છે એ અમૂલ્ય પદાર્થ તો એના પોતાના શરીરના જ એક ખૂણામાં (નાભિમાં) પડ્યો છે. અને એ બહાર ભટકી વ્યર્થ શોધ કરે છે! ભગવાનને ય આપણે કાશી મથુરા કે મક્કા મદીનામાં જ શોધીએ છીએ ને? આપણી અંદરની છૂપી શક્તિઓની પણ મોટાભાગે આવી જ દશા છે. કોલંબસ કે તેનસીંગ જેવા બહુ ઓછા સાહસિકો પોતાની આ શક્તિને પિછાણીને મહાન સાહસો સફળતાપૂર્વક પાર પાડી શક્યા છે. હા, એ માટે ખંત, ધીરજ અને શ્રધ્ધા જોઈએ. પેલી કવિતા જેવું છે : 'કરતાં જાળ કરોળિયો, ભોંય પડી ગભરાય' વારંવાર નીચે પડી જવા છતાં કરોળિયો 'વણ તૂટેલ તાંતણે ઉપર ચઢવા જાય.' ચઢે ને પડે, તોય એણે વારંવાર પ્રયત્ન કર્યો. ફરી ફરીને ખંતથી યત્ન કર્યો તો છેવટે એ પોતાના તાંતણા વડે ઝાડ પર ચઢી જઈ શક્યો અને લોકોના પગ નીચે કચડાઈને મરી જવાથી બચી ગયો! આપણા પ્રયત્નમાં પણ આવો શ્રધ્ધાપૂર્વકનો ખંત જોઈએ. 'ઓટો સજેશન' ની એક અતિ ઉપયોગી માનસિક પ્રક્રિયા છે. એમાં

આપણે આપણા મનને 'હાકારાત્મક સૂચનો' આપવાના હોય છે. આપણા મનને આપણે કામ શરૂ કરતાં પહેલાં 'ઓટોજેનિક તાલીમ' આપવાની હોય છે. 'હું કરીશ જ' એવા દૃઢ નિશ્ચય બળની જ આ વાત છે. ડૉ. હેન્સ લિન્ડમોન એક જર્મન ડોક્ટર હતા. એમણે જ્યાં બીજા નિષ્ફળ ગયા હતા એવું લગભગ અશક્ય અને જોખમભર્યું કામ આ છૂપી શક્તિ વડે પાર પાડ્યું. કેન્વાસમાંથી બનાવેલી હોડી દ્વારા એમણે એટલાન્ટિક મહાસાગર ઓળંગવાનો સફળ પ્રયત્ન કરીને અદ્વિતીય સિધ્ધિ મેળવી. સફર શરૂ કરતાં પહેલાં ડૉ. હેન્સે હકારાત્મક સંદેશાને એવા તો દૃઢપણે મનમાં બેસાડી દીધા હતા કે દરેક કટોકટીની પળે પેલા હકારાત્મક વિચારો (હું આ કરીશ જ - એવા સ્તો) એમની મદદે આવ્યા ને એમની હિંમત વધારી. હું સફળતા પામી રહ્યો છું એવા 'પોઝીટીવ' વિચારો પણ એ કરતા ગયા. એટલે જ્યાં બીજા ઘણા નિષ્ફળ ગયા હતા ત્યાં એ સફળ થયા. પરિણામ સફળતામાં આવ્યું. સમુદ્રના તોફાની વાતાવરણ અને ખારા પાણીમાં એક રાત તો એ હોડીને તળિયે લટકતા રહ્યા હતા. છતાં હકારાત્મક વિચારોની મદદથી એમણે હિંમતપૂર્વક અલભ્ય સિધ્ધિ હાંસલ કરી! સિધ્ધિ સાહસિકોને જ મળે છે.

સાર એ છે કે તમે અશક્યને પણ શક્ય કરી શકો છો. તમારામાં તમે ધારો છો એ કરતાં ઘણી બધી વધારે શક્તિ છે. જરૂર છે માત્ર દૃઢ અને શ્રધ્ધાપૂર્વકના મનોબળની. તમે પણ આમ

જરૂર કરી શકશો. નોંધી રાખો :

આશાવાદીઓ કદી નિરાશ થતા નથી,
અને નિરાશાવાદીઓ ક્યારેય સફળ થઈ શકતા નથી.



૫૨. ભાગી જનારા જીતતા નથી!

કેટલાક લોકો ધાર્યું કરનારા હોય છે. ધાર્યું કરનારા એટલે હઠીલાના અર્થમાં નહિ, ધાર્યું કરનારા એટલે - નક્કી કરેલા આદર્શને કોઈપણ ભોગે સિધ્ધ કરનારા. ગમે એટલા અવરોધોને પાર કરીને પોતાના આદર્શને પામવો એ માણસની બહુ મોટી શક્તિ છે. તાકાત, શ્રધ્ધા, સહનશક્તિ, હિંમત અને નીડરતા જેવા અનેક સદ્‌ગુણો જેનામાં હોય એ માણસ જ પોતાના ઉચ્ચ ધ્યેયને પાર પાડી શકે છે. બાકી ઘણા બધા લોકો તો 'આરંભે જ શૂરા' હોય છે. થોડી તકલીફ પડતાં જ લીધેલું કામ પડતું મૂકનારા સોમાંથી એંસી કે કદાચ નેવું ટકા લોકો હોય છે. છતાં સદ્‌ભાગ્યે "Come What May" (જે થવાનું હોય તે થાય) પણ હું નક્કી કરેલું કામ પાર પાડીશ જ'' એવા નિર્ણય સાથે અશક્ય લાગતાં

કામ ઉપાડે એટલું જ નહિ, એ કામ અંતે જીવના જોખમે પાર પાડે એવા દૃઢ મનોબળવાળા લોકો હજી આપણી વચ્ચે છે; માટે જ તો - જગતમાં અશક્ય લાગતાં કામો પણ શક્ય બન્યાં છે. માટે જ તો પૃથ્વી પરથી આકાશમાં ને અવકાશમાં જઈ ચંદ્ર પર પહોંચાયું છે. અને આવા દૃઢ મનોબળવાળા માત્ર પુરુષો જ નહિ, સ્ત્રીઓ પણ હોય છે. આજે એક આવી જ દૃઢ પ્રતિજ્ઞા, જાંબાઝ સ્ત્રીની મેં ક્યારેક વાંચેલી (કદાચ શ્રી કુમારપાલ દેસાઈએ ટાંકેલી) એક વાત કહેવી છે. વાંચશો તો 'વાહ.... શાબાશ' જેવા આશ્ચર્યકારક ઉદ્ગાર તમારા મુખમાંથી ય નીકળી જશે!

વાત કદાચ અમેરિકાની છે. એ બહાદુર સ્ત્રીનું નામ બેબ ઝહરિયાસ હતું. (આપણે સરળતા ખાતર એને 'બેબ' નામથી જ ઓળખીશું.)

બેબ શરૂમાં બેઝ બોલની હરીફાઈમાં ભાગ લેતી હતી. એમાં ધીરે ધીરે પારંગત થઈ. અંતે એ એમાં સર્વોચ્ચ સિધ્ધ થઈ અને એવોર્ડ મેળવ્યો. પછી એ ટેનીસ રમવા તરફ વળી. ધીરે ધીરે એ સારી ટેનીસ ખેલાડી બની અને એમાંય સર્વોચ્ચ સ્થાને પહોંચી! આ જ રીતે એ તીરંદાજીમાં શ્રેષ્ઠ બની અને પછી ઘોડેસ્વારીમાં પણ બાજી મારી ગઈ! એ શ્રેષ્ઠ ઘોડેસવાર સિધ્ધ થઈ! અને આ બધું કાંઈ રમતાં રમતાં સરળતાથી નહોતું થતું. એ માટે બેબને ભારે શ્રમ, પરિશ્રમ કરવો પડતો, મહેનત કરવી પડતી. એનું શરીર આ બધા વર્ષોના પરિશ્રમથી ધીરે ધીરે ઘસાતું ગયું. એને ય

હવે અશક્તિનો અનુભવ થવા લાગ્યો. છતાં એ હારી નહિ, થાકી નહિ, નિવૃત્ત થઈ એણે આરામ કર્યો નહિ. એના પ્રેમાળ પતિએ હવે એને સમજાવ્યું કે - 'બેબ, તે ઘણી સિધ્ધિઓ મેળવી અને ખૂબ નામના તું કમાઈ. હવે આરામ કર. હવે શાંતિથી જીવી જીંદગીનો આનંદ લે.'

પણ બેબને હજી એક મહત્ત્વાકાંક્ષા હતી. એને ગોલ્ફ રમવાનો ચસ્કો લાગ્યો, ને પછી ગોલ્ફમાં ચેમ્પીઅન બની શ્રેષ્ઠ ગોલ્ફ ખેલાડીનો એવોર્ડ એણે મેળવવો હતો.

આશાઓ અને ઈચ્છાઓનો પાર કોણ પામ્યું છે? એક ઈચ્છા પૂરી થાય ત્યાં બીજી જાગી જ ઊઠે! લાખવાળાને કરોડપતિ થવાની ને કરોડપતિને ગાદીપતિ થવાની તલપ લાગે જ. આપણે કાંઈ નરસિંહ મહેતા થોડાં જ છીએ કે 'વાચ કાચ મન નિર્મળ' રાખીએ? આપણે તો ધનના ઢગલે સુવાની ને સત્તાના સિંહાસને બેસવાની મહેચ્છાઓ રાખનારા મહત્વાકાંક્ષી માણસો છીએ. પછી એ માટે ભલે ભ્રષ્ટાચાર કરવો પડે.

જોકે બેબને તો ગોલ્ફનો એવોર્ડ મેળવવાની મહત્ત્વાકાંક્ષા કાંઈ સૂતે સૂતે સિધ્ધ નહોતી કરવાની. એ માટે કઠોર પરિશ્રમ કરવો પડશે એમ તે જાણતી હતી. એણે ગોલ્ફ રમવાનું શરૂ કર્યું અને શ્રમ કરતે કરતે તે ગોલ્ફની રમતમાં પણ એક પછી એક સિધ્ધિનાં સોપાન સર કરતી ગઈ. છતાં હજી સર્વોચ્ચ એવોર્ડ માટે એક બે પગથિયાં વધુ ચઢવાનાં બાકી હતાં. ત્યાં જ....!!

ત્યારે જ બેબ માટે એક મોટી મુશ્કેલી આવી. એની તબિયત લથડી ને એ પથારીવશ થઈ ગઈ. ડૉક્ટરોએ નિદાન કર્યું કે બેબને મોટા આંતરડાનું કેન્સર થયું છે! ડૉક્ટરોએ કહ્યું : 'હવે એક મોટું અને જીવ માટે જોખમકારક કહેવાય એવું ભારે ઓપરેશન કરવું પડશે ને શરીરના બહારના ભાગે કૃત્રિમ ગુદા બનાવવી પડશે!' બેબે અશ્રુ સારતા પોતાના પ્રેમાળ પતિને હિંમત આપતાં કહ્યું : 'શું કામ રડો છો? મૃત્યુ તો દરેક માટે અનિવાર્ય છે... તમે મને ઘણું સુખ ને સગવડ આપ્યાં, ખૂબ પ્રેમ તમે મને આપ્યો. હવે હું જાઉં તો તમે દુઃખી ન થશો. કોઈ સારી પ્રેમાળ સ્ત્રી શોધી એની સાથે બાકીનું જીવન પ્રેમથી ને શાંતિથી વિતાવજો. હું તમારી ઘણી આભારી છું'. છેવટે જોકે બેબનું જોખમી ઓપરેશન સફળ થયું.

પણ ડોક્ટરોએ કહ્યું : 'હવે આ નાજુક શરીર સાચવીને જ તમારે જીવવું પડશે. હવે ગોલ્ફ રમવાનો તો વિચાર જ ના કરશો. તબિયત ઠીક હોય તો કદીક કોઈને ગોલ્ફ રમતા જોઈ આવજો. બાકી, તમારું રમવાનું તો હવે બંધ જ...'

ડૉક્ટરની કડક સૂચના હતી અને બેબના પતિએ આ સૂચનાનું સંપૂર્ણપણે પાલન કરવાની પત્નીને આગ્રહભરી સલાહ આપી!

થોડો સમય તો બેબ શાંત રહી. તબિયતને કારણે એને આરામ કરવો જ પડ્યો. પણ તબિયત ને જરા રાહત થતાં એણે

પતિને કહ્યું : 'હવે ગોલ્ફમાં મારે એક કે બે ડગ જ આગળ વધવાનું છે. એટલું કરું તો હું સર્વોચ્ચ પદ ગોલ્ફની રમતમાં ય પામીશ. માટે કૃપા કરીને મને રોકશો નહિ...' પ્રેમાળ પતિને લાચારીથી સંમતિ આપવી પડી, કારણ કે બેબનો નિર્ધાર મક્કમ હતો. છેવટે બેબ ગોલ્ફની છેલ્લી હરીફાઈમાં ઉતરી : રમતાં રમતાં બહુ કષ્ટ એના શરીરને પડતું હતું, છતાં એ સંપૂર્ણ તાકાત લગાવી, દુઃખને ભૂલી, જુસ્સાપૂર્વક રમતી રહી, હાંફતી થાકતીય રમતી જ રહી ને અંતે એ જીતી! બેબને ગોલ્ફની રમતનો સર્વોચ્ચ એવોર્ડ મળ્યો! બેબે-ધાર્યું નિશાન તાક્યું! પણ ભારે શ્રમ ને કારણે બેબનું ગંભીર ઓપરેશનવાળું શરીર ભાંગી પડ્યું ને અંતે એણે પ્રેમાળ પતિના ખોળામાં માથું મૂકી અંતિમ શ્વાસ લીધા! બધી રમતોમાં સર્વોચ્ચ પદ પામેલી બેબ યમરાજાને જીતી ન શકી!

પણ બેબના મનોબળને આપણે સલામ કરવી ઘટે. 'ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું' ના નર્મદ - દીધા દઢ નિશ્ચયબળે બેબે શરીરની અનેક અસામાન્ય મુશ્કેલીઓ છતાં ધારી સિધ્ધી મેળવી. આપણા સમાજમાં 'હું શું કરું?... આમ હતું ને તેમ હતું, બાકી હું જરૂર...!' જેવાં રોદણાં રડી નિષ્ફળ જનારા લોકોનો ટોટો નથી. ત્યારે બેબના આ દઢ નિશ્ચયનું બળ અનેક નિર્બળોને પ્રેરણા આપનારું છે. I Will do it ના દઢ મનોબળથી કાર્યારંભ કરો, 'જાગો, ઊઠો વિરમો નહિ' ના ઉપનિષદના મંત્રને હૃદયમાં ધરીને કામનો પ્રારંભ કરો તો સફળતા તમારાં ચરણ ચૂમશે. 'સિધ્ધિ

તેને જઈ વરે જે પરસેવે નહાય' એ મંત્ર શ્રમનો મહિમા સમજાવે છે. Impossible શબ્દ નેપોલિયનના શબ્દકોષમાં નહોતો, જ્યારે આળસુ માણસના શબ્દકોષમાં Possible શબ્દ નથી હોતો! પછી સફળતાની આશા જ શી કરવાની? થોડા નિયમો પ્રાર્થનારૂપે ય રોજ રટતા રહો :

Never Never give up. (પ્રયત્ન ક્યારેય છોડી ન દો.)

Be Optimist. આશાવાદી બનો.

Meet the chalanges of Life. (જીવનમાં આવતા પડકારોને પડકારો. તમે જીતી જશો.)

અને છેલ્લે લખી રાખો કે -

Quitters never win, and
Winners never Quit.

મેદાન છોડી ભાગી જનારા ક્યારેય જીતતા નથી. અને જીતનારા ક્યારેય મેદાન છોડી ભાગી જતા નથી. તમે કેવા છો? મેદાન છોડી ભાગી જનારા છો કે મેદાનમાં દૃઢતાપૂર્વક મુસીબતો સામે લડતાં લડતાં ધ્યેયને સિધ્ધ કરનારા છો? યાદ રાખો : બાહુબળવાળા કરતાં ય મનોબળવાળાની જીત થાય છે. ઉદ્યમ અને ખંત તો કામધેનુ જેવા છે. ખંત રાખી ઉદ્યમ કરશો તો 'અગમ ઓરું - એને પાય જી' ની કાવ્યપંક્તિ સાચી પડશે. તમે અશક્ય શક્ય કરી શકો છો. Be Optimist. આશાવાદી રહી, દૃઢ નિર્ધાર

રાખી સફળતા મળતાં સુધી પ્રયત્ન કરતા રહો, તમે જીતશો જ. તમારે જીતવું જ પડશે. નિર્ણય કરો : I Will Win. બસ, પછી દૃઢ સંકલ્પ શક્તિથી આશાવાદી થઈ કામ કરો. જીત તમારી જ છે.



૫૩. નાનાની મોટાઇ

એક મરાઠી વાર્તાને આધારે શ્રી હરિશ્ચંદ્રે લખેલું એક દૃષ્ટાંત યાદ આવે છે. સમજવા જેવું ને અનુસરવા જેવું છે. એટલે સ્મૃતિને સહારે વધઘટ સાથે વાત લખું છું. પાત્રોનાં આલેખન સંપૂર્ણ રીતે મારાં છે :

આધેડ ઉંમરનાં નર્મદાબેનને એક દિવસ છાતીમાં દુઃખાવો થયો. એકલાં દવાખાને ગયાં. પતિ તો એમના કરતાંય નિર્બળ મનના હતા, એટલે એમને કશી ચિંતા ન કરાવી. દવાખાનામાં તો દર્દીઓની ખાસ્સી લાંબી લાઈન હતી. ઊભાં રહ્યાં લાઈનમાં . એટલામાં એક પ્રૌઢ ઊંમરના ખાન સાહેબ અને એમનાં પત્ની એક દર્દી બાઈને રીક્ષામાં બેસાડીને જરા ગભરાટભર્યા આવ્યાં. ઈમર્જન્સી કેસ જાણી ડૉક્ટરે એમને તરત અંદર લીધાં. દર્દીને

અંદર સુવાડી ખાન સાહેબ ચિંતાભર્યા ચહેરે બહાર આવી બેઠાં. સૌ સહાનુભૂતિપૂર્વક એમને જોઈ રહ્યાં. હજી આટલી સહાનુભૂતિભરી માનવતા આપણા લોકોમાં બચી છે, એટલે જગત સાવ અકારું નથી લાગતું. સૂકા ભઠ રણમાંય ક્યાંક મીઠી વીરડી હોય છે એ જ મોટું આશ્વાસન છે. બાકી તો કરોડોના કૌભાંડકારો વચ્ચે સારા માણસનું જીવવું દોહ્યલું બની જાય. થોડીવાર પછી બારણુ ખૂલ્યું . ખાનનાં પત્ની બહાર આવ્યાં. ખાનને કહે : 'માજીને હવે સારું છે.' ખાને શાંતિનો શ્વાસ લીધો. એટલામાં ડૉક્ટર પણ બહાર આવ્યા. ખાન સાહેબ પાસે જઈને એમને શાબાશી આપી. કહે : 'તમે બહુ સમયસર માજીને લઈ આવ્યા, એટલે માજી બચી ગયાં.' ખાનસાહેબે અલ્લાહના શુકરગુજાર કર્યા. દરમિયાન નર્મદાબેને ખાનને પૂછ્યું હતું : 'તમારા મા છે?' ખાને કહ્યું હતું : 'ના, બહેન, પડોશી છે. બિચારાં એકલાં જ છે. ઓચિંતો છાતીમાં દુઃખાવો થઈ આવ્યો. જેથી અમે બે તાત્કાલિક એમને રીક્ષામાં અહીં લઈ આવ્યાં. ખુદાની મહેરબાની બેન, બાકી એકલા માજીનું શુંય થાત?'

'હા ભાઈ, ભગવાન તમારું સારું કરશે.' નર્મદાબેને કહ્યું. એટલામાં નર્મદાબેનનો નંબર આવ્યો. ડોક્ટરે તેમનો કાર્ડિયોગ્રામ લીધો. કહે : નોર્મલ છે. પણ કાળજી રાખવી જોઈએ બા, ચિંતા ના કરશો'. નર્મદાબેનને ય 'હા...શ' થઈ. એ બહાર આવ્યાં ત્યારે પેલા ખાન સાહેબને અને એમનાં પત્નીને થોડીવાર

માટે ઘેર જવું હતું. ગુંચવાતાં હતાં : 'પેલા દર્દી પાસે કોને મૂકીને જાય?' નર્મદાબેન વાત પામી ગયાં. એમણે કહ્યું : 'હું થોડીવાર માજી પાસે બેસું છું. તમે બને શાંતિથી ઘેર જઈ આવો. ડોક્ટરે મારી તબિયત બહુ સારી છે એમ કહ્યું છે.' ખાન સાહેબે અને એમનાં પત્નીએ આભારવશ નજર એમની સામે કરીને કહ્યું : 'થોડીવારમાં ચા પીને આવીએ છીએ બેન.' નર્મદાબેને કહ્યું : 'શાંતિથી જઈ આવો.' પછી નર્મદાબેન દર્દીના પલંગ પાસે જઈને બેઠાં. થોડીવારે નર્સે આવી એક ગોળી આપી. કહે : 'આ ગોળી માજીને ગળાવી દો.' નર્મદાબેને સહેજ ઢંઢોળ્યાં ત્યારે માજીએ આંખ ખોલી. નર્મદાબેન સામે તાકી રહ્યાં. કેટલી બધી આભારવશતા, લાચારી અને એકલતાની પીડા હતી એ આંખોમાં! પોતાનું એકાકીપણું માણસને ક્યારેક સાલે તો ખરું જ. નર્મદાબેને માજીને માથે હાથ ફેરવ્યો ત્યારે એમણે આભારભરી નજરે ને સ્વજન સરખાભાવે નર્મદાબેનનો હાથ એમના હાથમાં લીધો. ત્યાં જ ખાનસાહેબ અને એમનાં પત્ની બારણું ખોલી અંદર આવ્યાં. ત્યારે બે અજાણી આધેડ બાઈઓનું આ મિલન એમને ગંગા યમુનાના સંગમ જેવું પવિત્ર લાગ્યું!

ખાનસાહેબ અને એમનાં પત્ની નર્મદાબેન માટે પણ ચા લઈ આવ્યાં હતાં. રોજ બપોરે ચા ના પીએ તો જેનું માથું દુઃખતું હતું એ નર્મદાબેન આજે આ સત્કાર્ય કરવાના ઉત્સાહમાં ચા પણ ભૂલી ગયાં હતાં, અને ચા વગર એમનું માથું ય દુઃખતું નહોતું!

ચા પીતાં પીતાં ખાનસાહેબ અને એમનાં પત્ની સાથે વાત કરતાં નર્મદાબેને જાણ્યું કે આ પતિ પત્નીને કોઈ સંતાન નહોતું. એકલાં જ હતાં. પણ સેવાભાવી એવાં હતાં કે રસ્તે જતાં ય આવાં સારાં કામ કરે. સજ્જનોને નાત જાત કે કોમના ભેદભાવ હોતા નથી. સત્કાર્ય કરવાં એ જ સજ્જનોની બંદગી કે પ્રાર્થના હોય છે. પછી તો નર્મદાબેન પણ રોજ રોજ જુદા જુદા નજીકના દવાખાનામાં જઈ જરૂરીયાતમંદોને મદદ કરતાં રહ્યાં ને પોતાનો સમય સેવાકાર્યમાં વ્યતિત કરવા લાગ્યાં.

નર્મદાબેનના બે દીકરા ને એક પરણેલી દીકરી હતાં. બધાં પરદેશ હતાં. ઘરમાં પતિપત્ની એકલાં જ હતાં. ક્યારેક એ વિચારતાં : "અમે બંને પણ હવે પાકું પાન થવા આવ્યાં. શું અમારી દશા પણ આવા સ્વજનહીણા દર્દી જેવી જ થશે?" આમ વિચારતાં એમની આંખો ઉભરાઈ જતી. પણ આવા દુઃખીયાની સેવા કરતાં કરતાં એમના હૈયાની હિંમત વધી ને જીવન જીવવાની એક નવી દૃષ્ટિ એમને મળી. પોતાની એકલતાના દુઃખની સાચી ઔષધિ એમને મળી! પણ પ્રશ્ન એવો થાય છે કે ગાંધીજી જેવા મહામાનવના દેશમાંય આ નર્મદાબેન કે પેલા ખાન-દંપતી જેવાં સેવાભાવના ધરાવનાર લોકો કેટલા? નરસિંહ મહેતાએ તો સદી પહેલાં ગાયું કે "વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે." પણ પરાઈ પીડ જાણનાર આ દેશમાં કેટલા છે? અત્યારે તો ચારેબાજુ સત્તા અને પૈસા માટેની દોડધામ છે. નીતિ ને નેવે મૂકી

ભલભલા ઉચ્ચ સ્થાનોએ બેઠેલા લોકો કૌભાંડો કરી કરોડો એકઠા કરે છે અને વિદેશની બેંકોમાં અબજો રૂપિયા જમા કરાવે છે! પછી આ દેશનો ઉધ્ધાર ક્યાંથી થાય? પછી ગરીબી કેવી રીતે હટે? પહેલાં ગાંધીજીના સમયમાં લોકો સેવા માટે જીવતા ને આઝાદી માટે મરતાં હતાં. પણ આજે લોકો સેવાને નામે સત્તા પામે છે ને પછી એ સત્તાનો ઉપયોગ અનીતિ, અનાચાર અને કૌભાંડો કરી દેશના લોકોને રોટી, કપડાં અને મકાન જેવી જીવનની પ્રાથમિક સુવિધાથીય વંચિત રાખે છે. કવિના શબ્દોમાં કહું તો -

"છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે!"

જે દેશમાં આઝાદી માટે મરી ફીટનારા લાલા લજપતરાય, બાલગંગાધર ટિળક, વીર સાવરકર, ભગતસિંહ, સુભાષચંદ્ર, ગાંધીજી, સરદાર પટેલ કે રવિશંકર મહારાજ જેવા અનેક મહાન સપૂતો પાક્યાં ત્યાં જ યેન કેન પ્રકારેણ ગાદી પામી, બેનામી સંપત્તિના સહારે, શરાબ અને સુંદરીમાં રમમાણ રહેનારા સ્વાર્થાંધ રાજકારણીઓ કૌભાંડો કરી લીલા લહેર કરે છે ને આમ જનતા ટાઢે ધ્રૂજે છે ને તાપે બળે છે! પણ ફૂટપાથના સૂનારા ક્યારેક જાગશે - તો??! એવો ડર કોઈનેય નથી લાગતો શું? ક્યારેક એ જાગૃતિ બીજું ઈજિપ્ત કે લિંબીયા તો નહિ સર્જે ને? ભગવાન એવો દિવસ ન લાવે. પણ આ બધું જોઈ જાણીને જ કદાચ કવિ ઉમાશંકરથી લખાઈ ગયું હશે :

મોટાઓની અલ્પતા જોઈ થાક્યો,
નાનાની મોટાઈ જોઈ જીવું છું !

સાચું છે, પોતાનું પ્રધાનપદુ તો જીવનભર માટે પાકું કરી જ રાખે, પણ પાછળ પોતાનાં સંતાનોની ગાદીનીય પાકી વ્યવસ્થા કરનારા આ કહેવાતા મોટા માણસો કરતાં ખાન દંપતી અને નર્મદાબેન જેવાં નાનાં માણસોની મોટાઈ વંદનીય છે. જીવનમાં ક્યારેક મળતાં આવી સાચી મોટાઈવાળા માણસો ભર ઉનાળે વેરાનમાં વડલાની છાયા જેવાં શીતળ અને પાવનકારી છે.



૫૪. ધન્ય તે યૌવન

એક નવયુવાન બે-ત્રણ વર્ષ માટે પરદેશ ભણવા જઈ આવ્યો. સામાન્ય નીચલા માધ્યમ વર્ગનાં એનાં માતા પિતાએ બહુ તકલીફ વેઠીને દીકરાના ઉજ્જવળ ભાવિ માટે એને પરદેશ મોકલેલો. ગયો ત્યારે તો દીકરો પણ સાવ સીધો સાદો ડાહ્યો છોકરો હતો. પણ પરદેશ જઈને આવ્યા પછી એને મનમાં જરા ખુમારી ભરાઈ. 'હું કંઈક છું,' એવો ગર્વ એને થયો. પણ એને બિચારાને ક્યાંથી ખ્યાલ હોય કે હવે તો ગામની ભાગોળે જઈને આવે એમ લોકો પરદેશ જાય છે ને આવે છે.

દીકરો પરદેશ જઈ આવ્યો એનો માતા પિતાને અનહદ આનંદ હોય જ. બિચારી માતાએ વિચાર્યું કે 'મારા દીકરાને જાંબુ બહુ ભાવે છે,' એટલે એ જાંબુની સીઝન નહોતી તોય જેમ

તેમ કરીને ક્યાંકથી માત્ર બે જાંબુ લઈ આવી ને દીકરાને ખાવા કહ્યું : 'લે બેટા, આ બે જાંબુ છે. ખા. વધારે ના મળ્યાં.'

દીકરો કહે : 'બા, આ તો ત્રણ જાંબુ છે!' માતાએ બહુ સમજાવ્યું કે'જાંબુ માત્ર બે જ છે', પણ દીકરો ન માન્યો. કહે : 'ના ત્રણ છે!'

આ બધો તાલ એના બાપા બેઠા બેઠા જોતા હતા. દીકરો ન જ માન્યો ત્યારે છેવટે એ બોલ્યા :

"હા બેટા, તારી વાત ખરી છે. જાંબુ ત્રણ છે, તારી બાને ગણતાં નથી ફાવતું એટલે એ 'બે જાંબુ છે' એમ કહે છે. પરદેશના નવા જમાનાની એને શું ખ્યાલ હોય? લાવ જાંબુ મારી પાસે"કહી પિતાએ પોતાના હાથમાં બે જાંબુ લીધાં. પછી કહ્યું : 'જો બેટા, તારી ગણતરી પ્રમાણે ગણીએ. આ એક...' કહી પોતાના મોંમાં એક જાંબુ મુક્યું અને 'આ બે' કહી બીજુ જાંબુ પોતાની પત્નીના મોંમાં મૂક્યું. પછી કહે : 'હવે ત્રીજુ રહ્યું તે તું ખાઈ જા.'

પરદેશ ભણી આવેલો છોકરો ખસીયાણો પડી ગયો. કારણ કે હકીકતમાં તો એકેય જાંબુ બાકી નહોતું જ રહ્યું. એટલે એને ખાવાનો તો પ્રશ્ન જ નહોતો.

પિતાએ શેખી મારતા દીકરાને વગર કહે પણ યોગ્ય પાઠ ભણાવી દીધો!

માટે જ આજના યુવાનોને કહેવાનું કે તમારામાં ઘણી

શક્તિ છે જ. એને યોગ્ય માર્ગે વાળી ભાવિ કારકિર્દીનો સંગીન પાયો નાખો. મિથ્યાભિમાનમાં રાચી, બીજાને તમારાથી ઉતરતા કે ઓછી બુદ્ધિના ગણશો નહિ. આ દેશના લોકો કદાચ ઓછું ભણેલા હશે, પણ ઓછું ગણેલા નથી.

એક ગઝલમાં મેં લખ્યું હતું :

મને યુવાનોની મસ્તી ને તંદુરસ્તી ગમે છે,
ઘડીક સ્વચ્છંદ એનો ને મનમાની ય ગમે છે!

હા, મસ્તી ને સ્વચ્છંદ યુવાનો નહિ કરે તો કોણ કરશે? યૌવન એટલે ઉત્સાહ, આનંદ, ઉન્માદ, તલસાટ, તરવરાટ, મહત્ત્વાકાંક્ષા, સાહસ, શક્તિ અને આદર્શ. આવો થનગનતો યુવાન ક્યારેક મસ્તી પણ કરી નાખે તો શું થયું? એ કુદરતી છે જો કે એ વાત સાચી કે સંસાર - સાગરમાં વેગે ધસમસતી જીવનનૈયાને સંયમનું સુકાન પણ હોવું જ જોઈએ, નહિ તો નાવ કોઈક ભેખડે ભટકાઈને ભાંગી જાય, ડૂબી જાય. કવિ નાનાલાલે કહ્યું છે કે 'યૌવન શોભે છે સંયમથી અને સૌંદર્ય શોભે છે શીલથી.' સ્વાશ્રય અને સંયમ એ બે શીલનાં ફેફસાં છે. એટલે યુવાનો સંયમી ને સ્વાશ્રયી હોવા જોઈએ. બાકી, યુવાન માટે કોઈ પણ સિદ્ધિ મોટી નથી. The word impossible is not found in my dictionary નો નેપોલીયન મંત્ર યુવાનો માટે જ છે. કોઈ પણ મહાન પ્રાપ્તિના પાયામાં જે તે દેશનો યુવાન જ હશે. -

પુરુષાર્થ જ પારસમણિ છે. પુરષાર્થી યુવાન હિમાલયનેય હસતાં હસતાં આંબી જઈ શકે. સાચો યુવાન દૃઢ મનથી, સ્થિર ડગલે જીવનપથ પર આગળ વધતો રહે છે, કારણ એ જાણે છે કે -

કદમ અસ્થિર હો એને કદી રસ્તો નથી જડતો,
અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.

અડગ મનવાળો યુવાનો તો 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' ના સંકલ્પ-બળથી મંઝિલ તરફ અવિરત કૂચ કરે છે. પોતાના માર્ગમાં આવેલા આલ્પ્સ પર્વતને અવગણીને નેપોલિયને કહેલું : 'આલ્પ્સ છે જ નહિ'. માર્ગમાં આવેલી આવી મોટી અડચણના અસ્તિત્વને પણ નહિ સ્વીકારનાર નેપોલીયનનું લશ્કર એની દોરવણી નીચે ખરેખર આલ્પ્સ પાર કરી ગયું! મહાન બનવા સર્જાયેલ યુવાન પણ આ રીતે 'ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું' માં માને છે. 'મન હોય તો માળવે જવાય' એ કહેવતને સૌથી વધુ ચરિતાર્થ યુવાનો જ કરી શકે. A will Will find a way એ સુત્રને નવયુવાન જાણે - અજાણે અનુસરે જ છે. એના ઘટમાં તો ઘોડા થનગને છે અને અણદીઠું ઓરું કરવાની એને તમન્ના છે. શક્તિના સ્રોત સમો યુવાન માને છે કે -

પંડની પેટીમાં પારસ છે પડ્યો,
વાવરી જાણે તે બડભાગિયો.

પણ યુવાનોનો માર્ગ હંમેશા ફૂલોની પથારી સમો નિષ્કંટક તો નહિ જ હોય. અરે, બહુધા તો એ કાંટાની કેડી જ હશે. પણ

ત્યારે ય યુવાન તો અજબ ખુમારીથી ગાતો હશે :

હું ભસ્મ કરું બ્રહ્માંડને, ડોલાવું દુનિયાને લાતથી,
તાબે કરું ત્રણ લોકને, આકાશ તોડું હાથથી,
હાંકે ગજાવું સૃષ્ટિને, ગ્રહની ગતિ ખાળી શકું.
ઉપજાવી અગ્નિ ફૂંકથી દુનિયા બધી બાળી શકું!

પોતાની તાકાત પર મુસ્તાક રહેનારો આવો યુવાન વિસર્જન કરે તોય નવસર્જન માટે જ. અને कर्मण्ये वाधिकारेषु मा फलेषु कदाचन ના ગીતા ભાખ્યા મંત્રને રટતો એ નિષ્ફળતામાંય failure are the pillars of success સૂત્રમાં શ્રધ્ધા રાખી સમાજનાં સુખ, શાંતિ ને સમૃદ્ધિ માટે High, higher and still higher ના મંત્રને જપતો 'નિશાચૂક માફ, નહિ માફ નીચું નિશાન.' ના આદર્શ સાથે આગળ ને આગળ વધે છે. કારણ, એ તો માને છે કે-

રુઝવે જગના જખ્મો, આદર્યાને પૂરાં કરે,
ચલાવે સૃષ્ટિનો તંતુ, ધન્ય તે નવયૌવન.

વળી પ્રારબ્ધને પડકારતો ને પુરુષાર્થને બિરદાવતો યુવાન જાણે છે કે -

સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઈમારત તેના નકશામાં નથી હોતી.

આમ ઉદ્યમનું મહત્ત્વ સ્વીકારતો યુવાન કહે છે કે 'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.' માત્ર ઈચ્છાનું કશું જ મહત્વ નથી, એટલે

તો उद्यमेन दि सिध्यन्ति कार्याणि न मनोरथै : । ની વાતમાં યુવાનને વિશ્વાસ છે. જીવનને યજ્ઞ માનતો યુવાન કહે છે કે -

કર્તવ્યમય જીવનને સ્થલ ને કાળ શાં?
હસતાં રહે છે ફૂલડાં ગમે તે પ્રસંગ હો.

અને જવાની જવાની જ છે, જતી જ રહેવાની છે એમ સમજતો, Time & Tide wait for no man ના મર્મને પકડી યુવાન પ્રત્યેક પળનો સદુપયોગ કરી આગળ વધતો વધતો પોતાની જાતને જ કહે છે :

ચલ ચલ રે નવજવાન, ચલ ચલ રે નવજવાન.
તું કહના મેરા માન માન, ચલ રે નવજવાન.
તું આગે બઢ જા, આફતસે લડે જા;
આંધિ હો યા તુફાન, ફટતા હો આસમાન,
રુકના તેરા કામ નહિ, ચલના તેરી શાન,
ચલ ચલ રે નવજવાન, ચલ ચલ રે નવજવાન!



૫૫. સીમાબધ્ધ નથી શાણી

ભગવાન બુધ્ધના જીવનના ઘણા પ્રસંગો બોધ લેવા જેવા હોય છે. એવા એક પ્રસંગની આજે વાત કરીએ.

પોતાના શિષ્યો સાથે બુધ્ધ ધર્મ અંગેની વાતો કરી રહ્યા હતા, ત્યારે એક અજાણ્યો સાધુ આવ્યો અને એમના પગે પડી કરગરતો બોલ્યો : ''પ્રભુ, આપ તો મહાજ્ઞાની છો, જ્યારે હું તદ્દન અબુધ અને અજ્ઞાની છું. મારામાં કશી બુધ્ધિ જ નથી. એટલે આપને પ્રશ્ન પણ કેવી રીતે પૂછી શકું? પણ પ્રભુ, આ અજ્ઞાનીને આપનો શિષ્ય જાણી કશો બોધ આપો, તો મારું જીવન સાર્થક થાય.''

ભગવાન બુધ્ધ નવા આવેલા શિષ્યની બુધ્ધિકક્ષા, સાચી રીતે સમજી ગયા અને જ્ઞાન માટેની એની સાચી પ્યાસ પામી

ગયા. એટલે અર્ધબીડી આંખે એ સાધુ સામે થોડીવાર જોઈ રહ્યા, બસ જોઈ જ રહ્યા અને ચમત્કાર થયો હોય તેમ થોડીવારમાં પેલો પગે પડેલો અબુધ શિષ્ય ઊભો થઈ ગયો. એની આંખમાંથી આનંદનાં અશ્રુની ધાર વહેવા લાગી ને હસતો નાચતો એ બોલી ઊઠ્યો : 'વાહ મારા પ્રભુ, મારા પર આપે ઘણી મોટી કૃપા કરી.. આપની કૃપાથી હું ઘણું બધું પામીને ધન્ય થયો... મારો ફેરો સફળ થયો પ્રભુજી, પ્રણામ. આપની દયા પામી હવે હું આપની રજા લઉં છું..' વગેરે કહેતો આનંદવિભોર બની એ સાધુ ચાલવા માંડ્યો!

એના ગયા પછી શિષ્ય આનંદે બુધ્ધને પૂછ્યું : ''પ્રભુ, આ શો ચમત્કાર થયો? અમે નિત્ય આપની પાસેથી ઘણો બધો બોધ સાંભળીએ છીએ તોય આટલો આનંદ થાય એવું તો કશું પામતા નથી, અને આ અજાણ્યો સાધુ જે પોતાની જાતને અબુધ કહેતો હતો તે આપના કશા જ બોધ વગર, થોડી જ વારમાં ઘણું બધું પામી ગયો? આમ કેવી રીતે બને? કે પછી આ માણસ પાગલ હતો?''

ભગવાન બુધ્ધે મંદ સ્મિત કરતાં કહ્યું : 'બેટા આનંદ, ઘોડા ચાર પ્રકારના હોય છે'.

'કયા કયા પ્રકારના પ્રભુ?' આનંદે આતુરતાથી પૂછ્યું, ત્યારે બુધ્ધે વિગત સમજાવતાં કહ્યું : ''એક પ્રકારનો ઘોડો અડિયલ હોય છે. એને ગમે એટલા ચાબુક મારો પણ ચાલે જ નહિ,

ઉલટો પાછો પાછો હટે.'' બીજા પ્રકારના ઘોડા એવા હોય છે જે ચાબુક મારો ત્યારે ચાલે, એને થોડી થોડી વારે ચાબુક મારતા રહેવું પડે... ત્રીજા પ્રકારના ઘોડા એવા હોય છે જે ચાબુકનો અવાજ સાંભળીને ચાલવા માંડે અને ચોથા પ્રકારના ઉત્તમ ઘોડા હોય છે જે માત્ર ચાબુક જોઈને જ દોડવા માંડે!''

બધાં શિષ્યો આભા બની તથાગત સામે જોઈ રહ્યા, ત્યારે એમણે કહ્યું : 'આ પોતાને અબુધ કહેતો અજાણ્યો શિષ્ય ચોથા પ્રકારના તેજસ્વી ઘોડા જેવો હતો. એ ગુરુની નજરની વાણીનો બોધ પામી ધન્ય થઈ ગયો.' ભગવાન બુદ્ધનું આ દૃષ્ટાંત તો આપણા નિત્યના વ્યવહારમાં અનેકવાર અનુભવીએ છીએ. કારણ કે આ ચારેય પ્રકારના માણસો આપણને અવારનવાર ભટકાયા જ કરે છે. કોઈ ચપળ માણસ ઈશારે સમજી જાય અને બીજો ઠોઠ નિશાળિયો ઘંટનાદેય ત્યાંનો ત્યાં જ બેસી રહે! વહેતી નદીનો બધા એકસરખો લાભ થોડા જ લઈ શકે છે? કોઈ ઘડો ભરીને પાણી લઈ જાય, તો કોઈ ખોબો ભરીને જ સંતોષ માને. નદી તો બધાં માટે સરખી જ છે, પણ પ્રાપ્ત કરનાર પોતાની શક્તિ પ્રમાણે જ એમાંથી મેળવી શકે. એક જ ગુરુ પાસે ભણતા વિદ્યાર્થીઓ બધા એક સરખી વિદ્યા પ્રાપ્ત કરતા નથી. 'ગુરુજી શીખવે એક રીતે ગુણી જડ બેઉને, ગ્રહણ કરવે શક્તિ દે ના, નવ ઓછી કદી કરે.' તો પણ કોઈ વિદ્યાર્થી ફર્સ્ટ ક્લાસમાં પાસ થાય અને એનો કોઈ સહાધ્યાયી હાંફતો હાંફતો મુશ્કેલીથી વૈતરિણી

પાર કરે!

અને આ માત્ર વિદ્યાર્થીની વાત નથી. જીવન વ્યવહારની વાત છે. આપણા રોજ બરોજના અનુભવમાં આવતા માણસોની આ વાત છે. દરેક પોતાના ગજા પ્રમાણે ગ્રહણ કરે. વળી કોઈએ ક્યારેય એવું માની લેવાની પણ જરૂર નથી કે આપણે ઘણું જ્ઞાન મેળવી લીધું અથવા આપણે ઘણા બુદ્ધિશાળી છીએ.

કારણ કે આપણે ખૂબ ભણ્યા છીએ. આ અર્થમાં ફાધર વાલેસનું એક દૃષ્ટાંત યાદ આવે છે. સાંભળો :

ફાધર વાલેસ પાસે એક વિદ્યાર્થી ઘણાં વર્ષ ગણિત શીખ્યો. આખરે કોર્સ પૂરો થયો. ત્યારે શિષ્યે સ્વાભાવિક રીતે જ બોલ્યો: 'સાહેબ, હવે હું ભણી રહ્યો ને? મેં ગણિતનું બધું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું ને?' જવાબમાં ફાધર સહેજ હસ્યા. પછી કહે : 'મારી સાથે આવ.' ફાધર શિષ્યને એક લાયબ્રેરીમાં લઈ ગયા. ત્યાંથી ગણિત વિષેનું એક પુસ્તક એના હાથમાં આપ્યું. કહ્યું : 'જો'. શિષ્યે થોડાં પાનાં ફેરવ્યાં. 'અરે! આમાં તો ગણિત વિષે અવનવી અગાધ હકીકતો છે!!' શિષ્ય આશ્ચર્ય પામતો વિચારી રહ્યો. ત્યાં જ ફાધરે ગણિત વિષયક બીજો ગ્રંથ આપ્યો, પછી ત્રીજો આપ્યો! શિષ્ય તો આભો બની દેખતો જ રહી ગયો! ત્યારે ગુરુએ કહ્યું : 'બેટા, ગભરાઈશ નહિ, આ બધું મને પણ નથી આવડતું. કોઈનેય બધું ના આવડે. બેટા, જ્ઞાન અસીમ છે. પિપાસુને એ સતત જીવનભર મળતું રહે.' કોઈ પૂર્ણ નથી. છતાં પૂર્ણતાને પામવાનો પુરુષાર્થ

કરવામાં જ માણસની મોટાઈ છે.'

બુધ્ધનો અજાણ્યો શિષ્ય કાંઈક પામીને ગયો ને ખુશ થયો , છતાં એ પ્રબુધ્ધ નહોતો થયો, અપૂર્ણ જ હતો. ફાધરનો શિષ્ય પણ ગણિતશાસ્ત્રમાં ઘણું પામ્યો હતો, પણ એ પૂર્ણ નહોતો થયો. જ્ઞાનની સીમા જ નથી. માટે જ તો કવિ કહે છે :

अजरामरवत् प्राज्ञो विद्यामर्थं चिंतयेत् ।

અર્થાત્ પોતે અજર અને અમર છે એમ માનીને ડાહ્યા માણસે સતત વિદ્યા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ. સાચા વિદ્વાનનું આ જ લક્ષણ છે. બુધ્ધે પણ બુધ્ધત્ત્વ પામ્યા પછી પોતાની (પૂર્વ) પત્ની યશોધરાને કહ્યું હતું : "સીમાબધ્ધ નથી શાણી, આપણું રાજ્ય આટલું." - જ્ઞાની માણસ (બુધ્ધ)ના રાજ્યને કૃત્રિમ સીમા ક્યાંથી નડે? એને માટે 'મેકમોહન' લાઈન ન હોય. કારણ કે

विद्वानः सर्वत्र पूज्यते ।



૫૬. પરધર્મો ભયાવહઃ

એક દૃષ્ટાંત સાંભળેલું. એ વાંચીને તમે ય જરા હળવા થાવ. અલબત્ત, રજુઆત મારી રીતે છે. સાંભળો :

એક દંપતી. અધેડ ઉંમર તો બંનેની થઈ હશે. એક દિવસ સાંસારિક વાતો કરતાં બંને બેઠાં હતાં. વાત વાતમાં પત્નીએ પતિને પૂછ્યું : 'હું મરી જાઉં તો તમે શું કરો?' કેવો દુઃખદ સવાલ?! બિચારો પતિ શું જવાબ આપશે એમ આપણને થાય. પણ આ પતિ કાંઈ પત્નીથી ગાંજ્યો જાય તેવો નહોતો. ખરેખર તો બંને જણ અડબંગ હતાં. પત્નીના પથ્થરદિલ સ્વભાવને પતિ સારી રીતે જાણતો હતો. એટલે જરાય દુઃખ, દર્દ સંકોચ વિના એણે હળવાશથી જવાબ આપ્યો : 'પ્રિયે, તું મરી જાય તો હું પણ મરી જાઉં.' પત્ની તો પતિનો જવાબ સાંભળીને ખુશ ખુશ થઈ ગઈ.

એને થયું : 'મારા પતિને મારા માટે કેટલો બધો પ્રેમ છે. મારા વિના જરાય ચાલે જ ના ને... વાહ, મારું જીવન ધન્ય છે.!' આવા શેખચલ્લીય તરંગોમાં રાચતી અને ખુશ થતી પત્નીએ પછી ધીરે રહીને પોતાના કહ્યાગરા કંથને પ્રેમથી બીજો સવાલ કર્યો. એ બોલી : "હેં, હું મરું જાઉં તો તમે ય મારા મર્યાના આઘાતથી મરી જાવ? ખરેખર?!"

'ના', પતિએ ગંભીર થઈને જવાબ આપતાં કહ્યું : 'આઘાતથી નહિ, આનંદને કારણે મરી જાઉં. બહુ આઘાતની જેમ બહુ આનંદથી પણ માણસનું હાર્ટ ફેઈલ થઈ જાય છે. સમજી? તારા મર્યાના આનંદમાં મારું હાર્ટ ફેઈલ થઈ જાય!'

આ સાંભળીને પત્ની તો આનંદના આકાશમાંથી હતાશાની ધરતી પર આવી ગઈ. તેણે વિચાર્યું : 'હેં! મારા પતિ મારાથી એટલા બધા દુઃખી છે કે હું મરું તો એમને હાર્ટ ફેઈલ થઈ જાય એટલો બધો આનંદ થાય?!' વાત તો પુરી થઈ. પણ જોયોને પતિ-પત્નીનો પ્રેમભાવ?

આવી જ એક બીજી વાત કરું :

એક પતિ-પત્નીની જુગલ જોડીનું રગશિયું ગાડું ચાલતું હતું. બંને વચ્ચે ચડભડ તો રોજ થાય. ક્યારેક વાત થોડી વધી ય જતી. પણ આમ પાછાં બંને સમજુ હતાં, એટલે વિચારે કે 'એ તો આમ જ ચાલે.. સંસાર છે... નરમ ગરમ થવું પડે.' ને પાછો એમનો સંસાર નરસિંહ મહેતાની વહેલની જેમ ડગુમગુ ડગુમગુ

ચાલે.

એવામાં એક દિવસ બંને જણ જરા પ્રેમગોષ્ઠિ કરતાં બેઠાં હતાં, ત્યાં જ પત્નીને પોતાની અનિવાર્યતા પતિને સમજાવવાની ઈચ્છા થઈ. એટલે પોતાનું મહત્ત્વ બતાવવા અને પતિ - મુખેથી 'ખ...મ્મા ખ...મ્મા' સાંભળવા એણે પતિને વ્હાલથી પૂછ્યું : 'હેં બબલાના બાપા, હું મરી જાઉં તો તમે શું કરો?' પતિએ જરાય વિચાર કર્યા વગર જવાબ આપ્યો : 'તું મરી જાય તો હું ગાંડો થઈ જાઉં.' પત્ની તો પતિનો જવાબ સાંભળીને ખુશ ખુશ થઈ ગઈ. 'જોયું ને? મારાં વગર ગાંડા થઈ જવાનો વખત આવે?! હું કાંઈ સામાન્ય પત્ની થોડી જ છું?' પણ પછી તરત પત્નીએ બીજો સૂચક સવાલ કર્યો :

'પણ હું મરી જાઉં તો તમે બીજાં લગ્ન તો ના કરો ને?' અને પતિ તરફ નકારમાં જવાબ મળવાની આશાએ પત્ની એના મુખ તરફ અધિરાઈથી તાકી રહી!

પણ પતિએ ધડ દઈને ધડાકો કરતાં કહ્યું : 'ગાંડાનું કાંઈ કહેવાય નહિ. એ ગમે ત્યારે ગમે તે કરે!' બિચારી પત્નીની આશાના મિનારા કડડભુસ થઈ ગયા. પતિના જીવનમાં પોતાની મહત્તાના મહેલ બાંધતી એ સમજી ગઈ કે 'આમને તો મારા મરવાનું કશુંય દુઃખ નથી.' એ કશાય ગાંડા ના થઈ જાય. મારા મર્યાથી ઉલટા ખુશ થાય.'

આવાં દાંપત્ય જીવનો હોય ત્યાં પતિ પત્નીનો સંસાર

કેવો નિર્માલ્ય હોય? લાકડે માંકડું વળગ્યું હોય તેમ જેમ તેમ કરી અવતાર પુરો કરવા મથતાં પતિ પત્નીનાં સંતાનો ય ક્યાંથી સુખ પામતાં હોય?

બાકી, આપણાં આદર્શ તો રામ અને સીતા છે. પરસ્પરના સુખે સુખી ને દુઃખે દુઃખી એવાં દંપતી જ સંસારની શોભા છે. મહેલનાં સુખ છોડી પતિ સાથે વનની વિકટ વાટે પડે એ સીતા અને પત્ની વિના યજ્ઞ પૂર્ણ કરવા એની સોનાની મૂર્તિ બાજુમાં રાખી યજ્ઞ કરતાં એકપત્નીવ્રતા શ્રીરામ આપણા આદર્શ છે. રાજા-રાણી હોવા છતાં સમયની કપરી કસોટીએ ચઢેલાં નળ-દમયંતીને વનમાં ભટકવાની વેળા આવી હતી. તોય પતિ-પત્ની સાથે જ વનમાં ભટકતાં હતાં. એવાં અસંખ્ય દૃષ્ટાંતો આપણી નજર સમક્ષ છે. આર્યોની આ વીરભૂમિમાં પતિ અને પત્ની અભિન્નઅંગી છે, એક વિના બીજું અપૂર્ણ છે. આ દેશમાં તો કૃષ્ણ અને રાધા અભિન્ન છે. રાધા વિનાના કૃષ્ણની કલ્પના ય ન થઈ શકે. અને કૃષ્ણ વિના રાધા??! એક ક્ષણાર્ધ માટે પણ રાધા કૃષ્ણ વિના ન જ જીવી શકે. નહોતી જ જીવી. રાધા ને કૃષ્ણ એટલે શુદ્ધ, નિઃસ્વાર્થ અલૌકિક પ્રેમની પાવનમૂર્તિ! રાધા ને કૃષ્ણ એટલે પ્રેમનો પારાવાર!

આજકાલ ટેલીવીઝનના ભયંકર હૂમલામાં ઘરેઘરમાં શંભુમેળા જેવા કાર્યક્રમોની બોલબાલા રહે છે. નટીઓનાં અર્ધનગ્ન દેહનાં પ્રદર્શન અને બિભત્સ ભાષા તથા ચેનચાળા

ખાસ કરીને યુવાનોના મનને બહેકાવી મૂકે એ શક્ય છે. એટલે આ સમય સૌએ સાવધ રહી ઉત્તમ પસંદગી કરી મનોરંજન મેળવવાનો છે. બાકી, ચારિત્ર્ય ઘડતર માટે ટી.વી.નો ઉપયોગ ભાગ્યે જ થાય છે. દેશ વિદેશની માહિતી કે નવા જ્ઞાનની ક્ષિતિજો ઉઘાડતા કાર્યક્રમો પણ ટી.વી. કે રેડિયોમાં હોય છે. પણ દૂધ કરતાં દારુ સહેલાઈથી વેચાઈ જતો હોય છે! માટે વડીલોએ સાવધ રહી યુવાનોને સાચે માર્ગે જવાનું દિશા સૂચન કરવું ઘટે. स्वधर्म निधनं श्रेयः परधर्मो भयावहः । (સ્વધર્મમાં મરણ વધારે સારું, પણ પરધર્મ ભયંકર છે.) એ ગીતાવચન સમજી કર્મ કરવામાં જ આપણું હિત છે એ સૌએ સમજી લેવા જેવું સત્ય છે.



૫૭. ઢોલિયા ઢાળી રાખશે

આચાર્ય પ્રદ્યુમ્ન સુરિએ ટાંકેલું એક ટૂંકું દૃષ્ટાંત યાદ આવે છે. મને બહુ ગમ્યું હતું. મારી રીતે તમને ય એ વાત જરા વિગતે કહું. સાંભળો :

મોઘપુર ગામે બસ ઊભી રહી. એમાં પાંચ પેસેન્જર ચઢ્યા. ત્રણ જણા જરા સુઘડ હતા. એક સીટ પર બેઠા. પાછળ ચઢેલાં એક વયોવૃદ્ધ માજી સાથે એક નાનો છોકરો હતો. છ સાત વર્ષનો છોકરો હશે. કદાચ માજીનો પૌત્ર જ હશે.

માજીએ પેલા ત્રણે સુઘડ સજ્જનોને વિનંતી કરી : ‘ભઈલા, આ છોકરાને જરા બેસવા દો. પેલી બાજુ થોડી જગા છે. ખસો તો છોકરો બેહી હકશે. હું તો ઊભી રહીશ. પણ આ પોઈરાને ઊભા રહેવાનું નહિ ફાવે.’

પણ પેલા ત્રણ સુઘડ સજ્જનો - પછી ખબર પડેલી કે એ શિક્ષકો હતા - એમને છોકરો ગંદો ગોબરો લાગ્યો. પોતાના ઉજળે લૂગડે ડાઘ બેસે એવા ડરથી એમણે સૂચવ્યું : ‘ત્યાં જ ઊભાં રહો માજી, અહીં ભીડ ના કરશો.’ માજીએ નિઃશ્વાસ નાખ્યો, પણ ખમી ગયાં. એક હાથે ઉપરનો સળિયો ઝાલી, બીજા હાથે છોકરાને પકડીને માજી હાલતાં ડોલતાં ઊભાં રહ્યાં. પણ પેલા શિક્ષકોની માણસાઈ ન જાગી. કવિ ઉમાશંકરની પેલી પંક્તિ : ‘હું માનવી માનવ થાઉં તો યે ઘણું’ બહુ જાણીતી છે. કદાચ આ શિક્ષકોએ વિદ્યાર્થીઓને આ પંક્તિનો મર્મ સમજાવ્યો ય હશે. પણ એ મર્મ એ રીતે તો નહોતા જ પામ્યા! માનવ થવાનું કાંઈ સહેલું છે કે? સમાજમાં પશુતા જ સર્વવ્યાપી છે. માનવતા તો ક્યાંક અનુભવવા મળે તો મળે! બાકી, પશુતા જથ્થાબંધ દેખાય છે. ગામડાના ઉબડ ખાબડ માર્ગે કૂદતી, પછડાતી, દોડતી પેલી બસ એકાદ કલાક ચાલી હશે, ત્યારે પેલાં માજીને ઉતરવાનું ગામ આવી ગયું. માજીની પાછળ પેલા ત્રણ કેળવણીકારો ય ઊતર્યા. માજી તો ઊતરીને છોકરાને લઈને નિરાંતે છાંયડે બેઠાં. ત્યારે પેલા ત્રણ જણે ઈન્કવાયરીમાં જઈને પૂછ્યું : ‘સિંહપરાની બસ ક્યારે મળશે?’ ઈન્કવાયરીવાળાએ નિસ્પૃહતાથી કહ્યું : ‘સવારે નવ વાગે.’ પેલા ત્રણે જણ તો નિરાશ થઈ એક બીજા સામે જોવા લાગ્યા : ‘અરે રે, આ અજાણ્યા ગામડામાં રાત ક્યાં કાઢીશું? સાંજ તો પડવા આવી છે.’ આવી ચર્ચા કરતા હતા એ પેલાં

માજીએ સાંભળ્યું. ઊઠીને એ વૃદ્ધા એમની પાસે ગયાં ને લાગણીપૂર્વક કહ્યું : 'ચંતા ના કરતા ભઈલા, મારે ય સિંહપરે જ જવું છે. ને લેવા મારો ગગો હમણાં ટ્રેક્ટર લઈને આવહે. તમેય એમાં આવી જજો.' પેલા સંસ્કારદાતાઓ છોભીલા પડી પરસ્પરની સામે સામે જોઈ રહ્યા!, માજીએ વગર જાણે ય જાણે ડામ દીધો! જેના છોકરાને જગા નહોતી આપી તે બાઈની માણસાઈ જોઈ માસ્તરો શરમાઈ ગયા!

ટ્રેક્ટર થોડી વારમાં જ આવ્યું. માજી ને છોકરો ચઢી ને ગોઠવાઈ ગયાં. એમણે પેલા ત્રણને ય બૂમ મારી : 'આવી જાવ ભઈલા બધા ય. ઘણી જગા છે.. થોડીવારમાં જ સિંહપરા પહોંચી જઈશું.'

શરમાતા સંકોચાતા પેલા ત્રણ જણ ટ્રેક્ટરમાં બેઠાં. બીજો રસ્તો જ નહોતો. બાકી એમના મનમાં તો થયું : 'આપણે એક નાના છોકરાને ભાડાની બસમાં નહોતો બેસવા દીધો જ્યારે માજીએ પેલા ભાયડાઓને પોતાના ટ્રેકટરમાં બેસાડ્યા!' સિંહપરા આવ્યું ને બધાં ઉતર્યા. માજીએ કહ્યું : 'ભઈ, ઘેર આવો બધા. થાક્યા હશો... ચા પીને જજો.' શિક્ષકો તો માજીના એક પછી એક થતાં ઉપકારના માર્યા માસ્તર જેવા 'બિચારા' બની ગયા! લાંબુ વિચાર્યા વિના એ સૌ માજીને અનુસર્યા. ખાસ્સી વિશાળ ઓસરીમાં બધા બેઠાં. ત્યાં તો માટલાનું ઠંડુ પાણી અને પછી ચાના કપ આવ્યા. પેલા ત્રણેયને તુલસીમસાલાની ચા પીને હાશ થઈ અને

થાકે ય ઊતર્યો પછી બધા જવા કરતા હતા ત્યારે માજીએ કહ્યું : 'કામ પતાવીને અહીં જ આવજો. રાતે ક્યાં જશો? અહીં જ સઈ રહેજો. ઘણી જગા છે મારા ઘરમાં અને મારો દીકરો તમને મૂકવા આવે છે હોં.' માજીની મોટાઈ આગળ પેલા ત્રણ તો સતત નાના બનતા જતા હતા! જતી વેળા ત્રણે માજીને પગે પડી ગયા ને બોલ્યા : 'માજી માફ કરો... અમારી ભૂલ થઈ. અમે તમારી પાસેથી આજે સાચી મોટાઈનો મોટો પાઠ શિખ્યા, આશીર્વાદ આપો મા...!'

માજીએ ભાવથી ઓવારણાં લઈ ત્રણેયને 'સુવા આવજો હોં' કહી વિદાય આપી. સાથે પોતાના દીકરાને મૂકવા ય મોકલ્યો!

માજીની સાચી મોટાઈના દર્શન તમને ય થયાં ને? એક અશિક્ષિત, વૃદ્ધ, ગામઠી બાઈએ ભણેલા, પોતાને સંસ્કારી માનતા, સમાજના ઘડવૈયાઓને સાચી મોટાઈનો પાઠ વગર બોલે ય પોતાના માનવતાભર્યા વર્તન દ્વારા શિખવ્યો. એ પાઠ એમને એવી રીતે શિખવા મળ્યો કે જીવનભર એ ભૂલી ન શકે. 'મોટાઈ મોટા નર તણી આપોઆપ કળાય...'

કોણ શિક્ષિત? જેણે એક નાના છોકરાને ભાડાની બસમાં બેસવાની જગા ન આપી તે શિક્ષકો શિક્ષિત કે અનુપકારી અજાણ્યાઓને પોતાના ટ્રેકટરમાં લઈ જઈ, ચા પાણી કરી સુવા આવવાનું નિમંત્રણ દેનાર પેલાં વૃદ્ધ, નિરક્ષર, માજી શિક્ષિત? અરે, ક્ષોભ પામતા શિક્ષકોને માજીએ તો કહ્યું હતું : 'ભઈલા,

બસની વાત તો બસ હારે જ વહી ગઈ. એ ભૂલી જવાની. તમ તમારે વગર સંકોચે સુવા આવજો હોં. ગગો ઢોલિયા ઢાળી રાખશે.' અને ખરેખર ત્રણ જણા રાત્રે માજીને ઘેર જ વાળુ કરીને સૂઈ ગયા!

બીજે દિવસે માજીને ઘેર ચા પીને સવારની બસમાં ઘેર જવા નીકળેલા પેલા શિક્ષકોના કાનમાં માજીનું પેલું વિવેકભર્યું ઈજન - 'ગગો ઢોલિયા ઢાળી રાખશે' તો સતત પડઘાતું હતું ને એમને પોતાની અલ્પતા અને માજીની મહાનતાનું ભાન કરાવતું હતું.

લોકશાહીના ઓઠા હેઠળ કાવા દાવા કરી દિલ્હી પહોંચેલા ને સત્તાની ખુરશીઓ ખેંચી એશ આરામમાં રાચતા પેલા દેશ-સેવકો (!) ને તો ગામડાંની ગોદમાં જીવતાં આવાં સેંકડો ઉદાર હૃદયી દેશવાસીઓની મહત્તા કે મહાનતાની ઝાંખી ય ક્યાંથી થાય? અનિષ્ટોના અખાડાબાજોને ઈષ્ટની અનિવાર્યતા ક્યારે સમજાશે? કદાચ જ્યારે સમજાશે ત્યારે બહુ મોડું થયું ગયું હશે. જનતાના કરોડો ને અબજો રૂપિયા અકારણ વેડફી નાખતા ભ્રષ્ટ રાજકારણીઓ આઝાદીનો સાચો સ્વાદ લોકોને લેવા જ નહિ દે!

સ્વામી વિવેકાનંદ કહેતા : 'આપણને મનુષ્ય બનાવે તેવો ધર્મ હોવો જોઈએ. આપણને મનુષ્ય બનાવે તેવી કેળવણી હોવી જોઈએ.'

નરસિંહ મહેતાની વાત થોડી ફેરવીને કહું તો "સાચા

સાંસદ તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે." આવો કોઈ સાંસદ કે સત્તાધારી દેખાય તો કહેજો.

આપણા સાંસદો અને દેશસેવકોએ આવું કશુંય નહિ વાંચ્યું હોય? કે ખુરશી માણસ પાસેથી એની બધી માનવતા છીનવી લેતી હશે?



૫૮. હે નગરજનો...!!

ગુણવતંભાઈ એટલે શહેરના સંસ્કાર-પુરુષ. એ એટલા ભલા અને સેવાભાવી કે એમનું નામ જ 'ગુણવંતભાઈ ગુણાનુરાગી' પડી ગયેલું. એક સારા, સાચા અને નિઃસ્વાર્થ લોકસેવક તરીકેની એમની પ્રતિષ્ઠા ઘણી ઊંચી હતી. નાગરિકોનાં સુખ, શાંતિ, ચેન અને આરોગ્ય માટે એ પોતાનાથી બનતું બધું જ કરતા - અલબત્ત, પોતાની શક્તિ પ્રમાણે. એકલો માણસ કેટલું કરી શકે? અને આ સ્વાર્થી સમાજના લોકો બીજાને માટે ક્યાં સમય કે સાથ આપવા નવરા છે? છતાં સારા કામમાં સાથીઓની અપેક્ષા રાખ્યા વિના 'એકલો જાને રે' ના સિદ્ધાંતને અનુસરી ગુણવંતભાઈ શક્ય તે બધું જ કરતા. એમાં પોતાની શારીરિક અને આર્થિક મર્યાદાઓ પણ નડે જ. છતાં થાય એટલું એ કરતા જ. માટે એમના બોલનું વજન પણ પડતું.

નવરાત્રીના તહેવારો નજીક હતા. ગુણવંતભાઈ જાણતા હતા કે હવે લોકો નવરાત્રીને માતાની પૂજા, અર્ચના ને સેવાના

દિવસો તરીકે નથી ઉજવતા, પણ માની ભક્તિના નામે ન કરાવાનાં કામ પણ કરે છે. ભક્તિને બદલે પોતાની આસક્તિને ય યુવક-યુવતીઓ પોષે છે. અલબત્ત, એમાં થોડા સારા ને સાચા ભક્તો હોય છે તે પણ બદનામ થાય છે. લોકો સમૂહમાં સહેલાઈથી સ્વચ્છંદી અને ઉચ્છંખલ બની ઉદ્ધતાઈ આચરે છે અને નિર્દોષો હેરાન થાય છે!

ગુણવંતભાઈનો એ અનુભવ હતો કે જ્યાં સમાજના મોટા ભાગના લોકો આખલાઈ આચરતા હોય અને બીજા મને કમને એમની દાંડાઈને સાથ આપતા હોય કે એમનું વર્તન ચલાવી લેતા હોય ત્યાં એમને સુધારવાના પ્રયત્નો નિષ્ફળ જ જાય છે. છતાં હિંમત હારી બેસી રહે એ ગુણવંતભાઈ નહિ. પ્રયત્ન તો કરવો જ. ફળ મળે ન મળે અથવા મોડું પણ મળે. જો કે प्रयत्नेषु खलु मानवाः એમ માનતા ગુણવંતભાઈને શ્રધ્ધા હતી કે વાવીએ તે ક્યારેક ઊગે તો ખરું જ. વૃદ્ધ માણસ આંબો વાવે તો એનાં ફળ એનાં સંતાનો તો ખાય જ. માટે વૃદ્ધોએ ભાવિ પેઢી કેરી ખાય એ માટે પણ ગોટલા વાવવા જ જોઈએ. આ વિચારધારાવાળા ગુણવંતભાઈએ નવરાત્રી પહેલાં વર્તમાનપત્રોમાં એક લેખ લખ્યો, જે બધાં જ પ્રતિષ્ઠિત વર્તમાનપત્રોએ સારી રીતે હાઈલાઈટ કરી છાપ્યો પણ ખરો.

નાગરિકોને સલાહ આપતો નીચેનો કટાક્ષ-લેખ ગુણવંતભાઈએ નિવેદનરૂપે લખ્યો :

હે નાગરિકો,

આપણા શહેરનાં ભાવિ નાગરિકો અને દેશના ભાવિ નેતાઓ જેવા યુવક-યુવતીઓ આગામી નવરાત્રીમાં મોડે સુધી ગરબે ઘૂમવાનાં છે. ગરબો તો ઠીક, પણ એ બહાને એ લોકો સેંકડોની સંખ્યામાં રાત્રે સ્વચ્છંદતાથી ઘૂમી શહેરની પોળો ને ગલીઓમાં પણ શોર બકોર મચાવશે તથા લોકોની ઊંઘ હરામ કરશે. એમને ટોકવાની તમે હિંમત ન કરશો, નહિ તો અપમાન કે ઝઘડો થઈ જશે. આમાંથી ઉગરવા હે શાણા નગરજનો, તમે નીચેનાં સૂચનોનો અમલ કરશો એવી વિનંતી :

‘હમણાં તમે માંદા ના પડશો. નહિ તો તમારી માંદગીમાં તમારી રાતની ઊંઘે ય હરામ થઈ જશે. ડૉક્ટરે આપેલી ઊંઘની ગોળીઓ ય તમને આ સમયે ઉંઘાડવા સમર્થ નહિ નિવડે! કારણ કે તમારી આસપાસ ધમધમતું ગરબાનું ઘોંઘાટિયું સંગીત કે લાઉડ સ્પીકરમાંથી મોટે અવાજે નીકળતા બરાડા તમને તમારા પલંગમાં ય જંપવા નહિ દે!

‘તમે સીનીયર સીટીઝન હો, વયોવૃદ્ધ હો અને મહામુશ્કેલીએ થોડું ઉંઘી શકતા હો તો પણ ઉપરના કારણોસર, જુનીયર સીટીઝનો જવાંમર્દીના માન ખાતર થોડા દિવસ ઊંઘવાનું છોડી પથારીમાં પડ્યા પડ્યા. ‘ઢોલી તારો ઢોલ બાજે.. ઢોલ બાજે... કે ઢમ ઢમ બાજે ઢોલ’.. ના કાનફાડુ ઘોંઘાટ સાંભળતાં સાંભળતાં રાત ટૂંકી કરો.

તમે વિદ્યાર્થી હો અને પરીક્ષા બહુ નજીક હોય તો પણ તમારે આ ઘોંઘાટ તો સહન કરે જ છૂટકો. એમનાં ભજનોને કારણે માતાજી તમને વધારે માર્કસ અપાવશે એવી શ્રધ્ધા રાખો.

ગરબા-ગાયકોના સ્વૈરવિહારમાં દખલ ન કરો. નહિ તો...!

‘તમે રાતપાળીની નોકરી કરીને રાત્રે બે વાગે ઘેર આવી માંડ સૂતા હો ત્યારે આ ગરબા તમારી ઊંઘ હરામ કરી નાખી આખી રાતનો ઉજાગરો કરાવે છે’ એવી ફરિયાદ કરી વગર કારણે અપ્રિય ન થતા, કારણ કે એથી વળે કંઈ નહિ. એના કરતાં ઉંઘ ન આવે તો મા અંબાની સ્તુતિ પથારીમાં પડ્યા પડ્યા કરશો તોય કાયાનું કલ્યાણ થશે. કળિયુગમાં તો ભક્તિનો મોટો મહિમા છે એટલું ય નથી જાણતા?

આને અવાજનું પ્રદૂષણ માનતા હો અને એથી કાન બહેરા થઈ જશો એવું ધારતા હોય તો Thank God, આવતા વર્ષથી એ બહેરાશને કારણે તમને કશો જ અવાજ નહિ સંભળાય. પછી બધા શોર બકોરમાંથી તમને મુક્તિ જ મળશે ને? “આ તો Blessing in disguise છૂપા આશીર્વાદ કહેવાય”

આમ, ગુણાનુરાગી ગુણવંતભાઈએ લોક-હિતાર્થે ઉપરનો લેખ વર્તમાનપત્રો અને સામયિકોમાં આપ્યો છે અને એ પત્રોના તંત્રીઓએ પણ એને સારું કવરેજ આપ્યું છે. જોઈએ આગામી નવરાત્રીમાં ગરાબાના આયોજકો પર એની શી અસર થાય છે. જો કે ગુણવંતભાઈના કહેવા પ્રમાણે તો આમાં ઘણાં બધાંના આર્થિક હિતો પણ સમાયેલાં હોય છે, એટલે આ પ્રશ્ન જરા પેચીદો છે. આમાં તમે - તમે પોતે - કાંઈ ફાળો આપી શકો? હે નગરજનો! જાગો ને સમયનો સાદ સાંભળો : ઢમ ઢમ બાજે ઢોલ!

